॥ ॐ ॥

श्री शाक्त ज्ञानामृत.

રચનાર,

મરહુમ જેઠાનંદ નરસીંહરામ.

પ્રસિદ્ધ કરનાર,

વ્યાસ. અંબાલાલ જેઠાનંદ.

ધી. એડવર્ડ પ્રીન્ટીંગ વર્કસ—રીચીરોડ.

અમદાવાદ.

સંવત ૧૯૬૨ સને ૧૯૦૬

કિંમત રૂ. ૧—૦—૦.

॥ ॐ ॥

શ્રીશાક્તજ્ઞાનામૃત

રચનાર,

મરહુમ. જેઠાલાલ નરસીહરામ.

ઉર્ફે

જેષ્ટાનંદ

છપાવી પ્રસિદ્ધ કરનાર,

૧ વ્યાસ અંબાલાલ જેઠારામ—અમદાવાદ.

૨ મહેતા શંકર કાશીરામ—વિસનગર.

૩ જાની હરગોવન મયારામ—વિસનગર.

ધી. એડવર્ડ પ્રીન્ટીંગ વર્કસ—રીચીરોડ—અમદાવાદ.

કિંમત રૂ. ૧—૦—૦.

અર્પણ પત્રિકા.

પ્રિય આર્ય બંધુઓ! આપણી ગુર્જર ભુમીમાં જે ગીરધરકૃત રામાયણ છપાઇ છે ને ઘેરેઘેર વાંચવામાં આવે છે, તેના પ્રસિદ્ધ કર્ત્તા જે વ્યાસ. જેઠાલાલ નરસીરામને નામે સર્વને ઓળખાઈ ગયા છે અને જેના પ્રતાપી રસ્તાથી કેટલાક વ્યાસોનાં પોષણ થાય છે તે એક પ્રતાપી ગુપ્ત મહાત્મા હતા પણ તેમનું મહત્વ તે સંસારી હોવાથી થોડાનાજ જાણવામાં આવ્યું છે. કારણકે આ સંસારમાં પાખંડે પુજાયતે લોકોની કહેવત પ્રમાણે તેમણે ભગવાં કરી જગતને ફસાવાની આકૃતિ ધારણ કરી ન હતી. તેથીજ વીરલા પુરૂષને તેમના મહત્વનાં દર્શન થયેલાં છે ને તે તેમની અંતઃકરણની નિર્મળ મૂર્ત્તિનું સેવન કરે છે. જેના પ્રતાપે તે આત્માનંદનું સુખ અનુભવે છે ને આ સંસારના ખરા સ્વરૂપને ઓળખે છે. તે મહાત્માની અમૂલ્ય અનુભવી વાણી કેટલીક જાણવા જેવી તેમ મનન કરી વિચારી નિશ્ચય કરવા જેવી છે. તેમાંની થોડીકજ આજે અમો તમોને તમારા વિચારગૃહને શોભાવવા મુકીએ છીએ; તે અંગીકૃત કરશો. એકડે એક, કક્કો બારાખડી તો આપણે સર્વે નિશાળે ભણ્યા છીએ ને તેથીજ આપણી આંખો ઉઘડી છે ને સારૂ નરતું જોઇ શકીએ છીએ. પણ તેમાં જે ગુપ્ત સ્વરૂપ લક્ષ કરવા યોગ્ય રહેલું છે તે વ્યવહારીક અવિદ્યા રૂપમાં ભળવાથી જાણવામાં તથા વિચારવામાં થોડાનેજ આવ્યું હશે. આ પુસ્તક તે સ્વરૂપને જણાવે છે. તેથી ખરૂં રહસ્ય શું છે તે સમજાશે એમ જાણી અમો તેને જાહેર કરીએ છીએ અને બુદ્ધિદાતા વિશ્વંભરીની યાચના કરીએ છીએ કે સર્વને સદ્દબુદ્ધી આપે ને સત્યસ્વરૂપ દરશાવે.

આ લઘુ પુસ્તકને સારો આશ્રય મળશે તેમ તેમ તેથી અધિક આનંદકર્ત્તા વર્ણા બહાર પાડવામાં આવશે; માટે સરવાત્માને વિનંતી છે કે અમારા ઉત્સાહી મનને હમેશાં પ્રફુલ્લિત રહે એનું ઉત્તેજન આપશો. અને આ પુસ્તકની ખરીદી કરી અનુભવ કરશો.

મારા આત્મીક બંધુઓ અમો આ વાણી અમારૂ તેમ સારા વિશ્વનું અમુલ્ય ઘરાણું સમજી તમો સરવને અરપણ કરીએ છીએ. તેમાં ખોડખાંપણ હોયતો માફ કરશો. ને તેમાં કદાચ કોઇ વિશય આપેક્ષીત સજ્જનને શંકીત લાગુ તો તેનું નિરાકરણ નીચે આપેલા મકાને આવી પુછવાથી યથામતી કરવામાં આવશે. ટુંકામાં કહેવાનું એટલુંજ છે કે હીરાની પરીક્ષા ઝવેરીજ કરી શકે છે ને વાણીની પરિક્ષા શુદ્ધ જ્ઞાનીને અનુભવી ભક્તનેજ હોય છે. આ વાણી અમો આત્મસ્વરૂપનો નિશ્ચય કરાવનારી માની છે માટે વિનંતીથ કહેવાનું કે ઉપર ઉપરના મતીલા કલ્પીત ધર્મ પંથના વિચારોથી દોરાઇ નીંદીત કરવા ઉત્કેરાઓ તે પહેલાં પોતાના આત્માને પુછી સારો નરતો વિચાર બાધજો, જે સત્ય ભાસે તો ગૃહણ કરજો. નહિતો એમ માનજોકે આ પુસ્તકના આપેલા પૈસા છુટી પડ્યા ને ઠગારા ઠગી ગયા. અમારે વાદવિવાદ કરી કંઈ મહાત્મા તેમ આચાર્ય પદ્ધી લેવી નથી. અમારા આત્માને જે સાચું લાગ્યું તે અમોએ માન્યું છે ને તેથી સુખી થયા છીએ તો તેમ સરવ બંધુ સુખી થઇ સત્ય ધર્મે ચાલે તો સારૂં એમ સમજી આ લઘુ પુસ્તક બહાર પાડ્યું છે તે છાપવામાં કંઇ ભુલચુક હોય તે સુધારી લેવા તસ્દી લેશો, એવી વિનંતી છે.

લી. શુભેચ્છક વ્યાસ, અંબાશંકર જેષ્ઠાનંદ

સુચના.

આર્ય સદ્‌ગૃહસ્થો આશ્ચર્યતા એજ ઉત્પન્ન થાય છે કે, માહાત્માઓનાં ચરિત્રો જે અકથનિય છે તે ચરિત્રો પૂર્વના પ્રારબ્ધે કરી આ કલ્પ આયુષમાં મળી આવે છે; અને તેથી કરોડો જન્મોમાં ભુલેલા ખરા પંથનું જ્ઞાન થતાં પૂર્વ સ્થિતી થવા આત્માની વૃતિઓ ઉછળી ઉછળી પવનના વેગ સમી દોડાદોડ કરી મૂકે છે; અને પોતાના પરમ પદ સ્થાનમાં અહોનિશ નિમગ્ન રહેવા પોતાનો માતૃવાત્સલ્ય પ્રેમ દોડાવે છે વળી તેમાંજ શાન્તિ પામવા પ્રવર્ત થાય છે એ આશ્ચર્યતા ખરેખર માનવા લાયકજ છે. આ આશ્ચર્યતાના પ્રભાવથી પડેલા પડઘા મારા અલ્પ આયુષમાં આવવાથી એક પ્રમાણીક માહાત્મા જે અત્યારે અર્વ સદ્‌ગૃહસ્થોના કમનશીબે સ્વરૂપમાં ભળી ગયા છે, તેમનું પવિત્ર ચરિત્ર જે અત્યારે કોઇના કર્ણદ્વારે પહોંચ્યું નથી તે ચરિત્ર મારા પ્રેમાંકુરો મને સ્ફુરાવી જગતના ચોગનમાં મુકવા ધસાવે છે. અને તે બાબત માતૃભવાનીની સ્વઇચ્છાથી હું આ સમયના તમામ સદ્‌ગૃહસ્થોની નજર આગળ તેમના પવિત્ર ચરિત્રનું ટુંક બ્યાન મુકી કૃત્ય કૃત્ય થાઉં છું. તે સ્વીકારી સ્વહૃદયને તે ચરિત્રની પવિત્રતા વાંચવાને ઉભરાવશો એવી આશા રાખું છું, એજ

એક પવિત્ર માહાત્માનું પવિત્ર ચરિત્ર.

વખત વખતનું કામ કરે એમાં કાંઇ નવાઇ નથી. વખતનું કામજ છે કે વખતો વખત દુનિયાંને નવનવા રંગ બતાવવા તે પ્રમાણે તે બઈ પોતાનો પ્રવાસ પૃથ્વીપર ચલાવેજ જાય છે. આ પ્રવાસમાં કર્માનુસારે આવી પડેલા અંપણા શ્રી શકત જ્ઞાનામૃત બનાવનાર માહાત્મા જ્યારે કેવળ

બાલ્યાવસ્થામાં હતા તે વખત તેમના માતાપીતા પાસે કાંઈ પણ સ્થાઇક હતું નહિ. તેથી પોતાના કાકા જે વડોદરે હતા ત્યાં નિવાસતા હતા તે વખતે તેમના પર આપણી વખત બાઈએ પોતાનો મજબુત ડંકો બજાવ્યો તે ડંકાનો ઘણુકાર એટલો જોશમાં વાગ્યો કે. જેથી તેમના વૃદ્ધ પિતા સ્વધામે પરવર્યા અને પોતે એક ભાઇબહેન સાથે ખુલ્લા હાથના થઇ બેઠા. પોતાનું ઉદરનું પોષણ કરવાને અને પોતાના ભાંડુને પાળવાને હવે કયો રસ્તો શોધવો એ વિચારના વમળમાં ખરેખર ઘણાજ ગુંચવાયા. વિચારો સદ્‌ગૃહસ્થો વિચારો કે કોઈ વખત માહા ઘોર જંગલમાં દાવાનળનો ફેલાવો થાય નિકળવાને એક પણ જગો મળે નહિ. અને બળતા અગ્નીમાં જીવતા છતાં પ્રાણુના ધુમાડા થઈ જાય તે વખત બચાવનો રસ્તો મળે ! ના; નજ મળે ! ચોમેર અગ્નીનો ભભુકો ! પછી બચાવનો આશરો. ! કેવી દુઃખદાયક વેદના કાળજુ ફાટી ચરરર ચીરાઇ ગભરાઇ જાય છે. ગભરામણુમાં પડેલા જીવને કોનો આશરો એક ચરાચરમાં નિવાસની પરમ જ્યોતીનોજ ! તે મારેતો મરાય ને તે જીવાડો તે જીવાય. ઇશ્વરી ગતી મહા સમર્થ છે. તેને બ્રહ્મા, વિષ્ણુ કે મહેષાદી ઈશ પણ પહોંચી શકતા નથી. એ ધારે તેને રાજા અને એ ધારે તેને રંક એક ક્ષણુમાં કરી નાખે છે તે જગ જાહેર છે. તેવીજ રીતે જ્યારે મહાત્મા જેષાનંદ બાલ્યાવસ્થામાં આવી નબળી વખતના પંજે સપડાયા ત્યારે પોતાના કુટુંબ પરીવારને મુકી ગુપ્ત રીતે શુળપાણુના પહાડી જંગલમાં જઈ અલોપ થવું, એવો નિશ્ચય કરી પ્રવાસી થઈ રાત્રીનો સમય સાધી પ્રવાસમાં વીચરીજ પડયા. જગત કહે છે કે કાળ જાય છે ને કેહેણી રહી જાય છે! પણ તેમ નથી. જેષાનંદને શુળપાણુજી જતાં માર્ગમાં આવેલી મધ્યરાત્રી-

ની ચાંદનીથી આનંદ આપતી નર્મદા માતા મળી તેના ખોળામાં પોતાના પ્રાણોનું બળીદાન આપી હમેશા રમણ કરવા નિશ્ચય કર્યો. અને જેવા તે મહાત્મા એક ચિત્ત થઇ નર્મદાજીને સ્પર્શ કરવા જાય છે કે આકસ્માત દૈવી. સંત પુરૂષ કે જેનું સ્વરૂપ જોતાંજ તદાકાર રૂપને વ્હોચાય તેમણે અટકાવી એવી દિક્ષા કરી કે જેથી સદરહુ પૂન્યશાળી માહાત્મા વગર નિશાળે દૈવી વિદ્યાને પ્રાપ્ત થઇ શક્ત બોધ અને પરમ અખંડ જ્યોતીના પુર્ણ પદને પામવા શક્તિવાન થયા.

સંસારનું પુર્ણ સુખ ભોગવી જ્ઞાની સિદ્ધિઓ દરશાવી ખરી ખોજની પવિત્ર મૂડી મુકી, સંસાર સિંધુમાંથી ઘણા જીવોને તારી તરાવી બ્રહ્માકારમાં ભળી ગયા, એટલે જે પૂર્ણ પદની જોતીને પામવા શક્તિવાન થયા હતા તે જ્યોતીમાં મળી ગયા. કેવી ઇશ્વિરી લીલા. ખરેખર અકથનિય તે અકથનિયજ. મજકુર માહાત્મા વડોદરામાં લાલબાવાના નામે ઓળખાય છે, અને ગીરધર કૃત રામાયણના પ્રસિદ્ધ કર્તા તરીકે સર્વ ઠેકાણે પ્રસિદ્ધ થયા છે, જેમને હજુ પણ ઘણા ખરા સારી પેઠે ઓળખે છે જેમ દિવસે સૂર્યનાં અને રાત્રીએ પુર્ણીમાના મંગળ ગાય છે તેમ આ સર્વ ઠેકાણે પ્રસિદ્ધમાં આવેલા માહાત્માની લાયકીનાં હજારો જગોએ મંગળ ગવાય છે. આવા અલૌકિક માહાત્માના વચનામૃત જે અત્યારે તેમના પુત્ર અંબાલાલ ભાઇ પાસે હયાત છે, તે અમારી દરેકની ઉરમીથી છપાવવા ઉમંગીત કર્યા છે અને તેમણે અમારા જેવાઓનું કહ્યું માની જે મહા પુન્યશાળી કર્મ કર્યું છે. તે બદલ આખુ વિશ્વ તેમનો ઉપકાર માનવા ઇશ્વરી પાસે માગણી માગશે એવી આશા રાખીયે છીએ.

પ્રીયો ! સંસારમાં ખરો રસ્તો શો. અને તે શું તે

જાણવાની ખાસ જરૂર છે કેમકે અર્વાચીન કાળોથી ભૂલભૂલા-મણી પડેલો જીવ વારે ઘડીએ જગમાં અથડાય છે, અને મ-હાદુઃખી થાય છે. તે ભેદ દુઃખ ભાગવા આ શ્રી શાક્ત જ્ઞાનામૃત ખરેખર અમૃતનો સાગર છે. સમજુ જનો તે-નો પુરેપુરો લાભ લેવા લલચાય છે અને માતાજી પ્રત્યે અત્યંત પ્રેમ પુર્વક પ્રાર્થના કરે છે, કે આવી અમૃત વૃષ્ટી ની અમુલ્ય તક આખા વિશ્વમાં વરસાવવા કૃપા કરે એજ અરજ.

અમો છું આપ તમામ સદ્‌ગૃહસ્થના એક

જય પાર્થી શેવક.

જાની. હ. જેવન મયારામ.

તથા

મહેતા શંકર કાશીરામ—વિસનગર.



ॐ

શ્રી શાક્ત જ્ઞાનામૃત્.

॥ શ્રી ગણેશાએ નમઃ ॥ શ્રી સરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રી ગુરવેભ્યો નમઃ ॥ શ્રીઇષ્ટદેવતાભ્યો નમઃ ॥

ધ્રુપદ—રાગ ધનાશ્રી.

શ્રી ગાગા ગવરિનો પુત્ર, ગણપતી ગજવદન;
એક દંત અંગ ઉજવળ, પ્રથમ સમરૂછું તેને. શ્રી ટેક.
સેવતાંમાં રિદ્ધ સિદ્ધ, ભજતામાં ગુણ વિવિધ;
નામ લેતાં નિરવીઘ્ન, કાર્ય સીદ્ધ થાય તેને. શ્રી ૧
શુભ કરમ શીવ સુત, જગત આરાધે જેને;
શુદ્ધ બુદ્ધ કેરો સ્વામી, ઓળખી લાધો છે એને. શ્રી ૨
લાલ જેષ્ટ શરણ તારે, આપજો અઘાત વાણી;
મનોરથ પુરો મારો, આપ વીના કહું કોને. શ્રી ૩

પદ ૧—રાગ ભૈરવી.

અંબા હેને વાલી સબકુ, શક્ત હેને વાલીહે;
રખસે ભરોસા ઉન્કા, ઓ બીના ન ખાલી હે. અં૦ ટેક.
જબ તું ઉદરમેં આયા, વાં તુજે જીન્ને બચાયા;
ઓહી દાતા ભુક્તા ઓહી, ઓ બડી દયાલી હે. અં૦ ૧
માતકા જો પુત બનાતી, પેટલેસે બનાયી છાતી;
ઓસકી ગાંઠનમેં દેખો, શેર દુધ ડાલીહે. અં૦ ૨

દેખો એ ખલક એસા, બગીચા બનાયા કેસા;
ફુલ ફુલ પાતે ઓહી, આપ ઉ-કા માલીહે. અં૦ ૩
આપે મીયાં આપે બીબી, દોનુકિ વામેં ફુરિ ભિ;
જેષ્ટાનંદ છોડે મત, ઓ બડિ મહાકાલીહે. અં૦ ૪

પદ ૨—જોટા.

ચેત ચેત અબ મન મેરા, કયું નિંદ બહોત આતીહે;
તુ પેદાકી પેચાના કરલે, એ જીંદગાનીતો જાતીહે. ચે૦ ટેક.
એસા તુતો નરતન પાયા, ખેલમેં બચપંન ગમાયા;
તેરીતો મદકી મરદાઇ, સો અંગમતો ખાતીહે. ચે૦ ૧
દેખ બુઢાપા આયાહે અબ, માલિક જાનેગા કબ;
પરસુ અતરસુ કહેતે જાતા, દીન રેન આતીહે. ચે૦ ૨
ગુમાનકી ગઠડીયાં ખોલો, તીનુકી તતબરીયાં તોલો;
સબ ખલક ખુદાકી દેખો, ઓ કાયસેં ભરાતીહે. ચે૦ ૩
સુન જેષ્ટાનંદ અંમા એક, ઉનસેં લગાલે ટેક;
હે દુનીયાં તો દોરંગી સબ, ઓ ભર્મમેં ભરાતીહે. ચે૦ ૪

પદ ૩—જોટા

કર લેતો ફકીરી પ્યારે, એસા દાવ આયાહે,
ગફલતમેં ગાંડુ બહોત, બેરમર જાયાહે. કર૦ ટેક.
ચેતનકી ચાહ કર, ઓર કુ અલગધર;
તીનુંકા તમાસા સબ, જીંનેતો લગાયાહે. કર૦ ૧
રજમેંતો રાજી સબ, તમકા તમાસા તબ;
સતવનકી શોધવામે, ચેતન ચુકાયાહે. કર૦ ૨
સાધન સુફલ સબ, આત્મતત્વ જાને તબ;
ઓ બીનાતો સારે દેખો, કો ન પાર પાયાહે. કર૦ ૩
જેષ્ટાનંદ જલ્દી ચેત, સ્વાસાકી બણાલે સેત;
અખંડસેં અડનાઓતો, ગુરૂને બતાયાહે. કર૦ ૪

પદ ૪—જોટા.

અબતો મનમેં સચ્ચિ આઇ, મેયા ગુન ગાઉંગા;
સબ સેતાનકે સંગ છોડકે, સુરતી લગાઉંગા. અબ૦ ટેક.
કહેતે એકકા પસારા ભેદ, વામેંતો સમાને વેદ

એ એસેતો ગુમાર ગયેકે, સંગનકી જાઉંગા. આ૦ ૧
પુરાની પંડીત રખડતે, કુરાના કિતાબાં પડતે;
ઔર મમતકા મલિદા ખાતે, ન એસા મેંતો ખાઉંગા. આ૦ ૨
મેંતો સુરતી લગાઉં એસી, ચંદપે ચકોર જેસી;
મેરે બિંદગી એથાકી એક, દુસરા નચાઉંગા. આ૦ ૩
કુંદ દેખે ધર્મ સબ, મેયાકુ પૈચાની તબ;
કહે જેઠાનંદ ત્રિપદાસેંતો પુરણ પદ પાઉંગા. આ૦ ૪

પદ ૫—રાગ ભોપાલ પ્રભાત.

આરેતો એક શક્ત વિના, અવરો જક્તમાં;
દેવત મારી નજરે ન આવે, શક્ત સેવા કરે;
તેજે ભવજળ તરે, મોક્ષ કેરૂં એમ બીજ વાવે. આ૦ ટેક.
આદિ બ્રહ્મ રૂપમાં, શક્તિ ચેતન રહી;
ચિદા ભાવરૂપ, માયા બીજ કાવે, તે રૂપે એક આયા;
અનેક ઇચ્છા થઇ, તેના ત્રણ ગુણ એમ વેદ ગાવે. આ૦ ૧
તે થકી પંચ મહાભુત પ્રગટ થયાં,
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ પાવે;
લિંગ શરીર થયું, મહતત્વ કહે સહુ,
તે વડે સ્થુલ પંચભુત ભાવે. આ૦ ૨
તેથી બ્રહ્માંડ અસીઆની વૈરાટ થયો,
ઇંદ્રિયો ભોગ સ્થુલ શરીર કાવે;
વિદ્યા અવિદ્યા મુળ ઇચ્છા વડે બે થઇ,
વિદ્યા તે વિષ્ણુ થઇ સ્થીતિ લાવે. આ૦ ૩
ઇશ્વર કેરૂં તે શરીર કારણ કહ્યું,
આત્મ સાક્ષીવત સર્વ સાવે;
આ ત્રણ શરીર છે અવિદ્યા જે જીવના,
સ્થુલ સુક્ષ્મ કારણને ધાવે. આ૦ ૪
પણ સર્વમાં એક તું સત્ય વ્યાપી રહી,
તુને જાણ્યા વિના ભવ ભમાવે;
તુજનો મરમ કોઇ મન લેહેતા નથી,
તેથે જનમ જમ દુખ દાવે. આ૦ ૫

કે જાણીને જુજવા ભેદ ભડકા કરે,
તે ન જાણે અગ્નિ એક ઠાવે;
માટે એકને એકની એક નિંદા કરે,
બોલતા બોલ તેતો મન ફાવે. આ૦ ૬
મુરખ મતમાં જુવે, શક્ત વિના તે રૂવે,
તોપણ મૂઢ તે ભુલ ખાવે, શક્ત સુજે નહિં;
ભુલાં ભમતાં કહી, ભેદ ના જાણીને દેહ તાવે. આ૦ ૭
અવિદ્યા એ અંધ કયમ ફંદ કરે ફાવતા,
અંધના અંધે જાય દેહ દાવે;
જેઠ કહે ગુરૂ ગમે, શક્તમાં મન રમે,
જે થકી ત્રીવિધી તાપ જાવે. આ૦ ૮

પદ ૬—જોટો.

કાંક કર આ તને ઓળખ્ય મા તને,
દેહનો દાવ આવોની આવે;
ઓળો ખરી વાતને મુકી પાંચ સાતને,
ભવ તરવાને શ્રી નામ નાવે. કાં૦ ટેક
ગર્ભમાં આવીયો કરમે બંધાવીયો,
જઠરા માંહે તુને જે બચાવે પ્રસવે તું ફાવીયો;
પય ઉપજાવીયો, તોપણ તેને તું કાં ન ગાવે. કાં૦ ૧
બાળ અજ્ઞાનમાં, તરૂણ ત્રિયા ધ્યાનમાં,
વૃદ્ધમાં સુત ધન મન ભાવે;
લોભ લાભ તાનમાં થઇને બેભાનમાં,
પામીશ દુઃખ જો ખોઇશ દાવે. કાં૦ ૨
એવા અવગુણથી, શિદ મરે મથી,
બોલવું તારૂં કોને ન ફાવે, સર્વેતો કહે કથી;
બુદ્ધિ તુંમાં નથી, મરતો નથી એને નાંવે તાવે. કાં૦ ૩
માટે આતમસાધન કરી, જાને ભવજળ તરી,
દેહ ધર્યાનો તો એ છે લ્હાવે, જોયું સરવે ફરી;
શક્ત સાચી ઠરી, મન જેઠાનંદ સુખ પાવે. કાં૦ ૪

પદ ૭–જોટો.

પ્રીત પ્રેમે કરો, ધ્યાન મનમાં ધરો;
પ્રાતમાં ઉઠિને, પ્રાણ મારા;
એવા શુભ આચરો, ઉર આનંદ ભરો;
ભર તણા ભોગ લગાડી ખારા. પ્રી૦ ટેક.
અવતરી જકતમાં, રાખો મન શકતમાં;
આદ્યથિ અંત લગી એક ધારા;
ભગવતી ભકતમાં, થાવું વિરકતમાં;
મોહન પામશો ધનદારા. પ્રિત૦ ૧
જન્મ સુફળ થશે, ભવતણો ભય જશે;
ભાલના અંક ભુસાય તારા, સુખ આવી વસે;
દુઃખ સરવે ખસે, જો કરે નામ નિત્યે ઉચારા; પ્રિ. ૨
એક સૌમાં જુવો, દ્વૈત બુદ્ધિ ખુવો;
મન થકી કાઢીને ભેદ ભારા, રોહ સતસંગમં;
આનંદ ઉછંગમાં, મુકીને સંગ દુષ્ટ નકારા. પ્રી૦ ૩
સોધ્યું સરવે સહિ, શકત વિના છે નહિ;
ભુલશો નહિ જોઇ ધર્મ ન્યારા, બ્રહ્મ તત્ત્વે કહી;
શક્ત મન તે લહિ, જેઠારામ પામજો પ્રાણપ્યારા.
પ્રિ૦ ૪

પદ ૮ જોટો.

માત મનમાં વસી, વેદના સૌ ખસી;
મન મારૂં હવે ક્યાંઇ ન જાયે, જો બીજું બતાવસો;
તો માન્ય ગુમાવશો, દ્વૈતનો બોધ મુજને ન ભાયે. મા. ટેક.
ત્રણે મુળનો જુવો, મત્ત મુર્ખાઇ ખુવો,
ભ્રાંતી ન ભેદ તો નહિ જણાયે, દેહ નામ દંપતી;
બીજી બતાવો ગતી, એક ગતીયે કયમ નર ગણાયે મા. ૧
ના ફરો નર અંધ, આ જન્મ ચાહયો વધ,
કાઢો અપ લક્ષણ એક તાવે, રખડે કે રાંધળા;
જે અજ્ઞાની આંધળા, તેનું ન થાવે કદી રખતાએ મા.

સકલ સારવ્યું મથ્યો, ભવ તણો ભય ગયો;
પુનરપી તેને ધર્વિન કાચે, ધન્ય જીવ્યું જકતમાં,
મન રહે શકતમાં, મન જીતે મોક્ષ એમ વેદ ગાયે. મા. ૩
મુખવાણી ગુણમાં, સ્વાદ જમ લુણમાં,
ભાગી મત ધર્મની લાજ લાયે, તેમાં એક ઉગર્યો;
ગુણના મન ઠર્યો, જેષ્ઠાનંદને કરી શકત સહાયે. મા. ૪

પદ ૯ ગરબો.

શ્રીબાળા માવડી, ઉધરતી આવડી;
ઉડય ને વેહેલી કયમ વાર લાગે, ભીડ ભારે પડી,
આવો વારે ચડી, જાણીને વહેલી તું કયમ ન જાગે. શ્રી ટેક.
કહેવાણો તાહરો, વાંક શો માહરો,
આઝું શું કહીએ તુને લાગે દાગે, પરતો છે બાહેરો;
અંતર બાહેરો, તુ વીના અવરેકને કોણ માગે. શ્રી. ૧
ઉંઘે વેળા વટે, તે તુને નવ ઘટે,
સત્ય તુ વિશ્વમાં હાક વાગે, આવો માની કટે;
તજીને દ્રગ પટે, થાઓ સનમુખ તો ભીડ ભાગે. શ્રી. ૨
ઉંધતી તું નથી, વેદ તે કહે કથી;
સંકટ વેળાએ કયમ ન તાગે, સીજે ના મુજથી,
લાજ રહે તુજથી, માટે કહું છુ તુને સમંધ સાગે. શ્રી. ૩
એ લાજ મારી જશે, હાંશી તારી થશે,
પદ જશે માતનું લોક આગે, છુટશો નહી કસે;
મનમાં તું વસે, જષ્ટારામે રહયો તુંજ પાગે. શ્રી. ૪

પદ ૧૦ રાગ ધનાશ્રી.

પાળે પોષે સૌને શકત, જકત જીવ જાણી,
જકત જીવ જાણી, શાને મરો મત્ત તાણી. પા. ટેક.
મુળ ધરા ધરે વિશ્વ, આપે અન્ન પાણી,
જઠરા માંહે બાળવે, તે જુવોને નાંણી. પા. ૧
પ્રસવે તો પય કર્યું, દયા મન આણી;
હતો મુઢ મતી જીવ, આપી લેવું વાણી. પા. ૨

આદ્ય શક્તિ મૂળ માયા, વેદમાં વખાણી,
જગતમાં તો શકત વીના, દીસે ના પીછાણી. આ. ૩
શોધતાં તો શકત જડી, ત્રીભુવન રાણી,
જેષ્ટાનંદ જાહેર કર્યો, વૃત્તિ ત્યાં લોભાણી. આ. ૪

પદ ૧૧ જોટો.

કયમ કરો વીલંબનાથજી, જેવો તેવો છું તારો,
જેવો તેવો છુ તારો, મારૂં સંકટ નીવારો. કયમ. ટેક.
જોયું ફરી તું છું ખરી, સંશે ગયો મારો,
શકત સાચું અંતર કાચું, ગયો ભેદ ભારો. કયમ. ૧
અવરના રાચું તમને જાચુ, પાલવ સાચો તારો;
હાંસી મારી જશે લાજ તારિ, આઠયાં વિઘ્નવારો. કય. ૨
જાણો તમો શું કહે અમો, જળ હળતો પારો;
તે માટે આઇ આવો ધાઇ, વેગે કાર્ય સારો. કયમ. ૩
આપો સુખને ટાળો દુખ, બહુ જો વિચારો;
આનંદ જેષ્ટ થાય શ્રેષ્ટ, આપણો તે ધારો. કયમ. ૪

પદ ૧૨ જોટો

મારે શકત માંથે જકત, ભય શા માટે રાખું;
ભય શા માટે રાખું, પુર્ણ પદ મળ્યું છે આખું. મા. ટેક.
શકત સબળ અવર ન બળ, જડવત સૌ દાખું;
સુધા શકત વિષ જકત, કદાપિ ન ચાખું. મા. ૧
ભય નાસે કાળ ત્રાસે, હોય શકત પાખુ;
શ્રી શીવાય મોક્ષ ન થાય, કરો ઉપાય લં. મા ૨
મૂળથીજ માયા બિજ, વેદ વાકય ભાખું;
દેહ દાવ દ્વૈત ભાવ, લોચા કાઢી નાંખું. મા. ૩
સ્થુળ ગાત્ર પોલ પાત્ર, બંધ કીધું બાખું;
જેષ્ટ ખરિ શકત ઠરિ, તે વીના ન જાંખું. મા. ૪

પદ ૧૩ જોટો.

આજ પ્રભાતે કયાં સંતાયા, જો દેદાર મારી;

દ્યો દેદાર માડી નવ કીજે નજર આડી,
નીત્ય તો રાત પ્રાત માત જોતાં દેખું ઠાડિ;
આજ કોણ કારણ ગયાં, વીસારીને માડિ. આ. ૧
ન વિસારો મા હું છું તારો, શું નાખો છો કાડી;
ઘડી અદર્શ થાય વર્શ રોઉ આંસુ પાડી. આ. ૨
રોવા નહિ જે શરણું લિજે, દુઃખ ઘો નસાડી;
પોશણ એમ કરો જેમ, માળી સિંચે વાડી. આ. ૩
જાણો તમો શું કહિએ અમો, ઓછંગે બેસાડી;
જેઠ્ઠ તારો પાર ઉતારો, ભવ સિંધુ ખાડી. આ. ૪

પદ ૧૮ પ્રબંધ.

શ્રી અંબા રંબાને આજ આઇ, અશ્વીન માસમાં;
અરૂપ શક્તિ, જાણે વિરલા, કરતાં ભક્તિ, અરૂપ રૂપ ધર્યું,
ભવ કરવા, ત્રીગુણાત્મજ, ઉદ્દેસ્થિતિ, સંહારવા,
એક તું અનેક, કર્યા તેં ધારે, અંબા નામ પડ્યું, તે માટે,
તું બ્રહ્માણી, તું રૂદ્રાણી, વિષ્ણુરાણી, યુગમાં જાણી, અકળ કળાતે,
નવ કળાયે, સંમૃણ કરતાં, પાપ પળાયે. ઘટઘટ વાસિ,
ચરણે કાસિ, સિધ્ધિ દાસી, જોતાં ભાસિ, મૂળદૈવત એ ચૈતનછે ભાઇ,
અગમનિગમ, તોયે ન સકન ગાઇ. શ્રી. ૧
બે એક સમે મન, ઉલટ આણિ, કહે તેડાવો ચુંવાળ રાણી,
સ્મૃણ કરતાં મહે આવ્યાં, સખિઓ સર્વને સાથે લાવ્યાં,
પુરતકિ ૧ પ્રેમે, હ્રદે દબાવ્યાં, મળીયાં સર્વ તે, મનમાં ભાવ્યાં,
શ્રીકાળિ કાઇ, બાળા બાઇ, કામાક્ષાઇ, કોટરાધાઇ, ચંડિચામુંડા,
અન્નપુરણા, લક્ષ્મિ સાવિત્રિ થૈ પુરણા, મળિઓદેવી, ટોળે વેવિ,
રૂપે દેવિ, જોયા જેવિ, શણગાર, ખટદરા, અંગે બાઇ, રમવા
જમવાને આવ્યાં ધાઇ. શ્રી. ૨
પ્રથમે ખાનપાન સૌ કિધું, રમવા કારણ ચિતમાં ચિંધું,
સમય જાણિ ઉઠયાં અન્નચેરિ, સમોવડ સાથે બે બળ્બેલિ, વે
ફેરે કુદડિ, ફર ફર ફર ફર ફરે, વાજે કિરતાલ, ઠર ઠર ઠર ઠર, અધ્ધ
મદ માતી, રંગે રાતિ, મરમા મતિ, સ્વરે સોહાતિ, પાન વે ક

શાત ઘ:ઘટઘટઘટ, ચઢે ચાકતિ, ચટપટચટપટ, બોલે કાલિ
લે સંભ્રાંતિ, નચે લકવાલિ, સરરે બાલિ, અદભુત ખેલ,
રચ્યો રંગ છાય, ધુનકટ ધુનકટ, મૃદંગ બજાય. શ્રી. ૩
કરલેકડા રસ, કડ કડ કડ કડ, તાલિ પડે ઘણી, તડ તડ તડ તડ,
ચુડલા ખખડે; ખડખડખડખડ, નોબતના ઘોશ, ઢગઢગઢગઢગ
સ્વર સારંગિ, ફુણ ફુણ ફુણ ફુણ, ચરણે નેપુર, રૂણઝુણ રણઝુણ,
વાજે કાસિ, કરતાં હાસિ, જોતાં માંસિ, ફુરે ફાંસિ, વિષ્ણુ
વંસલિમં, ગુણ ગાયે, શંકર સુંદર, ડાકજ વાયે, બ્રહ્મા
સ્યારે, વેદ ઉચારે, આટ્યા પારે, સુરતેવારે, કુસુમ વૃષ્ટી
કરિ, મહાસુખ પાય, જેઠારામને, પોતાનો કર્યો, કરસાય.શ્રી.૪

પદ ૧૫ ગરબો શાક્ત બોધનો.

આજ મનમાં પરમાનંદ ઉલટયોરે, ઉલટયો, ઉલટયો.
ઉલટયોરે, આજ મનમાં પરમાનંદ ઉલટયોરે, સુધાપાન,
ધરૂ ધ્યાન, માગુ જ્ઞાન. આ. ટેક.
આદ્યશક્તિ સરવનું મુળછેરે, જાણ્યા વિના સર્વ શુલ;
ધર્મફુલ નિરમુલ શક્ત વિના તે કાર્ય નવ નિપજેરે;
શાખ ગુલ શક્તિ સ્થુલ વિના ધુલ. આ. ૨
તત્વમસિ વાયક વેદે કહિરે, વસ્તુ જેહ જાણો તેહ;
આણિ નેહ, દ્રષ્ટિ સુક્ષ્મ કરિને વિચારજોરે;
જાણો દેહ દારા ગેહ મિથ્યા એહ. આ. ૩
માટે અખંડ સ્વરૂપને ઓળખોરે, જેનિ કળા ન કળાય;
વેદ ગાય મુનિધ્યાય હેવી આદ્ય માયાછે ભગવતિરે;
જેણે પ્રગટિયા બ્રહ્માય વિષ્ણુવાય શિવરાય. આ૦ ૪
એમ ત્રિગુણાત્મજ એ આધનારે, કર્યું. પંચતત્વ સાર;
સ્થુલ સુક્ષ્મ નરનાર, ઉત્પત્તિ સ્થિતિ સંહાર;
જડચૈતન્ન વસ્તુ કરિ ધણિરે, વ્યાપક વિવિધ પ્રકાર;
લહે પાર કોણ બાર. આ૦ ૫
માયા વિદ્યા અવિદ્યા બેવડેરે, થયું જક્ત દુષ્ટ ભક્ત,
તે વિરક્ત દુષ્ટ દેવને દુ:ખ દેતા ઘણુંરે;

ગયો ધર્મવેદ વ્યાત; દેવતકત પુજન ગ્રાત. આ૦ ૬
જ્યારે અધર્મનો ભાર ઉરવિ થયોરે, કરવાને સુર કાજ;
આદિ રાજ અંસે તાજ, વિવિધિ પ્રકારે પ્રગટ થયારે;
તે સંક્ષેપે કહેવાજ વદુ આજ ખરિ માજ. આ૦ ૭
ચ૨૭ ક૨૭ વારાહ નરસિંં થયારે, વાળ્યા વેદ મેરુ ભેદ,
દૈત્ય છેદ વલિ વામન ફરસુધર રામજીરે બલિ ભેદ,
સુજ છેદ રાવણેદ. આ૦ ૮
વંશસહિત હરિ ઉતાર્યો ગર્વનેરે કાળિ જેહ કૃષ્ણ દેહ,
આધિ નેહ ત્રિયારૂપ જણાવા લિલા કરિરે;
ઓપિ દેહ જેટલિ એહ ધર દેહ. આ૦ ૯
બુધ કલંકિ કલંક ઉતારશેરે, ધાર દશે અવતાર;
હરિ સાર થાય વાર વળિ સંકમુંડ એને મારિયારે;
ધુમ્રકેતુ ન સંહાર સિંહકાર મહિપમાર. આ૦ ૧૦
વળિ ભંડાસુર મોહ પામિયોરે, કરશું નાન્હે વખાણ;
રાચે અજાયુ બોલ્યો વાણ, નારિ મુજને વરો;
કહે સ્વામિનિરે યુધ્ધે જીતે ને સુજાણ;
સુકર્યું બાણ સાંધ્યો પ્રાણ. આ૦ ૧૧
આદં ભરિ શાકે પોષણ કર્યુરે, પડ્યો દુકાળ મરિ સંભાળ,
ભક્ષિ બાળ ગું ત્રિશૂળિ વિરવેશધરિરે તમોજો કૃપાળ;
દિનદયાળ પ્રતિપાળ. આ૦ ૧૨
નરનારિ નપુંસકમાં તમેરે, તમો થયા ભગવાન;
આપે ભાન, હોય સાન; જો થાયે કૃપા તો હર વખતરે;
ગ્રહેદાન, ધરે ધ્યાન; પામે માન. આ૦ ૧૩
ભવ કિંકરનો ભય તેને નહિરે, પામે આશ; થાયે નાશ;
સુખ રાશ, એવા અખંડ પદને પામિએરે;
પુરે પાશ, અવિનાશ, માહે વાસ. આ૦ ૧૪
કઇ મુરખ થયા અવકાશ છે રે, ભુલ્યા રૂપ;
પડયા કૂપ, મોટા ભૂપ; કઇ જ્ઞાનિ ધ્યાનિને બોધિ જતિરે;
રહ્યા ચુપ, દેહાનુપ; વિશ્વ રૂપ. આ૦ ૧૫
ઘણા મત વાદિ તે મતમાં ભમેરે, ન ભાળે વસ્તુ એક;

મો વિવેક, ચાલિ ટેક; મિથ્યા કલ્પિત ધર્મ જુજુવા કરેરે;
ન જાણે શાસ્ત્ર નેક, તજ્યા છેક; શુધ્ધ સમેક. આ. ૧૬
ધર્મ કર્મને જ્ઞાન શક્તિ તણુરે, તે તો ન જાણે કુસંગ;
જેવો પતંગ, તેવો રંગ; એમ મિથ્યા મરણ તે થાયછે રે;
જુઠું નંગ, પાત્ર ભંગ; તેવો બંગ. આ. ૧૭
મુરખ એક શક્તિનિ નિંદા કરેરે, કાંઇ જાણે નહિ ભેદ;
કરે ખેદ, માને વેદ; પણ મુળ કેરો મર્મ તે જાણે નાહરે;
પડ્યા અધર્મ કેદ, પડે ન છેદ; કપટરેદાદ. આ. ૧૮
જુવો ક્યાંથિ આવ્યાને જાવું છેરે, માટે ધારો હેમાં ચક્ષ,
આગિ લક્ષ, મુકિ પક્ષ, આવાગમન ભગમા યક્ષ થાયછેરે;
આપે યક્ષ, અજ્ઞ વૃક્ષ, કરે ભક્ષ. આ. ૧૯
એમ જોતાં વસ્તુ હાથ આવશેરે, ત્યારે થશે કામ;
ને વિશ્રામ, આતમરામ; ત્યારે; મનમ શાન્તિ ખણિ આવશેરે;
અરપી તન દામ, ભજે નામ; જશે ધામ. આ. ૨૦
મહંગાયા કર્તવ્ય સો જાણુંનરે, ત્રિખે દેશને નરેશ;
રિપુકેશ, કઇ નાચે કુદે ને રાજુરિ કરેરે, રૂડા ભોગ શુભવેશ;
મોટા મુનેશ, તે જે દિનેશ. આ. ૨૧
શક્ત સેવે તે શુખ પામે ઘણુંરે, તેને કૃપા કરે આઇ;
આવે ધાઇ શુખદાઇ, તેનું જન્મ મરણ દુઃખ જાયછેરે;
જગ જીતો મારા ભાઇ, અંબા બાઇ; ગુણ ગાઇ. આ. ૨૨
મુરખ પણ શક્તિનિ નિંદા કરેરે, શક્ત વિના મરે રોઇ;
દુઃખ જોઇ, સુખ ખોઇ; નથિ જાણતો કે શક્ત વિના છે નહિરે;
જેણે જનુનિ વગોઇ, તેને રૂડાન કહે કોઇ; દેહ ખોઇ. આ. ૨૩
તે તો સુખ ન પામે સંસારમાંરે, અંતે મોક્ષ નવ થાય;
નર્ક જાય, નિચકાય; શ્વાન શુકર મંજાર પ્રાણિ તે થશેરે;
કરે તે હિંસાય, વિષ્ટખાય; કુકર્મપાય. આ. ૨૪
આવો દેહ . વ્યર્થ ગમાવશોરે, કરો સમંધ શક્ત સાથ;
ગુણ ગાથ, આવે હાથ; આત્મ શક્તિ સ્વરૂપને ઓળખોરે;
પ્રેમ મત ધર્મ બાથ, તે અનાથ નથિ કાંઇ. આ. ૨૫
મતવાદિ કહેછે માયા તજોરે, ભ્રમ કરિ તજે જંદ;

પડે તંન, જુવો મંન; સુધાક્ષમા શાંતિ માયા સહિરે;
વળિ ભકિત ઉતપંન રમાર્તથંન, દયાલંન. આ. ૨૬
માયા તજો કહિ માયામાં રહોરે, ત્યજી જાય કેયમ તેહ;
હોય દેહ, મિથ્યા એહ, માટે મિથ્યા વચંન સિદ્ધ ઉચરોરે;
ત્વચા નેત્ર જેહ, બોલે તેહ; માયા નેહ. આ. ૨૭
મુછ શિખા નારિ ઉપરથિ તજોરે, પણ અંતરથિ ન જાય;
કોટિ ઉપાય ખડિ થાય માટે કાઢિ નાંખિ તે જશે નહિરે;
રહિ સર્વમાં વસાય કરે કાય ન લહાય. આ. ૨૮
એમ જાણિ સાધન કરિ શકતસુંરે, ધરો નેહ કાંક થઇ રાંક;
ટળે આંક ભુંડા ભાલના તે સરવ ભુસાયછેરે;
તેના જુવે નહિ વાંક ભરે ટાંક વળે લાંક. આ૦ ૨૯
શકત ભજતાં સુલભ સરવે થશેરે, આવે સૂખ જાય દુખ;
ભાગે ભુખ શકત ભકિત કરે તેનિ માતનિરે;
ધન્ય કુખ ન વિમુખ આજ્ય જુખ. આ. ૩૦
દયા ક્ષમા શાતિ આદે સહુરે, વસિ રહ્યા તેને અંગ;
નહિ ભંગ સતસંગ વડે મુળ માયાને ઓળખોરે;
જેયિ થયો શિધ રંગ ભાગ લંગ રૂપ અંગ. આ. ૩૧
સૂત બાંધો ઓળખવા માતનેરે ધાસો ચચ પ્રાણ પાંચ,
નાવે આંચ એને સતસંગ સત્ર વ્યાપિક છેરે;
માટે ખાશો નહિ ખાંચ મળે સાંચ કપટ સાંચ. આ. ૩૨
ધુચવાશો નહિ જકત જાળમરે, તેતો અવિદ્યાના વછ;
પ્રછ ગછ જમ કછ એમ અવિદ્યાનિ માંહે તે પેશિ રહ્યારે;
તેને આવે કેમ લછ નહિ સ્વચ્છ વહે મછ. આ. ૩૩
એવો સંગ કદાપિ નવ કિજીએરે, જો કરવું આત્મ કાજ;
તજો લાજ, સજો સાજ, શકત સેવામાં તનમન વારજોરે;
ત્યારે થશો સિંહરાજ, ભય ન તાજ, ખરિ માજ. આ. ૩૪
પણ નાસ્તિક જીવ થયા ઘણારે, તેનો વ્યર્થ દેહ ઘાટ;
અધર્મ વાટ. સ્નાન ચાટ એવાં મંન તો હેયછે તેહુનારે;
ભવે વાણિ તર્ક માટ. જેવો ભાટ વાળે દાટ. આ. ૩૫
વાદ કરિને મિથ્યા કહે સર્વનેરે, તેને નહિ પુજા પાઠ;

જુઠો ઠાઠ, કરે માઠ, કલ્પિત ગ્રંથ વાંચિને ભિડે ઘણુંરે;
તેતો મળિ પાંચ આઠ ખોળે લાઠ વળગે કાઠ. આ૰ ૩૬
નથિ જાણતો કે અજ સર્વ શક્તનુંરે, જાણે હું ડાહ્યો,
વચન કાઢું બોલે આડું ઝાલ્યું નાડું,
નથિ ખબર જે વસ્તુ પોતામાં રહિરે, તેનું તન જેવું ગાડું;
દિપ ચાડું ખર ભાડું. આ૰ ૩૭
તેના વચનનો ડંશ લાગે ઘણોરે, જેવી સર્પ ડાઢ,
વિષ હાઢ જેવી ટાઢ, એમ સર્વને મન લાગે સહિરે;
તેનું થાય જેવો પાઠ, હૃદે ઘાઠ, લાગે ન ત્રાઠ. આ૰ ૩૮
તેને આશ્ર તો કોઇનો લાગે નહિરે, તેતો વાણિ વિલાસ જાણું;
મત તાણું, મદ માણું, એવા દુષ્ટના સંગથી રેજો પરારે,
દેહ ટાણું, દાવ આણું, ભોજન ભાણું. આ૰ ૩૯
એવું જાણિને સમય સંભાળજોરે, જો હોય શુભ રતી,
રૂડી મતી, પરમ ગતી, જયારે શક્ત સાચી મનમાં વસેરે;
બ્રહ્મા વિષ્ણુ ઉમાપતી, જાણે જતી, ભગવતી. આ૰ ૪૦
તેને જાણે ઇશ્વરતા પામીયારે, તેને જાણ્યા વિના વ્યર્થ,
ન લહે અર્થ, કરે અનર્થ, અંતરદ્રષ્ટિ વડે તેને ઓળખેરે;
જેનિ કૃપા મળે ગર્થ, દારા ભર્થ, ને સમર્થ. આ૰ ૪૧
તેને અહંમમતા રેતી નથીરે, તેતો કરે નહિ વાદ;
ન વીખાદ, રે મૂજાદ, એક વસ્તુ સરવમાં જાણે સહીરે,
જેને લાગ્યો શક્ત નાદ, ન પ્રમાદ, આવે યાદ. આ૰ ૪૨
એવો અખંડ રંગ લાગ્યો જેહનેરે, તેને નહિ ભવ બંધ,
નો સમંધ, આત્મ ધંધ, રહે આઠે પહોર આનંદમારે,
તેને જાણો મદ અંધ, પુજો ગંધ, કાલ કંધ. આ૰ ૪૩
એમ જાણી સેવો એવા સંતનેરે, તેને આપે ગુરૂ સાન,
અભેદાન, આવે ભાન, તેને શક્ત તે સાચી જણાય છેરે;
કરે ગાન, શ્રવણ પાન, નહિ આન. આ૰ ૪૪
એમ લક્ષ કરી પરહરો કુસંગનેરે, ત્યારે જશે સર્વ પાપ;
ને ત્રીતાપ, જુઓ આપ, માટે જન્મ ધરિને એમ આચરોરે,
કરો જાપ, ભક્ત માપ, મળે છાપ આ૰ ૪૫

શક્ત સમુ દૈવત બીજુ નહિરે, મેંતો જોયું શોધી બાધુ,
સંત સાધુ, ધર્મ અધાધુ, પણ શકત વિના મેં દીઠુ નહિરે;
મુને પુરણ પદ લાધુ, તે આરાધુ, સુખ વાધુ. આ૦ ૪૬
સમ ખાઇ કહુંછુ સર્વે સાંભળોરે, અખિલ જકત,
થાઓ શકત, કેરા ભકત, થઇ તનમન ધનને વારજોરે;
આ ધર્મ વેદ વ્યકત તાર્યા રકત, પામ્યા તકત. આ૦ ૪૭
આ અવતાર ન ઓળખ્યાં આઇનેરે, તેનું જીવ્યું જાણો ઠેઠ;
દૈવ વેઠ, જન્મ નેઠ, માટે ભાવ ધરીને સરવે ભજોરે;
શકત યજો મા ા શે , તન ભેડ, અડો ઠેઠ. આ૦ ૪૮
એમ જન્મ સુફળ કરો જાઇનેરે ભજો નામ, થી વિશ્રામ,
જશો ધામ, મા મારૂ કરે પણ તારૂ નથીરે દારા દામ,
સુત ધામ, નાવે કામ. આ૦ ૪૯
જુવો કોઇયાધી તિ ચાલ્યા ગયારે, વળી ચાલે જેનિ આંણુ,
વાગે બાણ, થઇ હાણ, પણ કોઇએ સાથે તો ગયું નહિરે;
જે કો હીંડે ઝાલી પાણ, ગુણ ખાંણ, વદે વાણ. આ૦ ૫૦
કેતાં તમો વિના અમો રેચે નહિરે, તેતો ઝાલી હાથ કાડે,
કાન ફાડે, દાંત પાડે, એવો કુટુંબ સ્વારથનો છે સહીરે,
ભવ આર સોસે હાડ, જાઠાં લાડ. આ૦ ૫૧
વળી સંચીને દ્રવ્ય આવી મળેરે, શું મેલો સંચે કરી,
કયમ ભરી, જાવું મરી, માટે ખાઓ ખરચોને પુન્ય આચરોરે;
જો થાવું ના હોય ફરી, જવું તરી, દેહ ધરી. આ૦ ૫૨
વાડવ વન્હિ તે મુખ માતા તણુંરે, કરો ત્રપ્ત ધરી ભાવ;
આવ્યો દાવ, લેજો લહાવ, તોતો આપો અપાવો તમે કોકનેરે;
કાઢો લોભ લાભ તાવ, એ ા આવ, દેહ નાવ. આ૦ ૫૩
પણ અશાશ્વત દેહછે જાણજોરે, ક્ષણમાં પડે તે સાર,
નહિ વાર, તે લગાર, માટે આળસ તજી શકતને યજોરે:
કરો આતમનો વિચાર, નરનાર, ગુણ પાર. આ૦ ૫૪
આનો દુર્લભ ઘણો છે દેવનેરે, મનુશદેહ આપ્યો તેહ,
ધરી નેહ, એમ કૃપાવંતે તો કૃપા કરીરે,
વળી નખશીખ જેહ વ્યાપક એહ ન દે છેહ. આ૦ ૫૫

શાક્ત બોધ ગરબો ગાય સાંભળેરે, તેને આત્મતત્વ લાધે;
વંશ વાધે, યશ બાધે, વળી અદ્વૈતપદ તેને ભાસશેરે,
તેતો ન મરે વિષ ખાધે, શાન્તા રાધે, સોહં સાધે. આ૦ ૫૬
તેને ડાકેણ સાકેણ પીડે નહિરે, વળી થાય નહિ રોગ,
ભોગવે ભોગ, સુખ સંજોગ, તેને ગ્રહ તો પીડા કરે નહિરે;
ક્ષય થાય રીપુ ઓઘ, વિજય યોધ, બળ અમોઘ. આ૦ ૫૭
ભુત પ્રેત કરતાન્ય તેને નહિરે, અકાળ મૃત્યુ નવ થાય,
કરે સહાય મહંમાય રાજ કેરો તે ભય નહિ તેહનેરે;
તે પામે તેજ કળાય દુઃખ જાય ગુણ ગાય. આ૦ ૫૮
નિત્ય પાઠ કરે આ ગરબા તણોરે, તેની શક્ત પુરે આશ,
રહે પાસ, કરી વાસ, અંતર ચક્ષુ ઉદે તેના થશેરે;
અવિનાશ, શક્તિ તાસ, થસે ભાસ. આ૦ ૫૯
શાકે સત્તર સતાણું વિશેરે સંવત્સર યુવ નામ, શુભ કામ,
થઇ હામ, સંવત ઓગણીસેના ત્રીસ એકમારે;
પામવાને નીજ ધામ, મનમાંમ, શક્ત ઠામ. આ૦ ૬૦
શુભ માસ જેષ્ટ શુકલ પુર્ણીમારે, તાથી સાર ભ્રગુવાર,
પુર્ણ પાર, રહું શ્રી નગ્ર અમદાવાદમાંરે, ત્યા કર્યો વિસ્તાર,
કહ્યું ઠાર, કરી ઉચ્ચાર. આ૦ ૬૧
આશટોડ દરવાજે ઢાળ પોળમાંરે સુતાર ઠામ, શેરી નામ,
ત્યાં વિશ્રામ, તેમાં શ્રી બાળામુકુંદનું ધામ છેરે,
તે કરે પુણ્ય કામ, મોટી હામ, રાખે મામ. આ૦ ૬૨
વિપ્ર જ્ઞાતિ હું ઉદીચ્ય શસ્ત્રનીરે, વળી અટક વ્યાસ મારી;
લોકાચારી, દેહધારી, પણ સમંધ અખંડ સાથે થયોરે,
મારી કરી વૃતિ સારી, સુખકારી, જાઉં વારી. આ૦ ૬૩
શક્ત સાચી ઓળખવા તુજનેરે, જેઠારામ ગુણ ગાય;
તવ કૃપાય, કરી સહાય, ગરબો ગાઇને ઓળખશે શક્તનેરે,
ફરી ધરે નહિ કાય, શરણ જાય, તેજ સમાય. આ૦ ૬૪

સંપુર્ણ મસ્તુ.

પદ ૧૬ રાગ પુરવી.

શ્રી બાળાબાઇ તારો મુને આશારો છે ભારી. બા૦ ટેક.

અવનીમાં અવતરી નિરખી મા બહુચરી,
અવરના દૃષ્ટિ આવે માર. બા० ૧
હું તો પુત કહો કપુત કહાવું મા,
તમે દુખ ઘોછો શું વિચારી. બા० ૨
જગદંબા નામ ફેરવે જો તારૂં તો,
પછે નહિ આશા રાખું તારી. બા० ૩
નહિતો જેઠારામનું સંકટ, દુર કરોને મન ધારી. બા० ૪

પદ ૧૭ જોટો.

શ્રી બાળા માત જાણો તમને ઝાઝું શું કહીએ. શ્રી० ટેક.
બાંય ગ્રહ્યાની લાજ ધરોતોરે, આઇ આવી સનમુખ થઇયે;
શ્રી० ૧
ભાવે કુભાવે મા શરણ તમારૂંરે,
તનમનથી શું ઝાઝી રહીયે. શ્રી० ૨
પુજન અરચન વિધીન જાણુંરે,
સ્વરૂપ ધ્યાન નવ લઇએ. શ્રી० ૩
જેઠારામને આપણો જાણીનેરે,
અવગુણ તેના સર્વ સહીયે. શ્રી० ૪

પદ ૧૮ જોટો.

મા ગુનો નવ જોશો હું તો, જેવો તેવો તારો;
જેવો તેવો તારો પણ, પડયોછું હુકારોરે;
જગતમાં લાગુ ઘણો ખારો. મા० ટેક.
કામી ક્રોધી ને માયાનો લોભીરે, વળિ સઉ કહેછે તે ધુતારો;
પેટ ભરવા પરપંચ હું કરતોરે, અવળો હું કરતો ઉચારો.
મા० ૧
ગર્ભપાત જીવહિંસા હું કરતોરે, લોકમાં થયો કાળ ઝારો;
સ્વારથે સુરો પેટારથી પુરો જમરે, મુખ કને ખોળેરે મંઝારો.
મા० ૨
પરનારીશું રંગે હું તો રમતોરે, જુગતમાં કેવાણો નઠારો;

પર નીંદા પરધનને હરતોરે, અવગુણ અતીશે છે મારો.
મા૦ ૩

હું નઅળો તેતો અપજશ તુજનેરે, તે માટે જશ આપો સારો;
જેષ્ટાનંદ કહે કરજોડીરે અવગુણથી તે કરો ન્યારો. મા૦ ૪

પદ ૧૯ જોગ.

આઇ કને માગુ મને દ્યો દેદાર દાડી,
દયો દેદાર દાડાને કરો બુદ્ધિ ઝીણીરે;
વળી જે નજર છે જાડી. આ૦ ટેક.
આવી હું વળગ્યો કયમ થાઉં અળગોરે,
હું તુજ પુત્ર તમો માડી, પુત કપુત કદાપી હોયે પણરે;
માત તે નવ મૂકે કાઢી. આ૦ ૧
અકળીત રૂપ કળ્યામાં નાવે મારે, અંતર ચક્ષુ દયો ઉઘાડી;
અરૂપમાં રૂપ તું ચૈતન તેથીરે, વિશ્વ ખિલ્યું છે જમ વાડી.
આ૦ ૨
એ વિશ્વ સઘળું ક્રીયા કરેછે ત્યમરે,
જેમ ફેરવોછો તેની નાડી, એહ સ્વરૂપને જોવા માટેરે;
હુંતો રહયોછું નેત્ર ફાડી. આ૦ ૩
આતમજ નીજ જાણિ દયા આણિરે,
બ્રહ્મ પડદાને દયો નસાડી, જેષ્ટાનંદ પર કૃપા કરીનેરે;
આત્મતત્વ દયોને તે દેખાડી. આ૦ ૪

પદ ૨૦ બાળામુકુંદની ગરબી.

શ્રી બાળામુકુંદનું ધામ, પ્રગટ ઢાળની પોળમાં;
તેતો પુરે મનોરથ કામ, રહે શુભ સ્થત ઓળમાં. શ્રી. ટેક
તરત પારખુ પ્રેમ ધરી, નરનારી પાસે આવેરે;
જેની કામના તેના મનની, સર્વ સુફળ તે થાવે. શ્રી૦ ૧
દરશન કરતામાં દુરબુદ્ધી કેરા કરેછે નાશરે,
સેવા સ્મરણ ભાવે કરતાં, વાધે સરવે કાશ. શ્રી૦ ૨
રોગી જન આવી ચરણાંકીત, લેઇ ફરશે [illegible]રે;

ધૃત દીપ પ્રગટ કરીને નમતાં, રોગ તનમાંથી જાય. પ્ર૦ ૩
પય પુષ્પ નિત્ય અરપણ કરશે, આવી પ્રાતઃકાળરે;
એમ શ્રી બાળાનું પુજન કરતાં, ઉતરે વાંઝીયા ગાળ. પ્ર૦ ૪
ત્રિઅક્ષરી પંચાક્ષરી મંત્ર તે, જપશે એકે મંનરે;
એમ શ્રી બાળાની ભકિત કરતાં, નિર્ધન પામે ધન. પ્ર૦ ૫
પ્રગટ પીઠ છે બાળામુકુંદની, કહુંછું કરી ઉચ્ચારરે;
સત્યસ્વરૂપ ઓળખશે તેને, પુનરપી નહિ અવતાર. પ્ર૦ ૬
સમજુ સાચપણેથી સેવે, મુરખાને નહિ લેખેરે;
બાળામુકુંદ વિના ઇંદ્રિ નિકર, અજ્ઞાન ઉત્સુકતા દેખેરે પ્ર૦ ૭
અલ્પ મૃત્યુ જે મહમારીનું, કેછે કોગળીયું જેનેરે;
ત્રમ કરતાં ગાડર વહિ, તેનો ભય નહિ તેને. પ્ર૦ ૮
શ્રી બાળા તિર્થોદક લેઇને, જહ રોગીને પાયરે;
સાચે મનથા શરણે આવે તો, કદી મરણ નવ થાય. પ્ર૦ ૯
અકાળ મૃત્યુ ન થાય કદાપી, બાળામુકુંદને સેવેરે;
ભાવ ધરીને ભકિત કરતાં, દરશન દેશે તેવે. પ્ર૦ ૧૦
ખળ પાપી દરશણ નવ પામે, જેને ઘણોછે કુસંગરે;
સદ્આચાર દરશન આવે તેનું, તરત કરે મન રંગ. પ્ર૦ ૧૧
વળિ ભુત પ્રેત જોતામાં નાસે, અકળિત નવ કળાયરે;
પાપ પ્રલે થાય પારે જાતાં, તરત તે મોક્ષ પળાય. પ્ર૦ ૧૨
કેક પુરાણ ઘણાં ફેલ કરે પણ, ત્યાં આવ્યેથી જણાયરે;
સાચું સાનિધ્ય થાતામાં જાશે, ન પાખંડી તાણ્યું તણાયરે.
પ્ર૦ ૧૩
યંત્રમુળ પીઠ બાળામુકુંદની, બ્રહ્માદીક સાચાયરે;
ભાવ ધરીને ભકિત કરતાં, મનવાંછીતફળ થાય. પ્ર૦ ૧૪
શેરી માંહે સુતાર વસે તાં, બાળામુકુંદનું ધામરે;
પ્રેમ થકી ત્યાં પ્રગટ થયાંછે, પુરવા મનોરથ કામ. પ્ર૦ ૧૫
જેણારામ જગ જાહેર કીધો, પ્રગટ પીઠ ઇંધાણીરે;
મુઢમતી અજ્ઞાન હતો મુને, આપા અવિચળ વાણી. પ્ર૦ ૧૬

પદ ૨૧ રાગ ઠુમરી.

ક્યું મત કરતાહે મદ અંધે, શકત બીના સમઝહે ફીકો;
ક્યું૦ ટેક.

પંચભુતકો સ્થુલ નરનારી, પુરૂષ શકિત સેહેનાકો;
શકત બીના નહિ પુરૂષ કહાવે, પુરૂષ નામહે શકિતકો.
કયું० १

જડચૈતન હે જીવ ચરાચર, શકતહે બ્યાપક સબ ડીકો;
વિદ્યા સબહે ભેદ શકિતકો, ત્રીયારૂપ સબ માજીકો. કયું० २
ધર્મભેદ કીયે બીન પેચાને, હે સબમે શકિત કોટીકો;
પ્રણવ મંત્ર સબમેં શકિતકો, કૃષ્ણરૂપ હે કાલિકે. કયું० ૩
શકત બિના સાધન નહિ દુજો, તનમે તેજ જયું આંખીકો;
જેષ્ટાનંદ ભયો મત છાંડે, શરન શકત સુખ રાસીકો.
કયું० ४

પદ ૨૨ જોટા.

યા તનકયું ખપ્પર મેં લગાયો, કોન તનસેં અબ જાઓ તરી;
યા० ટેક.

સુર દુર્લભ મનુશા દેહ દીની, યું મહંમાયાને કરૂણા કરી;
જ્ઞાન ધ્યાન સતસંગ નકીનો, જાનત નહી જો વસ્તુ ખરી.
યા० १

છીન ભંગુરકા નાહી ભરોસા, જયું મીસરી પુતરી જલમેં ઘરી;
યા ઘરમેરા યા ધનમેરા, યું કેહેતે કેહેતે જાત મરી. યા० २
ના ઘર તેરા ના ધન તેરા, ઓરકે કાર ન જાત ભરી;
આતમ જ્ઞાન કર લે પરમારથ, જે હું નહી યમ હાથ ફરી.
યા० ૩

ચેત ચેત તું અમમન મેરા, બાત સુધાર તું લે સગરી;
જેષ્ટાનંદ એસો કર સાધન, રૂપ અરૂપ મેં જાય ઠરી. યા० ४

પદ ૨૩ જોટા.

પ્રગટ પી યહુ બાળા મુકુંદકી, તનમનસેં દરસન આવે પ્ર०ટેક
પુજન અરચન સેવા સમરણ, જ્ઞાન ધ્યાન મેં ચીત લ્યાવે;
ત્રી બધી તાપ ટરતહે તનકે, મન બાંછીત ફળ ઓપાવે.પ્ર०१
સુર જન મુનીવર શેષ રટતહે, પુરણ ભાગ્ય જો ગુણ ગાવે;
કળી મળદોશ સબ યે જનકા, છીનું માત્રમેં જરી જાવે.પ્ર०२

એસે દીન દયાળ હે દાતું, મુકંદ આસા જો કારે;
રોગ મુકત કરતે રોગિકું, દે બાંઝ પુત્રકો ફલ ચાવે. પ્ર. ૩
યમ કિંકરકા ભય નહીં ઉનકું, રાજ રીતસો બણાવે;
જોણાનંદ રહે ઓહી ચરનુમેં, દિન નીશા ઉનકું ધ્યાવે. પ્ર.૪

પદ ૨૪ જોટો.

માઁ મનોહર છબી નિરખત, તનમનસોં સુરતિ લાગ રહી.
માઠ ટેક.
કોટી શસિકો તેજ ન આગ્રે, તેજ તન સમ અવર નહિ;
અકલ રૂપકો પાર ન પાવે, નેતિ નેતિની ગમે ન કહી. મા.૧
વ્યાપક બીશ્વ સનાતન શકતી, જેહી પ્રથમેં મુલમહી;
તુહિ હે બીધા તુહિ હે લછમી, તુહિ ભુકતા તુહિ દાતા ભહી. મા. ૨
જલચર થલચર નભચર નાના, જડ ચૈતન મેં તુહિ લહિ;
એક અનેક ભઇ મન ઇછા, તોહિ ન લહે સોહી જાત બહી.
મા. ૩
શકત ભકિત તે ચાર પદારથ, એહ કહત કરત મેં સહિ;
જોણાનંદ શરણાંગત આયો, નીજ જન કિજે બાંય ગ્રહી. મા.૪

પદ ૨૫ રાગ પરજ.

કાંન કરે કાયા ધરી, ભટકે શું ભવ ફરી;
શકત ભકિત કર્યા વિના, પાર નવ આવેરે. કાંઠ ટેક.
જો વિચારી મુકી માંમ, શકત વિના નથી ઠામ,
કરે કેમ ઉંધાં કામ, ચાલે જેમ ફાવેરે;
સુત દારા ધન ધામ, અંતે કાંઈ નાવે કામ,
લોભથી કંચન કામ, નરકમાં જાવેરે. કાં. ૧
આઠયો જયારે ગર્ભવાસ, ને તું કોઇ તારે પાસ,
કરિ સહાય અવીનાશ, તેને તું ના ગાવેરે;
અધો મુખે નવ માસ, રહિ કરિ સ્તુતિ તાસ,
નહિ ભુલું તુજ ધ્યાસ, એવો છે ઠરાવરે. કાં. ૨
પ્રગટે તે ભુલી ગયો, જાયે મદ માંહે વયો,

દંગ ભોગે મગ્ન થયો, લોભને તું ધાવેરે;
અવગુણ તું માગ્યો, મુખે નવ જાયે કયો,
તેને તો તે નવ લયો, જાય દેહ દાવરે. કાં. ૩
માટે ભાવ ધરી ભાઇ, સેવો સાચી અંબા બાઇ,
સંકટે તો આવે ધાઇ, દયાળુ કહાવેરે;
જષ્ટાનંદ સુખદાઇ, જુવે જસ ગુણગાઇ,
ભવજળ ઉંડી ખાઇ, સેજે પાર પાવરે. કાં. ૪

પદ ૨૬ જોટા.

મારા માફ ગુના કરો, દયા ઘણી મન ધરો,
સંકટ અજ્ઞાન હરો, સ્વરૂપ ઓળખાયરે. મા. ટેક.
જળ સ્થળ જીવ કરી, સરવમાં રહિ ખરી,
તુજ ગયે જાય મરી, પડી રહે દાયરે;
થાકયો એમ ભવ ફરી, શકત સાચી મન ઠરી,
દયો દેદાર નેત્ર ભરી, શાંતિ ઉર થાયરે. મા. ૧
હું કહું તે મન લાવો, તુપર મારો છે દાવો,
ભુલિ ગયે નહિ ફાવો, બરદતો જાયરે;
દેવી મા દયાળ થાવો, દિન પ્રતિપાળ કાવો,
કલપાંતે વારે ધાવો કરો જન સાયરે. મા. ૨
વિશ્વ સહુ ખેલ તારો, ઉત્પતિ સ્થિતિ સંહારો,
તેમાં હું કેવાણો તારો, કરો જેમ ચાહરે;
ભરૂસો મને તમારો, માટે બતાવી દયો આરો,
આવ્યા વિઘનને વારો, કરો તેમ માયરે. મા. ૩
જકત સહુ ભુલાં ભમે, હું ન ભુલો પડું કયમે,
શકત તન માંહે રમે, સાચી તું જણાયરે;
જેષ્ટાનંદ મન ગમે, ચરણે અંબાને નમે,
કદીએ ના દેહ દમે, આઠ ગુણ ગાયરે. મા. ૪

પદ ૨૭ જીલ્લાની ઠુમરી.

તમે જુઓ તપાશીને જનમારો. શકત વિના નથી આરો;
શજન તમે જુઓ તપાશીતે જનમારો. ટેક;

જુવો ક્યાંથિ આવ્યા ને ક્યાં જાવું, તમે ઊંડી નજર કરી
વિચારો;
વળિ દેહમાં શી ચેતન વસ્તુ, સુણે ને ભણે છે કોણ ડગકારો. સ. ૧
બીંદુ સ્વરૂપ બાળા છે પોતે, બ્રહ્મ ચેતન તેજ પ્રશારો,
ત્રીગુણા તીત અખંડ અવિનાશી, તેનુ મૂખે સ્તવન નવ
વીશારો. સ. ૨
આત્મ વિદ્યાને શીવ તત્વ સોધન, સ્થુલ સુક્ષમને કારણ ધારો;
મહા કારણપર ચેતન સોહં, જ્યારે થૈને રહે ગુણથી ન્યારો. સ. ૩
સતસંગત ગુરૂ ગમે વિચારી, જે અરૂપ શકતીને મનઠારો;
જેષ્ટાનંદ થશે મન ત્યારે, જ્યારે તે સ્વરૂપને ધ્યાનમાં ઉતારો. સ. ૪

પદ ૨૮ ઠુમરી.

શ્રીબાળા હું શરણ તમારે, જેમ રાખશો તેમ રૈશુરે,
વ્યાપક સૌમાં શકત રહ્યા છો, સુખ દુખ દેશો તે સૈશુરે. શ્રી. ટેક
પ્રક્રૃતી રૂપે છો પરમેશ્વરી, કહો કયાં તજો પણ જૈશુંરે;
બુદ્ધિ રૂપે તો બાળા તમે છો, જેવા આપશો તેમ કેશુંરે શ્રી. ૧
કાંતી વિનાકો માન્ય ન પામે, વિદ્યા વિના વિક્ષાત ન્મ થૈશુરે;
દયા ક્ષમા શાંતિની આદ તે, લક્ષ્મી વિના ભોગશો ચૈશુરે. શ્રી. ૨
કાયા તે શકતીને માયા શકતી, બ્રહ્મભુત વૃત્તીએ વૈશુંરે;
આદિ અંતમાં શકત વીના નહી, અગ્નિ પ્રવેશ કેવા મહીશુંરે.
શ્રી. ૩
જળ સ્થળ ચૈતન બીંદુબાળા, બ્રાહ્મણ થૈ તેને જો ચૈશુંરે;
જેષ્ટારામને શકતએ સાચી, જયાં જોઇશું ત્યાં તેવી લૈશુંરે. શ્રી. ૪

પદ ૨૯ જોટો.

પુર્ણપદ ચૈતન શકિતનું, તન મનથી કોઇ ચ્યાશેરે,
તનના ત્રિવિધિ તાપ ટળે, ને ભવ ભય સગળો જાશેરે. પુ. ટેક.
ત્રીપુરા નામ ત્રીભુવન તારણ, પુરણ પ્રગટ પ્રકાશેરે;

ગુરૂ ગમ જ્ઞાન ગીરા ગંભીરથી, જો તેના ગુણ ગાશેરે. પુ. ૧
જઠરા માંહે યત્ન કર્યું પય, જાણ્યું પ્રસવિને શું ખાશેરે;
હેવી કૃપાળ દયાળ તજીને, પાચે મત વાદિની છાશેરે. પુ. ૨
વ્યાપક વિશ્વ સનાતન શકતી, તે સોધતાં સંશે હરાશેરે;
અંતર્મા અવલોકન કરતાં, તો આનંદ ઉર ભરાશેરે. પુ. ૩
કાઢી નાખી કુતર્ક કલ્પના, જેકો શક્ત મારગ ધારશેરે;
જેષ્ટાનંદ તો આત્મ શકતી જે, અરૂપ રૂપ સમાશેરે.પુ.૪

પદ ૩૦ રાગ મલ્લાર.

તપાસી જોયું મેં તો જકત શકત સચી ખરીરે;
સુરખ મત નવ કરશો, કોહ્યું સૌને ઉચરીરે. ત. ટેક.
વેદ પુરાણ પ્રમાણે શકતી, શાસ્ત્ર સાખ્ય પુરે કહે ભકતી;
અણુ રેણું પર્યં માં વસી રહી ખરીરે. તo ૧
મુળ પ્રકૃતી મંડાણ છે માયા, બ્રહ્મા વિષ્ણુને શીવ જાયા;
જેણે પંચ તત્વ પ્રગટાને સ્થુલ કાયા કરીરે. તo ૨
અકલાતા દ્વૈતા રૂપ અંબા, નીજ ઇચ્છા પ્રગટ્યાં ભવ રંભા;
ત્રીપુરા નામ પડ્યું ત્રણ ગુણને તું વરીરે. તo ૩
જેષ્ટાનંદ થશે મન જ્યારે, અરૂપ શકતી ઓળખશો ત્યારે;
નહિ તો રખડી મરશો, નિશ્ચે ભવ ફરારે. તo ૪

પદ ૩૧ જોટો.

પોકારી કોહ્યું સરવે, ભકતી શકતી નહિ કરોરે;
શાને વણ સમજે મત તાણી ભવ ભટકી મરો . પો. ટેક.
બ્રહ્મ તત્વ ચૈતનને જાણે, દ્વૈત ભાવના નહિ મત તાંણો;
અદ્વૈત પદ ભાસ્યું તે તો બ્રાહ્મણ ખરોરે. પો. ૧
જુઓ વિચાર કરીને મનમાં, ચેતન વસ્તુ રૈ છે તનમાં;
તે જાણી સ્વરૂપાકારે થઇ નારભે ફરોરે. પો. ૨
ભ્રમે બ્રહ્મ સરવને લાગે, જ્ઞાન થાય જારે બ્રહ્મ ભાગે;
કરો અવીદ્યા અળગી, બ્રાંતીપર હરોરે. પો. ૩
મુઢ મતી જેષ્ટાનંદ પામ્યો, જ્ઞાન ભકતીરસ અંતર જાગ્યો;

શ્રી તમ શરણુ આવ્યો છું, કર મસ્તક ધરોરે. ધ. ૪

પદ ૩૨ જોટો.

કાપો ને કષ્ટ કેવાણો ભકત જકતમાં તાયગેરે;
કૃપા કરી આપો સદ્દગુણ અવગુણ ટાળી માયરોરે. કા. ટેક.
ઉત્તમ મનુષા દેહનું ટાંણું, બુદ્ધિ વિદ્યા હોય જો નાંણું;
તે કયમ અટક કરી નાંખ્યો, સુખ વાયરોરે. કા. ૧
કર્યું થાય છે સર્વ તમારૂં, કો કેમ ચાલે બળ હમારૂં;
સર્વ શકતીમય દીસે પરતો જાહેરોરે. કા ૨
જો કદી લાજ જશે જો મારી, તો યુગમાં અપકીરતી તારી;
આ અવગુણ જોવો ઘટે નહિ અંતર બાયરોરે. કા. ૩
કીંચીત કરૂણા તારી થાશે, તો ભવ સંકટ મારાં જાશે;
અરજ સુણીને જેષ્ટાનંદ વધાયરોરે. કા. ૪

પદ ૩૩ જોટો.

સાચી છે શકત શોધોને જકત. જો કોઇ સદ્દગુરૂ મળેગે;
જેથી થાય સ્વરૂપનું જ્ઞાન, તીમીર દ્રગના ટળેરે. સા. ટેક.
વાર બુંદ તણો વપુ કરતી, બાળ તરૂણ વૃધાવય ધરતી;
અરૂપ અકાઞત વ્યાપીક તે કો નવ કળેરે. સા. ૧
નરનારી નપુસક કીધાં, વસ્તુ એકને ચીહ ભીન્ન દીધાં;
એમ અનેક વસ્તુ અંતે, સૌ એકમાં ભળેરે. સા. ૨
અદ્વૈત ચેતન વસ્તુ જાણો, ભરમે ભુલા શું મત તાણો;
અવર કોટી ઉપાય કરે, ભાવ નહિ ટળેરે. સા. ૩
માટે જેષ્ટાનંદે શકતા રાધી, મૂકી અવિદ્યા પડતી વ્યાધી;
હવે કોટી ઉપાય કરે, ત્યાંથિ નવચિત ચળેરે. ૪

પદ ૨૫ રાગ કાફી.

મારે શકત શરણ તમારૂંરે, અવર નહિ આશારો. મા. ટેક.
સંસાર સંગ્રામ લડવા બકતર, બુદ્ધ બાળા છે તારૂંરે;
હથિઆર હર સિધિ હીમત ચમે છે, ચીત ચંડિનું સારૂંરે.ટેક.

અંતર ચક્ષુ ચાપ ચામુંડા મુર્તિ, બંગલા બાંણુ હુકારૂં રે;
કામ કુંજર ક્રોધ હય મારીને, ભાવ ભડને ઉગારૂં રે. અ. ૨
સાર્દા સામા સમદમ સાંગ્યશકતો, વારાહી વજ વકારૂં રે;
સંકલ્પ વીકલ્પ પદ્માતિને મારી, નિશ્ચે નરને વધારૂં રે. અ. ૩
મદ મચ્છર અહંકાર સંહારૂં, અવિ દ્યા સૈન્ય નઠારૂં રે;
જેષ્ટાનંદ જીતી ષટ ભોમાંકાને, શ્રી સપ્તમી સ્થળ સારૂં રે.
અા. ૪

પદ ૩૫ સોયણી.

શ્રી શક્ત મારી સહાય કરી આજની ઘડી, છો વિશ્વંભરીએ
વાત નવડી. શ્રી. ટેક.

મારે તો માત આધાર એકતારો, જેમ હાલર લકડી;
સત્ય તું સત્ય કેહે છે પ્રાણુ મારો, હવે ના છોડું પકડી. શ્રી. ૧
છો જકતનું કારણુ શક્ત મેં જાણી, હવે કેમ મરૂં રખડી;
જન્મ ધરા જાચી ત્રીભુવન રાંણી, આપી છે સુખ સખડી. શ્રી. ૨
મારે અંત સુધી સંભાળજો કોણું, જો જો લાજ ખોનાં જડી;
સાચું શરણુ માટે નીરભે રોણુ, લાજતો તમને અડી. શ્રી. ૩
કપટી કુટીલ કુકર્મિ કાયર, તેવો રહયો ચરણે પડી;
જેષ્ટાનંદ કર્યો જકતનાં જાહેર વાપતમાં વારે ચડી. શ્રી. ૪

પદ ૩૬ લાવણી.

મુરખ નથી બ્રાહ્મણને નમતો, (૨) અંત વીવેકી તજી તુને;
સંગ દુષ્ટ તણો ગમતો, કોનો સદગુણ દેખી નવ ખમતો;
ધિક મનુશા દેહ ધરી, તું હરીજનને દમતો. મુ. ૧
તરૂણ મદ ચડયો તુજ તનમાં, સારા સાર વીવેક સીખામણુ;
લાગે નહી મનમાં, ઘણું તું ભટકે છે દુરીજનમાં,
જયાં મદ બુદ્ધિના મળે, પડયો તું દુર બુદ્ધિ વનમાં. મુ. ૨
અધરમે આગો થયો સહુથી, અપલક્ષણુ ઉતપાત,
કરી વેર બાંધ્યું તે બોથી, નથી સદગુણ લેતો કહુથી;
ધન જોબન જાશેને, આવશે દુખ દીશા ચહુથી. મુ. ૩
માયામાં મન ભટકે તારૂં રે, થયો અવિદ્યાએ અંધ;

તેમાં નથી અંતે કાંઇ સારૂ, લાગે છે ખરૂં કેતાં તુને ખારૂં;
મૂઢ વિચાર્યા વિના પુરે, તું સિદ્ધ મોક્ષ તણુ બારૂં. મુ. ૪
તાકે શું પરનારી તુ મન ધારી, જોને વિચારી તારૂં મૂળ;
તેમાં ઉત્પતી થૈ તારી, લાગે છે પ્રીય નીત્ય નવળનારી,
તેમાં પ્રગટ થાવું પડશે, તારે દુઃખ પડશે ભારી. મુ. ૫
મર્યાદા કાંઇ મનમાં નથી ધરતો, મંદમતી કામાંધ થઇ;
તું ઘણુ તે સંગે ફરતો, વિચાર નથી અંતરમાં કરતો,
એળે અવતાર કાઢે, કેમ નથી કાળ થકી ડરતો. મુ. ૬
જાણે છે તું તો હું માહાસુખ માંણુ, તું ખબર વિનાના ખર;
બગાડે મોક્ષ બીજ થાણુ, સાથે તો કાંઇ આવશે નહી નાંણુ,
વીશય ભોગમાં ભટકે જશે, આ મનુષા દેહ ટાંણુ. મુ. ૭
બ્રાહ્મણ ભુના દેવ પ્રગટ જાણો, અજ્ઞાને થઇને અંધ;
તેનો તો મનુષ્ય ભાવ આણો, શું મુળ જાણ્યા વિનાના મન તાણો;
બ્રહ્મ વેત્તા ચેતન તજી, જઇ પુજો છો જડ પાણો. મુ. ૮
વૃત્તિતો મુકી ભ્રાંતીમાં રખડતી, ચાળે ચડાવ્યું ચિત્ત માટે;
ખરી વસ્તુ નથી જડતી, માટે જો મુક ભ્રાંતીયોને પડતી,
કરે સદ્ગુરૂનો સંગ, તારે ઉપાધી રહે નડતી. મુ. ૯
વિવેકને તો જ્ઞાન મળશે તેથી, વળી થાય અવિદ્યા દુર;
આવે ગુણ વિદ્યાનો જેથી, કરશો તો થશે આ મનુષા દેહથી;
સત્યાત્મા ચેતન દર્શાશે, તે સદ્ગુરૂના નેહથી. મુ. ૧૦
માટે અભીમાનને કરી અળગો, તન મંન્નાર્પણ કરી જઇ;
સદ્ગુરૂ ચરણે વળગો, ઘણા શું દુરબુધ્ધી માંહે ડલગો;
તમે જાણ્યા વિનાના જડ, ત્રીવિધી તાપે સળગો. મુ. ૧૧
ખબર કેમ નથી પડતી અંધા સમજણ વિનાના સ્વાન;
કરે તું કેમ અવળા ધંધા, પાછળપર નીંદા કરી શું ગંધા;
શુ કુસંગે મતનાં ભળી, શા માટે અવિદ્યાથી બંધા. મુ.૧૨
માટે વાર સમજીને મન તારૂ, મોહ મમતા ઉતપાત લગાડે
જારે મન ખારૂં;
આથી તે તને શું ઘણુ કહી વારૂં, કયમ તજીને સુબુદ્ધી સાળ;
ફુટે તું કેમ દુરબુધિ છારૂ. મુ. ૧૩

આ મીથ્યા સૌ ભોગ શરીર જાણીરે, અપલક્ષણ કરી દુર;
ઉચરને મુખે શુભ વાણી, ફુગે શું જોબન ધનમદ આણીરે;
તે જશે જમ વાદળ છાંય, પછે નહિ દેખે ઇંધાણી. મુ. ૧૪
સુજે તુને સમજ નથી પરતીગે, તું પાંણીમાં પાશાણ;
શીખામણ અંગે નથી અડતી. કામાંધ શું મુકે જનુનીને રડતીરે;
નારી નર્કની ખાંણ, અનેક તે તુજ સંગે લડતી. મુ. ૧૫
શીખામણ સુણ! જો મન ગળશેરે, આત્મ શકતીના જ્ઞાન ઉપદેશે;
પાપ સહુ બળશે, ઉપાધી સૌ અંતરથી ટળશેરે;
સુખ સંપત્તીની આદે તુને, તો જેષ્ટાનંદ મળશે. મુ. ૧૬

પદ ૩૭ લાવણી.

લાજ વિનાના લુંડન લાગે તુને શીખામણ સારી,
શું ઘણું કહી તુજને સમજાવું, છે દુર બુધી ભારી. લા. ટેક.
મનુષા દેહનું માન્ય ગમાવે, કેમ વાર્યું નથી ફરતો;
સંત સમાગમ સેવા નહિ, હીંડે કુસંગે ફરતો;
તે કુસંગેથી થઇ કુબુધી, તુને છંદ જુદો લાગ્યો;
કરે અવળાં આચણ તુને, કોણ કર્મ દોશ જાગ્યો;
પુજે પાખંડીને પ્રેમ ધરી, તું ફુલાવ્યો બહુ ફુલે;
અલ્યા શું વાવે નિશ્ચે નહિ ઉગે, એતો ચડાવેલું ચુલે;
તે માટે મનમાં સમજી લે, શું કહિએ તુને પોકારી. લા. ચો. ૧
જોને જકતમાં જીવ ઘણાને, છે એક વસ્તુ સહુમાં;
જોને તેમા સુખ દુખના છે, ભેદ ઘણા બહુમાં;
કર્યું છે જેવું પામ્યા છે તેવું, જોને તું તેની કરણી;
સમજણ વીના નહિ સમજે, માટે બતાવું છું વરણી;
પ્રીય વસ્તુ પરમારથ કાડી, તે ભોગ તજી તનના;
આનંદ પામી અરપણ કીધી, જે ધર્મ તજી મનના;
તે દુનીયામાં મહાસુખ માણે, તેહને જો મન ધારી. લા. ચોક. ૨
પાઇ પુન્ય કર્યું નહિ પાપી, આત્મ પોશણ કરતા;
નિચ યોનિ અવતરીયા તે તો, ઘણા ભુખે મરતા;

સઘળું ઠળ્યું કસ્તર કચરાણુ, આપી કહે પુન્ય કર્યું તેનું;
જબરત્ર હુરતે લખુ કરીને, નીજ અંગ કરે એનુ;
એમ દોશ લાગે છે ઉલટો, અણઘટતું કરતે;
મદમાં માલમ નથી પડતું, તે જાણ્ય થશે મરતે;
શું કહીએ નંય પલળે પથરા, ઘણું નાખું વચનવારી. ભા. ૩
વળિ કહે છે સૌ છે છેને છે, ને નથી નથી ને નથી;
નથી ને છે ને છે ને નથી તે, એ નિશ્ચે કરયું છે મથી;
વૃશા ઋતુમાં કૃશી કરનારા કૃશી કર્મ જેમ કરે;
એક ઘણું નાખે પૃથ્વીમાં, દશગણુ તેનું હરે;
તે માટે કાઢીને કૃપણતા, જો પુન્ય ક્ષેત્ર વાવો;
કરો સંત સમાગમ સેવા, એ મનુષ્ય દેહ લાવો;
જેઠારામનું કહ્યું ન માને તો, ધિક જનુની તારી. ભા. ચોક. ૪

પદ ૩૮ મનને શીખામણ

શ્રી શરણે મન તું થાને, જીવ ત્યાંથી તો મરી જાને;
તુને સમજાવું ઠરવાને, આ ભવ નીધી તરવાને. શ્રી. ટેક.
નાક વિના ભટકે શું નપુંસક, સત મારગ તું ધાને;
સીદ કામ ક્રોધ પરીતાપે બળે, તુ ક્ષમા છાપરૂં છાને. જી. ૧
ભવ તણા ભેદ પ્રપંચ છોડીને, તું ખોળી કાઢ જાતાને;
જોને ઉદ પહેલા ઉર કર્યા તારી, ફીકર સર્વ દાતાને. જી. ૨
કાઢય કુતર્ક કારજ કરવું તો, ગુણવંતી ગમ ખાને;
સતસંગે સારા સાર વિચાર કરી, સોહં સોહંગાને. જી. ૩
સ્થિર રેતું નથી વિભળ શા માટે, જોઇ અવિદ્યા છટાને;
જો પુર્વનું સંચીત હોય સારૂં તો, મોહ મમતાથી ફટાને. જી. ૪
તું જાણીને ખેલ ખોટામાં પડે શુ, છે મુળ વસ્તુ તેચાને;
લાવો અવસર આવ્યો એળે જાશે, પછે પોકાર શોભાને.
જી૦ ૫
અપલક્ષણ ઉતપાત તજી તું, પકડી લે શુભરાને;
તું આ જક્ત જાળમાંથી નીકળીને, અખંડ શરણુ સાને.
જી૦ ૬

કાર્ય કાર્ય કરતાં નીગમસે, જ્ઞાન સુધારસ પાને;
ષડ્ચક્ર કેરો તું ભેદ જાણીસે, ગગન ગઢ રંભાને. જી૦ ૭
મનુષાદેહ અવસર રૂડો છે, તું રખે ભુલ તો દાને;
મળ્ય પ્રાણાપાન સમાન મેળવી, જે જેષ્ટારામની માને.
જી૦ ૮

પદ ૩૯ જોટો.

મન સમજ સમજ આ ઘડી, જોને નર માથે પાઘડી;
લેને કરમાં જ્ઞાન લાકડી, અવિદ્યા નવ થાય ખડી. મ૦ ટેક.
બાળપણું અજ્ઞાને ગયું, જોબનમાં ત્રિયા નડી;
વિશયભોગમાં મગ્ન થયો, ને ગયો તન મદ ચડી. જો૦ ૧
વૃદ્ધપણે તુંને વંશ જગત, વેગારે નાંખ્યો છડી;
જક્ત જાળમાં ઘુંચવાણો તે, ખરી વસ્તુ નવ જડી. જો૦ ૨
સગાં કુટુંબ સૌ ખાવા તુજને, જોઇ રહ્યાં વાટડી;
સૌ કેહે ડોહા મરશો કયારે, બંધાશો ઠાઠડી. જો૦ ૩
માન્ય હવે કહ્યું તું માંરૂં શીદ બોલેછે જાતડી;
સારાસાર વિચાર કર્યા વિના, તું શીદને મરે આથડી.
જો૦ ૪
વિમુખ જન ભમાવે તુંને, જેમ શીશુ રમાવે દડી;
માટે મનમાં સમજીને તું વૃત્તિ કર્ય સો ઘડી. જો૦ ૫
લખ્યું થશે પાછલાને. તું હાય હાય મુકને પડી;
કપટે ધન ભેગું કરીને, નવ ચુંથાવેશ ચામડી. જો૦ ૬
તે માટે કાંઇ કર પરમારથ, નહિતો જાશો રડી;
સંચ્યું સાથે નહિ આવે, તેમાંથી એક દામડી. જો૦ ૭
શબ્દ બ્રહ્મ પો ઘડી શીર કેછે, કેમ રાખે આશા વડી;
જેષ્ટારામ થાશે શ્રી સનમુખ, છોડી જગત હાંસડી. જો૦ ૮

પદ ૪૦ જાતિ કીરતન.

ઉંચ નહિ છે નીચો, મુરખ તું ઉંચ નહિ છે નીચો;
શીદને મનમાં ફુલે, મુ૦ ટેક.
સારાસાર વિચાર કરે નહિને, આપ મતંતર ખીંચો;

હુંને મારૂં તેમાં ખુંડો, વળગ્યો અવિદ્યાકીચો. મુ. ૧
પરનીંદામાં સુરો પુરો, પરનારી સંગીચો;
ચાઠાં મિથ્યા ખોળે સંતનાં, કપટ કાટલાં ટીચો. મુ. ૨
સંત કલ્પતરૂ સેવા મૂકી, પ્રપંચ બાવળ સીંચો;
જાતિનું અભિમાન કરે તે, જાણ્યે રૂપ મલીચો. મુ. ૩
આત્મજ્ઞાનનો બોધ નહિને, મિથ્યા ટીલાં ખીંચો;
જેષ્ઠારામને જાણ્યું નહિતો, ત્યાં લગી રૂપ અહીચો. મુ. ૪

પદ ૪૧ જોટો.

કાયા કહીએ ઉંચી, સંત જન કાયા કહીએ ઉંચી;
જેર મળી અગમની કુંચી. સં. ટેક
જ્ઞાન વૈરાગને ભક્તિ વિશે, જેનું મન રહ્યું છે ખુંચી;
જેને કેવળ બ્રહ્મ રૂચ્યીદા, નંદ વિશેછે રૂચી. સં. ૧
અવગુણ કોના દ્રષ્ટ ન આવે, રહે મન સદાયે સુચી;
પરઉપકાર સંત સેવાની, જેના કરમાં પુંચી. સં. ૨
નિરાભિમાન સ્વરૂપ જોવાને, બુદ્ધિ જેની અણુંચી;
સદબુદ્ધિમાં મન રહે જેનું, સારાસાર ગણુચી. સં. ૩
જગત સર્વને જાણે મિથ્યા, ન રહે માયામાં ધુચી;
જેષ્ટારામને જાણે તેની, જાણો નજર બહુચી. સં. ૪

પદ ૪૨ જોટો.

મુરખને શીખ ન લાગે, સજજન ભાઇ મુરખને શીખ ન લાગે;
બીજ બળ બુદ્ધિ જાગે. સ. ટેક.
કોચા લસણ યત્નથી રોપે, પણ ગંધ ખરજ નવ ત્યાગે;
ત્યમ તેવો અજ્ઞાની જાણો, નિચ બીજનો દાગે. સ. ૧
સમજાવી શીખ દેતાં મુરખને, ઉલટું અવળું જાગે;
સુરીવે શીખ દીધી કપીને, જઇ તેનું ઘર ભાગે. સ. ૨
પરનિંદાને અધર્મી પુરો, ધરે નિગમ પથ પાગે;
ભજન કથામાં ભંગ કરે તે, જાયે અધોગતિ આગે. સ. ૩
મનુશાદેહ મિથ્યા છે તેનો, જેમ કંઠે આંચળ છાગે;
જેષ્ટારામને જાણ્યા નહિતો, બળશે અવિદ્યા આગે. સ. ૪

પદ ૪૩ ઝલાની ઠુમરી.

પ્રિતમ ક્યું પ્રિત લગાય ગયેરે, ખબર ના લિની મેરી બાલમ. ક્યું. ટેક.

પ્રિત લગાય પરમ દુઃખ દીનો, દ્રગસેં દુર ભયેરે;
ખાનપાનકો ભાનસેં ભુલી, સારી રેનન નીંદ લયેરે. ખ. ૧
બ્રહ્ન વન્હિસે અંગ જરત, દુખ બહુત ન જાત કયેરે;
બેદરદી મેરો દરદ ન જાનો, તુમ કુનકે સંગ રહેરે. ખ. ૨
કોન ચતુરાને બસ કીનો, કહો કુનસે મગન ભયેરે;
પેહેલે અમૃતપાન કરાયો, પ્રભુ અબ ક્યું બીખ દિયેરે. ખ. ૩
દિનાનાથ કૃપા અબ કિજે, અતિ દુઃખન જાત સયેરે;
જેષ્ઠાનંદ શરણાંગત લિજે, તુમ ચરણકી પ્રિત ચયેરે ખ. ૪

પદ ૪૪ જોટો.

અબ તુમસેં ના બોલુંગી આજરે, કપટ કીનો ક્યું એસો પ્રીતમ. અ. ટેક.

મોકુ કહત તુમ પ્રાણસેં પ્યારા, ઓરકે કરતહો કાજરે;
ઉનસે હસના રમના પ્રીતમ, કરકે હયકું તાજરે. ક. ૧
તો કાયકુ જુઠ કહતહો મોપે, કહતન આવત લાજરે;
ફેલ ફંદ ક્યું કરતહો એતનો, ક્યું એતની મોપેદાજરે. ક. ૨
બિરહકી ચોટ લગાવો એસી, જ્યું તેતર ઉપર બાજરે;
તલખ તલખ મેરો પ્રાણ જાત, તોકુ દયા નહિ વૃજરાયરે. ક. ૩
જેષ્ટારામ પર કૃપા અબ કીજે, બાંધકે પ્રેમકી પાજરે;
શુષ્ક કાષ્ટકુ બીલગત ઓ પણ, પાર ઉતારત જાજરે. ક. ૪

પદ ૪૫ મુરખને શીખામણ.

મુરખ તું પુંછ વિનાનો પશુ, તુંમાં જ્ઞાન ધ્યાન નહિ કશું;
કથા કિરતનથી મન ખસ્યું, આવી અજ્ઞાન ઉરમાં વસ્યું. મુ. ટેક.

સ્વારથનો શિકાર ખોળે જમ, મંઝારી લાગશું;
અભ્યાગતકો આવે આંગણે, તો વદન કરે વાંકશું. મુ. ૧

પરનારીની પુંઠળ જાય જમ, સ્વાન હડકાયું ધશું;
એમ કરતાં પકડાયો જમ, શિયાળ જાળમાં ફશુ. મુ. ૨
તું તો અવિદ્યામાંહે પડયો જમ, ખર લોટે છારશું;
લોભે ઘણું વ ી વહીને થાકયો, તું જેવો બળદ ભારશું. મુ. ૩
મોહમમતામાં ભુલિ ગયો, તારૂ ભાન થયું રોઝશું;
અજ્ઞાનમાં મન પેઠું તારૂ, જમપોલમાં ધોજશું. મુ. ૪
પાસે પ્રભુને નથી જાણતો, મૃગકસ્તુરી નાભશું;
સતસંગ મુકીને શું નાસે, જેમ સસલું ભાગશું. મુ. ૫
મૃત્યુનો ભય નવ આણે કરે, ભોગશુ કરતા જશુ;
કાળની આગળ આયુશ તારૂ, બળી અજા ના જશુ. મુ. ૬
ચેત હવે તો પશુપણું જાશે, પુર્વ તણા ભાગ્યશું;
સતસંગતને ગુરૂ કૃપાએ, બચે અવિદ્યા આગ્યશું. મુ. ૭
સારાસાર વિચાર કરી જુઓ, આપપણે આપશું;
જેષ્ટારામને પામો વેગે, રરંકાર જાપશું. મુ. ૮

પદ ૪૬ મું.

પ્રાણિ તું ન કરે સાધન કશું, આવા દેહતણા લાગશું;
તું કેમ આવ્યો કેમ વશુ, અલ્પ આયુ તે જાય શશુ. પ્રા. ટેક.
સ્વારથમાં તો ભુલ નહિ, પરમારથી મન ખરચું;
તે આગળ તુંને આડુ આવશે, જેવો વળ પાઘસું. પ્રા. ૧
જોને વિશ્વ આ મિથ્યા સરવે, જેવું રૂપ દિસે કાચસું;
રાતાદિન મન તુજરે તેમાં, જમ ધેનુને વાછસુ. પ્રા. ૨
પરમારથમાં પાઇ ન આપે, તું લાખો ખરચે લાજસુ;
જળમાં પડિને કેમ તરાયે, જો પથરને બાજસું. પ્રા. ૩
મોહલ મેડી મંદિર સુભ કિધાં, પોઢી સુતો લાડશું;
વસ્ત્ર આભુશણ નિત્ય નવાને, રહે અભિમાને ઠાઠસું. પ્રા. ૪
આત્મજ્ઞાનનો બોધ નહિને, પડયો મોહ માયા ખાડસું;
સંતસમાગમ સેવા તજી, મુસ્તક પટકે પહાડસુ. પ્રા. ૫
હરી નામ અમ્રીતરસ મુકી, સું મુખ ઘાલે છાણસું;

ખાનપાનમાં મગ્ન થયોને, ખોયો ત્રીયા નેત્ર બાણસું. પ્રા. ૬
નાચ મજરો નાટક ચેટક, મન રીઝે વાતસું;
તે કંઇ આવી નહિ છોડાવે, યમકિંકર ઘાતસું. પ્રા. ૭
માટે કર આત્માનું સાધન, જો જાવું હોય ધામસું;
અવિદ્યા સરવે દુર થશે, ને જેષ્ઠાનંદ પામસુ. પ્રા. ૮

પદ ૪૭ સિદ્ધપુરના લોકને શિખામણ

કાંઇક માનો શિખામણ મારી, જે સિદ્ધપુરના લોક દુરાચારી.
કાં. ટેક.

સરસ્વતિ નિરમળ છે વારી, કરે પાન સરવે નરનારી;
તોએ રહિ દુરબુદ્ધિ ભારી. કાં. ૧
સિદ્ધનું પુર સરવ કહેછે, ઘણા જન પિશાચી રહેછે;
અવિદ્યા જળમાં તે વહેછે. કાં. ૨
તેમાં કોઇ સત મારગ ચાલે, દુરીજનને મન તે સાલે;
ચડાવે તેને કુડી આલે. કાં. ૩
ખાવું લેવું સરવે મન તાકે, ચડયા સહુ લોભ તણે ચાકે;
જાતિ અભિમાનને મદ છાકે. કાં. ૪
વળિ સાહુકાર સરવ જોયા, હજારો લાલચમાં ખોયા;
પરમારથ કરતાં તે રોયા. કાં. ૫
કોઇ જારથી પ્રગટયા આપી, જેવું બિજ તેવી બુદ્ધિ વ્યાપિ;
કરે ઘણી નિંદા તે પાપી. કાં. ૬
અન્યના પાપ જે કહેવાએ, તિરથમાં તે નિશ્ચે જાએ;
તિર્થે પાપ વજ લેપ થાએ. કાં. ૭
એવો અંત દુરબુદ્ધિ ટાળો, મુકો પરનિંદાનો ચાળો;
જો પોતે તેવા સું ભાળો. કાં. ૮
ખરના સ્વભાવે સું ભુંકો, મનુષાદેહ વ્યર્થ ચુકો;
માટે સ્વાન સ્વભાવને મુકો. કાં. ૯
જેષ્ઠારામ શિખામણ સારી, ગુણિજન લેજો મન ધારી;
ન માને તેના મુખપર પિંજારી. કાં. ૧૦

પદ ૪૮ કૃપણને શિખામણ.

કાંન કરે તું પરમારથ ઓછું તો નહિ થાએ, નહિ થાએ,
સંચે નહિ વૃદ્ધિ કદાએ. ઓ. ટેક.
ભાગ્યરૂપમાં સંચિત તોય, તે તો આવીને રેહેશે આંકાયે;
સિંચી સુકિત અજવાવો તો, જળ પાન સુખે અજ ખાયે;
ઓ. ૧

વિના વાપરે તોય બગડે, વણ દોયેથી વટકે ગાયે;
સંચી મે લઘ્યે સુખ નવ પામે, ઔષધી વિના રૂઝે નહિ
ધાયે. ઓ. ૨

પુન્ય પરાયણ તે ખરચે, જે અખંડ મન સુખ ચાહે;
વૈભવ જાતાં વાર ન લાગે, ધન જોબન વાદળ છાંયે.ઓ. ૩
ચોર અગ્નિ સંચ્યુ લેઇ જાશે, દત્ત કર્યું હશે તે ને જાયે;
પુન્ય વિના તો સરવે નાસે, પછે કરશો જે ન ઘટાયે. ઓ.૪
જોને વિચાર કરી મન સાથે, કેમ અવિદ્યા માંહે ઠઠાયે;
નિશદિન તું લોભ લાભમાં, અધરમે નરક પડાયે. ઓ. ૫
સંચિને દ્રવ્ય થયું એકઠું, પણ પરમારથ ન કડાયે;
પાછળથી પસ્તાવું પડશે, જાસે ક્ષણમાં નહિ જણાયે. ઓ
જેમ માંખી મધ લાવી ભરે, પણ ન વપરાએ પોતાયે;
પારધી પાડીને લેઇ ચાલ્યો, પછેથી હાથ ઘશે શુ થાયે.ઓ.૭
એ પ્રકારે સૌ જાણી લેજો, આ સંસારનો જે સમુદાયે;
માટે કૃપણતા મૂકીને જો કદી પરમારથને ધાયે. ઓ. ૮
સમજુને તો આ સાચું ભાસે, પણ મુરખાથી ન મનાએ,
નિચને તો કાંઇ શીખ ન લાગે, જમ જળમાં ત્રિટિ લોપાયે.
ઓ. ૯

કથા પ્રસંગે આળસ બહુ, તું તો ઘોડે રણમાં ન ફાએ;
તે તારી કંઇ સાથ ન આવે, જોને જે વેળા પ્રાણ દબાયે.
ઓ. ૧૦

માટે કર આત્માનું સાધન, એમ ભટકે નહિ નભાએ;
યમ કેરો તો ભય નવ છુટયો, ત્યારે શું થયું બહુ કમાયે.
ઓ. ૧૧

મનુષા દેહ ટાંણુ વહિં જાશે, જો ભુલશો તો ભવ ભમાયે;
લક્ષયોની ભોગવત્રી પડશે, પછે ત્યાંથી નહિ નિસરાયે.ઓ.૧૨
પેહેલે ન સુજે અંતે જાણુશો, જેમ ખેતિ ખબર ખળાયે;
અવિદ્યાનુ બળ અતિ ભારિ, તેમાં પંડિત પણ વેવાયે.ઓ.૧૩
માટે સંતનિ સેવા કરો તો, પુરણ બ્રહ્મ દરસાયે;
લક્ષ ચોરાસિ ત્યારે ટળશે, ત્રિવિધિતા પે નહિ દહાયે.ઓ.૧૪
ધન દારાનિ આદ સરવે, તે તો કોઇ ન કરે રક્ષાયે;
ખાઓ ખરચો કરો પરમારથ, કહે તે જેષ્ટારામ આજ્ઞાયે.ઓ. ૧૫

પદ ૪૯ જોટો.

કેમ કરે કૃપણતા આવિ જંગિ કોઇ નહિ થાયે નાહક થાયે;
સિદ તું જાણિ જોઇ ગાથાં ખાયે. સં. ટેક.
વ્યાજવટોને લાંચ દગો તો, કરતો ધરિને બહુ કાએ;
મુલદારાનિ આદે સરવે, તે મારી વદનમાંને ખાયે. સં. ૧
નાત્ય જાત્યને કુટંબ સરવે, તે તો દ્રવ્યવડે ગુણગાએ;
વૈરિ વેર તજીને મળતા, વળિ રૂઠડાં તે તો મનાએ. સ. ૨
એમ એ સરવે સુખના સંગી, તે તો લાલચથી લલચાએ;
આ જગત છે સુખનો સંગાં, દુઃખમાં દુર્લભ તેનિ છાંયે.સ.૩
સંચિતનું સુખ વિત્યા પછે, આવે સંકટ વૈભવ જાયે;
પેહેલે તો કંઇ પેર ન સુજે, નહિ નિપજે પછે પસ્તાયે.સં.૪
લાજ લાભમાં બહુ ખરચે, પણ પરમારથથિ હરાયે;
પ્રભુ કેરૂં સ્મરણ ના કિધું, તેમાં શું કર્યુ ડહાપણ ડાયે.સં.૫
ડાહયો થૈ પંચાત્યો કરતો, ને લડતાનિ સંગે લડાયે;
જયારે જમને હાથ ન આવે, ત્યારે ડહાપણ તારૂં જણાયે.
સં. ૬
જ્ઞાન કેરિ વાતો બહુ કરતો, મનમાં ઘણી ખળતાયે;
પરનાંદામાં તું સુરો પુરો, નહિ કથા પ્રસંગ કહાયે. સં. ૭
નહિ નિવર્તિ સતસંગ કરવા, તું તો કામન અરથ ધાયે;
દો કાન કથા કિરતનને કેતો, તે તો બુડવા તણો ઉપાયે. સં.૮
મુરખાને તો બોધ ન લાગે, જેમ ગાંગડુ નવ બફાયે;

કોઇ સંગાથ આવે કથામાં, જયમ વૃશ્ચિક ડંશ દબાયે. સં. ૯
ચેત પહેલો નહિ ઉપજે પછે, આવી કાળ ચડશે ખભાયે;
લક્ષયોની ભોગવવી પડશે, પછે તે તુંને નહિં ખમાયે. સં. ૧૦
જેવાં કરમ કરસો તેવાં ફળ, સહેવાં પડશે કાયાયે;
યોગી તપસિ જ્ઞાની વેરાગી, વિદ્વાન ભોગી રંકરાયે. સં. ૧૧
મુકી કૃપણતા કર્યે પરમારથ, મિથ્યા તું સિદને પિલાયે;
જોને વિચાર કોઇ નથિ તારૂ, કેમ અજાણ વેવાયે. સં, ૧૨
માટે કર આતમાનું સાધન, તો પ્રભુ કરશે તારી સહાયે;
અંતકાળનો પ્રભુ છે બેલી, માટે મુકય મીથ્યા હાય હાયે.
સં. ૧૩
જેની સારૂં બહુ કષ્ઠ કરે તે, કોઇ નહિ કરે રક્ષાયે;
જેષ્ટાનંદને જાણ્યો નહિ તો, મીથ્યા છે મનુષા દેહ આયે. સં. ૧૪

પદ ૫૦ રાગ ઝીંઝોટી.

પ્યારી લગી ગાંઠન છુટેરે, પ્યારી. ટેક.
હેત હીમત તન તાર બનાયે, આતમ સિદ્ધિ કરપુટે. પ્યા. ૧
કપટ ગાંઠ વાકે બીચપર ગઇ, છુટે નહિ વે ટુટે. પ્યા. ૨
ગાંઠન પારો આતમ મીલાવો, બઢત નેહ ન ખુટે. પ્યા. ૩
જેષ્ટાનંદ બઢાવો એ સોજયું; કુડ કપટન લુટે. પ્યા. ૪

પદ ૫૧ જોટો.

સમજ કે બાત કરનારે. સા. ટેક.
એહી જગતકે લોક અનારી, ઉનકે સંગપર હરના. સ. ૧
કરના બાત જો બાતકું જાને, જીનસે તરના મરના. સ. ૨
સિંદકીરીત સિંહનમે રહતહે, સ્વાનકી સ્વાનમેં ધરના. સ. ૩
નરસિ સુત જેષ્ટારામ કહે, એહી બિધી અનુસરના; સ. ૪

પદ ૫૨ રાગ સોરઠ.

પ્રભુ દેખો વૃષાત્મજતુ આઇ, તુમને કુબજાસું પ્રિત લગાઇરે.
પ્ર. ટેક.
કાળી કુબજાને મન બસ કીનો, કયા કછુ મોહની લગાઇરે.
પ્ર. ૧

કુબ્જ બોનતા કૈસ કેંમ છાંડ કે, મધુબન રહે ક્યું આવે.
પ્ર. ૨
ગોમાળખ પતીવાં મેં છતીવાં જરાય,લોકલ્જ સુદ્ધિ નહીં પાઇરે
પ્ર. ૩
જેઠારામ કહે હમ દીન ઉપર, કૃપા કીજે સુખ લાઇરે.
પ્ર. ૪

પદ ૫૩ રાગ સોહણી.

મેંતો થને જાણ્યા રાજ, જાણ્યા મારા રાજ. મે. ટેક.
અબ મેરે પર મન નહિ મોહન, ઓરસેં લગોહે કાહાના.
મે. ૧
ઘરકી નારી તજદીની ગિરધર, પરઘર જાઇ રમ રહ્યા. મે ૨
જેઠારામ પ્રભુ મનસેં ઉતાર દીની, કુબજાસેં મન લાગા.
મે. ૩

પદ ૫૪ રેકતો.

તુમ લેના સજન જ્ઞાની, રામ રામ હમારા રામ રામ હમારા
ભાઇ રામ રામ હમારા. તું. ટેક.
દોલ દંમસેં યાદ લેના કભુ કરના નહીં ન્યારા, ઉસીસે તો
પાવોગે તુમ પાર સંસારા. તું. ૧
ગગનકા ઘર જયાં હે વાં મુકામ હમારા કોઉ બીરલા લાકો
આયા ફેજર કુચ હમારા. તું. ૨
કુ શબ્દ માફ કરના દોશ મીટેગા ભાર હમારા તો યહ
ખ્યાલ સત્ય બચનકી ધારા તું. ૩
અવગુન હમારા લાગેતો નર્કમે ઠારા દુસરા જન્મ પાવેગે
ખર સ્વાન મંઝારા. તું. ૪
હમારી સીખ દીલમેં રખના સુખ લીગા સરા હીકા
પદ પાવોગે ન્યાય ન જુગનં હોકારા. તુ. ૫
ન સજન દુરીજન એક કહાં ચંદ કહાં તારા સંતકુ ન
રેવે નાકે કર્મું મેં કરા. તુ. ૬
ચાય માનો નહી માનો યહ બચન હમારા કરોગે એસા
પાઓગે કહે શાસ્ત્ર બેદ સારા તુ. ૭

કસ અંશ જેઠારામ કે ખ્યાલ અપાર અખંડ સેં મેરા
ધ્યાન જપ મંત્ર ઓંકાર. તું. ૮

સમજ વગર વેશ ધરે છે તે વિશે

પદ ૫૫

વીંઠળ વેશ શા ધરે સમજ વીના વીંઠળ વેશ શા ધરે.
ઘણા તુ પાપ પોટલા ભરે સ. ટેક
ખોટા કીધા ખાખ ચઢાવી તોયે સાધન નવ કરે.
મંદાર મઠ બાંધી ને બેઠા તે ન હોય સાધન ખરે; સ. ૧
કેમ કરી તું ગતી વિનાના ગગન ગાદી પાથરે.
સારા સાર વિચાર વિના જાણ્ય જેવો સુતો સાથરે; સ. ૨
કંઠી બાંધી કાન ફુકાવે તો વૈષ્ણવતા નાહી ઠરે.
ઓગંની સભાં એક ન જાણો ત્યાં સુધી અર્થ નવ સરે; સ. ૩
તીલક છાપ માળા દેખી સો ભગતજી ભગતજી કરે
નથી તજી તેં માળા ફેરવી વળી તેની પુંઠળતું ફરે; સ. ૪
સંન્યાસી સંસાર તજીને વસ્ત્રે ભગુવો રંગ ભરે
ઉપર ત્યાગ અંતર પ્રીતી કપટે સોનાં મન હરે; સ. ૫
ગંમ વિનાના ગુરૂ સૌને સારૂ ખવરાવી ખેતરે.
જીવ્હા સ્વાદે શરમ ભર્યા માને ખરૂં ખોટું ઉચરે; સ. ૬
પુરૂશ હોય તો પર્મ વસ્તુની તે પ્રશ્ન વાણી વાવરે.
તેતો આત્મ શકિત ન જાણે બીજા માંથાં કુટીને મરે; સ ૭
સત્ય સ્વરૂપી સાકર તે તો ખર ખાય તો નવ જરે.
જેઠાનંદ જે સાકર ભોગી તે કાળ થકી નવ ડરે; સ. ૮

પદ ૫૬ સોહણી.

કાયકુ તું નેન મીલાય રહી, કરી નહી કછુ જો કહી. કા. ટેક
પ્રીતકી રીત જયા હાલ રસ કરી, પ્રાણ ગયે છુટે ન ગૃહી. કા. ૧
કયું દુખદે આલા કયું દેખ પાવત, કયું જીબાતર સાવત ચહી.
આશકકો ઓખદ હાથ નીહારે, તું કાયકુ છુપાય રહી; કા. ૨
નહૃદય નઠોર કયું મન મીલાવત. જાતનીજ મદમેં બહી;
મીઠે બચન સુનાવત મારૂવા, ઓ જયું ભખત અહીં કા. ૩

નેન નમાયે તમ નેહ લગાલી, છલબલ લાજકું દહી;
કુર કપટ છાંડ કંઠ લગાલી, જેઠાનંદ ઉરપે લહી. કા. ૪

પદ ૫૭ રાગ સોરઠ.

પ્યારી રસીક રસીયા દેને મન આરૂં, રાધા શું ઘણું કહી વારૂં. પ્યા. ટેક.

પ્રીત કરી ત્યારે રીતથી રહેવું, તું તો મુકી દેને માન્ય નઠારૂરે. પ્યા. ૧

પ્રેમ થયો ત્યાં પરપંચ ન સારો, જોને વિચારી દિલ તારૂ. પ્યા. ૨

જાણી તાણી તું શું ઝેર ઉપજાવે, કરી આજ્ઞા લોપે તે નહિ સારૂંરે. પ્યા. ૩

જેઠાનંદ થાય પ્રેમથી મળતાં, ટુટે તાણતાં મન થાય ખારૂંરે. પ્યા. ૪

પદ ૫૮ ગઝલ.

આયે એક બાર ગીરધારી, મીલી જુમના કે ત્રટ નારી.
કીસનપર નેન લલકારી, ચલી ઓ જાય મત વારી. આયે. ટેક

ખડી રહેનાર કાં જાતી, બતાતી તો જા જરી છાતી.
જોબનકા જોરસેં મદમાતી, હમારે તું ધ્યાન મેં આતી. આ. ૧

નીજારા નેનુકા કરતી, હમારા દીલ કયું હરતી.
રહે બીન આગસેં જરતી, મીલાદે અંગ કયુ ડરતી, આ ૨

મેરા દીલ ચમન હે તેરા, માસુક સેં સોઇ લગા મેરા.
આ જા તો કહુ કીતની બેરા, કરે કયું ન બાત કાની વેરા. આ. ૩

લીયા કરમે તો ઉર કૈસા, બીન બીખરા કમલ જૈસા.
ચડી મન રીસ જયું ભૈસા, કહે જેઠાનંદ સું ઐસા. આ. ૪

પદ ૫૯ જોટો.

બીના લાજકે નંદલાલા, મેરે ઉર હાથ કયું ડાલા.

હુમારે જાન ભાજકા તાલા, અકલ ગુમદે કીમન્કાલા. બી, ટેક.
બિન્નાસે ન મન મજ કેસી, દેખો હુમતો નાર નહિ અયસી;
ના બોલેગી નાર તું જેસા, કેરા તું આસ નહું તેસી. બી. ૧
જાન ગઇ આપકે મનકી, મીલે ના ચીજ મેરે તનકી;
ગમાઇ કિંમત ઓહનકી, ચડી મુખપે લકડી બનકી. બી. ૨
રહો દુર હુનસે બિચારી, નહિતો મેં દેઉંગી ગારી;
ચડેગિ રીસ ગિરધારી, કરો મત હુંસેં યે યારી. બી. ૩
નેનુંમેં નેહ બોલી હમસે, એસી મત બાત કરો હુનસે;
કહે જેષ્ટાનંદ સુનો તમસે, કરૂ નહિ નેહ અકલ કમસ.
બી. ૪

પદ ૬૦ જોટો.

અલિજા બહોત નહિ કેના, કેહે તેહું અદબસેં રેના;
તેરી જીંગાની હે બેગમકી, નહિ તુજે માલમ આદમકી. અ. ટેક.
કરે ગુમાન કયું એતના, તેરેતો જીવણા કેતના;
એતો તન બારાકી ટટી, આખર હોં જાયગી મટી. અ. ૧
જીુડેમેં કયા જુલમ કરતી, નહિ કયું કાલસેં ડરતી;
સતાતી તું સેજમેં હુમકુ, લડે કયું તું ખાજરા ગમકુ. અ. ૨
નહિ હુમતો તેરે જેસે, નારીકી જાત કર કેસે;
તુજેકું હે એતના કહેના, હુમારા બનામ નહિ લેના. અ. ૩
પચાતી કમજાત હે તેરી, નજીક નહિ આવણા મેરી;
જેષ્ટાનંદ નાર જો દુતી, હટાદુંસા મારકે જુતી. અ. ૪

પદ ૬૧ જોટો.

સુનકે જમાનબે દલકી, છોડી જો બાત છલબલકી;
દાનુ કરજોડ પડી પેયાં, કહેતી પ્રભુકુ પકડ બેયાં. સુ. ટેક.
સુનો તુંમ નાથ બચન મેરી, દાસી બિના મુલકી તેરી;
અકલ ઓરતકી કહાં કેતની, ચડિ મન રીસ કયું એતની.
સુ. ૧
સુનો મેરે પ્રાણકે પ્યારે, તુમહો મેરે નેનકે તારે;
લગી અબ પ્રિત કાં જાઉં, પડી રહુંગી આપકે પાંઉ. સુ. ૨

કરો તું સાયસો દિલજાની, પુરબકી હે પ્રિત પેચાની;
મેરા અબગુન પિછે ધરના, ગુના ઇતના માફ કરના. સુ. ૩
ચલેના તું બિન ગિરધારી, લગે ડર દુરીજનકો ભારી;
ન જેઠાનંદ બિના ચાતી, આયકે મિલાસદા છાતી. સુ. ૪

પદ ૬૨ રાગ પંચમ.

મંગળ મુરતી મંગળરૂપ મંગળ કરે, મંગળ નામ નારાયણનું;
ભજો ભાવની ખરે. મં. ટેક.
પરાત્પર પુરણબ્રહ્મ છે અખંડ અજરે, અવ્યક્ત અકલ
અવિનાશી જે નાવે નજરે. મં. ૧
શરણથી સુખ થાય સઘળુ, તે અભરે ભરે;
કાળપાશ સૈ છુટે, થાય અજર અમરે. મં. ૨
દિનાનાથ દિનદયાળ, છે તે જાણ્યા જે નરે;
ઠર્યો કુંભ ભાગ તેનો, ન કુપમાં ફરે. મં. ૩
નારમાં નિવાસ રહયે છે, શેષ ફેણા ધરે;
કમળાચરણ કમળ સેવા, કરતાં આદરે, મં. ૪
શંખ ચક્ર ગદા પદ્મ, પ્રભુ જોતાં મન ઠરે;
નખ શીખ વપુ ધ્યાનમાં તે, ન કાળથી ડરે. મં. ૫
તત્પદ ત્રિલોચન સ્વામી, ધા રેશે ઉજાગરે;
તંપદ ટળ્યું તેહનું, ન પડે ભવસાગરે. મં. ૬
જે આત્મતત્વ જાણવાને, ન બુદ્ધિ વાપરે;
ચૈતન ચંદ્ર નવ જણાય, તો ચડે છાપરે. મં. ૭
જેને જાણ્યા માંડુ જેઠાનંદ, થાય તે તરે;
સજયા પડચક્ર ભેદી, જઇ ગગન પાથરે. મં. ૮

પદ ૬૩ રાગ ધનાશ્રી.

શું પાખંડી મુરે રે, સંગત કરજો વિચારી;
સાદાપણમાં સુરેરે, સમજણ ન મળે સારી. શુ. ટેક.
લલુપ લોભિ લંપટ કામી, લાલચમાં ધુંચવાણોરે;
મંદમતી [illegible] સ્વામી, જુઠો જેમ [illegible] દાણોરે. સં. ૧
પાખંડિ [illegible] જગતમાં, આ દેહ [illegible] રે

સગત કરજો વય ચારી, નાહતો વળશે ડાટરે. સં. ૨
સોઢાથી સમજાવું સહુને, તે સુરા સુરતી રાખેરે;
સમજણ નારી સકિને, અવળી અકલ દાખેરે. સં. ૩
લલોપતા લાગી અલકની, શું લોભી ત્યાં લપટાણોરે;
ફાંક મળશે આ મુલકને, તે લાલચમાં લચવાણોરે. સં. ૪
મંદમતી મુરખાનો સ્વામી, તે માટે જ્ઞાન બતાવુંરે;
જુઠો રાગ જગત આ પામી, તેથી હું જુઠો કહાવુંરે. સં. ૫
જેમ સાચો જુઠો મોતી દાણો, જોતામાં બન્ને સરખેરે;
તેવી રિતે ખળ સાધુ જાણો, પવિત્ર તેને પરખેરે. સં. ૬
સ્વાન સ્વરૂપ દેખે દરપણમાં, સાચું સ્વાન વસેછેરે;
જાણે ત્યમ ખળખળ સાધુને, મનમાન્યું તે હસેછેરે. સં. ૭
જેષ્ટાનંદનો ત્યાગ કરીને, જો કો અવગુણ ગાશેરે;
કુમુખ્યાનન કાજળ ભરી, તે નિશ્ચે નર્કમાં જાશેરે. સં. ૮

પદ ૬૪ કપટપુરની ગરબી.

કોઇ કરશો નહિ વિશ્વાસ, કદિ તે કપટપુરનો;
તેમાં વસે અજ્ઞાની લોક, નડે તે જેમ કાંટો શુરનો. કો. ટેક.
કકો એક જો કાળ પડે તો, દુનિયા મહાદુખ પામેરે;
કકા કબુદ્ધિ રાવણે કરી તો, નિકંદન કરીયું રામે. ક. ૧
એક કકાથી એવું થાય તો, જ્યાં છે બહુ કકાનો વાસરે;
અલ્પમતીને અજ્ઞાન ઘણું, ત્યાં સતસંગનો નહિ પાસ. ક. ૨
જેટલા કકા વસે આ પુરમાં, તે બતાવુ કરી ઉચારરે;
સમજુને ત્યાં નવ ઠરવું, અતિ અવગુણ છે તે ઠાર. ક. ૩
કપડવણમાં વણકર જેવા, ભણ વસે સૌ લોકરે;
બીજો કકો કરી કૃપણતા, આ જનમ ગમાવે છે ફોક. ક. ૪
ત્યાં ત્રીજો કકો કુંડ કહાવે, તે પુરની મધ્ય ઠરેછેરે;
ડાંડ દુરબુદ્ધિ ત્યાં બેસી, ચોથે ઘણિ કુબસિ કરેછેરે. ક. ૫
પાંચમાં જે કુસંગ ઘણોને, છઠો તે કુબુધ્ધિ કરેછેરે;
કામિ લોક તે સાતમો કકો, અઠમો કઠોરતા ધરેછેરે. ક. ૬
નવમે પુત કપુત ઘણા દશમે કથાથ કહેછેરે;

કાંકરા મારિ અગિઆરમો, તે સંત પુરૂષને નડેછેરે. ક. ૭
બારમો કકો ઝેર કિકિમાં, કુવચન તેરમો કાડેરે;
ચૌદમો સૌને કલેશ કરાવે, પંદરમો કુમારગ પાડે. ક. ૮
સતસંગે છે શાળમો કાયર, સત્તરમું કાળું કરેછેરે;
અઢારે થઇ કુતરા જેવા, પરનારિની સંગે ફરેછેરે. ક. ૯
ઓગણિસ કાંતા આધિન સરવે, હિરો કુબજા જેવી કાયારે;
એકવિશે કાગડિયા જેવી, નહિ સ્નેહ સગપણ કે માયા. ક. ૧૦
બાવિસમો કકો કળયુગ, તે વાસ કરિને વસિયોરે;
દયા ધર્મને વિવેક નિતિ, વિચાર સારાસાર ખસિયો ક. ૧૧
કપટપુરમાં કકા ઘણા, પણ બાવિશ બતાવી દીધારે;
શરણ થયે બિજા કકાના, સઉ અવગુણ ગોળિ પિધા. ક. ૧૨
છો લોભિ લાજ વિનાના લોકો, તમે કકાના ગુણ કાઢોરે;
કોઇ કકાનો કોપ થશે તો, ઉઠશે સઉ ગામનો દાડો. ક. ૧૩
ગાંડ ગુશાભિ કરો વચનનિ, વળિ ન કરવાનાં કાજરે;
સંત સમાગમ શેવા કરતાંતો, આવે મન ઘણિ લાજ. ક. ૧૪
પકવ પાશાણ મન તમારાં, કશિએ નવ લાગિ ટાંકરે;
ચાર માસ લગિ બોધ કરયો, સમજ્યા નહિ કર્મનો વાંક. ક. ૧૫
સમજુએ સન્માન કરયું, ઘણિ શેવા કિધ હમારિરે;
જેઠારામને નવ ઓળખ્યા તો, છેવક જનુનિ તમારિ. ક. ૧૬

પદ ૬૫ રાગ કાફી.

આ પંડિતો પ્રશ્ન કરોને હમારૂં, કેમ મન ભરમાયું છે તમારૂં. આ. ટેક.
બ્યાકરણ શબ્દ સાધી શું કીધું, રૂપ નવ સોધ્યું સારૂં;
કોણ છે કહો વાણી વાલોકન, કોણ આ વિશ્વ કરનારૂં. આ. ૧
બ્રહ્મનું કેવું રૂપ બતાવો, જડકે ચૈતન ધારૂં;
કરતા કે અકરતા એ છે, કોણ કારણ છે પોકારૂં. આ. ૨
શકતીમાન કે અશકત એ છે, કહો બ્રહ્મ નામ શા સારૂં;
નરનારીથી કે નારી નરથી, કહો કેમ ચાલ્યું આ લારૂં. આ. ૩
કોણ જીવ ઇશ્વરને માયા, કહો આદી કોને ઉચારૂં;

જો અનાદી ત્રણુને કેહેશો તો, છે મીથ્યા સ્મરણનું બારૂ. આ. ૪
કહોને ત્રણ ગુણ થયા શાથી, ભગવત નામ ઠગારૂં;
ત્રણમાં કે ત્રીગુણા તીત છે, કહોને કેવું સ્થુલ ભારૂં. આ. ૫
શાસ્ત્ર બાંધ્યાનું કારણ શું જે, વીધી નીશેધ હજારૂં;
તેમાં ભાર ધાલ્યો પ્રાયશ્ચિતનો, સમજ્યા વીના ફુટો છારૂં. આ. ૬
વસ્તુ વીના કહો કેમ બતાવે, તાંબુમાં દુધને દારૂં;
રતુ પ્રાપ્તે ચંડાલણી થાયે, કહો કેમ શાય તે જા[illegible]. આ. ૭
શુદ્ધ અશુદ્ધ કદી નવ થાયે, કપુર ન થાય કઠારૂં;
અશુદ્ધ શુદ્ધ કરો શી રીતે, [illegible] કેમ ઘટારૂં. આ. ૮
વાંચ્યા વેદ પેહેલી કે પાછળ, કહો કોણ વેદ કરનારૂં;
વર્ણાશ્રમ પેહેલો કે પાછળ, કહો કોણ [illegible]ચારી તે ધારૂં. આ ૯
વીપ્ર યજ્ઞો પવિત ધરે તે, છંનુ તાર ગણું શા સારૂં;
ત્રણ જ[illegible]ને ત્રણ ત્રેવડી, પાડે અંથી શુ રૂપ ધારૂં. આ. ૧૦
શોચ કરતાં [illegible] ચડાવો, શું કારણ કહો તે તમારૂં;
બતાવો તે યથા રથ કહીને, જોઈ અંત માને હમારૂં. આ. ૧૧
જેષ્ટાનંદ કહો થાય શાથી, ન લાગે મીઠું કે ખારૂં;
છે કોણ કોણ કરતા કાયામાં સીખ દેઉં તેને વારૂં. આ. ૧૨

પદ ૬૬ રાગ કાફી

શ્રી શક્ત મારી સહાય કરો ને સુખકારી, પાપ પીડા ટા-
ળો ને મન ધારી. શ્રી. ટેક.
થયો કાયર પુરવના કરમે, મેં કર્યું હશે ગમન ગોત્ર નારી;
હું જાણું શંતો જુલમ શીક્ષા થઇ, હરશ રોગ દુખ દે છે ઘણું ભારી શ્રી. ૧
હું દુરબળ દીન દયા મન લાવો, નીકરતો માઠી વેળા થશે મારી
જો આઇ કદિ કોપો ત્રાપો કરશો, તો જાણજે પાકી ફજેતી છે તારી. શ્રી. ૨
મા ઠામ ઠામ કોથી કપટી, ફરકા સે, તેવો પણ તારૂ બાળું બેઠો ધારી;

તે માટે જેમ ફાવે તેમ કરજો; કરૂં છું જાહેર વચન ઉચ્ચારી. શ્રી. ૩
તું વીના દેખું નહી ત્રીભોવનમાં, કોને કહું હું બેઠો હીંમત હારી.
દયા લાવીને દુઃખ નહિ ટાળો તો, જેષ્ટારામની કર્મ રેખ ન-
ઠારી. શ્રી. ૪

પદ ૬૭ સેચણી.

શ્રી શકત સર્વ થાયછે તમારૂં કરયું, આ ભવમાં ઉગારો તે ઉગર્યું.
શ્રી. ટેક.
રંકને રાય કર્યા એક ક્ષણમાં, કહી અનાથને તો અભરે ભર્યું
કામ કુંવર વસુદેવની આદે, એમ ઘણાનું તમે સંકટ હર્યું. શ્રી. ૧
રામને રાજ્યાભીશક હતો પણ, તે તજીને તો જાવું વનમાં ઠર્યું
શામાએ સુત ખડ કયા ફળ લેવા, જે ગાંધારીનાં મન મનકું ડર્યું.
શ્રી. ૨
દેવકી સુત હણવા નીમ લીધો, પણ તે કંસનું ન કારજ સર્યું;
સપ્ત શીશું હણ્યા ત્યાં અંબે આરાધી, ત્યારે તેના ભાગ્ય-
નું પાંદડું ફર્યું. શ્રી. ૩
શકત તું સાચી મેં તો જકતમાં જાણી, માટ તન મન તો
ચરણે ધર્યું;
હવે જેષ્ટાનંદને તારો કે મારો, બીજું નામ તો નહિ જાય
ઉચર્યું. શ્રી. ૪

પદ ૬૮ રાગ બીલાવર.

લહે ભેદ બ્રહ્મનો તે કહિએ સંત સાચો, શું જાણ્યા વીના
સા મર્કટ ઠવનાચો;
ભુલ્યા સ્વરૂપ અંધ જડને જઠ જાચો, અહું મમતા કરો
ક્ષમા કેમ ન પાચો. ઘણાં અંગે.
તલક છાપ, કરો જાપ, વણ માપ, ખોયું આપ, મળ્યું
પાપ, તપો તાપ, બહુ વિલાપ, વસ્તુ જાણ્યા વિના એલ
સહુ કાચો કાચો. સ. ૧
ઘૃત પયમાં રહ્યું છે તે ન જણાયે, મેળવી મથન કરેથી તે
જુદું થાયે;

તો પણ તાડ્યા વિના તે તો ના કળાયે, સુક્ષમ દ્રષ્ટે જોતાં
સંશે સહુ પળાયે એ પ્રકારે. ॥ ૩ ॥
કરો શોધ, થાય બોધ, ટળે વિરોધ, શમે ક્રોધ, ભ્રાંતો ઓધ,
ભરાયાં ધોધ, કાડો ઓધ, મુકીને મત ધર્મનો લભાચો લ-
ભાચો. સં. ૨
કેટલાએક માંથા કુટે છે મત તાણી, જનમી જકતમાં ને શ
કત નવ જાણી;
તેણે કર્મ ધર્મ ઉપર ફેરવ્યું પાણી, તેમનો મનુષ્ય જન્મ
ધીક ધુળ ધાંણી. શકતનંદો. ॥ ૩ ॥
શું હેવાન, ટળ્યું ભાન, અભીમાન, કરો તોફાન, મતવાન,
ભસો સ્વાન;
જુઓ સ્થાન શકત વીના શું દેખાડય મારૂં તમાચો તમા
ચો. સં. ૩
જો મુળ માતાના ગર્ભમાં તું આવ્યો, તુને સાચવીને ત્યાં
થકી બચાવ્યો;
પછે ઉરવીને કાયામાં કહાવ્યો, વીચાર બુદ્ધિ વીદ્યાવડે તું
તો ફાવ્યો. કેમ ભુલે. ॥ ૩ ॥
તેને અંધ, કાળ કંધ, યમ બંધ, નો સમંધ, મુકો ધંધ, શ્રવણંધ,
પુજો ગંધ, શકત ધર્મ તજી પાખંડે શું રાચો રાચો. સં. ૪
જેષ્ઠાનંદ તો કહે છે સમખાઇ, શ્રી શીવાય બીજી વસ્તુ
નથી ભાઇ;
પાખંડ પાપમાં પડો છો સીદ ધાઇ, જકત જાયું મારે અં-
બા તે કહેવાઇ. માટે તજો. ॥ ૩ ॥
ને વીખાદ, રોમૃજાદ, કરો યાદ, તજી પ્રમાદ, સોહંનાદ,
મુકી વાદ, જાણી સ્વાદ, તમે અર્થ ધર્મ કામ મોક્ષ જાચો
જાચો. સં. ૫

પદ ૬૯ મો.

મતી મંદ હોય તે તો મત તાંણે, પુર્ણ પ્રકૃતીનો ભેદ તે શું
જાણે;

વપુ વીશયનો ભરેલો મદ માંણે, તે તો આવધાના રૂપને
વખાણે. મેલાં મંન. ॥ ૩ ॥
તું વચન, છે વીધન, ને રૂદન, તપે તંન, ન સ્વપંન, સુણે
જંન, તે કથંન, કાંન ધરે, તે કપુત ચોરાસી આણે આણે
મ. ૧
કદી સંગ સેવાનો તો નવ કીજે, સતગુરૂને તો તનમન દીજે;
સદા શકત નામ જ્ઞાનામૃત પીજે, એમ દેહ ધર્યાનો તો
લાવો લીજે;
ખોળી કાડ, તજી રાડ, ન વડવાડ, છોડી આડ, મુકી જાડ,
ભવખાડ, વીષહાડ, નબળી નાડ, તે તો જાંણો નિશ્ચે ધા
લશે ધર ધાણે ધાણે. મ. ૨
જુદા જુદા ધર્મ ધુતારા વે બહુ કીધા, પુર્ષ પ્રકૃતિમાં ભેદ
બહુ દીધા;
ગુણ ધુચવણીના બોધ નહી સાંધા, અવિદ્યા બતાવી વશ
કરી લીધા. ॥ ભુલ્યા રૂપ ॥ ૩ ॥
મોટા ભુપ, વિશે લુપ. પડયા કુપ, દેહા નુપ, રયા ચુપ,
નર્યા ધુપ, ખોયા ખુંપ, જે અરૂપ શકિત તણાં આ ટાંણે
ટાંણે. મ. ૩
શાણાં સમજી નજર તેમાં ધાલો, સતસંગ કરી શકત પંથ
ઝાલો;
એળે અવતાર જાય ચેતી ચાલો, સ્વરૂપાકારે થઇને મગ્ને મા
લો. સાખ મારી. ૩
મતી સારી, મન ઠારી, જુઓ ધારી, સુખકારી, નામોચારી,
જાઓવારી, બલીહારી, ન જેષ્ટાનંદની મા ઓળખે પાષા
ણ પાંણે. મ. ૪

પદ ૭૦ જોટો.

સાધુ થાય તે તો જાંણો સૌથી ખોટો, મળે નહી જકત માંહે
તેનો જોટો;
વાળે સાચુ સમજયા વીના લંગોટો, એને જ્ઞાન ગમ્યનો તો

હાથ તોટો, ભીખ્યા વેશ, રાખે કેશ, ધર્મ લેશ, મારે કેસ, અતરેશ, આંજુ દેશ, જ્ઞાન લેશ, નહિ એશ ભુર ભરમાવી ને ઘાલે મન ગોટા ગોટો. સો. ૧

ગુણા તીત કાહુ ગુણના ગુણ ગાયે, નિંદ માતને તે કપુત કેવાયે; ત્યાગ દેખાઢાને વીશય મંન ચાયે, પ્રશ્ન પુછે તેન સ્વાનવત ધાયે. કરેખેદ. ॥ ૩ ॥

બહુ ભેદ, કપટ રેદ, નહિ છેદ, વધે ભેદ. બહુ ભેદ, નાહ સ્વેદ, ધારે ખેદ; જીવ જાળમાં લેવાને પારધી મોટા સોટા. સો. ૨

ભોગો તો ભોગીથી સુખ બહુ માંણે, કંઠી માળાને ટીકાં બહુ તાંણે;

પણ મુળ વસ્તુ મુરખ ન જાણે, મારે નીજ મત વચનના બાંણે. લાગે મંન. ॥ ૩ ॥

મુરખ જંન, પશુ તંન, નૈનહંન, તે વચંન, શું ધંન, તો વીધંન, ને બધંન, જીવ મર્કટને નચાવે નર છાટો છોટો. સો. ૩

જો ગુરૂ સંસારી સંગ રંગ લાગે, તે જ્ઞાની હોય તો અનુ ભવ જાગે;

તે તો જાણે ચ વિદ્યાને ગુણ ત્યાગે, અર્થ ધર્મ કામ મોક્ષ તેની આગે. સારા સાર ॥ ૩ ॥

નો વિચાર, કરનાર, પામે પાર શુભ ઠાર, નહિ વાર, તે લગાર. ન વીકાર, જેષ્ટાનંદ સાધુ ન થાય કુટો લોટો લોટો. સો. ૪

પદ ૭૨ જોટો.

શકત સ્વરૂપ જાંણે તે સંત પુરો. દ્વૈત ભાવ ભ્રાંતીનો ભ- યો અકુરો;

શસ્ત્ર મારા જાંણે તેને કહીએ સુરો, કાયર હોય તે દેખી નાસે દુરો, તેવું કામ. ॥ ૩ ॥

હાથ જાંમ. ઘાલો ઠાંમ, ભજો નામ, જશે કામ, બીનદામ

સુક્ષ ઠામ, શખો માંમ, જીવ જકત શકત જાણવા વિના સું ઝુરો ઝુરો. સ. ૧

જુવો ચૈતન વસ્તુને ચીત ધારી, એતો નપુંસક છે કે નરનારી;
તેન ઓળખે અરૂપ વીભાંચારી, જેની અકલ ગતી છે અ-
તી ન્યારી, જાંણો તેહ. ॥ ૩ ॥
ધરી દેહ, આંણી નેહ, શકત જેહ, માત એહ, નહે છેહ;
દારા ગેહ, માધ્યા એહ, જે કરે કામ ક્રોધને તે મારી ચુરો
ચુરો. સ. ૨

જડ ચેતનમાં શકત રહી વ્યાપી, હરી હરને બ્રહ્માએ તેને જાપી;
પછી ઇશ્વરના કૃપા કરિ આપી, તેનાં સંકટ તે નાંખ્યાં
સર્વે કાપી. સુરાસુર. ॥ ૩ ॥
ભરપુર, દેખે તુર, જ્ઞાન ઉર, તો હજુર, નહિ દુર, જાંણો
શુર, ગાંડા તુર, કર્મ કૌવચ ચોગીને શું વશુરો વશુરો. સ. ૩

વાત ઉપલી કરો શું જકત જાઇ, એમ ઓળખાય નહી
અંબાબાઇ;
સુક્ષમ દ્રષ્ટી કરિને જુઓ ભાઇ, કરો શોધ જશે આપે ઓ-
ળખાઇ. જેનું બળ. ॥ ૩ ॥
પડે કળ, કાઢી મળ, હોય જળ, આવા પળ, શુભ સ્થળ,
તજી ખળ, મોહ દળ, સંહારીને જેષ્ટાનંદ કાઢે સમુરો સમુ
રો કે. સ. ૪

પદ ૭૨ ઠુમરી.

શ્રી શકત સમર લેતું સ્વાસો સ્વાસ, પરપંચ પાખંડ કું
છોડ તુગારા. શ્રી. ટેક.
પુત કપુતાહે કુંવર કલી કે, પાપ પાખંડસેં નકો ઉગારા;
તબ ધીક ધીક હે જનમ લીયોસો, માઇ મનાઇ ચેત ચુગારા.
શ્રી. ૧

સરસ દરમલે પરમં બાકું, તું ધામ ઠામ કામ કીય કયું ગમારા
છોડ દે છલબલ છોંહ, ન ભંગુરમેં, સુયસ સુબાસ કરજા
સુગારા. શ્રી. ૨

મડ્ડી મેં પ્રેત પુજાવે પાખંડી, જયું જયું બજાવે કું બ
જે ઘુંગરૂ.
એસે અનારી ભયે ભવકે જન, જયું જાનત નાહ જીતહાર
જુગરા. ।મ. ૩
ખાતરી કર ખોજ ખરી બસ્તુકી, નીકાર દે ભ્રાંતી ભેદ
ડુંગરા.
જેષ્ટાનંદ કહે જક્ત જનુની સું, સુરતી લગાય લે ચોખ
સુગરા.

પદ ૭૩ જોટા

જીયા સુરતી લગાય લે તન મનસેં, મેં કયા સમજાઉ તુજે
બેર બેર. જી ટેક
જ્ઞાન બીના ભટકત કયું ભવમેં, મત મુરખાઇકું બીખેર
ખેર,
ખરી બસ્તુકી ખબર બીના હુવા, સસ કસો બનજા શેર
શેર. જી. ૧
અહુપાયુશ કટત હે દીન દીન, અબ મત કરના તું ડેરડેર
અનુંભવ ઉદે અંતરમેં હોયે તબ, મીટે અજ્ઞાન અંધેર
ઘેર. જી. ૨
સાંચું ચોરકુ માર પકડ કર, મન ઇંદ્રીયન કું તું ઘેર ઘેર.
પ્રાણા પાનકું સમાન મીલાય કે, સો સુન્ય શીખર પર
ટેરટેર. જી. ૩
બંકના લો ગગન ગુફામેં, જાય અરૂપ શક્તીકે નેર નેર
સું જેષ્ટાનંદ જનુનીકું મીલે, વાકુ તો જનમ નહી ફેરફેર.
જી ૪

પદ ૭૪ જોટા.

એસો ઓર ઠોર નહી ચિત્ત લગે, કોઇ આઇ કહો સમુજાઇ
જાઇ. મે. ટેક
દીન દયાળ કૃપાળ વો કેવળ, હે શક્ત સૃષ્ટી મેં સુખદાઇ
દાઇ.

જદી પુત કપુત હોવે તદપી, કભી ક્રોધ કરે નહી માઇ માઇ. મે. ૧

કાગકે કાઠમેં ડુબ ગઇ દુનિયાં, હમતો ના ડુબે એસે ભાઇ ભાઇ.

અંતર કે અંધે મોહ મેં પડત હે, જ્યું પતંગ દીપક મેં ધાઇ ધાઇ મેં ૨

ન એસે અજ્ઞાન મેં હમતો પડે. ગઇ આત્મ શક્તી દરસાઇ સાઇ;

આજ તો મંન મીલે નાહી મતમેં, કમુકોદે પ્રગટ બતાઇ તાઇ. મે. ૩

જીને શક્ત જ્ઞાનામૃત પાન કીયો, સોન મરે બીષ બીખ ખાઇખાઇ;

જેષાનંદ તો શક્ત સ્મરણ કર, યા જુગ જીતે યશ ગાઇગાઇ. મે. ૪

પદ ૭૫ જોટો.

આપે પકીની કૃપા કરૂણા નિધને, હિયે અબગુનકું તો નીકારી કારી. મો. ટેક.

કામ કરોધ ઓર કપટ કલ્પના, એ દીયે તનસે સબ ટારી ટારી;

શમદમ શીલ સંતોષ સમાધિ, સદગુન હિયે મન ઠારિઠારિ. મો. ૧

કોટિ જન્મ કે કર્મ કલિમલ, છીનમેં હિયે શો સબ જારિજારિ;

મું અરભકકો યતન કરે કોન, દેખો માઇ બાના તો બીચારિચારિ. મો. ૨

અનુભવ અંતર બોધ બતાયો, મોહમંકું તો હિયે મારિમારિ;

તમ જગકારન જનુની ભાસી, સો અમ બીસરે ન બીસારીસારી. મો. ૩

સુનો સજન દૈબ ન દુનીયામેં, નહિ શક્ત સમ દેખો ધારીધારી;

મું જેષાનંદ કહે શક્ત હે સાચી, ચાય બંદો કે ચાયદો ગારિગારિ. મો. ૪

પદ ૭૬ કાંચળી ઉપરથી સ્ત્રીને શીખામણ.

તારૂં નામ ના રહિ જોને વળિ, કેહે છે ચેત ઉર કાંચળી;
તેને શક્ત સ્વરૂપમાં તું ભાળિ, અવિદ્યા જાય સઉ ટળિ.
તા. ૧
બાળપણું તો મૂઢ વાના તું, ખિલ જેમ કળ નિર્મળિ
જોબનમાં તુ તો જોર કરિ, પર પુરૂષને પાડે છળિ. કે.
વૃદ્ધ થયે વૈભવ નવ છુટે, વિષય વાત લાગે ગળિ;
વપુ વસ્ત્ર શું હાથે બગાડે, ચોળિ સ્વાદ સકટનિ માળ. કે. ૩
ત્રમે વિના સતીપણું દાખવે, તું દાવ પડે જાય ડળી;
ઠગો કારને દ્રવ્ય હરે છે, લક્ષયોનિમાં ઢાળકી ઢળી. કે. ૪
ગમ વિનાની ગોલ ચેતાવું, તું તો ઉધાડ કાંનનિ નળિ;
ઘરમાં માલમ નાથ પડતિ, ખાય ખાજાં પુરિયો તાળ. કે. ૫
દયા વિનાની ડાકણ તે તો, ઘણા પુરૂષને નાંખ્યા દળી;
તે આડુ આવશે અંતે તુને, યમદુત કરશે રાંધળી. કે. ૬
કામ ધામમાં કુટાઇ મરે, જેમ ભાડભું જાનો ઉખળી;
તેમાંતો તારૂ નહિ સુધરે, જોને આત્મ સ્વરૂપ ચુખળી. કે. ૭
સાચી શક્ત તું તો સમરા લેને, જે સદાય સુ ફુળે ફળી;
જેષ્ટાનંદ ત્યારે મળશે, તારાં કર્મ જશે સૌ બળી. કે. ૮

પદ ૭૭ રાગ બીહાગ.

ફુલી ફુલી દુનિયાં શું જુવો, કો કાડો પરાપાર જે હુવો.
ફુ. ટેક.
આ ભવસિંધુ ભરીયો અતિ ખારો, તે તરવાનો પંથ કહુવો;
જેમાં ત્રિયાના તુરંગ બહુ આવે, તારો તે પણ ખાય ગચુવો.
ફુ. ૧
આચારી તો આવક જળ નાંખી, જીવને કરે બાધો ચકુવો;
ભ્રાંતિના ભમરામાં પડે તે જઇ, ન નિકળાય ભમણ કુવો.
ફુ. ૨
પાખંડનું પુર આત જે ચડતું, તેમાંતો જઇ પડયો મનુવો;
વિન વિચાર વંનનાં પડિયો, કેમ કરી તરે તનુવો. ફુ. ૩

વિષયનું વારી ફરી વળ્યું માંથે, બતાવ્યો માત મંત્ર મહુવેળ
જે પકડિ કોઇ પાર ઉ રેતા, ટળે ત્રિવિધિ તાપ વહુવેળ. શું. ૪

શાક્ત જન સમજાવી શઠને કહ્યા, મિથ્યા શિદ જનમ ખુવેળ
જેષ્ટાનંદ જક્ત જનુનિ બતાવી, તેની તો ભેદ ભ્રાંતિયો ખુવેળ. શું. ૫

પદ ૭૮ રાગ ધનાશ્રી.

શું જ્ઞાનિગમ વિના નારે, મિથ્યા શિદ થઇને ફરો;
ગ્રંથોની ગડબડમાંરે, પડિ બહુ પાખંડ કરો. શું. ૧
કાર્યમાં કાયા વળગાડો, કારણ કળ્યું નવ જાય;
સાચું તે સમજ્યામાં નાવ્યું, તો કહો કારજ કેમ થાય;
જુસાછો ભવમાં આવિરે, આ અવસર જાયે ખરો. શું. ૨
પરપંચે પંડિતો પકડ્યા, વદે મનગમની વાણ;
અર્થનો અનર્થ કરિને, ચુકાવે અનુભવ ખાણ;
તો ઉદ અસ્ત ન જાણોરે, કહો ભવજળ શાથી તરો. શું. ૩
મન વાણિ પ્રેરક ને જાહેર. સર્વ શક્તિનો છંદ;
દેવી દેવત દુનિયાનું તે, જાણો નહિ મતિમંદ;
વાક વિવાદ કરીનેરે, શિદ માથાં કુટી મરો. શું. ૪
કહું કહ્યું માને તો તમને, શક્ત વિના નાથ જક્ત;
જુવો જીવ પણું કાડીને, થાઓ શ્રી તણા તમે ભક્ત;
ભક્ત તો રૂડુ મળશેરે, જોઇ જેષ્ટાનંદમાં ઠરો. શું. ૫

પદ ૭૯ જોટો.

કરંછું ભક્તિ કહોછોરે, ભગની ગતિ નવ જાણો;
ધણું રામ રાધા કૃષ્ણરે, કહિને બહુ મત તાણો. ક. ૧
કોણ રામ આત્મામાં રમે, એ નામ કારજની વાણી;
રાધા કહિ રસ્તો નવ જાણ્યો, તો સમજણ પર પાણી;
વળી કૃષ્ણ કોને કહોછોરે, તે જાણતા હોતો વિખાણો. ક. ૨
બાળિ પ... ..., કહિ શું કરોછો તોફાન;
કારણ વે ..., ભ્રાંતિએ ભુલ્યા તન ભાન;

તે સાનમાં ન સમજોરે, જે સારાસાર નવ છાંણ્યો. ફ. ૩
ભગથિ આવ્યા ભગમાં જાવું, ભગમાં રહો ભરપુર;
જીવતો સરવે ભગવત, જુઓ વિચારી તમે ઉર;
સુર એક નરનારીરે, જુદાં તે જમ તાણો વાણો. ફ. ૪
જાણેથી જંજાળ છુટશે, સમજાશે સમરથ શક્ત;
રહો રંગ રાતા રૂપે થઈતો, પ્રમાણ નામ ધરયું ભક્ત;
જુવોને જક્ત તપાસિરે, જાણિને જેષ્ટાનંદ માણો. ફ. ૫

પદ ૮૦ જોટો.

મુરખ તું જાગી જોનેરે, આ અવસર જાયે ખરો;
પાખંડ મુકી પડતાંરે, સાચું છે તેની સોધ્ય કરો. મુ. ૧
નીમતો નહીએ નાવાનો, દોડે તું દેવ દરસન;
ભજનમાં તે ભવ ગમાવ્યો, તોયે મળના ગયો મંન;
તનને તો બહુ તાવેરે, ટળે નહિ દ્વૈત ડુંગરો. મુ. ૨
અજારંક રબારી વાડે, ગંમ વીનાનો સહુ ધોર;
કસાઈના કબજામાં સોંપે, પ્રાણાંતે પાડે બહુ સોર;
જોર ત્યાં કાંઈ ન ચાલેરે, શાથી ન સિંહ થઈ વિચરો. મુ. ૩
અજ્ઞાન અજા સમજાણો, સમજુ તે સિંહ સ્વરૂપ;
શક્તિમાં ન શક્તિને જાણે, બીજા છે કલેશને તો કુપ;
ચુપ ચુપ સૌ ચાલેરે, છે આચારીનો ઉંડો ધરો. મુ. ૪
ક્યાં સુધી ફોગટ ફાંફામાં, કુસંગે કુટાઈ મરે;
આત્મ શક્તિ અંધા જાણી લે, કાળાના ધોળા થયા કેશ;
આવેશ વાપત્તિ મુકીરે, જેષ્ટાનંદ ઉરમાં ભરો. મુ. ૫

પદ ૮૧ જોટો.

પુર્વે તો પિંડની પુજારે, આ પુતળાં તો પછે થયાં;
નામ નવીન તરેહનારે, તે મુખથી ન જાયે કહ્યાં. પુ. ૧
ચૈતનમાં તો ચિત નહિ, અચૈતનને ચિત્ત ચાય;
સેવા મિઠાઈ આગે મુકે, રેખ રતિ નવ ખાય;
તે માટે તે મન ભાવેરે, સાંસવે તે ન જાયે સયાં. પુ. ૨
સાત પાંચ સંઘને રાખે, અનિતિ જોઈ દેજો ગાળ;

વસ્તુ વચ થયાની માગે, તો કાં મુકે તતકાળ;
એમ જાળમાં જંપાય રે, અવિદ્યામાં તે જાયે વયાં. પ્ર. ૩
એવડાને સાધુ સંયાસિ, કાજી મુલ્લાંને જે કાફર;
વલ્લભિ વિદ્વાનનિ આદ, પડયા તે પ્રપંચને સિર;
તીર શિ રિતે પામે રે, આચરણ તો અવળાં રયાં. પ્ર. ૪
તે માટે તપાસ કરિને, ચેતો ચેતોને મેરા ચતુર;
ખોળિ કાડો ખરિ વસ્તુને, ભવમાં રહિ ભરપુર;
તરતો નરનારિનું રે, જેઠાનંદે જનુની લયાં. પ્ર. ૫

પદ ૮૨ ઠુમરીની લાવણી.

પુરણ પદ ઢુંઢો ચિતલયાય, મોક્ષ નહિ હોરે બીના માય;
ન ચુકો મનુષ્યા દેહ પાય, દુજા નહિ દાવ મિલે ભાઇ. પ્ર. ટે. ૧
દાવ ગયેસેં દુખ આયગા, ઔર જનમ જાયગા ફોક;
લક્ષ ચોરાશિમેં જાય પડોગે, ફીર રોવોગે છોડકે પોક;
દુખ કુનકું કહોગે ગાઇ. મો. ૨
ખોજ કરેસેં ખુબિ પાવોગે, સો જાનપરેગિ સબ આપ;
ચૈતનકી તો ચાહ લગેગી, તબ કટે યહુ ભવકે પાપ;
આપ ઉનકી હે સુખદાઇ. મો. ૩
પરપંચમેં કયું પશુ ભયે, સમજકે બનજાઓ શેર;
તબ કર્મ કાલ ગીનતિમેં નાવે, હોતો જેસા આલમેં મેર;
ડેર રહેના તો સંશે ખાય. મો. ૪
દિનપે દિન બહિ જાતહે, યા છોડદે જગત જંજાળ;
જલદી ચેતતોહે અટપાયુ, મિટે આવા ગમનકિ ફાલ;
અલગ હો જેઠાનંદ પાઇ. મો. ૫

પદ ૮૩ એકડેએકનું જોટો.

પ્રાણિ સમજો તો સમજાવું, મુળથિ જો બતાવે છે હાવું;
શબ્દ અર્થ શોધો જો સુખ ચાવું, ભણિ શાને ભટકવાં
થાવું. પ્રા. ૧
આને બહિ કરો એકતા, કેહે છે તુને એકડે એક;

તિ હયોને ચેતાવે છે ચોખું, જો અનુભવ કરિને છેક;
છેક મુક્ય વિશય વીખ ખાવું. મુ. ૨

નહિ તો આને પરલોક તે, કહે ભણતાં બગડેએ;
દેત ભાવ દુરબુધ્ય ગ્રહી, હવે માજી માજી મુખકે;
એ ભવ ભટકે નહિ ફાવું. મુ. ૩

ત્રીલોક બણ્યું છે ત્રીગુણથી, વળિ વિંટયું તે ત્રાગડે ત્રૈણુ;
જીવ પડયો તે જકત જાળમાં, તે તો ચુકાવે છે નીજ વેણુ;
ત્રૈણ ગુણમાં ન લપટાવું. મુ. ૪

ચડિ અવિદ્યા કરિ તન તુરિ, વશ કર્યો ચોકડે ચાર;
મન બુદ્ધિ ચિત્ત અહંકાર, પડે માર વહે બહુ ભાર;
ચાર કકુરિમાં નવ નાવું. મુ. ૫

પંચ તત્વનું આ પુતળું, મહેસત ગુરુ શબ્દની આંચ;
ત્યારે અવિદ્યા રહે અળગિ, વિદ્યા તત્વ પોચાડે પાંચ;
આંચ તેને તો નહિ શું કાવું. મુ. ૬

શાખ્રિ જો ષટ કર્મના ગડિ, બતાવશે તે છગડે છો;
સારાસાર વિચાર કરેથી, ટળે ભવ તણો અવળો ધો;
તો જ્ઞાન અમૃત પીને પાવું. મુ. ૭

પારસમણિ પરશા થકિ, જેમ કંચન બણે કુધાત;
એવી રિતે ખળ પાખંડી, થાય સંતકે સાતડે સ્યાત;
સાત પુરણ પદને પાવું. મુ. ૮

ખરી વસ્તુનિ ખબર પડિ, સીદ્ધ અંગ આથડે આઠ;
આ મોંઘો મનુષ્ય દેહ પામી, કરમૂળ મંત્રનો તું પાઠ;
પાઠમાં શીને અથડાવું. મુ. ૯

કાયા નાવ ને જળ નાવમાં, જુઓ તરે નાવડે નાવ;
એવિ રીતે તો ભવસાગર, તરો તજવીતે આવ્યો દાવ;
નાવ જણાવીને પદ ગાવું. મુ. ૧૦

એક અખંડ શકતને પામવા, કહે એકડે બીડે દસ;
પ્રાણાપાન સમાન મેળવી, ને ઇંદ્રીયો કર એક રસ;
રસ હવે કાઢ્ય [illegible] બતાવું. મુ. ૧૧

અગણિત સંખ્યા એ થકી; ગણુનીતો જુગમાંગણુાય;
ઉલટ સુલટ મેળવેથી, તેનું નામને રૂપ જણાય;
સહાય જેષ્ટાનંદ શુન્ય શાવું. સુ. ૧૨

પદ ૮૪ જોટો.

અબ મન ચેત ચેત મે ા, ખલક ખોજ કોમ નહિ તેરા;
જુઠમેં જાયા બહોત બેરા, લગાલે તો અખંડસે ડેરા. અ. ૧
સબ સુત દારા સંસારમેં, રખે સ્વારથ એતની સગાઇ;
બંધનમેં નહિ આના બંદે, સો અલગ રહે સબ ખાઇ;
સાઇ હો સદ્દગુરૂકા ચેરા. ખ. ૨
દિન૨ દિન બહિ જાતહે, મત ચુકે આયા અવસાંન;
કબહુ ન છુટે કુટ કર્મકી, સા છોડ જુલેગા ભીન ભાન;
સાંનસે તો નિકાર અંધેરા. ખ. ૩
દગલબાજ દુનિયાં ભમ, સબ પડિ પાખંડકે પુર;
બિશય બારીમેં બહોત ડુબાયા, ગયા આત્મશાકિતકા નુર;
ગુરસો ઉડાદે આક કેરા. ખ. ૪
સુર્તિ લગાલે અબ શકશું, તનમનસેં એક તાર;
જેષ્ટાનંદ અંદરમેં આવે, તબ જન હોવે ભવ પાર;
તારવાકુ નહિ ભવ ફેરા. ખ. ૫

પદ ૮૫ જોટો.

પોકારમેં સુનો મેરી સાઇ, આજદિન આયા દુખદાઇ;
બખતમેં કયા બરનું ગાય, સુનકે સહાય કરો ધાય. પો. ટેક. ૧
ઉપરા ગિરા છિન માત્રમેં, નિચે દબાયે નર દિન;
તામે એકકી આયુશકદિ, હુંમ દોનું ભયે તમ દિન;
મિન જયું જાલમેં સપટાઇ. આ. ૨
ખલક મિલો ખબર ભયે, બડિ જોરસેં નિકારે બહાર;
અલ્પમતા અબગુન કહિકે, મારે અપયસકા માર;
હારકે મેં બેઠા ગમ ખાઇ. આ. ૩
પાકાર સુનકે પધારિયે, કરો જલદીસેં યહ કાજ;

બિગડેગા જો મેર કરોગે, તબ જાયગી તુમારી લાજ;
રાજ રગરાકુ કો બિટામ. આ. ૪
દિલમેં દયા ધરો જિનકી, સ્યાય પ્રાણુ કરે બક્ષિસ;
જેષ્ટાનંદપે જુલમ બિ, સુન અરજ કે છોડે રિસ;
દિસકુ કહું મેં લિ ષ્યમ. આ. ૫

પદ ૮૬ જોરો

મૈયા આઇ સુનકે અરજી, કિયો સુખ જ્યું મેરી મરજી;
પિડા જો બાઇ બિન સરજી, કૃપાદ્રષ્ટિસેં સબ બરજી. મૈ. ટેક.
મુવા મર્દ જીવતા કિયા, વાકા માર હટા દિયા કાલ;
નિજ જનની મર્યાદ રખી, વાં લગને દીની નહિ આલ;
બાલકે મીટે અંક થરજી. કી.
મેં સુનો સજન સચી કહુ, એસી દિન દયાળીહે માઇ;
સહાયક નહિંકો શકત બીના, અબ કબહુના છોડું બાઇ;
માઇ મરજીકા મેં ગરજી. કી. ૩
જડ ચૈતન સ્વાધીન શકત હે, જો કર કરાવે સો હોઇ;
ઉત્પત્તિ સ્થિતિ લય કારક, ઉનસે તોપર નહી કોઇ;
એઇ ખોજ હે ચરાચરજી. કી. ૪
જીવ જેષ્ટાનંદ ઉ કીયો, સો જાનકે ચરનકો દાસ;
બેર બેર ઓ માગું મેં મૈયા, કબુ બીપત્તી ન આવે પાસ;
જાગ યાં કરો બીન કરજી. કી. ૫

પદ ૮૭ જોરો.

સમર હે શકત શકત ઘટમે, નિકલ જા ભવ સીંધુ તટમેં;
સિદ્ધિ સબ આવેગી નીકટમેં, લગાવે લક્ષ કયું ખટપટમેં.
સ. ટેક ૧
ખટપટમેં ખુટ જાયગા, તેરા આયુશ અલ્પ અચેત.
ચેત ચેત ચુકેગા અવસર, તબ હોના પડેગા પ્રેત,
ચેત સુધાર તું લે ચટમેં ની. ૨
રખો ત્રીપુરા બીના ત્રાલોકમેં, ભવ તાર શકે નહી કોઇ.

દુનીયાં સબ દીવાની ભઈ, બીન સમજકે ભાંડ દીની ખોય,
દોઈ પ્રોતી પાખંડ નટમેં. નૌ. ૩

એસા મત કરમેં તુજે કહુ, દેખ બેર બેર સમજાય,
લાયક નહી કો શક્ત બીના, જો હે સબ જક્તનકી માય;
પાય પડ વાકુ ઉલટમેં, નૌ. ૪

કહે જેષ્ટાનંદ જનુની ભજો, બેઠકે એકાંત અવાસ.
જબ સુકૃત યા જન્મ લીયો, જબ કરે આ ભવ કે પાસ,
બાસ પાવોગે શુભ ફુટમેં; નૌ. ૫

પદ ૮૮ ગરબી.

મીથ્યામાં તું શું ભટકે પ્રાણી, ઉત્તમ દેહ મનુષ્ય તણો જાણી;
મી. ટેક ૧

પુર્વના સંચીતથી દ્રવ્ય લાધું, સ્વાદથી તેં કોઈ દાન નવ ખાધું.
અરપ્યું નહી બ્રાહ્મણ કે સાધુ, મી. ૨

સજાનાં તું સુનો નહી સુખ, મનસુબામાં જાય નીશા દુખે.
મારૂ મારૂ કહેનો નથા મુખે, મી. ૩

જોને સ્વાન હડકાયા જેવો. ફરે છે શું થઈને તું તેવો.
જોને એક દીન નિશ્ચે જવો, મી. ૪

જશે પ્રાણ મુકી દહ પડી, દેશે નહી ઘરમાં રહેવા ઘડી,
જશ્શા કરન રૂપી વહાણે ચડી. મી. ૫

કથા કીરતનમાં નહી પ્રીતી, હીંડે ઘણી કરતો અનીતી.
સમજયો નહી જ્ઞાન તણી રીતી, મી. ૬

સ્વારથમાં તું તો સદા ફરતો, પરમારથ કાને નવ ધરતો;
હીંડે પર નારી બહુ કરતો, મી. ૭

મારૂમારૂ કયાં લગી નહી મુકે. આચુશ તો પલપલમાં સુકે;
હાવો અવસર તુ કાં ચુકે, મી. ૮

હવેથી માન્ય કયું મારૂ, તેમાં કારજ થાશે તારૂં.
જેષ્ટાનંદ પામો નહી સારૂં; મી. ૯

પદ ૮૯ રાગ ગઝલ.

મરજી માની તે ભલો, સીદ શોચના કરે.

ચિંતા કરે ચિત્તમાં, તારો અરથ નહી સરે મ. ૧
જાણું લુગો સવ જાણી, ને ચોર ચોરી કરે.
પકડાયે પલ માં. તે માર ખાઇ મરે; મ.
જો લોભી લોભ લાલચે, લક્ષે લાખો ભરે,
સમાવે ગાંઠ ગમ વીના, તે પસ્તાઇ મરે, મ. ૩
પુત્ર માટે પ્રેમદા, જો ઘેરે ઘેર ફરે,
જ્યાં અંબાને ન આપવો, તો અરથ શો સરે; મ. ૪
નિર્ધન ધન લેવાને, અકળાય ફરે,
તે બાથો મારે બળ કરી, ન કારજ સુધરે; મ. ૫
કરે કૃપણ એકઠું, ન પાઇ વાપરે,
તે પળાયે પલ માં પોકારે બાપરે; મ. ૬
રોગી રોગ ટાળવા, કોટી ઉપાય કરે,
ફળે ન તલ પુર, શક્ત વના કો હરે; મ. ૭
શકતને સ્વાધીન સહુ, ભરાવ્યું ડગ ભરે,
જેષ્ટાનંદ આઇ ગાઇ, ભવ સિંધુ તરે; મ. ૮

પદ ૯૦ મું

મન મનસુબા શા કરે, થશે કાળીનું કર્યું.
કાઢ નાખ્ય કલ્પના. દુખ ટાર્યું ના ટર્યું; મ. ૧
દેહ પાંહેલા તો ઉર કર્યું, પ્રસવે પય ભર્યું.
જઠરા માંહે જાળવી, જેણે વીધન હર્યું; મ. ૨
ધાર્યું તો ધણીનું કોને, કેમ જાયે ફર્યું.
કહો ફરવું એ ફરકો, ન કો આગે ઉગર્યું; મ. ૩
રામે રાજ બેસવા, જુવો વખત આચર્યું.
વીચાર વા યે ગયો, વન જાવાનું ઠર્યું; મ. ૪
કંશે વંશ ભગ નીનો, કાઢવા મન ધર્યું.
ત્યાં શકતે સહાય કીધી, કારજ તેનું ના સર્યું; મ. ૫
પુત્રી ના પરણાવવી, એમ બાણે આદર્યું.
આણી અનીરૂધ આપ્યો, માયે મન સાદર્યું; મ. ૬
એમ મરજી તો માની વીના, પત્ર જાય ના ખર્યું.

પણ આશાથી અધીક તે, પદ જાય ન જસ્યું. મ. ૭
આતો જગતની જાળ, મન કોનું ના મસ્યું.
તે જેષ્ટાનંદ જાણી, શક્ત નામ સમસ્યું; મ. ૮

પદ ૬૧ પ્રશ્નનુ પદ અનુભવીને ...

પ્રશ્નનો ઉત્તર આપે તે સ્વામી મારા, પ્રશ્ન ખટ સાર.
અર્થ વીચાર, કરીને વાર, ઉત્તર દ્યો સારા સારા. પ્ર. ટેક ૧
મુળ અજ્ઞાન કોણ આકારે કહ્યું છે, તેનો વીવેક શો કુણ
શાસ્ત્રમાં કહ્યું છે. તેની ઉત્પત્તી કહો કુણ અંગથી થયુ છે,
પ્રશ્ન આ પહેલું એક, ॥૩॥ સમજી નેક તંતુ તેક, પુરણ પેક,
જાણી છેક, પટ વીવેક સુધ્ય સમેક, શાખા અનેક, મુળએક,
કહો કરિ ન્યારા ન્યારા. પ્ર. ૧
ષટગુણ વિણું સંપુર્ણ તો ત્રીકાળ જ્ઞાન, તો ભાષણ કરે
ભુત ભવીષ્ય વૃતમાન; થઇ ગયું ને થશે તે પ્રમાત;
પ્રશ્ન આ બીજું કહો ॥ ૩ ॥
સમજી લહો, ગુણ ગ્રહો, દ્વૈત દહો, શાંતિ સહો, પાર કહો
મુળ લહો, મુન કહો, ભ્રાંતી દહો, રૂપ કહો, કરી ગુણ
ન્યારા ન્યારા. પ્ર. ૨
તત્પદ ત્વંપદ અસીપદ ત્રણ સાર, ત્વંપદ જીવ માયા અ-
વિદ્યા આધાર, તત્પદ ઇશ વિદ્યા માયાનો પરાવાર, અસી
પદ રૂપ શું છે. ॥ ૩ ॥
ત્રીજો ઉપચાર પુછે, નામ શું છે, કામ શું છે, ઠામ શું છે,
ક્રિયા શું છે, કર્મ શું છે, ધર્મ શું છે, શુદ્ધ શું છે, અશુધ્ધ
શું છે, સમજાવા મુને સારા સારા. પ્ર. ૩
વિદ્યા અવિદ્યા માયા એ કાર્ય વસ્તુકોનું, કે આગે આગ
કારણ રૂપ કહો છો તેનું, એમાંથી કયો પ્રકાર સમજાવો
એ શાનું, પ્રશ્ન આ ચોથું સાર. ॥ ૩ ॥
કહો વિચાર, જાંણી સાર, લાવી પાર, એ પ્રકાર, મુળ તાર,
પારાવાર, નીરાધાર, કે છે આધાર, હું સમજુ સાર, કહો
શુણકારા કારા. પ્ર. ૪

માતા ઉદર વીશે પડતું વીર્ય બીજરૂપ, અગામી સંચીતને પ્રારબ્ધ અનુપ, ત્રણે સંસ્કાર સહીત કે કહો તદરૂપ, પાંચનું પ્રશ્ન ભણો ॥ ૩ ॥ છે વિવેક ઘણો, અંતઃકર્ણ તણો, સંદેહ હણો, બુદ્ધિ તણો, ઝીણાથી ઝીણો, શોહામણો, છે તે છણો, અર્થ એક ધારા ધારા. પ્ર. ૫

જક્ત ઉત્પત્યુ પ્રથમ સૃષ્ટી થઇ જ્યારે, જીવોના કર્મ શી રીતે પ્રગટ્યાં ત્યારે, જીવ સરજવાનું કારણ શું તે વારે, પ્રશ્ન છઠુંની હામ. ॥ ૩ ॥

બ્રહ્મ ભાસ, છે તે છાલ, જાંણી ઝાલ, આ શો ખ્યાલ, જણાવો જુક્તી પ્યારા પ્યારા. પ્ર. ૬

આ ષટ પ્રશ્ન તણો સમજાવોને સાર, શુધબુધ થકી કરી વિચાર, યથા સ્થીત કહો સ્વરૂપનો પ્રકાર, પુરણ પદનું કામ. ॥ ૩ ॥

આઠું યામ; કહો ઠામ; આત્મારામ; તું શું નામ; શંકર શામ; સ્થતી થામ; એ છે કામ; જેષ્ટારામ; નિશ્ચે યામ; શોધ્ય કરો વારાવારા. પ્ર. ૭

પદ ૯૨

છેનાળ શબ્દ ઉપર.

છેનાળ છાંની રહીનેરે, આ કાયા જોને કાચી;
મીથ્યા મોહમતમાંરે, શું બેઠી છે તું રાચી. છે. ટેક. ૧
સુંદરી શક્ત સ્વરૂપ છે તારૂં, ભુલી તું શું ભટકે હેરે;
પ્રપંચમાં સોહ પ્રેમ ધરી, ખેલ ખોટામાં અટકે છેરે. આ. ૨
અંગ તારૂં અવિદ્યા કેરૂં પણ, જો કરે વિદ્યાની બુધીરે;
સદગુરૂ શીક્ષા કાંન ધરી, કર આત્મ તત્વની શુધી. આ. ૩
તું થઇશ પુજવા યોગ્ય પ્રેમદા, છે તે નાહાળ નજરથીરે;
અંતર ચક્ષુ જો ઉઘાડી, છુટ દ્વૈત ભાવ વજરથીરે. આ. ૪
હ્રદય વેગળી વેર વૈખરી; વદ મુખ ઉત્તમ વાણીરે;
લયલી [illegible]જા રૂપારૂપમાં, તું જેષ્ટાનંદને પામીરે. આ. ૫

પદ ૯૩ જોગ.

વેશ્શા શબ્દ ઉપર.

આવેશ શા વાટ જુવે છેરે. જોને કાળ રહ્યો છે તાકી;

શું કુડાં કરમ છે રે, અલી કાંક મુકને બાકી; ટેક જો ૧
પર પુરૂશ ને પ્રેમ દાખવે, નાથને નીત્ય કુટાવે રે.
લંપટને લાલચમાં નાંખી, કરી માયા માલ લુટાવેરે. જો ૨
તુ ભકતાણી થઇને ભટકે, પણ નીચ ઉંચ ન ગુકેરે;
લ કર માલા મરજાદી થઇને, જોઇ દગા દાવન ચુકેરે.જો ૩
ધંધ મચાવે ધાર્યું કરવા શું રોઇને રાડ વધારેરે:
કુટંબને કાયર કરી, નાજ મન માને ત્યાં પધારેરે. જો. ૪
ગમ નથી પડતી ગાલ સુણી. ત્યાં લગી તુજમાં ખામીરે;
સુકય વેશ આતરવું હાય તા, વેગે જેષ્ટાનંદને પામીરે.જો.૫

પદ ૯૪ ગરબી.

છે ધન ધન બાળાબાઇ, જે ભજતાં ભવતરીયે;
જેનું પ્રાક્રમ પ્રૌઢ અપાર, વરણવ શું કરીયે. છે. ટેક. ૧
પ્રગટ પ્રાક્રમ નરણે નીરખ્યું, તે સંક્ષેપે કહુ વરણીરે;
દીન ઉપર તો દયા કરે, નથી જોતાં જીવની કરણી. જે. ૨
તાજપરમાં ત્રીપુરા માટે, જમીન લીધો જર આપીરે;
દુરસ્ત કરતાં દુખ પડયું, કૃપા નીધાએ નાંખ્યુ કાપી. જે.૩
પડી પડાળી પાયો ખોદતાં, તે તળે ત્રણ દબાયારે;
એક મજુરને તેના સાળો, વાળ અરધી તે ભમકાયા. જે. ૪
મજુર દબાયો માઠો હાઠો, તેનો સાળો કહેર વાગ્યરે;
મુજને પણ ત્યાં માઠું વાગ્યું, ગયા પરદેશીના પ્રાણ. જે. ૫
ખુંન થયું તે માઠું મુજ ા, ચિતમાં ચિંત્તા લાગીરે;
મન માને તેમ લોક લવ, ને ભાર ગયા છે સહુ ભાગી.જે.૬
દુરીજનને ત્યાં દાવ આવ્યો તે, હરખી કરતા હાંસરે;
તે બોલ સુણી બળતા ઉઠે, બહુ ઠા તે ભરતા હાંસી.જે.૭
એમ અતીશે કષ્ટ થયું, તે મેં જગદંબાને જણાવ્યુંરે,
રજની જાગીને રાડ કરી, ત્યાં કાળનું કાંઇ નવ ફાવ્યુ.જે.૮
મુવેલો તે માયે જીવાડયો, બરદ પાળ્યું બહુદાળીરે;
સેવક જાંણીને સંભાળ કરી, અહનામ નાખ્યું સહુ ટાળી.જે.૯
નીજ સ્થાનકને નિર્ભે કિધું, નિજ જનની પત રાખીરે;
જેષ્ટાનંદને જાહેર દર્યો, દિધો દેવિએ પરચો દાખી. જે. ૧૦

પદ ૯૫ ભૈરવી.

મા ચંડી તું ચીંતા મટાડ, શક્ત તારે શરણે પડયો છું;
દેખું દુર કરીને દેવી, દુખ દારદ્રને કાડ. મ. ૧
રોગ રાડ વિયોગને વેરી, ડારિ દે ખોદી જે ખાડ;
શોક સંતાપ સંકટ ભય ભીતિ, વેગે મા તેટલાને તાડ.શ.૨
અપયશ અપકીરતી નાખ કાડી. ફોગટ ફાં ફાં મટાડ.
ભેદ ન થાયે ખુસામત નાસે, ઓસિયાળ આળસ હટાડ.શ.૩
આપદા આળ અળગી નવ આવે રાજના ભયને નસાડ;
અંગમાં અશક્તપણને અસિખી, આળસ આવદ્યાખસાડ.શ.૪
કીંચિત કષ્ટ પડે નહિ કાળી, લક્ષમી અવળા આંક તું ફાડ;
સરસ્વતી કહુ સત્તા સાચવજો, જેષ્ટ નંદની સુણી રાડ.શ.૫

પદ ૯૬ રાગ ભેરવી.

મન સુખ માજી માજી તુ કહે, મટે જન્મ મરણનો ભે.
અ. ટેક ૧
તાપ ટળે ત્રીવીધી તનનો, દુખ દરીદ્ર તણા થાય ખે.
મ. ૨
નર્ક ઘણા થયા ધરતીમાં, જોજે જુઠા ન તુને વળ ગે.
મ. ૩
કામ ક્રોધ કરી દે અળગા, એ નવ રાખીશ બળતો ચે.
મ. ૪
નાસ્તનો નીંદા કરશે પણ, જોને તું શક્ત વીના તો શું છે.
મ. ૫
દેહ ન દેવી દીક્ષા નહી તો; આપદા ને યમનો ભે.
મ. ૬
સુજ પડે તો કરી લે સાવન, નહી આવા કોઈ શીખ દે.
મ. ૭
કાઢી નાખી કલ્પના કચરો, તું લગાવી લે અખંડ શું લે.
મ. ૮
ટેક રાખશે ત્રીપુરા તારિ, તારે ફીકર કશી નહિરે. મ. ૯
જેષ્ટાનંદ જનુની ભજેથી, થાય જગતમાં યશ જે જે. મ. ૧૦

પદ ૯૭ રાગ કાફી.

મારા પીટયા કહું છું રે, માહારાજ રિસ નાં ધરશો;
અનુભવ આગ લગાડિરે, ચિત તો મારૂં ચોખું કરશો. મા. ૧
કામ ક્રોધને કચરી નાંખ્યા, અદમુવો થયો અહંકાર;
લોભની તો લાશ પડી મોહ, મરણ પામ્યો છે નીરધાર;
માટે સાર સઉ અમેટીરે, અખંડા પ્રીતે ઘર ભરસો. મા. ૨
ભસ્મ કર્યાં મેં ભેદ ખેદને, સંટકાની મુકયે મેં સમંધ;
કલેશ કુભાવને કાઢિ મુકયા, વળિ વિરાર્યો ધામને ધંધ;
બંધ સૌ તોડિ નાખ્યારે, તપાસી ધ્યાનમાં ધરશો. મા. ૩
આળસને અરીક્ષા ભાગિ, ભ્રાંતિને ભ્રામણુતા જેહ;
આશા તૃષ્ણા વાગ નીંદ્રા નિંદ્રા, ચાડિને ચુગલી તો તેહ;
નેહ નહિ હવે તે શું રે, કરો કૃપા નવ ડરશો. મા. ૪
પરખાવિ દ્યો પરી વસ્તુને, પ્રેમ આણિને માહારાજ;
લંછન ખોશો લક્ષ કરાવી તો, સુધરશે મારૂં કાજ;
આજ દીન દયા લાવિરે, જેષ્ટાનંદ ઉર ઠરશો. મા. ૫

પદ ૯૮ રેકતો.

કાયા તાર કાચિ માચિ, શક્ત શું વિસારે છે;
ગ્રંથોની ધુચરણિમાં તું, જીતિ બાજી હારે છે. કા. ૧
ગ્રંથોના તો બોધ મેલ, તપાસિ તું જોને ઘેલા;
વિમુખ તો વાંચનારા, તે લુ લુ લલકારે છે. કા. ૨
વિદ્વાન વિભિચારી, સુમતિ ન રાખે સારી;
ખરૂં ખોટું વાંચિ નિજ, સ્વારથ સુધારે છે. કા. ૩
આચારીના ઉંડા ઘરા, બુડયા તેમાં ઘણા ખરા;
છોવાયું ધોવાયું કહીને, ભ્રાતિયોમાં ભારે છે. કા. ૪
સમજયા વિના સઉ ઠુઠું, કષ્ટ વેઠવું તે જુઠું;
કારણ કળાવિ જીવને, જેષ્ટાનંદ તારે છે. કા. ૫

પદ ૯૯ રેકતો બીજો.

સમાધી લેને ... ... જાગ છે;

આજ કાલ કરતાં, આયુશ કાળ ખાય છે. સ. ૧
ખબર વિનાના ખર, દેવા દેવ ધાય છે;
ગૃહસ્તાઇના ગુમાનમાં, તું ગગ નહાય છે. સ. ૨
અલ્યા ભ્રાંતિનો ભરેલો છેંકતાં છોવાય છે;
જો તન તપાસી તારૂં, શુદ્ધ શાથી થાય છે. સ. ૩
શું વિશયમાં વિટાણો, વપુ વગોવાય છે;
જો મન મુવા વિના તું, મોક્ષ શેના ચાય છે. સ. ૪
ખરિ વસ્તુને ખોળે, શંશે સો હગાય છે;
આ જક્તમાં તો જોતાં, જેષ્ટાનંદ ભરાય છે. સ. ૫

પદ ૧૦૦ બીજો.

એક શક્ત નામ સાચું, જક્ત આ જુઠું જાણજો;
નકો ફંદમાં ફસાશો, આપને ઉર આણજો. એ. ૧
છે આ કાયા જોને કાચિ, સસજી સુખે માણજો;
ન તો લાજમાં લેવાશો, સારા સાર છાંણજો. એ. ૨
દેવી વિના દાસે નહિ, સોધિ સત્ય માંણજો;
ચૈતન વિના ન ચાલે, ચક્ષુ પદ પ્રાણજો. એ. ૩
આદ્ય વિના ઉદે નાહિ, ચિત્ત વપુ વાણજો;
બ્રહ્મા વિશ્ણુને શીવાદે, શશી સુર ભાણજો. એ. ૪
સહુ ભ્રમણા ભાગી, મન સ્થિર થાણજો;
જેથી જેષ્ટાનંદ થાય, તેવો મન તાણજો. એ. ૫

પદ ૧૦૧ રેકતો.

ડરે કયું ન દારા, સુનવે ગદ્ધો ગામકી;
બિશય બોજા ઉઠાતી, છોડ બસ્તુ આરામકી. ડ. ૧
તેરી નેયનાંહે નઠાની, પ્રિય બસ્તુ ચામકી;
સો કામ નાહિ આવેગી, જો પ્રિતી ગુલામકી. ડ. ૨
બેગમ નામ તેરા, ગમ લે શક્ત નામકી;
દિલ દેખલે દિવાની, કાયા નહિ કામકી. ડ. ૩
લૈ સતગુરૂકી સાન, છોડ સંગ સ્વાનકી;
આફતમેં આવેગી, સોતો બહોત કામકી. ડ. ૪

સમજલે સેતાન, મતિ છોડ હરામકી;
શક્ત શરણુ હોજા, શિખ એ જેષ્ટારામકી. ક. ૫

પદ ૧ ૨ રાગ કાફી.

ગાળો શું દેછે ગોઝારે, ગાળોથી ગુમડું નવ થયું;
હું સિદ્ધ છું તેં જાણ્યોરે, તે માટે હતું તેવું કહ્યું. ગા. ટેક. ૧
ખરૂં કહ્યાનો ખાર કરે શું, છે કંઇ સાબાપમાં ફેર;
ભુંડી તું શું પાછળ લવેછે, જેવી ફાટેલી ભેર;
પેર કાંઇ ન જાણેરે, સ્વરૂપ નવ જાયે કળ્યું ગા. ૨
શંખણીયોને સુધારવાને, ફરૂં છું દેશ વિદેશ;
ઉઘાડી અવગુણ દાખવું, જો સમજેતો બહુ બેશ;
વેશને વગોવેરે, તેનાથી ન જાયે સહ્યું. ગા. ૩
દેવીને તો દિલમાં લાગે, આસુરીને ઉતપાત;
પણ બોધ કરીને બતાવું છું, ખરેખરી જે વાત;
લાત જેવી વાણીરે, સમજેતો કાંઇ દુઃખ ના રહ્યું. ગા. ૪
હું સિદ્ધ નથી સંસારી છું તે, જાણે વારલા જંત;
અભાગ્યણી અવગુણ જુવેછે, ધિક્કાર તારૂં તંન;
જેષ્ટાનંદ ન જાણ્યોરે, આયુશ તારૂં જાયે વહ્યું. ગા. ૫

પદ ૧૦૩ ગરબા.

અંબે આશાપુર કહું છું તમારીરે, કરશ મરજી ન હોય કદી
તારી. અં. ટેક. ૧
આશા થઇ તે કરાવી ત્યારેરે, તે વેગરવી પડેછે અમારેરે;
નથી ઉપડતો તેનો ભારે. અં. ૨
થાયછે તે મજુરી કરૂં છુંરે, આપોછો તેથી પેટ ભરૂં છુંરે;
પણ હું દેવું દેખાને ડરૂં છું. અં. ૩
લાજ લોકમાં તે તો વધારીરે, ખીસ્સો ખાલીને ભર્મનો ભારીરે;
તેમાં મારે શું મરજી તમારી. અં. ૪
મરજી તેં દોડાવી તે દોડીરે, પણ પાસે મળે નહી કોડીરે.
કેમ કામ કરયા વીના પોડી. અં. ૫
હુઠો આળસ નાંખીન કાઢીરે, ઉઠાવી લ્યો ભીડ જે પડીરે.

મા જુવો નોય ગજુ મારૂ માડી. અં. ૬
માજી તારે તો સરવે સેલુરે, ન સંભાળો જુવો કામ ઘેલુરે.
મા મન ફેરવવું હતુ પેલું અં. ૭
માટે વેગે કરો મમ કાજરે, નહી તો જશે તમારી લાજરે,
મા મન જાણો શેવકની દાજ. અં. ૮
આશા ભંગ થશે જો અમારારે, જુગમાં અપકીરતી તમારીરે;
મા ભીડ ભાગો વેગે મન ધારી. અં. ૯
શક્ત શરણુ મારે તારૂ સાચુંરે, તુ વિના અવરને ન જાચુંરે.
ન સંભાળ કરો તે કામ કાચું, અં. ૧૦
પદ પામ્યો તમારૂ હું આખુંરે, દુનિયાંની ગરજ ન રાખુરે.
સાચી શક્ત સૌને ભાખુ. અં. ૧૧
સંગ મારો કોઇ નવ સાંધેરે, શક્ત બોધ ગાંઠે નવ બાંધેરે.
મોહ મમતના મોદિક રાંધે. અં. ૧૨
તેવા લોકમાં હુ એક તારે રે, મુને કોઇ કહે નહિ સારોરે.
તે માટે મા આ દુનિયાંથી તારો. અં. ૧૩
માજી મારૂ તો મન છે હાવુરે, દુનિયાંને દેવી ઓળખાવુંરે,
માજી રજી કરો તો હું ફાવુ. અં. ૧૪
મારી મરજી પુરી નહિં થાયરે, તારા ગુણ કોઇ નહિ ગાયરે
સત્ય છે તે નહિ પરખાય. અં. ૧૫
દુનિયાં ડુબે છે દયા લાવોરે, સૌને સારી મતી ઉપજાવોરે.
અંમ્બ ઓળખાવુ લે સઉ લાવો, અં. ૧૬
એટલો છે મનોરથ મારોરે, પુરો કરી આનંદ વધારોરે.
જેષ્ટાનંદ કનિષ્ટ સુત તારો. અં. ૧૭

પદ ૧૭૫ ગરબી પંદર તીથીની

સેવો સહુ જગ્ત શકતને ભાવેરે, ચુકસો નહિ આવ્યો છે દાવે. સે. ટેક ૧
પ્રથમ ગુરૂ ગણપતીને ગાઉંરે, આત્મ શકત સ્વરૂપ ઓળખાવુરે
તે માટે તિથી પડવે ગાઉં. સે. ૨
પડવે તે વિદ્યા અવિદ્યા જાણોરે, અવિદ્યામાં પડીને સુખ માણોરે.

વિદ્યાની સુરતિ ન આણો. સે. ૩
બિજે બીંદુ સ્વ પ થઈ બાળારે, પુરણ લક્ષ તણા કરે ચાળારે.
નિજ રૂપ તણી પ્રતિપાળા; સે. ૪
ત્રિજે ત્રણગુણ માયે જાયારે, સ્થુલ સુક્ષમ કરવાને કાયારે,
કાયાથી પર છે મહમાયા, સે ૫
ચોથે ચોહમાં છે તે ચિત કાડોરે, દુઃખ દરિયો આવે નહિ આડોરે.
દેવિ દરશે નહિ ભવ ખાડો, સે. ૬
પાંચમે પંચયમે મન મોશોરે, આત્મ શકત સ્વરૂપને ખોશોરે
ભવમાં ભટકીને શું જોશો. સે. ૭
છઠે છ હઠમાં નવ ભળશોરે, કામ કચરામાં નવ કળશોરે;
પાપ પરિતાપમાં નવ બળશો. સે. ૮
સાતમે સ્વાત્મ અંધારૂં કાડોરો, દ્વૈત ભાવના વિષયને તાડોરે;
સતગુરૂ સાન લેઇ ગમ પાડો. સે. ૯
આઠમે આ ઠામ રૂડો કળશોરે, અષ્ટ અંગથી જ્ઞાનમાં ગળશોરે;
વેગે જઇ જોગમાયાને મળશો. સે. ૧૦
નોમે નમીને કહું નરનારીરે, શું છે શક્ત વિના જુવો ધારીરે;
સમજી તે સ્વરૂપે થાઓ મન મારી. સે. ૧૧
દશમે દશ ઇંદ્રિયો શમશોરે, ત્યારે જ્ઞાન ગોઠવણી ગમશોરે;
તેને યમકિંકર કેમ દમશે. સે. ૧૨
એકાદશીએ દશ એક કરશોરે, અખંડાનંદથી ઉર ભરશોરે;
વેગે આ ભવસિંધુને તરશો. સે. ૧૩
બારશે બાર રસ કાડી નાખેરે, આત્મસ્વરૂપ અંતરમાં જાંખેરે;
તેનુંતો સુખ કેમ કરી ભાંખે. સે. ૧૪
તેરશે તે રસ વિરલા જાણેરે, તેતો મહાસુખ આણંદ માણેરે;
તેવો તમે લક્ષ કરોને આ ટાંણે. સે. ૧૫
ચૌદશે ચાહો દશા તમે તેવીરે, તદવત થઇ જાઓ શકતને સેવીરે;
ક્રિયા સૌ ગુરૂ પાસેથી લેવી. સે. ૧૬
પુર્ણિમાએ પુણમાને જોશોરે, ત્યારે જન્મમરણ દુખ ખોશોરે;
નહિ તમે માતપિતાને વગોશો, સે. ૧૭

આ પંદરે તિથિ થંઇ પુરિરે, તેમાં એકે નથિ અધુરીરે;
મુનિને વૃત્તી કરજો સુરિ. સે. ૧૮
સીખ માનજો સંશય ટાળિરે, જેષ્ટાનંદને બાચર બાળિરે;
મળશે કળિ મળને તે પ્રજાળિ. સે. ૧૯

પદ ૧૦૬ ગરબી.

શાણા શક્તને શરણે થાઓ, આગ્ય ચોદેશ લાગી;
બળતા દેખીયે બહુ લોક, જ્ઞાનિ તપસિ ત્યાગિ. શા. ટેક. ૧
આગ્ય અવિદ્યા કોપિ અતિશે, વિશય વાયુ બહુ વાયરે;
જોર ઝપાટો તો તેનો અતિ, અક મુકિ બીજાને સાય. આ. ૨
દ્વૈત ભેદનો ભડકો લાગ્યો, જુલમની જવાળા તો ચાલીરે;
પાપ તાપ તો થયો અતીરો, ઘણિ લંલુપતાનો તો લાળિ. આ. ૩
તુર તર્કના તણખા ઉડે, અહંકાર અવગુણ અંગારરે;
અંધ ધંધનો તો ધુમાડો, છક છતના ગોટ અપાર. આ. ૪
ગુરૂ ગમ કેરાં ઘર સળગ્યાં, અંતર ગૃહ અનુભવનારે;
શુ શુ બળ્યું તે કહિ બતાવું, જુલો લક્ષણ તે મહાત્વના. આ. ૫
જ્ઞાન ગાદિયો ધ્યાન ધોતીયાં, આતમ તત્વ અંગરખારે;
પરમારથની પાઘડિયો, બળ્યાં વિવેક વાસણ સરખાં. આ. ૬
અંગ વસ્ત્ર આચાર તણાને, વિચાર નિત્ત સઉ બળિયુંરે;
પ્રેમ પટારાને મુકતા મોતિ, યગદંબ જવેરખાનુ ટળિયુ. આ. ૭
દાન પુન્યના દાણા બળ્યા, શુભ કર્મ તણા તો કોઠારરે;
રિત ભાતના રાચ રચીલાં, નાઠા તત્વ તણા તો તો ખાર. આ. ૮
સ્વરૂપ સંપત્તિ લેઇ ગયા ત્યાં, ચિંતા ચોર બહુ આવીરે;
વૈરાગ વપુ વન્હિમાં પડયો, શાકત જનકો ઉયોને બચાવિ. આ. ૯
તમે વિદ્યા વારી નાંખ અવિદ્યા, અગ્નિને તો સમાવોરે;
શાંત મંત્ર આપિને હેમના, દુરગુણ દુખડાં ગમાવો. આ. ૧૦

દંભના દવમાં બળે આ દુનિયાં, ક્યાં જઈને કહેવાયચે।
જેષ્ટાનંદ તેમાંથિ ઉગર્યો, શ્રી શક્તે કાર ધણિ.સાય.આ.૧૧

પદ ૧૦૭ રાગ લલી છંદ.

શરણુ શક્તિ છું, ચાય તે કરો, કરજ કષ્ટની, આપદા હરો. ૧
અધગુણ ઘ્ની, છે મા માયરો, કુટીલ કપુત, પણ નાયરો. ૨
છું પસુ પુજન, નથી જાણતો, વીસ્રુ વિલાસ, ભોગ માણતો.૩
પુરવ પાપથી, આપદા પડે, ત્યાં શતરૂ સાથિ તે બહુ નડે.૪
તે મારે મા તું, એટલું કહું, દુરોજન દમે, શી રીતે રહું.૫
ન અન્ય આશરો, મારે માવડી, કષ્ટ કાપનાર, તું એક જડી.૬
મારે એક આપ, તો વીના નાથ, તે જાણો જનુની, શું કહું કથી. ૭
મારે માતને, અર્જ એટલી, વીપત્તિ હરો, કહું તેટલી. ૮
દેવું દુર કરો, રોગ રાડ જે, કલેશને કુભાવ, ભેદ ખેદ તે. ૯
રીપુ ન રાખશો, જીવતા જરી, સુખને સંતોશ, દ્યો તેના હરી. ૧૦
જે નમામા નડે રસે રાંકને, ન નજર કરી, જુવે વાંકને. ૧૧
તે કલેશ કાઢિયે, મા કૃપા કરિ, શોકને સંતાપ, લ્યો મારા હરી. ૧૨
દયા દિલ ધરો, દિન જાંણિને, જે આંક અવળા, નાંખો તાણીને. ૧૩
છે લાજ તેમને, માત માયરિ, મા જો કહિ જશે, તો તે તાયરી. ૧૪
ગમ નથિ કશી, ગુણ ગાઉં છું, માત મળવાને મંન ચાઉં છું૧૫
ઓગણિસે એક, માં તમે મળ્યાં, અજ્ઞાન અતિશે, તેથા ન કળ્યાં. ૧૬
સુઢ હતી મતી, માત માહેરી, વિધા જે વદંન કૃપા તાયરી.૧૭
માન્યને મૃજાદ, આપી જક્તમાં, ભવને ભલાઇ, નામ ભક્તમાં. ૧૮
લાડને લાલાઇ, પામિ માતમે, બળ બાળા વિના, શું કરૂં હમે. ૧૯

અંબ છો વિઘન, આગ્યું વાળતાં, પુત હું કપુત, પણ પા
ળતાં. ૨૦

આઇ આજ લગિ, હેતું રાખીયું, આપ આશરેથી; સુખ
ચાખિયું. ૨૧

તે માટે મા કહું, પાર પાડજો, દુખ દરિયાથી, બહાર કાડજો. ૨૨

મા આશા એટલી, છે કે તાં ડર, છો શકત જકતમાં;
જાહેર કરું. ૨૩

આ જીવ જકતના, બધા સૌ થયા, જે લોભ લાભથી,
દુર થઇ દયા. ૨૪

સ્વારથમાં સહુ, વિશ્વતો વળ્યું, વિશય વ્યાપિયો,
ભોગમાં ભળ્યું. ૨૫

અજ્ઞાન તે અતિ, મુકી માતુને, જણાવું જીવને,
એ ઇચ્છા મને. ૨૬

જો ઇચ્છા આપની, તો વેગે થશે, અજ્ઞાન અવિદ્યા,
જીવની જશે. ૨૭

વિનતી વિશક, માતને કરું, જ્ઞાનતો અખંડ, આપજો ખરું.
૨૮

મા ચિંતા ચિંતની, તે મટાડજો, દુખને દરિદ્ર, તે બે કાડજો.
૨૯

વિપત્તિ વિયોગ આવી ન શકે, વારજો વિઘન, આવી આ તકે.
૩૦

તો ગુણ ગવાય; ચિત્ત ન ચળે, જીવતો જનુના,
ધ્યાનમાં ભળે. ૩૧

છે આશા એટલી, તે પુરી કરો, મા જેષ્ટાનંદના, ઉરમાં ઠરો.
૩૨

પદ ૧૦૮ સ્તોત્ર છંદ.

રાગ શક્રાદયનો.

શ્રી શકત જકત જનુની જય સુખકારી,
આગે અનેક જીવન તો લીધા ઉગારી. ૧

વીશ્વંભરી તું વરદા, પ્રત્યક્ષ પારો, કર્તું અકર્તું કર્તા,
ખરો ખેલ ન્યારો. ૨
ઉપત્તી સ્થિતિ લયકારક મુળ માયા,
ભત્ર કૃત્ય કૃય કરતાં ત્રિગુણાત્મ જાયા. ૩
ચૈતન્ય ચક્ષુ રસના રહ્યાં વિશ્વ વ્યાપી,
અલ્પમતી શું ઓળખે. મદ મસ્ત પાપી. ૪
તોપણ તેમાં ત્રીપુરા, રહો તજવાંતે;
સંભાળો શાક્ત જનને, માત શુભ ચિતે. ૫
તે માટે માત તમને, કહું કરજોડી;
હું આપને શુ સમરૂં, ગતી મતી થોડી. ૬
કલ્યાણી કરજો કરૂણા, કર્મિ ન જોશો;
આશા છે આપ શરણે, ગૃહી દુખ ખોશો. ૭
હું તો અનાથ તમથી, અળગો ન થાવું;
વિચારો માત મનમાં, કોણ શરણ જાવું. ૮
દેવી વીના ન દૈવત દુનીયામાં દાખું;
દારીદ્ર દુઃખ દહતા, પદપુરણ આખું. ૯
પામેઓ પાર પડતા જન જગ જાતી;
પાખંડી તે શું પરખે, કરતા અનીતી. ૧૦
કામી કપુત શક્તી, સુગુતાંમાં સટકે;
ભુતળ ભાર કરતા, ભવ માંહી ભટકે. ૧૧
મુરખ મતીના મનુશો, માને કહે દાસી;
ન પાવન કરે તે જનને કેદાર કાસી. ૧૨
તે માટે જકત જનને કહું સમજાઇ;
દેવી વીના ન દૈવત દુનીયામાં ભાઇ. ૧૩
મુરખાઇ કાડો મનથી, માનીને સાચું;
સમરો સદાય શક્તી, રાખશો ન કાચું. ૧૪
જો ભુલશો તો ભવમાં, ભટકીને મરશો;
સેજે તો શાક્ત શરણે, ભવ સિંધુ તરશો. ૧૫
મારે તો એક મનમાં શક્તી વસી છે;
કુભાવ ભેદ ભ્રાંતી તો અળગી ખસી છે. ૧૬

સત્ય સ્વરૂપ પરખ્યું અવનો આધારે;
ચોટયું તે ચંત ચરણે એ તારે કે મારે. ૧૭
પુત કપુત તદપી રક્ષા તે કરતી;
દીન દયાળી દરશો, શીશુ શુળ હરતી. ૧૮
તે માટે માત ભજજો, ભવ માંદ આવી;
ગુરૂ ગમ પામી પરખો, આનંદ લાવી. ૧૯
આ શાંતી સ્તોત્ર શ્રવણે, સુણી અનુસરશે;
જગ જસ પાંમી જનતે, ભવ સીંધુ તરશે. ૨૦
પ્રેમેથી પાઠ કરશે જન શકત સેવી;
દારીદ્ર દુઃખ હરશે ક્ષણુ માંહી દેવી. ૨૧
ચિંતાયો વિશ્વ વયગત વંઝા જે નારી;
આગે તે આઇ પઠતાં પરીવાર સારી. ૨૨
મઠ પ્રઉઢ મુરખા ભજશે જો ભાવે;
વિદ્યા વિવેક વચનં, અવીચળ આવે. ૨૩
શાતરૂ ન સ્વરૂપ સ્વપને, જીવી તો ન યસ્ય;
પ્રેત પીશાચ ભીત્યાદિન પીડિત તસ્ય. ૨૪
ધર્માર્થ કામ લભ તે, યસ્તોત્ર પ્રસાદા;
વીશ વારી વન્હિ વાયુ ન પીડીત બાધા. ૨૫
જે શકત જકત જનુની શુધ ચીત્તે ગાશે;
તે સત્તા સ્વરૂપ કળતાંમાં મોક્ષ થાશે. ૨૬
અધીક ન અય એથી અવનીમાં જાયું;
હરી હર આદી વીધીએ ત્યાં ચીત્ત પ્રેયું. ૨૭
આ તેને તમારો ત્રીપુરે આધાર આપો;
એમ તો અનાથ જેષ્ટાનંદ શરણુ રાખો. ૨૮

પદ ૧૦૯ ઠુમરી.

તારો છું તારો છું અંબા ચાય તે કરોરે;
જેવો તેવો આપ શરણે આપદા હરો. તા.
યંત્ર મંત્રની કાંઇ વીધી ન જાણું;
નથી તમસું ભાવતો ખરો. તા. ટેક. ૧

સંકટ ટાળવું તો તારે મા સુલભ, મારે તો માત ડુંગરો;
ભ્રષ્ટ મતી ભ્રમણતા ભર્યો ભવ, હું તો નથી કંઇ તે થીનરો.
તા. ૨
અલ્પ આયુશ ઘટે તે નીશદીન, તેમાં વળગ્યો કામ કચરો;
જીવ જાણે છે હું તો મહાસુખ માણું, કાળ ભમે શીર લેઇ
છરો. તા. ૩
વે માટે આઇને અરજ છે માગી, કૃપા કરી તે ધ્યાનમાં ધરો;
આ ભવનો જે ભય હાડ ન ભેદ, જેષ્ટાનંદ આવે આપ-
સોં સરો. તા. ૪

પદ ૧૧૦ કાલીંગની ઠુમરી.

શકત ભજેથી સુખ થાય મના, ભવ સઉ ભુલાં ભમે છે;
દુખ દરીદ્ર આવે અંબ ભજ્યા વિના, તેને ભજતાંમાં ભા
વટ જાય. મ. ૧ ટેક.
કાયા આપી તુને કરૂણા નિધિએ, જઠર માંહે કરી જેણે સાય;
ભુતળમાં રાખીન ભોગ કરાવે, તોયે કેમ તેને નવ ગાય.
ભ. ૨
અધ્યા ભેદ જાણ્યા વીના કયમ ભુલે, જોને શકત વિના ન
હલાય;
જુઠમાં તું સીદ બોળે જનમારો, કોઇ નહિ કરે તારો સાય.
ભ. ૩
ગુરૂ ગમ લેઇ જો શકતને સેવે, તો ન રહે કશી આપદાય;
જેષ્ટાનંદ મા પામો સુખ સાગર, જોને એ છે ત્રીભોવનરાય.
ભ. ૪

પદ ૧૧૧ ગરબો

પાલવ વળગ્યોરે પરમેશ્વરી, નથી મારે અવર કોઇ આધાર;
ભાવ ભરૂસો છે માતમ તણો, નથી કો અવર વીસવાસ
વાર. પા. ટેક. ૧
શકત સમરથ તમે સંસારમાં, રહ્યાં છો વ્યાપક વીવીધી પ્રકાર;
તમો વિના કોઇ તત્વ હાલે નહિ, તમો છો સર્વ સંસારનુ
સાર. પા. ૨

નથી કોઇની હર બીધા દેવતા, નથી કો કારણ કરતા કે કામ;
પણ તે અલ્પમતી ઓળખે નહિ, ભમે ભવમાં ભુલે જેની
જ ઠામ. પા. ૩
ભવ ભગથી થયો ભગમા રહે, ભગ ભવમાં વ્યાપક ભરપુર;
ભગ રહીત ભવમાં દીસે નાહ,ભગ ભગવતા સરવનું નુર.પા.૪
જાણું દેવી છો દૈવત ત્રૈલોકનુ, જાણું જડ ચૈતનમાં તરવાસ;
હું છું દીન દયાળી કરૂણા કરો, જાંણીને ચરણ કમળનો દાસ.
પા. ૫
જાણી કીંકર આઇ કરૂણા કરો, ફરી જન્મમરણ નવ થાય
આપો સુખસંપત સાધન તવ, વળી વેમ વિપત્તિ પળાય.
પા. ૬
લોકમાં હું કેવાણો આતમ તણો, ન જાણું સ્મર્ણ ભજનકે ધ્યાન;
પુજાવિધ ઉપગાર હું નહિ, ન મળે સત્ય સ્વરૂપનું તો જ્ઞાન.
પા. ૭
પણ મા શરણાંગતને સંભાળજો,વળી રાખજો નિજ બહાનાની
લાજ; જેષ્ટાનંદ જેવો તેવો મા તારયરો, શક્ત સમરથ માહા
રાજાધિરાજ. પા. ૮

પદ ૧૧૨

જગદંબે જડચૈતન શાક્ત, અરજી સુણજ્યો હમારી;
તમો વિના ત્રિભોવનમાં, મારૂ કોઇ નથી સુખકારી;
જાણું છું આ ભવ સંકટથી, શક્ત લેશો ઉગારીરે;
માજી તમો, શું કહું અંતરનાં જાણારે, માજી તમો;
દયા દિન ઉપરતો આણોરે. માજી તમો. ૧
હું તો પુત કપુત તદપી, નવ અવગુણ જોશો મારો;
લંછન ઢાંકી લાજ વધારો, એવોછે નિમ તમારો;
માટે તમે શરણાંગત પ્રતીપાળ, વિઘ્નને વારોરે. માજી. ૨
હરીહર બ્રહ્મા ભવ કરતા, તેમને આધાર તમારો,
તમો વિના તો પત્ર ન હાલે, વળી બાળ તરૂણને વધારો;
દિનદયાળ દયા લાવીને, તમે વેગે કારજ સારોરે. માજી. ૩

મુરખ મન માને તે કહો, મારે શકત નામ એ સાચું;
આચારી અવિદ્યા ઉપાધીના, હું બોધ થકીતો ન રાચું;
તત્ત્વ ત્રિલોકનું ત્રિપુંડબાળી, તમો વિના ન જાચુંરે.
માજી. ૪

પર્મ ઇશ્વરી પિયર પુરૂષનું, દુખ દરિદ્રને ટાળો;
ખવરાવો ધવરાવો જનુની, તમે પુત્રની પેરે પાળો;
આ જક્ત જાળની જુલમ જગામાં, જનુની તમે સંભાળોરે.
મા. ૫

છું અપરાધી હું અલ્પમતી, નવ અવગુણ જોશો મારો;
કામી ક્રોધી લંપટ લોભી, છું ધર્મ રહિત ધુતારો;
લાજ જશેતો લંછન તમને, સુરતી રાખી સુધારોરે. મા. ૬
અસિદ્ધિને આળસ દુર કરોમા, જાણીને દાસ તમારો;
ચિંતાઓ ચિત્તની દુર કરી, ને મા મગન થઇ મન ઠારો;
જેવો તેવો છું દાસ તમારો, મુને આ ભવ સિંધુથી તારોરે.
મા. ૭

સેવા સ્મરણ સુખ સંપત્તિ, સાધન તમારૂંતો આપો;
પિડા પાપ વળી વેમ વિપત્તી, પ્રમાદ પીડા સહુ કાપો;
જેષ્ઠાનંદને જગ જાણે એમ, જીવનમુક્ત કરી થાપોરે. મા. ૮

પદ ૧૧૩ જોટો.

કરતા ભરતા હરતા શક્તિ, હરીહર વિધની જાતા;
સુર ભમે ભુલાં ભવમાં નથી, તેહ સ્વરૂપનેતો ચાતા;
કેમ લેમ વિપત્તીયે વિંટાણા, ન શક્ત તણા ગુણ ગાતારે;
ચેતાવું હમો, ભુલી ન ભટકો ભવમાંરે, ચેતાવું હમો,
ન બળવા દંભના દવમાંરે, ચેતાવું હમો. ૧
કળયુગે કાલ્પત ધર્મ કરીને, જીવ ઘણા ગભરાયે;
ઘણો ત્રેમ નેમ પાળે પ્રાણી પણ, ભવ સંકટ નવ જાયે;
તન તપાસ કરી નથી જોતા, કહો જ્ઞાન શી રીતે થાયરે. ચે. ૨
જે રાજ્યની શક્તિ એકજમાં પણ, તેને કહે દરબાર;
કામ કરે કોરટના કલ્પિત, તેને કહે સરકાર,

રજા સજા સાને કરે પણ, તેમાં સત્તા એકની સારરે. ચે. ૩
શક્તિ સૌ પોતાની કહે પણ, શક્ત વડે તે સૌ થાયે;
શક્તાવીન સૌ જક્ત ક્રિયા કરે, વેદ સૃતિ એમ ગાયે;
અંતે સૃષ્ટિ સમેટી શક્તિ, નિજ બ્રહ્મ સદન સંતાયેરે. ચે. ૪
ભુલ્યા તેને તે સદન બ્રહ્મ ભાસે, બ્રહ્મજ્ઞાનીને બ્રહ્મ ભાગે;
અનુભવે અંતરમાં ખોળે ત્યારે, ચૈતનમાં ચિત્ત લાગે;
તે પાખંડ પરપંચને પરખે, જુઠ જુલમી બાંણુ ન વાગેરે.
ચે. ૫
શઠ શક્તિને તે શું જાણે, માટે બ્રહ્મની શક્તિ તે કહેછે;
બ્રહ્મ ભુવન છે શકિત તણું માટે, શકિતતો તેમાં રહેછે;
મતવાદીના મતમાં પડી ભુર, ભરમાઇ ભવમાં વેછેરે. ચે. ૬
જેવડે જકતમાં ઉદે થતા જીવ, તેને ભુલી નવ જઇયે;
તેને ભુલે આ ભવ બગડેને, જન્મમરણ દુખ સહીયે;
ન ભુલશો ભવમાં આવી ભાઇ, વારેવારે શું કહીયેરે. ચે. ૭
જક્ત જનુનીને જાણોતો જીવ, જન્મમરણ ભય જાયે;
તનમન અરપો ત્રિપુરાનેતો, સંકટ દુર પળાયે;
જેષ્ટાનંદતો જનુની જપીને, અરૂપ રૂપ સમાયેરે. ચે. ૮

પદ ૧૧૩.

શ્રી ચૈતન શકિતરે, અંશ સહિત અહિં આવો;
આઇ પુરણ કળા પરખાવો, અચળ અનાદીરે;
માયા સ્થળમાં થીર થાવો, પીઠ પ્રગટ થઇને જણાવો;
જેવો તેવો હું જનુની તારો, વેગે પુરો મનોરથ મારો;
મુને આ ભવસિંધુથી તારો, જે જે વિઘ્ન આવે તે વારો;
જનમ સુધારોરે, આંતરો હવે શીદ તાવો. આઇ. ૧
કહું કરગરીરે, તમે કરૂણાદૃષ્ટે જોજો, મારી હોય અસિદ્ધિતે ખોજો
કહેવાયો હું તારોરે, જે લંછન હોય તે લોજો;
હોય દરિદ્રને દેવું તે ધોજો, તેં કહાવ્યો કિધો મેં આ ઠામે;
વશી કરો સેવકના કામે, રહે અચળ યુગોયુગ નામે;
થાય શરણે તે સુખ પામે, પરતાપ પુરોરે,
સરપુર ભુતળ લાવો. આઇ. ૨

એટલું હું માગુંરે, દેવી દાતારહો તે દેશો,
મારી ચિંતા હરીને લેશો, શાકત સાચવજોરે,
નવ લાગે અવળી ઠેશો, મુસ્તક અભેકર દેશો,
છે ભરૂસો ભય નવ રાખું, પુરણપદ મેળવ્યું આખું;
ગમજ્ઞાનામૃત રસ ચાખું, દેહધારી માટે કહી દાખું;
ભગવતી ભાખુંરે, અમર ઉપર આ દાવો. આઇ. ૩
દયાળી મા જાણુંરે, ઘટઘટમાં રહ્યાં વ્યાપી;
કંઇ સંકટ નાખ્યાં કાપી, દૈવત ન બીજુંરે,
બ્રહ્માદી હરીહરે જાપી, માટે નામ ગાયત્રી છાપી,
તે સ્વરૂપ જોવાને બોલાવું, પાપીણી કાગજ સુખ ચાવું,
તે માટે હરખી ગુણ ગાવું, વેગ આવો કૃતારથ થાવું,
થરથર ધ્રુજેરે, તે જેષ્ટાનંદ બચાવો. આઇ. ૪

પદ ૧૧૫ જોટો.

જગત જનુનીરે, અરજી સુનીને પધારી;
મા સેવકનિ સુખકારી, અંબા નામ સાચુંરે;
તું શક્તી શીશુ ઉપકારી, તારી અકળ અકળાતો ન્યારો;
બ્રહ્માદીકથી નવ કળાયે, જુજુવા રૂપે ચિત્ત ચળાયે;
પામર જીવ જોઇ પળાયે, પદ પુરશાનું ન ટળાયે;
ટળ વળે તમારે, જીવે ગુરૂ ગમ દીપક સારી. મા સેવક. ૧
તે સત્તાનો તો તારીરે, જો જ્ઞાન કળા થઇ આવે;
તો પામરનું બળફાવે, તું વીના તો શક્તારે;
કાંઇ જીવનો ન ચાલે દાવે, બીજી સત્તા કયાં થકી લાવે;
મેં અરૂપ તે જો મય જાણી, શું વરણવું પાચે ન વાંણી;
શ્રૃતી સ્મૃતી પીઠ પ્રમાણી, જોઇ પણ ન મળે ઇંધાણી;
વાંણિ નવ દેખેરે, માટે રહી તે મન હારી. મા. ૨
જણાવા જક્તનેરે, આપું છુ કંઇક ઇંધાણી;
પુજો ભગ ભગવતી જાંણિ, આ ગુહ્ય પ્રકાસુંરે;
અનુભવથી જુઓ વાંણી, ન ભરમાશો મત તાંણી;
આ તો જાંણે કો વીરલા જંન, જેણે નીરમળ કીધું મન;

ધમ ધય તેનું ધર્યું તંન, જેને મુખે છે શક્ત વચંન;
પ્રીતમાં છે ચિંત્તારે, ન અન્યગની થાય મારી. મા. ૩
જળ હુળ જ્યોતીરે, મા જોતાં જીવ અકળાયે;
મન ભસ્મ થશે આ કાયે, મા યંત્રે પ્રકાસોરે;
તો મંન તણો ભય જાયે, વાચાસ્તામાં કરી સહાયે;
તન રાખ્યું પણ પાસે રહેજો, મારા અવગુણ સરવે સેજો;
રીપુ હોય તેને સીક્ષા દેજો, મા અંતે તમ શરણે લેજો;
લક્ષ નવ જાયરે, તારો જેષ્ટાનંદને ઠારી. મા. ૪

પદ ૧૧૬.

ચેતો ચેતો સૌ કહું છુંરે, જનમ સુધારોને જાઇ;
ઓળખોને શ્રીમાળી બાઇ, બ્રમણના ભ ગોરે;
સતગુરૂ શરણું સાઇ, તો આપે જગ્ત ઓળખાઇ;
ભુલશો નહિ આ ભવ ભુંડો, તે તો બોધ કરે બહુ કુડો;
તે તો બુડે મારે કહે બુડો, જાણતા નથી રસ્તો રૂડો;
પાખંડ પટાટ્યારે, તેને તજયો ચીત ચાઇ. ઓળખો. ૧
પાશમાં પડીયારે, કહી મ ત્માં અકળાયે;
જાણે પણ ન નિકળાયે, લાય લાગી માટીરે;
લાજ તણી તે ન ટળાયે, ત્યાં તો માને કેમ મળાયે;
મા તો જુવો સરવનુ મુળ, વાંણી વિદ્યા આદે અનુકુળ;
વિના શક્તી તો જડ આ સ્થુળ, તેને ન જાંણ્યા તે મોટુ શુળ;
માટે ન ભુલોરે, એ વિના નથી સુખદાઇ. ઓળ. ૨
જુવો એ ગર્ભમાંરે, ત્યાં પોષણ કરીને પાળે;
પ્રસવે તોયે મા સંભાળે, જે ભાન ભુલેલોરે;
પોશણ કરી વાન વાળે, મુંગાદીક અમસ્રી ટાળે;
બાપા શબ્દ જુવોને વિચારી, કેહે છે એ પણ માતાનું વારી;
તે તપાસી જુવો મન ઠારી, થાઓ શકત શરણ તે ધારી;
વારી ઘો મનનેરે, ખુવે નહિ માત કમાઇ. ઓ. ૩
ભગવતિ ભજતાંરે, ભવનિ ત્રા ભાવટ ભાગે;
આવિ ભુપતી ચરણે લાગે, સતગુર સેવિરે;

જો ભ્રાંતિ ભ્રમણતા ભાગે, તો આપે અનુભવ જાગે;
જાગે મિતો સરવ જણાશે, વળિ વેમ વિપત્તિ હણાશે;
સારા સારની વસ્તુ છણાશે; તે તો શાકતજનમાં ગણાસે;
બણશે બળવંતરે, કહે જેષ્ટાનંદ ગુણ ગાઇ. શ્રી. ૪

પદ ૧૧૭ જોટો.

જગત જે ગાંડુરે, ઇત ઉત સગળે ધાયે;
શ્રી વિના મોક્ષ ન થાયે, જુવો ને તપાસીરે;
ક્રિયા કરમને આ કાયે, ઝીણા થાઓ તો પરખાયે;
સટકે સુણિ માયાનું નામ, નથિ ખોળતો તે શ્રીનું ઠામ;
રહિ તેમાંને નહે ગુલામ, જુવો અંતર અંધાનુ કામ;
કપુત કલંકીરે, તે તો સુરસ્તે કેમ જાયે. શ્રી. ૧
વેમ તો વાયુનુંરે, જોર જીવ દશાને મોટું;
જુઠા બોધ કરાવે ખોટું, ભ્રાંતી ચિત ભ્રમરે;
કહે શાકત સુધા નવ ગોટું, તેને તો યમ મારે દોટું;
પરપંચ પાખંડે તે રાચે, મરકટ પવતે ત્યાં નાચે;
ફરે જીવ મંન ગુરૂ કાચે, ખરૂં ખોટુ પાડે નિજ ડાચે;
જાયે નવ જાંણુરે, ચિત ભ્રમ કેરો ઉપાયે. શ્રી. ૨
આચારી તો આપેરે, નીજ કબજા કેમની ગોળીઁ;
પ્રેમ પરખાવિ વાળે હોળિ, પ્રેમ કયાં કરવોરે;
તેમાં તે વાતની ડોળિ, તે બેગમ ગાંડાના ટોળિ;
ટોળિમાં કોઇ ડાહ્યા થાઓ, જો કો શાકતને શરણે જાવો;
મળે મનુશા દેહનો લાવો, કોઇ બોધ નહી કરે આવો;
થાઓ તમે ડાહ્યારે, ભુલ ભ્રમણતા પળાયે. શ્રી ૩
તે છે ગુર પાસેરે, આપથી ક અની ધાડિ;
તે તો રોગ માત્રને તાડે, મા મંત્રની માત્રારે;
તે વેમ વાયુને તો કાડે, તે પુરણ પદ દેખાડે;
તે કો માગો લ્યો જો સુખ આવો, સતગુરૂને શરણે થાવો;
પીયો પાય તે કડવો કાવો, ટળે યમ કાંકરનો દાવો;
દાઢ તો દબાડરે, ઉર જેષ્ટાનંદ ભરાયે. શ્રી. ૪

પદ ૧૧૮ ભોટો.

ધીક તન તારૂંરે, તુ બીદને વગોવેલ્યા માતા;
બળો બુદ્ધિ રહો રંગ રાતા, વિસણે તો વંઠ્યારે;
નથી મોક્ષ મારગને ચાતા, શી રીતે પ મશો સુખ સાતા;
નાથ જોતા કો બુંડી કે સારી, મદ્ય પાન કરો શુ વિચારી;
નવ જાણો બુદ્ધિ નઠારી, થાઓ ભ્રષ્ટ શું કહુ પોકારી;
જુવો મન ધારીરે, કદી એમ રાઝે નહિ જગ જાતા. ધી. ૧
તું નાથ જાણતોરે, અટ્યા ધર્મ કર્મને જે નીતિ;
કેમ કરતો ફરે છે અનાતિ, સ્વાદે સપટાણીરે;
ઘણું ચિત્ત ચડાવ્યું છે ચાળે, તે તો મોક્ષ મારગને ટાળે;
મંત્ર શાસ્ત્ર પોકારી કહે એહ, અધિકાર વિના જીવ દેહ;
મદ્યપાંન કરે જન જેહ, રૈ રો નરકે તો જાયે તેહ;
નેહ નાહ સ ા, જેથિ દુર રહે ભવ દાતા. ધી. ૨
નિચ તું નઠારોરે, શીદ ભ્રષ્ટ કરી શુભ કાયા;
ધિક ધિક ડાપણને દાયા, શું કહીએ કથીનેરે;
નથી લાજ શર્મની તો છાયા, ઉત્તમના ગુણ પલટાયા;
માટે સમજી ભ્રષ્ટતા મુકો, અવસર આવ્યો નવ ચુકો;
ઉત્તમ તન આશા ટુંકો, અવગુણ ઉપાધી ઢુંકો;
ફુંકો ન ફુજેતીરે, સમજાય નહિ સુખ સાતા. ધી. ૩
તું જીવે છકેલોરે, તુંને નવ લગે શિખ વાણી;
હાથે લંકન લેછે તું તાણી, શુ શઠ ન સુજેરે;
જે કાયા કાજળ લપટાણી, સમજણ સત્તા સપટાણી;
થયો ભ્રષ્ટ તજીને ધર્મ, શિદ સ્વાદે કરેછે કુકર્મ;
એમ વસ્તુ મળે નહિ પર્મ, સમજી કાંઇ લાવ્યને શર્મ;
નર્મ કર વૃત્તિરે, ખાસ જેષ્ટાનંદની આ લાતા. ધી. ૪

પદ ૧૧૯ રાગ ધનાશ્રી—ગરબી.

શ્રી ગુરૂ ગાવો, શ્રી ગુરૂ ગાવો તમે જકત;
થાઓ શકત, કેશ ભકત, મળે તકત, મુકત કહાવો. શ્રી. ૧

ગુરૂ જેવું તત્વ નથી એક, પશુપણું ટાળી વાળે છેક;
આપે જ્ઞાન વૈરાગ વિવેક, તેની ન મુકશો તમે ટેક;
જો સુખ ચાવો. શ્રી. ૨
મંત્ર ત્યાગ કરે જન જેહ, અન્ય આપદામાં ધરે નેહ;
કાળ વિના પડે તેની દેહ, નિશ્ચે નર્કમાં જાયે તેહ;
તેવા ન થાવો. શ્રી. ૩
ગુરૂ આજ્ઞા તણો કરે ભંગ, ખળ ખોટાઇ સાચવે અંગ;
ભાવ ભરૂસામાં નહિ ઢંગ, તેને મુખે કાજળનો રંગ;
તે ન ખટાવો. શ્રી. ૪
ગુરૂ છિદ્ર જોવા કરે ધંધ, ચક્ષુ ફાડી જુવે તે સમંધ;
તેને યમકિંકરનો બંધ, તેતો રોગ વિના થાય અંધ;
તેમાં શો લાવો. શ્રી. ૫
ગુરૂની નિંદા કરે જે અયોગ, પિડા પામેને નવ લહે ભોગ;
તેનો મનુશાદેહ ફેરો ફોગ, વળી ઉદરમાં થાય રોગ;
તે કયાં છુપાવો. શ્રી. ૬
જેકો ગુરૂ તણો કરે ત્યાગ, રાખે અંતર સાથે અનુરાગ;
તેને દુઃખનો ન મુકવા માગ, આવે ફરીદને રહેવાનો લાગ;
ચહુાઇ બોલાવો. શ્રી. ૭
ગુરૂ સાથે રાખે જે મોટાઇ, સેવા માંહે કરે જો ખોટાઇ;
કામગ્રામમાં રહે ગોટાઇ, તેતો રિપુથી જાયે ચોરાઇ;
તેનો શો દાવો. શ્રી. ૮
જેકો કરે ગુરૂ અપમાન, નિંદા થાય ત્યાં જઇ ધરે કાન;
ભવ આવાને ભુલ્યો તે ભાન, જોડી લક્ષ યોનીની તો જાન;
તે કયાં ટળાવો. શ્રી. ૯
ગુરૂ સાથે કરી છલભેદ, મનમાંહે પડાવે ખેદ;
તેનો બગડે સરવે મેદ, વળી અંગે પડી જાય છેદ;
કીટ પડાવો. શ્રી. ૧૦
શીશ થઇ ગુરૂનું જે ખાય, કાંઇ કરી શકે ન સેવાય;
વરે વિત્ત તેની મોટી લાય, પછે સુખ શું મુરખો ચાય;
તેતો બતાવો. શ્રી. ૧૧

ગુરૂ ખીજે તેનું લાગે દુખ, મન ખેદ બોલે નહિ મુખ;
તેના કદી ન ભાગે ભુખ, શિદ લજવો માતાની કુખ;
શું દુખી થાવો. શ્રી. ૧૨
ગુરૂએ આપ્યા નિમ ન પાળે, ચિત્ત લોભમાં ચડાવ્યું ચાળે;
કર્મ ાડીયામાં મન માલે, રતી રોયણનાં બોતરાં બાળે;
પછે શું વાવો. શ્રી. ૧૩
ગુરની સેવા કરતાં લાજે, ગુણહીન ગુમાનમાં ગાજે;
તેને મંત્ર સિદ્ધિ નવ છાજે, તો કેમ કરી સુધરે કાજે.
તેતો બતાવો. શ્રી. ૧૪
સ્નાનો દક સેજે પાગ ધારે, ખોટું કરતાં મંન નવારે;
ચિત ઢુંગ ધુતારામાં ઠારે, તેને કહો પછે કોણ ઉગારે;
નાસો કયાં જાવો. શ્રી. ૧૫
કરે ગુરૂ તણી કાંઇ ચોરી, મનવૃત્તી તો વજ કઠોરિ;
તેને લાગે ન જ્ઞાન ટકોરી, વપુ વિત્તનિ તુટે દોરી;
તે કયાં સંધાવો. શ્રી. ૧૬
ગુરૂ સાથે રખે રીસ રોશ, સુજે તેનું તે કર્મનો દોશ;
તેના દવિ બગાડસે હોશ, વળિ ભોગવે તે વંઝા દોશ;
વેલ કપાવો. શ્રી. ૧૭
ગુરૂથી કરે કોચીજ વહાલી, જોચના આપે બોલ જાય ખાલી;
અધા હીન પ્રિતિ કરે ઠાલી, તેને યમદુત જાયે ઝાલી;
તેનો સો દાવો. શ્રી. ૧૮
ગુરૂ દેખીને આવે જે ધાય, દંડવત પડે પદ સાંઇ;
ગદ ગદ થાયે ચોત ચાઇ, તેને કૃપા કરે બાળા બાઇ;
લહે તે લાવો. શ્રી. ૧૯
ગુરની આજ્ઞા જે કો પાળે, ખેદ ભ્રાંતીયો તનથી ટાળે;
જ્ઞાન ધ્યાન કાર મન ગાળે, તેને આઇ પુત્ર વત પાળે;
આદે તે ચાવો. શ્રી. ૨૦
ગુરૂ ઉપર રાખે બહુ પ્રેમ, તન મન આદે પાળે નેમ;
વરતે ગુર મરજી જેમ, તેને આઇ કૃપા કરે તેમ;
સુખી બહુ થાવો. શ્રિ. ૨૧

કાર ગુરૂ ચરણુનિ બાસ, એવા કરે તે શુદ્ધ ન દાસ;
મન માંહે આણિને ઉલ્હાસ, માછી લોડે તેના ... પાશ;
સ્વરૂપે સમાવો. શ્રી. ૨૨
સતગુરૂના સાચી સગાઇ, પરખીને કરો પ્રીત ...;
એ જે જુઠ ન જાણો વેવાઇ, સજે શકે જગ પરખાઇ;
તે લક્ષ લાવો. શ્રિ. ૨૩
ગુરૂ મહાતમ જે અંતર આણે, બનકારા સુત સુખ માણે;
જીવનમુક્ત થાય દેહ ટાણે, જેષ્ટાનંદ ગુરુને તે જાણે.
ન થાય વારો. શ્રી. ૨૪

પદ ૧૨૦ રાગ કાફી—ના ...તમાં ગાયછે તે.

યા દીલ દેખલે, શક્તિ સબીકાતો મુલહે;
શક્તિ સબીકાતો મુલહે, વાસે નિપાયાની અનુકુલ હેરી.
યા. ૧
પેહલે મુતકા પુત બનાયા, પીછે ઓહી મકાનમેં આયા;
વાંહાં તુંપે કીની જીને છાયા, જઠરાસેતો જીને બચા યારી.
યા. ૨
પીછે વાંસે નિકારા પકાઇ, ફીરખીને ઉઠાયા ટકાઇ;
કીની રોરોકે તુંને છકાઇ, પય પાનસે દિયા છકારી. યા. ૩
ફિર શક્તિને સત્તા બઢાય, દિશા બડે હોદગે ચડાય;
પિછે વાસેતો તેરે લડાઇ, મન મત્તમે રહા ગડાઇરી. યા. ૪
જીને શક્તિસેં મન લગાયા, ઉનકુંતો ફિર નહિ કાયા;
બ્રહ્મા વિષ્ણુ મહેશકી જાયા, જેષ્ટાનંદને ચિત્ત લગા યારી.
યા. ૫

પદ ૧૨૧ જોટો.

ચેત ચેત હે ચુકે મતી ચપટાયગા, ચુકે મતી ચપટાયગા;
સત્તાહીન ભયે સપટાય ગારી. ચે. ટેક. ૧
બચપનમેં બદલામી ન લાયા, જોબનમેં જુલમ લગાયા;
અંતનેમેં બુઢાપાતો આયા, તબ કંપને લગી કાયારી. ચે. ૨

નેનુમેં નશકે પેચાની, ઝુંનાકુંએં ગીરને લગા યાની;
તોણી તું નેન મૈયા પેચાની, અબ કેસી કરેગા તોફાનીરી.
ચે. ૩

આય પોચી એતંમેં બિમારી, કફ બાયુને ઘેરા અનારી;
રાંધ તંનકી ચુકાઇહે સારી, બૌત દુઃખ આતાહે વાં ભારીરી.
ચે. ૪

બંધ બોલના જબાં ખેંચાઇ, કિયે કર્મોકી લગે સબ આઇ;
રે શો કેતા પીચાની ન માઇ, જેષ્ટાનંદસો લેત બચાઇરી.
ચે. ૫

પદ ૧૨૨ જોટો.

મુઢ માનલે એક દીન જાના જરૂરહે, એક દિન જાના જરૂરહે;
સબ બસ્તુમેં શકિતકા નુર હેરી. મુ. ટેક. ૧
કયું જુઠમેં જીંગાનીયા ખોતા, જુઠી જકડમેં ખાયગા ગોતા;
ગમ બિના જયું બોલતા તોતા, કયું કુસંગસે એસા તુંહો
તારી. મુ ૨

લોભ લાભ મે મનમાના, કામ ક્રોધને કિના દિવાના;
ખાય ખુબ ખુબીકાતુ ખાના, કૈસા લીયા ફકીરીકા બાનારી.
મુ. ૩

જલદી જાન લે રૂઉ ચેતાઇ, બડે બડે ચલે ગયે ભાઇ;
જીનુકી ત્રિલોકમે દુવાઇ, ઉનકી તો ખબર નહિ પાઇરી.
મુ. ૪

ચુકે મતી તું ચિત્ત લગાલે, ગુરૂગમ અમીરસ પાલે;
મિટે આંક લખે લેજો તાલે, જેષ્ટાનંદમે જાન છકા લે.ી.
મુ. ૫

પદ ૧૨૩

જનુનીના જાપ કરે જંપ વળશે, મત્ર ગુરૂમુખીથી મળશે.
જ. ટેક.

નામ સ્મરણ તો નિરબળ મારે, મુમુક્ષુ મંત્રને કળશે;

શઠ સલીલ કઠીન સુધરે, જો જાય દહુમાળે ગળશે. જ. ૧
અઘોર મંત્ર અમરફળ જેવો, ચાશે તેનો ભવ ટળશે;
નામ જાણે નિશ્ચે નવ થાયતો, જ્યાં ત્યાં ચિત ચળશે. જ. ૨
રામ -હેમાદિક નામ પોતાનાં, શોધીતો સંશે પળશે;
જાણ્યા વિના જકતજાળ પડી, જીવ વેમ વિપત્તીમાં બળસે.
જ. ૩
જનુની વિના તો જન્મ નહિ, કેમ શકત વિના સુખ મળશે;
જાણશે જેકો શકતને સાચી, વેતો જેષ્ટાનંદમાં ભળશે. જ. ૫

પદ ૧૨૪.

સત્યની સત્તા જાણ્યા વિના, તુને દુનિયાની ડર લાગે;
ડુબેલાનો ડર રાખે, જીવ યમનો ભય નવ ભાગે;
સતગુરૂએ તુંને સિંહ કર્યો, કેમ સસલાની ગતી માગેરે;
શું જાણી ડરે, કપુતની કરણી કાથીરે, કેમ મનમાં ઠરે;
અખંડપદને પામીરે, શું પાછો ફરે. શ. ૧
દુનિયાં તો દુઃખ દવમાં બળે, તું તેમાં પડે શીદ ચાય;
બ્રાંતિયોના ભડકા ઉઠે, બહુ તે ન રહે ગમ ખાય;
ગમેતેમ બોલે ગભરાયા, કારણથી જાય કપાઈરે;
શું જાણી ડરે. ૨
સાહુકાર સંતને સ્વાન ભસે, શાણા સમજે તેહ સ્વભાવ;
સંત સમાગમ સાકર કડવી, લાગે આવ્યો જેને તાવે;
તેવા વિમુખના વચન સુણી, તજો સંત સમાગમ નાવેરે.
શુ. ૩
સત્તા હોયતો શઠને સુધારો, કેમ તમે તેના જેવા થાવો;
કપુત કહે તેને કહેવા દયો, તમે સંત સમાગમ ધાવો.
શીદ દુનિયાના ડરમાં ડુબો, તમે જેષ્ટાનંદ ઉર લાવોરે.
શુ. ૪

પદ ૧૨૫ જોટો.

બીક રાખો તમે બુડવાની, તરવાનું તત્વ તપાસો;
નરકી જીવની નિંદા સુણી, શીદ સમજી પાછા નાસો;

આ ચોપરઆઈ છીને, શીદ નાંખો અવળો પાસો;
તેવાથી ડરી, દેહ દૈવત દાગ નહિ આવેરે, આ ફરી ફરી;
સમજે હોય સંચીત સારૂરે, આ શિક્ષા ખરી. ૧
ચંદની નિંદા ચોર કરે પણ, ચકોર તેને ચાય;
કાગ કમખોડે મુકતાફળને, હંસ તે હરખે ખાયે;
એમ સજન સંતનો સંગતજે નહિ, દુરજનને દુખ થાયેરે;
તેવાથી ડરી ૨
પશુ ન પરખે પુરાને તો, ખરાને ખોટું કહેશે;
તે કેમ કળીને પચ પામે, ન ઓળખે પાડોકે ભેંસે;
તેવા લપટ લવરા કરીને, ભવ વૈતરણી વેશેરે. તે. ૩
તમે તમારૂ સંભાળો, બોલ બિજાના દ્યો બાળીક
ગુણ અગુણ કરો ગુરૂ સંગે, રહી વ્રુત તર્કને ટાળી;
ભકતને શરણે થાઓ, સજન દયો, જેષ્ટાનંદ સંભાળીરે.
તે. ૪

પદ ૧૨૬ ગરબી.

તમે શું ભુલોકો ભણી ભવ આવારે,
ન ભુલ્યાતો કાંઈ દ્યો બતાવી. તમે. ટેક.
સાહાસ્ત્રો પ્રુ કહો ન શાસ્ત્રી જણાવોરે,
અનુભવ વિના મુરખા ગણાવોરે, ભણ્યા તેવું સામાને ભણાવો.
ત. ૧
અષ્ઠ પુરાંણી પુરાંણો ન જાણોરે, ગુળ જાણ્યા વિના મત તાણો;
નથી નજરે આવે તે વખાણો. ત. ૨
વેદીયા ન જાણે વેદ શું રે, કરતાનું સ્વરૂપ કેવુંછેરે;
જાણ્યા વિના બીજાને શું પુછે. ત. ૩
જોશી કહે તે અરસા નથી જોતારે, ભેદ ભ્રાંતિનો મેળ ન ધોતારે;
ફરે નિજ દુનિયાનું દુખ રોતા. ત. ૪
વૈદ: નાડ કોનો ન વહેતાર, લોભ લાળાના દવમાં રહેતારે;
પોતે પોતાનું દુઃખ નથી લેહતા. ત. ૫
વેદાંતી બ્રહ્મ જાણે ન અંતરે, થઇને ફરે તે મોટા સંતરે;

શુર બાહ્માવે દેખાડી દંત. ત. ૬
પ્રાકૃતી ન પરાકૃતી લેહતારે, તે પાખંડ પ્રપંચમાં રહેતારે;
પોતાની બુદ્ધ્ય કોને નવ કહેતા. ત. ૭
શાસ્ત્રી અર્થ ાખી ઉર આણેરે, ત વ અસ્ત્રી કે પુરૂષ મન જાણેરે;
તો તે સઃ સ્ત્રી નામ પ્રમાણે. ત. ૮
પુરાણી તે જે ઉરપુર લાવેરે, જગુની જક્તની બતાવેરે;
પુરો પુરાણી તે જન કાવે. ત. ૯
બીદ જાણી લેજે ધગે ાયરે, જક્ત ઉદે જેના થકી થાયરે;
વિદ્વાન તેવાને કહેવાય. ત. ૧૦
ચૈતનશક્તિ જુવે નિશ્કામરે, જડચૈતનમાં તે આરામરે;
જુવે અમ જોગી તે નામ. ત. ૧૧
ઝાળી ગુરૂ ગમની આપે જેહરે, વહી દાહને બતાવે તેહરે;
ખરો વેદ તો જાણવો તેહ. તા. ૧૨
વેદ અંતે વખાણુ સ્વરૂપરે, બ્રહ્મ શક્તી ચૈતન અનુપરે;
તે જાણો વેદાંતી ભવ ભુપ. તા. ૧૩
પર વસ્તુની આકૃતી પરખેરે, માનુ રૂપ મહીતળ નીરખેરે;
પ્રાકૃતી તે પુરો સંત સખે. તા. ૧૪
ભુલ ભણેલા ની કહી ગાઇરે, સમજુતે બતાવ્યા મેં ભાઇરે;
ભુલ્યા ભુલ કાઢો ચા ન ચાઇરે. તા. ૧૫
શક્ત સાચી જ્યારે ઓળખાશેરે, ત્યારે જન્મમર્ણ દુઃખ જાશેરે;
જેષ્ટાનંદ તે ઉર ભરાશે. તા. ૧૬

પદ ૧૨૭ ગરબી.

ભોળા બાળક તારો, દયા દીલ ધરજોરે;
હું બુધી વિના બળહીણ, ગમે તે કરજોરે;
બકવાદી હું બારે વા, બીક નવ રાખુંરે;
બીગાડ બદલામીના બોલ, મુખથી ભાખુંરે. ૧
વળી બહાર ફરૂં બહુ લેર, વચરાં માટેરે;
બાળ હત્યા દીક નહી બાકી વાળ્યો દાટરે;
બહુ કર્મ કરૂં હું, બાત બતાવું શું બરણીરે;

ઓચરીયા બુધી ઉદ્ધાર, જોશો ન કરણીરે; ૨
બળવંતનો શું બાળ, મારે મદ ચડીયોરે;
બાગ બગીચા કરૂં બહુ પેર, હું ગરબડીયોરે;
બળદની પેરે ભાર વહુ, બડબડતોરે;
બકબ્યાની બણતી પેર મારે રખડતોરે. ૩

બંધનમાં પડયો બહુ પેર, છોડાવો બાળારે;
બાપડો ન કરશો બાઇ, જોઇ મસ ચાળારે;
કદી બુડીશ એવું મા, બદલાશી તમનેરે;
બટો બાનાને છે બાઇ, નહી કહે હુમનેરે. ૪

મામાને તમે મારે બાપ, બીજુ નવ જાંણુરે;
બીન દામ બુચ્ચટ ગુલામ, જેષ્ટાનંદ બુરોરે;
બાળા બાંધ ગ્રહ્યાની લાજ, કરી દ્યો હજુરેરે. ૫

પદ ૧૨૮ ગરબો.

સુરખા કહે સૌ માયા તજો, પણ માયા તજી નવ જાયરે;
બુદ્ધી વીના તમે બોલતાં બાજો, માયા કાયા કહેવાયરે;
મુછ શીખા ઉપરથી તજો પણ, અંતર રહી વસાયરે;
વામા દેખીને વાંકા વળો, તે તો અંતરમાં ખડી થાયરે;
તજતા હોતો કાયા તજો, છે કાયા માયા તો એકરે;
રસના રસીલી મુખમાં રહી, નહિ ગુણ અવગુણનો છેકરે;
આંખ્યને કીકી ટીકી, તુજમાં તે વડે મહાસુખ માંણુરે;
ઉરની ઉઠાવીને ઉદર ભરે પણ, તેને તું નવ જાણુરે;
તું શું માયાને માથ્યા કહે, માયા છે ત્રીલોકની માતરે;
બ્રહ્મા વીષ્ણુ મહેશની જનની, તે વીરલા જાંણે વાતરે;
ચૈતન શક્તી મુળ માયા તે, વ્યાપીક વીવીધી પ્રકારરે;
ચીત્ર વિચિત્ર ક્રિયા કરે, તેનો કોઇ નવ જાંણે પારરે;
વીદ્યા અવિદ્યા બે માયા, વિદ્યા તે વિધ્યે અનુપરે;
અવિદ્યા અવગુણ ઉપાધી, તે જાંણે કલેશનો કુપરે,
અવિદ્યા આધાન વિધ્યબધું, વિદ્યાધીન કોઇ સંતરે;
નાદ બુંદને ગતિ અગતી, જ્ઞાનિ જાણે સરવનો અંતરે;

જાંબુ શાકુતજા સર્વજ્ઞ થયો, બીજા અલ્પ જીવ શું જાણેરે;
કો ભોગ લીલામાં ભમતા ફરે, કો અહંબ્રહ્મ મત તાણેરે;
ભેદ બાંલીયે ભર્યા આચારી, અવિદ્યા તણા ગુણ ગાયરે;
જેષ્ટાનંદ ચેતન શક્તી વિના, જન્મ મરણ નવ જાયરે;

પદ ૧૨૯ કકો બારાખડી સહીત.

પ્રથમ શ્રી ગજાનન ગાવું સ્તુતી કરતાં સુખીયો થાવું;
જે વાંછીના વીધનને કાપે, ઇચ્છાથી અધીક સુખ આપે. ૧
સરસ્વતી હું સેવક તારો, માજી પુરો મનોરથ મારો;
વાસ કરો રસનાએ આવી, વાંણી વિમલ દયો દયા લાવી. ૨
શ્રીગુરૂ ચરણ રજ આવું, શ્રીજગદંબાના ગુણ ગાવું;
આ ભવ ભુર ગયા છે ચુકી, ભટકે ભુલાં માતને મૂકી. ૩
તેમાટે કરી કકો બતાવું, સુગમ સેતુ આ ત્યાં ચાવું;
સંસ્કારી સુણી અનુસરશે, તો તે આ ભવ સીંધુ તરશે. ૪
કકા કરી તું ગુરૂની સેવા, કારણ કાડી લે સુખ લેવા;
કિકી કૃગણવડે તું દેખે, કીયા અવળિથી નવ પેખે. ૫
કુસંગતનો તજ અવાસે, કુણુદ્ધ આવશે નહિ પાસે;
કુવળ ચૈજા જ્ઞાન સ્વરૂપ, કૈવલ્ય પદ પામો અનુપ. ૬
કોપ કરશે કુસંગી કુડા, કૌતક શું દેખે નર ભુંડા;
કંપે પછે કીયા શુભ બોધ, કઃ જેષ્ટાનંદ બેઠા તે ખોધ. ૭
ખખા ખળનો એહ સ્વભાવ, ખાલી જોતા ફરે મીથ્યાદાવ;
ખિજે ખરી વાત કહેતાં તેહ, ખિલે ખોટું બતાવતાં નેહ. ૮
ખુંદે તે અતી કામને ક્રોધ, ખુટે અંકુશ લાગે ન બોધ;
ખોટ પડયો તેને સતસંગ, ખૈનો રોગ અવિદ્યા અંગ. ૯
ખોટી પાડે ખરી ખળવાત, ખૌફણને ખોટાં માત તાત;
ખંભોર જેનુ ખોટાઇ કરૂં, ખઃ જેષ્ટાનંદ આવે ન નેરૂં. ૧૦
ગગા ગરજ રાખ એક માનિ, ગાળ ન લેવી શીર અન્યાની;
ગિગવવું નહિ પાખંડ પેખિ, ગિત ગાવું અલખ અલેખી. ૧૧
ગુણ લેવા સારા સાર બોધ, ગુરૂ સાથે રહેવું ચિત પ્રોધ;
જેમ્રી જ્ઞાન ગોળી લે ચલાવે, ગૈ સત્તાવી ઘા પાછિ બોલાવે. ૧૨

ગોઠવે આતમ તત્વને ગોતી, ગોરખના ટાળે મન ઓખી;
ગંખાક બેસે સંત પુરો, ગઃ ગુચવે જેષ્ટાનંદ દુરો. ૧૩
ઘઘા ઘર લીધ્યા જાણે ચારૂં, ઘાત થયે જો તે શું છે તારૂં;
ઘિ ગુઃ જ્ઞાન કેમ નથિ ચાતો, ઘીધ વિશેમાં થૈ રંગ રાતો.૧૪
ગુરૂ શકત સુર્ય ન જાણે, મુક્ષ જાણ્યા વિના મત તાંણે;
ભેરાયો ગરબડીયા ગ્રંથે, ગૈયામાં પડયો અવળા પંથે. ૧૫
ગોડો જ્ઞાનને ન પાસે રાખ્યો, ઘોંભરણિએ સ્વાદ ન ચાખ્યો;
ઘંભિરતા ગમની ન આવિ, ઘંઃ જેષ્ટાનંદ ગોળખ્ય બાવિ.૧૬
ઙ ઙ અંગ તું તો ઉત્તમ પામિ, ઙ ન કર્યે શકતપદ નામી;
ઙિં કત કરશે તુને આઇ, ઙી જે પાપ જશે સહુ બાઇ.૧૭
ઙુણા કત નિશ્ચે નહિ નેહ, ઙૂંણા તિત થાયે જીવ તેહ;
ઙે આનંદ રહે ભરપુર, ઙૈ ઉપાધી તેનાથી દુર. ૧૮
ઙો જે ઇંદ્રીયો નિસે રાખે, ઙૌણા તિત તણું સુખ દાખે;
ઙંમ પડે તેને સહિ બાઇ, ઙઃ ભુન ગતી જેષ્ટાનંદ આઇ. ૧૯
ચચા ચરચા કરતું જાની, ચાયના રાજ્ય એક કરતાનિ;
ચિત્ત તારૂં ચોખાળી લેજે, ચીંતાને તો દુર કરી દેજે ૨૦
ચુકીશ નહિ તું આ ચો દાવે, ચુગાવશે મા બાપ તું ભાવે;
ચેતી કરિયે શક્તની સેવા, ચૈએ તો અખંડ સુખ લેવા.૨૧
ચોપટ બાજી જેવો સંસારે, ચૌદ લોક તે રમતાં હારે,
ચંકે તે જ્યારે જુદુ જણાય, ચઃ જેષ્ટાનંદ તે ન લુણાય.૨૨
છછા છલબલ મુકી દેજે, છાપ મનની આ તનથિ લેજે;
છિદ્ર કોનું ન નજરે જોશો, છીનાળાથિ છી છત ખોશો.૨૩
છુછુ મંન ન મુકિયે ચાઇ, છું કોણ તું ઓળખિ લે બાઇ;
છેક વળશે કરતા કીડા, છૈયાં છોકર દેહુ ની પીડા. ૨૪
છો તમે શેમાં જુવો વિચારી, છૌ વાચતે શું કહોને ધારી;
છંદ પડયો ભ્રાંતાનો તે અંગે, છઃ જેષ્ટાનંદ નહી તે રંગે.૨૫
જજા જગ કરતા રહી વ્યાપી, જાણીને જો વચન અલાપી;
જિવ દશા તું નાખ્યને કાડી, જીવતાં અવિદ્યા આવે ન આડી. ૨૬

જુની થઇ આજીરણ કાયા, જુદો થા તજી ભવ માયા;
જે તે પ્રકારે તું ઝેણું થાને, જે મળવેગે જગ દંભાને. ૨૭
જો કદી જનુની સામું જોશે, જો બલીહારી મહા દુઃખ ખોશે;
જંપ વળશે જનુની જોઇ, જઃ જેષ્ટાનંદ રહે ચીત પ્રોઇ. ૨૮
ઝઝા ઝમકે જાણ્યા વિનાનો, ઝાયર પરતો જગ દંભાનો;
ઝિતે જગતમાં જો તે જાણે, ઝીલે સુધા સંધુ સુખમાણે. ૨૯
ઝુઠું નાંથ તે જુવોને વિચારી, ઝૂરશો નહિ તક આવી સારી;
ઝેર ઉતરશે જકતનું જ્યારે, ઝેરી વસ્તુ નડે નહિ ત્યારે. ૩૦
ઝોલો ન આ જનમને લાગે, ઝોડ ઝપાટો સઘળો ભાગે;
ઝંપાવું નહી જંખના માંહે, ઝઃ જેષ્ટાનંદ જાવું ત્યાંહે. ૩૧
ઞંઞા યજન કર્યંને સારે યાંમની શાતો જાય તે વારે;
યિંયાં દ્વૈત મતિ નહિ સારી, યીંષ્ટ એક સર્વમાં ધારી. ૩૨
યુંપાસકના તો હેવી નીતી, યુગાયુગ તણી જે રીતી;
યેંવી રીત જો આઇ આરાધે, યૈંધ્યેતા અધીક તો વાધે. ૩૩
યોંગ મળે જોગેશ્વર જેવો, યૌંવનથી અભ્યાસ તો તેવો;
યંમનીયમ તો તે કરી જાંણે, ઞઃ જેષ્ટાનંદ તે સુખ માંણે. ૩૪
ટટા ટપ ટપ સમજી લેજે, ટાળી ભુલ તું મા ગુખ કે જે;
ટિચાવું નહિ તુત તોફાને, ટીકાકર ચાપુરાના કાંને. ૩૫
ટુંકી કર ઝલબલને હાંસી, ટુટે જન્મ મરણની ફાંસી;
ટેક એકઅી શકતના જેને, ટૈડાઇ ન હોયે કદી તેને. ૩૬
ટોટો તેને કશો નહી ભાઇ, ટૌકો સુણતાંમાં આવે થાઇ;
ટંટ અપ્રીત વરસે આઇ, ટઃપ ઝીલ જેષ્ટાનંદ ચાઇ. ૩૭
ઠઠા ઠગથી રહીએ દુર, ઠાઠ દેખી ભરમાયે ભુર;
ઠિક હોય તો ઠરીએ ભાવે, ઠીલા ચાવેથી સ્વાદ શો આવે. ૩૮
ઠુમ ન ઠરતો નથી જાંણી ઠૂઠો થાયે કાપી નાજ પાણી;
ઠેઠ અડયાનું ઠેકાણું જાંણો, ઠૈડા પંથને ન મત તાંણો. ૩૯
ઠોક લાગે તો સુણી વચંન, ઠૌકો થા તું ધરીને તંન;
ઠંમકો ન કીજ્ય ઠાલો ભાઇ, ઠઃસી જાશો જેષ્ટાનંદ ચાઇ. ૪૦
ડડા ડમકાં રીદને મારે, ડાયો તો જે દુનીયાંને તારે;
ડિગવાકર દુનીયાં જીતી, ડીગંબરને ન હોય ભીતી. ૪૧
ડુબે દુનીયાને કોઇ કાડો, ડુલ્યા ખરચ કરીને આડે;

ડુરે ડેરાં ફરિ સુખ માગે, ડૈયાં લે કહે આવે શું આગે. ૪૨
ડોક નમાવો દૈવત જોય, ડોમાવું નહી ખોળવિ સોઇ;
ડકો દેઇ દેવિને મળવુ, ડ.પણ જેષ્ટાનંદમાં ભળવું. ૪૩
ઢઢા ઢગલો કરિયુ પાપ, ઢાડીયું ફુલે છે ખરી નાથ;
ઢિલો થાને તું સમજી મંન, ઢીલ ન લાગે પડતાં તંન. ૪૪
ઢુકડું છે આ મોક્ષનું દ્વાર, ઢુંઢે છે શું નાહુ આવે પાર;
ઢેઠીયા કામ કરોધ બે કાડો, ઢૈગંડા મનને તાડો. ૪૫
ઢોલ વાગે તે કહે છે અધંમ, ઢૌકી ન રસ્તો ખોળ્ય અગંમ;
ઢંઢેરો વગાડી કહું ભાઇ, ઢ:કણ જેષ્ટાનંદની આઇ. ૪૬
ણુણા અણુછતિ છત લેજે, મણા ન રાખેશ આ મુખ કેજે;
અણિ ચુકે તો ન સરે અર્થ, મણિ મનુશા દેહતો વ્યર્થ. ૪૭
અણુ પ્રમાણે ઝીણો થાય, રેણુમા ખાંડ તે જન ખાય;
ગણે નાહુ જે બોધ ગુલામ, હણે જાય ત્યાં મોક્ષનુ ધામ. ૪૮
જાણો અવગુણ મુકી માત, હણો આવા ગમનની ધાત;
આણુંદિ આણુંદ ઉર આંણો, ણ:હણાય તે જેષ્ટાનંદ માંણો. ૪૯
તતા તજવીતે કર કામ, તારૂં થશે આ જુગમાં નામ;
તિમિર ટાળ ત્રીપુરાને જોજે, તીક્ષણ મન તજવી ધોજે ૫૦
તુત તોફાને દુનીયાં ડોલે, તૂં ન ડોલિશ જોઇ તે પોલે;
તેવડ તેનિ પેહલી કરજે, તૈયાર થઇ તું તેમાં ફરજે. ૫૧
તો પછે તેનો દાવ ન લાગે, તૌ તાસમિ અનુભવ જાગે;
તંતત્તને અસીપદ જાંણે, ત: રહિને જેષ્ટાનંદ માણે. ૫૨
થથા થડમાંથી ગમ આવે, થાક નહિ કો સાચું બતાવે;
થિર કરે ભ્રમણુતા ભાગી, થીગડાં કાડે ડળેલાં દાગી. ૫૩
થુળ સુક્ષમ કારણ કાયા, થૂંક ઉડાડે ન જાણે જાયા;
થેકે દ્વૈતના ડુંગરા તેહ, થૈ નહિ થીતિને થકિ દેહ. ૫૪
થોકમાં શાકતજન સાર, થૌ ડરનો ઉતારે ભાર;
થંભાવિ જીવ શીવ બનાવે, થ:નક જેષ્ટાનંદ જણાવે. ૫૫
દદા દવથી નિકળ ધાઇ, દાત્ર ગયે નહિ નિપજે ભાઇ;
દિવાના દીલમાં તું જોને, દિપક કરિ અંધારૂં ખોને. ૫૬

દુનિયામાં આવિને શું કિધું, દૂધ બકું તેં તો માનું પીધું;
દેખિ પેખીને સાંઢ તું ફુલે, દૈવત ખોળિ કાઢશું ભુલે. ૫૭
દોલત દાવ દગામાં ખીલે, દૌમ શાહુબી વારમાં ઝિલે;
દંભી દારામાં મન ભળશે, દઃ જેષ્ટાનંદ કેમ મળશે. ૫૮
ધધા વરથિ તું ચેતી લેને, ધારણ મુળ માયા ાં દેને;
ધિરિશ નહી તું લુટારાને, ધરે રહી સતબુદ્ધિ ચાને. ૫૯
ધુતારાનો સંગ ન કરીયે, ધૂળ મેળવે તેથી ડરીયે;
ધેમે ધેમે તે પરખી લીજે, ધૈર્ય રાખિને કારજ કિજે. ૬૦
ધોવું મન સત સગે ભાઇ ધોમ મચાવો આપદ પાઇ;
ધંકારિ મુકો ચોર જે પાંચ, ધઃ જેષ્ટાનંદ નાવે આંચે. ૬૧
નના નકિ કર તન પાઇ, નાદ બુંદની સોધ્ય સગાઇ;
નિરંતર નીવાસ તું માંહિ, નીરખી જોને સોધો શકયાંહિ. ૬૨
નુર એક નરનારી નામ, નુન્ય નથી બેનું એકજ ધામ;
નેમ વિના નપુંસક કાયા, નહિ છેમાં ભેદ એકજ જાયા. ૬૩
નોતી તેને તો ઉપાયી જેમ, નોતમ દેહ પામી કર તેમ;
નંબર એક અખંડે આણો; નઃનાકારે જેષ્ટાનંદ જાણો. ૬૪
પપા પરહરવો કુસંગ, પાખંડનો નવ લાગે રંગ;
પિઠ પ્રતાપ ન પરખે પાપી, પિડે તે અવળી મત આપી. ૬૫
પુજનથી તે પ્રિતી ઉડાડે, પુર્ણપદથી તે નિશ્ચે પાડે;
પેહેલેથી તેને પરખી લેજે, પૈસો જે ખોટા નાંખી દેજે. ૬૬
પોતે પોતાનું આપ સંભાળો, પોલ હોય તે મનથી ટાળો;
પંકજની પ્રેમળશા થાવો, પઃસ જેષ્ટાનંદનો ચાવો. ૬૭
ફફા ફકર ન રાખેશ બીજી, ફાવતું ફળ આપે મા રીજી;
ફિટશે જે આંકતો અવળા, ફિસોદી તે કરશે સવળા. ૬૮
ફુંદી દેને તું કષ્ટના કર્મ, ફુલથી હળવો થઇ જા નર્મ;
ફેંકી દેને તું કલેશની વાત, ફેલ મુકીને ઓળખ્ય માત. ૬૯
ફોગટ ફેરો એ નવ થાય, ફોકા જનમ મરણના જાય;
ફંદ કશો તેને નવ લાગે, ફઃસતો જેષ્ટાનંદની ભાગે. ૭૦
બબા બગડયું કામ સુધાર, બાળપણું સિત્યું મન ધાર;

અક્ષર બત્રીસે પદ કાઢી, શક્તી સર્વને દીધી દેખાડી;
કાઢી કુતર્કને કરો લક્ષ, ખોટું ખરૂં જોઇ મુકો પક્ષ. ૧૦૧
ગુરૂ ગમે ગુણાતીત જાંણો, ધતયલ થઈ ગંભીરતા આણો;
અંગ ઉત્તમ આપ્યું માયે, ચેતન સકતી સે નવ ચાયે.૧૦૨
છકીશ નહિ છત છાર પાઇ, જાંણી લે જગકરતા ભાઇ;
ઝાઝું શું કહિએ ઝટ જાંણો, ઝપુ છતુ કલંક ન આણો.૧૦૩
ટેક રાખી રહેવું નીજ પ્રીતે, ઠોકર નહી લાગે કોઇ રીતે;
ડાપણ તો ડુબે નહિ જયારે, ઢુકડો મોક્ષ મારગ ત્યારે. ૧૦૪
અણુ રેણું પર્યંતે આઇ, તપાસીને જુવો તમે ભાઇ;
થુળ સુક્ષમ કારણની કાયા, દોવત તો છે વાદળ છાયા.૧૦૫
ધર્મ રાખજે ધ્યાનમાં લાવી, નહિ ભુલે થવાનું તો ભાવી;
ફોગટમાં ન ફસાસો ફાંસુ, બગડશો તો પડશે આંસુ. ૧૦૬
ભર્મનો ભાર ન ખોવો ખાલી, માનો મારગ લ્યો તમે ઝાલી;
યતન કરો અગતી ન થાયે, રંક થઇ માના ગુણ ગાયે. ૧૦૭
ભિન થઇ રહો લક્ષ લાવિ, વખત મળશે નહિ આવી;
શરણ થયા તે ઉતર્યા પાર, સત્ય તું છે તે મનમાં ધાર. ૧૦૮
ષીખ માનીને લગાડો રંગ, હંસ થાવો મુકી કાગ સંગ;
સંગ કરો શાકત જન કેરો, મટે જન્મ મરણનો ફેરો. ૧૦૯
શકત વિના સમર્થ ન કોઇ, નિશ્ચે કરો અનુભવ જોઇ;
મતવાદી કેરૂં મુળ જો જો, શકત વીના શું તે સંસે ખોજો.૧૧૦
આ કકો ગાય જે નરનારિ, ભવ તરે કુંટબને તારી;
ભોગવીને સંસારનું સુખ. સ્વપ્નમાં નવ દેખે દુઃખ. ૧૧૧
વંઝાયો પાઠ કરે ત્રીકાળ, ધરભરે પ્રસવીને બાળ;
રોગી રોગ થકિ મુકાય, શ્રીશકત કરતા તેનિ સાથ. ૧૧૨
નિરધનને કરે ધન પાત્ર, નિરબળનું થાયે ધૃઢ ગાત્ર;
ભુત પ્રેત પિશાચન પિડે, કર્તવ તે તો નાસતાં હિંડે. ૧૧૩
કકો કલ્પતરૂ કામ ધેનું, દૈવત દરસાવે આદેનું;
કલ્પના એકે બાકનવ રાખે, મન વાંછિતનું ફળ ચાખે. ૧૧૪
મુંગા હોય તે થાય વાચાળ, પાયે નમે આવિને ભુપાળ;
મળે ભવમાં ભકતનિ છાપ, ટળે તનના ત્રિવિધી તાપ.૧૧૫

શકે અઢારસેં અગીયાર, વિરોધીતા સંવતસર સાર;
સંવત ઓગણીએ પીસ્તાળી, સંવતસર સરવ શાતે ભાળી.૧૧૬
વૈશાક કૃષ્ણ એકાદસિ સાર, ઉ[illegible]ન તિથિને શનિવાર.
રાજનગરમાં રહુ ઉલ્લાસ, ઢાળની પોળ મધ્યે વાસ ૧૧૭
તાજપરમાં તાણે મુકામ, કરયું ત્યાં બાબા ત્રિપુરા ધામ;
તે સ્થળમાં રહી ઠકો કિધો, બોધ સરવને સાચો દિધો.૧૧૮
જિમ ઉદિચ શસ્ત્ર કહેવાઉ શક્ત વિના અવર ન ચાકે;
હતો મુરખ અવિદ્યા અંગ, બદલિ નાંખ્યો ગુરૂએ રંગ. ૧૧૯
પુરણ કર્યો ભ્રમણતા ભાગિ, જ્ઞાન ગોળિ અંતરમાં લાગિ;
ઉદે અસ્ત તણિ ગમ આવિ, કૃપાળુએ તે દિધ બતાવિ. ૧૨૦
જેષ્ટાનંદ કહે કરજોડિ, સેવો ગુરૂને બંધન તોડિ;
તેથિ આત્મ શક્તિ દરસાશે, રૂપ છે તે અરૂપે સમાશે.૧૨૧

પદ ૧૩૦ ઠુમરી.

જગદંબ વીલંબ કહા કરતી, શરણાગત કે સંકટ હરતી.ટેક૦
સુરકી સહાય કીની સીંહ ચડકે, ફેરવી તલકે અસુર ચરતી.
જ. ૨
સંતકે કારણ આવત ધાવત, આકસ્માત જ્યું વીજરી ખ-
રતી. જ. ૩
દુખહારી દરદહન કરનેકું, આપદાવાન લહો કે જરતી.જ.૪
અવિદ્યા મેં અંધભયે અતવાદી, સો ભુલે સ્વરૂપ ઉનસેં
ટરતી. ૫
શાકતજન સમરથ કે ઉરમે, વાંતો જ્ઞાન સુધા હોકે ઠરતી.
જ. ૬
કામ કુંવરકું બચાયલીયો હે, જો કાલાગ્રહ મેં લગાય સુ-
રતી. જ. ૭
રામનાથ બલભ શર્ણુ લીયે, કીયે અભય ઉનકે સંગ કરતી.
જ. ૮
ઉદ સ્થીતી સંહારક શક્તી, રુબ તેરે ઉછગમેં હે નામ ધ-
રતી. જ. ૯
રંકકું રાવ કીયે એક છીનમે, ગુન કે હીનમેં ગુન ભરતી.
જ. ૧૦

દયા ક્ષમા શાંતી સબ આપે, ઔર મુરી હોય કે રનમે લ-
રતી. જ. ૧૧
આપ આધીન ન ઔર ઉપાસક, ક્યું ન મેરી ખબર ન
સુજે પરતી. જ. ૧૨
સબકે કામ કરત કરૂણા નીધ, મેરે કારજસેં તું ક્યું ડર-
તી. જ. ૧૩
અતી અનારી શઠ સુખ પાવત, તુંને મેરી રતી ક્યું કીની
નરતી. જ. ૧૪
હીમત હોશ ક્યું આપ શરણસેં, સિધિ ઔર સાતા ક્યું
કુબ મરતી. જ. ૧૫
મા જેષ્ટાનંદકી ઉમર હીજત, આ ભવ સિંધુસે કરદો તરતી.
જ. ૧૬

પદ ૧૩૧ આઠ વારની લાવણી.

આતો પ્રાણી મ...ામાં આવે તો, જુવો એક દીન નિશ્ચે જાવું;
જો તરવું તો ...શે શકતી, સાતવાર કહ્યા સમજાવું. ટેક.૧
આદીતવારે આદિ અંતમાં, વ્યાપક સઘળે છે શકતી;
ભુલી ભટકશો નહી ભવમાં, તમે કરો સદા તેની ભકતી,
માયા તજવી કહે મુરખા, કેમ તજવી પછે ક્યાં જાવું;
જો માયા વિના તો કાંઇ નથી, સાતવાર કહ્યા સમજાવું. ૨
સોમવારે તો સૌ મય શકતી, જડ ચૈતન સૌ વ્યાપી રહી;
ચંદ્ર જ્ઞાન છે ઉરે હૃદયમાં, બે જનતો તેને જાણે સહી;
વીમુખને તો વસમું લાગે, મનાય નહી તેનાથી હાવું;
સંગ વીના સુજે નહી માટે, સાતવાર કહ્યા સમજાવું. ૩
મંગળવારે મંગળ દાયક, મૂળ માયા છે મોટી દેવી;
તે સત્ય સ્વરૂપ પામવા માટે, બ્રહ્મા વિષ્ણુને શીવ સેવી;
મતવાદીને મતે ચડાને, દુખ દરીયામાં સીદ નાવું;
જાણ્યા વીના જંજાળ પડે શું, સાતવાર કહી સ મજાવુસં.
બુધવારે બુદ્ધિ બળબાળા, બળે કરીને સગળે ફાવો;
શું તે જનુનીને જાણો નહી, ને સેદ શાંતીમાં તન તાવો;

જો માત વીના શું ઉદે નહી, ઉરવી નહી ક્યાં છાપરં છાવું;
દેવી વાના દેખન નદીસે, સાતવાર કહી સમજાવું. ૫
શુક્રવારે તો શુરૂ ગમથી, તત્વ તપાસી જુવો તનમાં;
શકતવીના શું શુંની પજે છે, સોધ્ય કરી સમજો મનમાં;
સાચું શોધો અનુભવ કરીને, ભુલી ભમતાં નવ થાવું;
શકત વીના તો નહી નીકળે; સાતવાર કહી સમજાવું. ૬
શુકરવાર કહે શું કરવાને, અવર વસ્તુમાં ચીત ઘાલો;
આત્મ શકતી અંતર બીરાજે, તે ઓળખી શુભ રસ્તે ચાલો;
શકત સત્ય સ્વરૂપી સાકર, તજીવેમ વીશ નવ ખાવું;
ભ્રાંતીને ભડકે નવ બળશો, સાતવાર કહી સમજાવું. ૭
વારશની કહે વારશની છે, કાળ રહશે શીરે તાકીને;
ભુલશો નહી કો ભગવતીને, તમે મદ મછરે છાકીને;
મંદવારે જે મંદગતી છે, કાઢી નાખ્ય ફરી નવ થાવું;
શકત સાચો છે સમરો પ્રાણી, સાતવાર કહી સમજાવું. ૮
સાતવારની શીખામણ જે, તનમનથી કાંને ધરશો;
સમરણ કરતાં શકતી કેરૂં, શેજમાં ભવ સિંધુ તરશો;
રોગ વિયોગ ન આવે પાસે, જો જ્ઞાન સુધામાં નિત્ય નાવું;
જેષ્ટાનંદ કહે શકતએ સાચી, સાતવાર કહી સમજાવું. ૯

પદ ૧૩૨ રાગ કાફી.

કુબુધ્ધ કથામાં આવીરે, તે સારની ન શોધ્ય કરે;
જે અંતરમાં અંધારૂંરે, તેવું તો આવિ મંન ઠરે. કુ. ટેક
બતાવે કથા કીરતનમાં, વિવેક વાશયનો સાર;
પ્રેમને મને પ્રિતિ પ્રાપ્તિ, તે તો નવ તપાશે ગમાર;
અંતરમાં અવળું લાવિરે, નાદાન નીંદા કરતો ફરે. કુ. ૧
સાર લેવા શ્રોતા થઇ આવે, પણ બાંધીને જાય તે પાપ;
વક્તામાં વિવેક નથી કહે, બતાવે બુદ્ધિબળ આપ;
છાપ ચોરાસીની ચોરીરે, તે શઠતો શી રિતે તરે. કુ. ૨
શાળા ઉપર દ્વેશ કરે ને, પોતે ન અરપે ... ય;
સદબુદ્ધિનો સ્પર્શ નહિ તે, જન્મ ગમાવે જગ જાય;

ચાહને તે ચિત્ત જુદેરે, કર્મમાં કુરાઇ મરે. કુ. ૩
કથા કિરતન કામ ન આવે, સમજ્યા વિના તેનો ભાવ,
જાણેથિ જંજાળ ઉતરે, ભ્રાંતિ ભ્રમણતાનો તાવ;
ઇહાવ જેષ્ટાનંદ લાધેરે, કદિ તે ન કાળથિ ડરે. કુ. ૪

પદ ૧૩૩ રાગ કાફી. તાબુતની રાહ.

જીયા જાનસે, જુઠી જકર, તેરા તનસે;
જુઠી જકર તેરા તનસે, સુખ સંસારકાતો સ્વપ્ન હેરી. જી. ૧
પ્યારે પુરવકીતો પુન્યાઇ, બુદ્ધ બિધા તેરે મેંતો આઇ;
મદમસ્ત હુવા રાજ પાઇ, કરને લગા બહોત બુરાઇરી જી. ૨
ધર્મ કર્મ કોનહી પૈચાને, કયું કુસંગસે હુવા બેભાને;
સતગુરુકી માની નસાંને, મુકમતા કયું કરે તોફાનેરી. જી. ૩
સુતદારા સીરપર સેરા, સબ જાનતાહે તું મેરા મેરા;
દેખ આખર કોઇ નહી તેરા, જાય દોગે જંગલમેં ડેરારી.
જી. ૪
જલદી બુધ્ધિ સુધારલે સારી, ગર્વ ગુમાનકું દે બેટારી;
કરલે સંતકા સંગ બિચારી, જેષ્ટાનંદતો લેગા ઉગારારી. જી. ૫

પદ ૧૩૪ ભૈરવની આરતિ.

જયશ્રી બટુક બળીયા, જયશ્રી બટુક બળીયા;
આપદનિવારણ કષ્ટ, કરૂણામય કળીયા. જય. ૧
ભૈરવ ભવ ભંજન, અંજન રીપુ ટળીયા,
રંજન જન મન મંજન, ખંજન ખલ ટળીયા. જય. ૨
રોગ વિયોગ વિનાશક, રાજ રીપુ પળીયા;
કલેશ કારણને ટાળી, સદા સુફળે ફળીયા. જ. ૩
વિધી સકલ વશરાખે, મહીપતી મન ચલીયા;
જે અસુર ઉપાધો કરતા, યમકિંકર ખળીયા. જ. ૪
રૂ૧ કપાલી કાળ, દંડ ગંડ ત્રિશળ ભલીયા;
દિનસત આદે આપ, કૃપા કરી મળીયા. જ. ૫

ભાવે ભૈરવ આરતી, ગાઇ ધાઇ વળીઆ;
જેષ્ટાનંદ જીવ પામે, એહ રિદ્ધી રળીયા. જ. ૬

પદ ૧૩૫ બાર મહીના.

શ્રી ગુરૂ ગણેશ અંબાય, શરણે લાગુરે;
શ્રી સરસ્વતિ કરજો સાય વાણી માગુરે. ૧
વાગીશ વદને વાસ કરો, તો ગુણ ગાવુંરે;
માત વેમ વૈખરી હરો, સુખીયો થાવુંરે. ૨
છુટે જન્મમરણનો પાસ, તે પરખાવુંરે;
સુણો અર્થ કરી તેર માસ, પ્રેમથી ગાવુંરે. ૩
ભવ ભુલ્યા ભગવતી રૂપ, ભટકાં મારેરે;
ડુબે દુનિયાં અવિદ્યા કુપ કોન ઉગારેરે. ૪
તે માટે જણાવવા જક્તને, કહું છું વરણીરે;
થશે સમજી શક્તના ભક્ત, ટળશે કરણીરે. ૫
માટે સતગુરૂ શરણે થય, શક્ત આરાધોરે;
વારો વપુને નવ જાય વહી, કારજ સાધોરે. ૬
આવો ઉત્તમ મનુશાદેહ, ફરી નહિ આવેરે,
આપ્યો કૃપા કરીને તેહ, ન ખોશો દાવેરે. ૭
કહે જેષ્ટાનંદતો એમ ઉપાધી તજવીરે;
મનથી રાખી એક નેમ માતને ભજવીરે. ૮
કહે કારતીક માસે તો કર્મ તક આ આવીરે;
કાચી કાયા જાણીને ડર કહું સમજાવીરે. ૯
ક્રિયા ક્રિયા કર્મથી તો પાપ પીડા ટળશેરે;
ક્રિયા કર્મ થકી સુખ આપ સંપત મળશેરે. ૧૦
કુકર્મ કબુદ્ધિને કાડતાં તો સુખ થાશેરે;
કૈવલ્ય જ્ઞાનને મન તાડતાં પાપ પળાશેરે. ૧૧
કેવું કરવું તે સુણો ભાઇ, કાને ધરજોરે;
જ્ઞાન અમૃત બોચરબાઇ, હ્રદેમાં ભરજોરે. ૧૨
કોઇનું કહ્યું નવ માનશો, શક્ત છે સાચીરે;
ક્રિયા કરે ધણી બેભાન સો સરવે કાચીરે. ૧૩

કંઇ કઉતક જોઇને કોડે કામ કરે છેરે;
પરખ્યા વિના પતંગની ગોડે બળી મરેછેરે. ૧૪
નવ બળશો સમજી મંન દૈવત જોજોરે;
ત્રિપુરાને તો અરપી તંન, ભ્રાંતિયો ભોજોરે. ૧૫
ભ્રાંતિથી તો ભગવતી દુર, તે ન કરવુંરે;
કે જેષ્ઠાનંદથી હજુર ભવમાં તરવુંરે. ૧૬
પ્રાણી માગશીરે મા આગે શિર તું મૂકી દેનેરે;
તારા મનમાં હોય તેવી મા આગળ કેનેરે. ૧૭
કદી માનવ રાખે મેલકે, મનમાં આંટીરે;
અરભ કને ઉગારે સેલકે, વસમાં ઘાંટીરે. ૧૮
વિઘન વારે સહુ આવતાં, મા દયાળીરે;
વળી લાડ લડાવે ભાવતાં, દુખડાં ટાળીરે. ૧૯
અસંખ્ય સુત એક માત, પણ નવ ચુકેરે;
સુણે સરવની છાની વાત, ચિંતા નવ મૂકેરે. ૨૦
હોય પુત કપુત કહાય, અવળો ચાલેરે;
પણ માત કુમાત ન થાય, ઘણો સંભાળેરે. ૨૧
જનુના વિના નહિ જક્તમાં, તે જુવો ધારીરે;
ન મુકો થઇ વિરાગ્યા શક્ત મા વિસારીરે. ૨૨
કદી મૂકશો તો માઠું થશે, કહુંછું પોકારીરે;
સુખ સંપત સરવે જશે, ચાલો વિચારીરે. ૨૩
કહે જેષ્ઠાનંદ સમ ખાઇ, કદી ના ચુકુરે;
જીવું ખાવી જનુનીની ધા-, હવે ના મુકુરે. ૨૪
મા તું પોસે પોશણ કરતી, પ્રાણિનું પોતેરે;
પેટ પેરપેરના ભરતી, જગમગ જોતેરે. ૨૫
કે પ્રગટ પિઠ પરતાપ, પશુ શું જાણેરે;
ભુલ્યા અપલક્ષણથી આપ તે મત તાણેરે. ૨૬
તન ચડો તરૂણ મદ ટાઢ અવિદ્યા ઓઢેરે;
હુંશિયારી હિમ પડ્યું હાડ તત્વ તન તોડેરે. ૨૭
પરપંચ પાખંડતો પાથરે, નિંદા નારીરે;
પાપ તાપથી ન ડરે, નજર નઠારીરે. ૨૮

તે શું પરખે પરમેશ્વરી, પાર ન પામેરે;
પાકો સંત મેળવે ઇશ્વરી, તો જડ જામેરે. ૨૯
જો પુરણ થાય પરતાપ, નવ રહે બાકીરે;
મળે માના ભક્તની છાપ, સેવે તન તાકીરે. ૩૦
તો સુફળ થાયે ધર્યું તંન, કશુંથી કાડેરે;
પળ ચુકે ન ગુરૂ વચન મન રમાડેરે. ૩૧
તો પ્રગટ દેખે મા પંડમાં, પુરણ પ્રકાશેરે;
જેષ્ઠ નંદની મા બ્રહ્માંડમાં રહે સુખ રાશેરે. ૩૨
માઘ માસે મહા અઘ જાય માના મંત્રથીરે;
ત્રિપુરા કાડે તતકાળ, અવિદ્યા તંત્રથીરે. ૩૩
ઘણું મોંઘુ જે માતનું સુખ, તે જન માણેરે;
છે જ મમરણનું દુઃખ ટળે તે ટાણેરે. ૩૪
મહા મોટું દૈવત માતનું વીરલા જાણેરે;
વળી બાપા નામ છે માતનું, જોજયો ઇંધાણેરે. ૩૫
સુતરીત દારા વળી ધન, તે સઉમા છેરે;
નથી માયા વિનાનું તો અન્ય સહુ તેનાછેરે. ૩૬
મા ખવરાવે ધવરાવેને કારજ સારેરે;
મા નવરાવે ગવરાવેને મનડાં ઠારેરે. ૩૭
મા જડચૈતન પ્રતીપાળ વ્યાપિક બાધેરે;
પોતે કાળ તણી મહાકાળ જો તે અ ારાધેરે ૩૮
આપે મનવાંછીત મહાસુખ પિડા ટાળેરે;
મા ભાગે ભવની ભુખ બહુચર બાલેરે. ૩૯
માટે જેષ્ઠાનંદ કહે માત શરણ ઝાલોરે;
મરમર કરતાં થશે ઘાત મેલી ચાલોરે. ૪૦
ફાલ્ગુણે આ ફાલ ગુણ તણોતો અતિ આવ્યોરે;
લાગે મુરખને મિઠો ઘણો અતિશે ફાવ્યોરે. ૪૧
નરનારી વપુ વન વેલ ખિલી નિજ રંગેરે;
કરે ક્રિડા બન્ને થઇ એલ ન મુકે સંગેરે. ૪૨
કામ કુસુમ ખિલ્યાં બહુ નેત્રથી નિરખેરે;
સંગ રંગ છાંડી જન બહુ મનમાં હરખેરે. ૪૩

આવભાત્ર અભિરગુલાલ, અન્યોઅન્ય નાંખેરે;
ગોઠવાણું ગરજની ગાળ મુખેથી ભાંખેરે. ૪૪
લાગી લાજ શરમની ભાય, હર્ખની હોળીરે;
ફાગ ફુલ્ય ફજેતો ના ગાય ખળનં ટોળ'રે. ૪૫
રજ રાજી રાખેછે જીવ મોહ ઉપજાવેરે;
તમ ગુત ભુલાવે શિવ, કો ન બચાવેરે. ૪૬
સંતો સમજાવીને સાર તત્વ દરસાવેરે;
પામે ભવ સિંધુનો પાર ગર્ભમાં ન આવેરે. ૪૭
માટે આત્મશક્તને જાણી, અવિદ્યા મુકોરે;
જીવ જેષ્ટાનંદ ક્હેવો તાણ્યાં રખે તમે ચુકોરે. ૪૮
કહું અંતર ચાહીને તર, અવસર આવ્યોરે;
ઉપાધીને અલગી કર, તેમાં તું ન ફાવ્યોરે. ૪૯
અલ્યા ચેતનની કર ચાહ, ચિત્ત ચોખાળીરે;
દઝશે આ ભવનો દાહ લગાડી લે તાળીરે. ૫૦
અલ્યા ચુકિશ નહિ ચેતાવું, તું ચેતી લેનેરે;
તુને સાચી વાત સમજાવું મા મુખ કેનેરે. ૫૧
આતો ત્રણ લોકનું તત્વ, છે ત્રિપુરા બાળીરે;
વળી સારાસારનું તત્વ, લેજો સંભાળીરે. ૫૨
અરપી તનમન પ્રાણ ભવાની ભજવીરે;
તો પામો પદ નિરવાણ, સજેયો સજવીરે. ૫૩
છે ભગવતી ભવમાં એક, તારણ તાકોરે;
એથી અખંડ લગાવી ટેક, પ્રેમમાં છાકોરે. ૫૪
એતો જોશે નહિ અવગુણ દયાળી દેવીરે;
યશ કિરતા કરે ચોખુણ જો ભાવે સેવીરે. ૫૫
છે જેષ્ટાનંદની માતતો વ્યાપક સઘળેરે;
ગુરુગમ્ય વિના વિખ્યાત તો કોઇ ન કળેરે. ૫૬
જો વેશાકે વહીશ હકથી તું મારગ જાણીરે;
તજઉ મારગ તકથી છલ બલ વાણીરે. ૫૭
ન બળીશ ત્રિવિધિ તાપથી શરણુ લેનેરે;
અવિદ્યા તજ તું આપથી, તનમન દેનેરે. ૫૮

બહુ વિષમનો વાયુ વાય, તે નવ ચાશોરે;
ગમનથી તે કરશે ઘાય, ત્યાં નવ જાશોરે. ૫૯
સુગમ મારગ છે શાક્તનો, ખોળીને જાશોરે;
છે અવળો પંથ આ ભક્તનો, તે નવ ચાશોરે. ૬૦
અવળામાં અવળો સાર, તમના તડકારે;
ત્યાં કર્મના કાષ્ટ અપાર ભ્રાંતિના ભડકારે. ૬૧
ત્રણખા તાપને કાષ્ટ કારણ કળતાંરે;
નિરમળ થાયે અંગ અષ્ટ જ્ઞાનમાં ગળતાંરે. ૬૨
જ્યારે જ્ઞાન ગોળીનો ઘા ગુહ્ય અંતર લાગેરે;
તવ તે ઉઘડે તારહ્ય અનુભવ જાગેરે. ૬૩
વળી જેષ્ટાનંદને તો પામો આવેશ આખેરે;
રૂપારૂપી અરૂપમાં જાઓ અમીરસ ચાખેરે. ૬૪
જેષ્ટેતો જે બ્રહ્મ એક અખંડ અવિનાશીરે;
જેનો કોઇ ન પામે છેક ચરાચર વાસીરે. ૬૫
જડચૈતન વસ્તુ અનેક સઉમાં શક્તિરે;
જુવો એવી ના મળે છેક કરોને ભક્તિરે. ૬૬
આ જુગમાં જુજુવા ધર્મ જોઇ ન ભુલોરે;
કરવું તે તજને અકર્મમાં શિદ ડુલોરે. ૬૭
ન સમજ્યા વિના સુખ થાય દુખને દાબોરે;
મતવાદો મન પસ્તાય બધ ફરે લાબોરે. ૬૮
સાધુ સન્યાસીને ફકીર દીન સુરતાનારે;
તે કેમ પામે ભવતીર ચોર કરતાનારે. ૬૯
તેને શાકતે કરી શિક્ષાય, ચિત્તને ચટકેરે;
પણ ટુટી ન અપીક્ષાય ભાવમાં ભટકેરે. ૭૦
તોયે પરપંચને પાખંડ તે નવ મુકેરે;
એવા મુરખ લંપટ લંડ સઘળે ડુંકેરે;
માટ મુકીને મિથ્યા છંદ શાક્તને જાણોરે;
જેષ્ટ માસે કહે જેષ્ટાનંદ જ્ઞાન ઉર આણોરે. ૭૨
કહે અખાડ માસે ભવ ખાડ દીસે અતિ ઉંડારે;
મહે માર માર પડે ધાડ છે બહુ કુડારે. ૭૩

તેમાં પડીયા જીવ અનેક પાર ન પામે રે;
ભુલ્યા રૂપ શાંધળા છેક કુટયા બહુ કામેરે. ૭૪
વળી બ્રહ્મે ભરમાવ્યું મન અહંપદ આવ્યુંરે;
તેથી મદમાતું થયું મન જ્ઞાન ભુલાવ્યુંરે. ૭૫
કોઇ શાક્તજન સમર્થ સમજણ પાડોરે;
સારાસારનો બતાવી અર્થ ખાડથી કાડોરે. ૭૬
વળી કો જે કુતર્ક નાદ મહિનો કહેછેરે;
કરો જ્ઞાન ગર્જના ગાઢ તે બે મન લેહેછેરે. ૭૭
કરો માત મેઘની તો શ્રષ્ટ અંતર ભીંજેરે;
આત્મતત્વનું અંતર દ્રષ્ટથી ઉગે બીજેરે. ૭૮
થાપે શક્ત ચૈતન ચીત જીવપણુ જાયેરે;
રૂપ અરૂપમાં થાયે લીન, શિવ થઇ જાયેરે. ૭૯
માટે જેષ્ટાનંદ કહે ભાઇ આઇ નવ ચુકોરે;
જશો વિચારતામાં વિસાઇ આયુશ ટુંકોરે. ૮૦
કહે છે આવજો આવ વિના અગ્નિ કેરારે;
કદિ બળે નહિ આવી બિના જીવ અનેરારે. ૮૧
કહું શ્રવણે શ્રવણ કરો અમૃત આકરે;
બુંદ બુંદથી હૃદય ભરો છે સુખદાઇરે; ૮૨
શકત સુધા રસ મેહ ઝરમર વરશેરે;
ખુધવંત બપૈયા જેહ તે જાહુ તરશેરે. ૮૩
તેની પુરે ઇશ્વરી આશ કાશ સઉ જાયેરે;
છુટે જન્મ મરણના પાશ જે ગુણ ગાયેરે. ૮૪
અધમ ઉદ્ધારણ આઇ, એક આ ભવમાંરે;
ન બળવા દે સુખદાઇ, દુઃખના દવમાંરે. ૮૫
માટે સમરોને સૌ શકત, આદર આણીરે;
ન ભુલશો કહું છું જકત અન્ય કાંઇ જાણીરે. ૮૬
ભુલેથી ભવ નહિ ટળે, નવ ભરમાશોરે;
દૈવત વિના દાડો શો વળે માટે ન ચાશોરે. ૮૭
તમે તત્ત તપાસી જુવો જેષ્ટાનંદ કહેછે રે;
જાંણી ચૈતનને કાઢો કુવો સબળે રહે છે રે. ૮૮

ભાર પદ તો ભાદ્રહના પદને તજજોરે;
ભોગ તજી સહુ ગૃહના શકતને ભજજોરે. ૮૯
ભા આદર કરીને ભાળય ભગવતી ભાસેરે
તુત તમાશાને ટાળય પરખ છે પાસેરે. ૯૦
ભેદ ભ્રાંતીએ ભર્યા ભુર ભવમાં ભટકેરે
ખોયુ આત્મ શક્તીનુ નુર, કામને ચટકેરે. ૯૧
તે કરશો નહી કુસંગ, કદી તમે ભુલીરે,
મુરખા કરશે મન ભંગ, તો જશો ડુલીરે. ૯૨
માટે મુકીને મનનો મેલ, માને ભજજોરે
કાળ કંપે તેવીતો પેહેલ, સજેયો સજજોરે. ૯૩
મેળવીને પ્રાણ અપાન ગગનમાં ગાજોરે.
લેઇ સત ગુરૂની તો સાન, ધ્યાને બીરાજોરે ૯૪
સાચુ સરણું એક શક્તનું, સમજી લેજોરે,
નીરભય પદ છે ભક્તનું, મા સુખ કહેજોરે. ૯૫
છે જેષ્ટાનંદને તો એક ટેક ત્રીપુરાનીરે,
આ યુગમાં ધર્મ અનેક ક્રિયા કરતાનીરે. ૯૬
આસો માસે આશ ઉમેદ, રાખ તુંતો માનીરે
જેથી મનમાં પડે ન ખેદ, ન થાયે હાનીરે. ૯૭
નહી દેવી સમુ દાતાર, દીસે દુનિયામાંરે.
જેનો ન પામે કોઇ પાર, સાર ગુનીયામાંરે. ૯૮
આપે દારા સંતાન, ને ધરણી ધારીરે
રાખે મરયાદાને માન, જો કરણી સારીરે, ૯૯
નવ નવરાત્રીના દીન, માને ભજજોરે,
તન મન કરી આધીન, અવગુણ તજજોરે. ૧૦૦
અશ્વને ગજરથ સાર, તે આપશે દેવીરે,
એતો નોધારાની આધાર, દયોને સુખ સેવીરે, ૧૦૧
આ પુરણ પદની પ્રીત, દેવુ પરખાવીરે,
જો એ રાખસો તો ઘેર, નીત્ય દીવાળી આવીરે. ૧૦૨
વીમૂખને તો દીવા બહાર, અંતરમાં અંધારૂંરે
શાક્ત જનને ઝધળે ઠાર, દીસે છે સારૂંરે. ૧૦૩

એમ જેષ્ટાનંદને તો શક્ત, છે એક સાચીરે
માટે કહીને દાખવું જક્ત, ખોળોને સાચીરે. ૧૦૪
પુરૂષોત્તમે પુરૂશોત્તમ ભ્રાંતી જે કાડરે,
છે જક્તનાં વસ્તુ અગમ્ય, તે ગમ જાણુરે. ૧૦૫
વળી ભેદ ખેદને ભુલ, તે સઉની ટાળેરે,
પરખાવે પદ અમુલ, ગરવને ગાળેરે, ૧૦૬
તારે કાંમ ક્રોધને કલેશ કુતર્ક ન આવેરે,
દ્વૈતભાવ દુર બુદ્ધિ દ્વેશ, ન તનને તાવેરે. ૧૦૭
એતો ત્રણ ગુણ ત્રીતત્વ, સોધન કરતારે,
આત્મ શક્તી ચૈતન શકત -હદેસાં ભરતારે. ૧૦૮
તેને થયું બ્રહ્મનું જ્ઞાન બ્રહ્મ ગયો ભાગીરે,
લાગે સત્ય સ્વરૂપનું ધ્યાન, જુવોને જાગીરે. ૧૦૯
આમ જાણ્યા થકા જંજાળ, જગતની જાયેરે,
ભવમાં બુડતાં તતકાળ મા કર સાયેરે. ૧૧૦
આમ મળ માસે મળ કાઢી ઉત્તમ થાવોરે,
આત્મ અધિક પદ બેસાડી, મા ગુણ ગાવોરે. ૧૧૧
તરપો ત્રિપુરા વિખ્યાત, જગમગ જોતેરે.
તે છે જેષ્ટાનંદની તો માત, મળશે પોતેરે. ૧૧૨
આ પુરણ થયા તેર માસ, ત્રિપુરા કેરારે,
સુણજો ભણજો થઇ દાસ સાંજ સવેરારે. ૧૧૩
એહ પુરશે મનની આશ, કાશ સહુ વામેરે,
હુદે આવા ગમનના પાસ મહા પદ પામેરે. ૧૧૪
મા નિરધનને ધન પાત્ર, ક્ષણમાં કરશેરે,
મહા રોગ દોશ દુર માત્ર, પળમાં હરશેરે. ૧૧૫
મા પ્રતાપે પ્રસવે પુત્ર, વંઝા હોય નારીરે,
મા મેળવે શુભ વર સુત્ર, કીરતી સારીરે. ૧૧૬
ગૃહ ભુત પ્રેત પીશાચ, કર્બંચ કાંઇરે
કદી નાવે ઉની આંચ, દાવાનળ માંહીરે. ૧૧૭
આ માસ મહા કરે પાઠ, નીત્ય નેમ રાખીરે,
તેને થાય તો સિદ્ધિ આઠ, રહે અણીઆખીરે, ૧૧૮

સંવત ઓગણીસેંની સાલ, તેતાલીશમાંરે.
જેઠ શુક્લ દશમી તે કાલ, બુધવારીશમાંરે, ૧૧૯
રાજનગર નીજ ધામ, આસ્તોડીયામાંરે,
હાળ તીયાળમાં ઠામ, રહે સોડીયામાંરે. ૧૨૦
નાજપરમાં તાજો મુકામ, કરીયો માયેરે.
જેષ્ટાનંદ માનો ગુલામ, ત્યાં રહી ગુણ ગાયેરે, ૧૨૧
છું બ્રાહ્મણ ઉદીચ શાસ્ર, વ્યાસ કેવાઉ રે.
ષ્ટાનંદ કહે મા અસ્ર, થકી સુખ પાઉરે, ૧૨૨
જય જય જય જય આઇ, મુખથી કહેશોરે.
આશા પુરશે અંબાબાઇ, સુખમાં રેહેશોરે, ૧૨૩

પદ ૧૩૬ રાગ ભેરવી.

શ્રી બાળા ઉઠો જન મંગળકારી, માનસી પુજા ગૃહણ કરો
મારી શ્રી ટેક.
અં અં અરૂણ ઉદય થયો આઇ, સોહં -હૃદય બીરાજો
ચીતચાઇ
હ્રાં હ્રીં દ્રગ અંતર પટ ઉઘાડો, ક્રીં ક્રીં કળીમળ કુકર્મને
કાડો શ્રી ૧
વં વરૂણાત્મક સ્નાન માકીજે, સં સત્વાત્મક વસ્ર ગૃહીજે;
શ્રીં અષ્ટાત્મક અલંકાર ધારો, લં પૃથ્વી આત્મક ગંધમા
સારો શ્રી ૨
કલીં કામાત્મક અક્ષત મા અરપું, હં આકાશાત્મક પુષ્પ
સમરપું;
યં વાયવ્યાત્મક ધુપછે માજી, રં તેજાત્મક દીપ થાવો રાજી
શ્રી ૩
વં અમૃતાત્મક ભોજનમા કીજે, સં સર્વાત્મક તાંબુલ લીજે
મન કર્મ વચને આ માનસિક કરશે, જેષ્ટાનંદથી ભવ
નિધિ તરશે. શ્રી ૪

પદ ૧૩૭

ગોળી તણારે ગુલામ નફટ નર ગોળી તણારે ગુલામ,

પ્રીય લાગે ચામને દામ, નફ્ટ નર ટેક
લાજ વીના લાચારી કરે, કોની શીખ ન લાગે નામ,
કુબજાની કહેણીમાં રહીને, કરે તે અવળાં કામ. નફ્ ૧
માત પીતાનો મોહ ઉતારે, નીજ સ્વારથ માટે નીદાન;
અવળુ સવળુ સમજાવીને, ભ્રષ્ટ કરે એ ભાન. નરફ્
અપયશને અપ કિરતી કરાવે તોયે ન આવે સાન,
અંધ થયો તે અક્કલ ન પોચે, વીધી થયો તેને વામ. ન ૩
યમ નીયમને ધર્મ મુકાવે એ નારી નર્કનો ઠામ,
માટે જેષ્ટ;નંદ જગતને છોડી, વનમાં કીધો મુકામ. ન ૪

પદ ૧૩૮ જોટો.

આ યુગમાં અવળુ થાય જુવોને આ યુગમાં અવળુ થાય,
નર સહુ નારી તણા ગુણ ગાય; જુવો. ટેક.
નરને દેખી નારી ધ્રુજતી જોઇતુ નવ મંગાય.
એમ આજ નર નારીથી ધ્રુજે, તેને કંઇએ નવ કહેવાય;
જુઓ ૧
કદી કોઇ તેને કહેવા જાયતો, કહેતાં પહેલી ધાય,
નરને નાકા લઇી તણાવે, નવ રાંધે નવ ખાય; જુવો ૨
ધણી તમે છો કહેતી જાય પણ, ધણી પણ નવ થાય,
હરેક વાતમાં સાચી થાવા, સમ ધણીના ખાય. જુવો ૩
તે અબળા જો અવળી ફાટે, તેનો નહિ ઉપાય,
જેષ્ટાનંદ તેથી રહે અળગો, શ્રી શકતે કરી એની સહાય.
જુવો ૪

પદ ૧૩૯ જોટા

કળયુગ કાળો કેર કરે આ કળયુગ કાળો કેર.
સ્નેહ સગામાં બહુ વેર; ક. ટેક
અપ્રીતને તો અળગુ કાઢી, નેત્રમાં ભરીયુ ઝેર,
અવગુણ ઉપાધી વહાલી લાગે, મનમાંથી ગઇ મેર; ક. ૧
કામનીથી કળીયુગને ફાવે. છે સંખણાયો ઘેરઘેર,
સ્વામીને સમજાવી લડાવે, પોતે રહે સુખ ભેર; ક. ૨

હિતકારી નહિ માત પીતા સંમ, તેમાં દાખવે અવગુણ લેર;
પરવશથી પલટાયો પશુ, કરે દુઃખ દેવાની પેર; ક. ૩
પુત કપુત આ કળયુગના, ભુલ્યા માત પિતાની એર,
જેષ્ટાનંદ તે જોઇને ચમકે, અવળુ જુવે ડેર ડેર; ક. ૪

પદ ૧૪૦ જોટા

પીડા ભોગવે તે વ્યર્થ સુત માટે પીડા ભોગવે વ્યર્થ.
તેમાં કશો સરે નહિ અર્થ, સુત ટેક
આશા અભાગણી અતિ નઠારી, સુત માટે ભેગુ કરે ગ્રંથ,
પણ સુખ દુઃખલો આવે તેને, ભાગ્ય મોટું સમર્થ; સુત ૧
સપુત સુત જે આજ્ઞા પાળે, જેમ રામ લક્ષ્મણ ભર્થ,
નહિ તો ઉદરના કમી જેવા, આજ્ઞા લોપી કરે તે અનર્થ;
સુત. ૨
પુત્રને માટે સારૂ ખોટુ, મારૂ તારૂ ઇતર્થ,
તે સુતતો શત્રુતા કરે, એ દુઃખ ઉદે ઉદર્થ; સુત, ૩
માટે સુત દારાનો મોહ ન કરજો, જો કરશો તો છે નીરર્થ,
માટે જેષ્ટાનંદને તો જનુની સાચી, અવર ઉપાધી શો અર્થ;

પદ ૧૪૧ ગરબી.

મા આ કળયુગમાં, કોળી થઇને ઘણા ફરે,
કારણ કળે નહિ કરતા કેરૂં રૂપજો;
કર્મ હિણને કામી તે કજીયા કરે, કાયર પડિયા કુબુદ્ધિને
કુપજો. ટેક
ખબર વિનાના ખરી વસ્તુ જાણે નહિ, ખરાને ખોટું પાડી
કાડે ખોડજો.
ખળ ખરી ખુબી તે મન આણે નહિ, ખોટાને ખરૂ કરવા
બાંધે હોડજો; મા ૧
ગમ વિનાના ગુરૂપદ ઘણા લેઇ પડે ,ગ્રંથ વાંચીને ધરતા
તેના ગર્વજો.
ઘરમાં ગરબડ પેઠી ચિત ચાળે ચડયું, જયાં ત્યાં સોટા ઘાલી
ઝુકાવે સર્વજો મા ૨

મન મુખીને મલ વાદી મહિમાં ઘણા, સમજ્યા વિનાના કરે
છે સુરાપાનજો.
મર્મ ન જાણે મુઢ મંત્ર મારગ તણો, સ્વાદ કરે પણ ન
મળે ગુરૂની સાનજો મા ૩
પશુ ચક્રમાં પાડે તે ઘણા જીવને, ક્રિયા હિનને કરતા તે
કુડાં કામજો,
સતગુરૂ સંગ વિના તે શું જાણે શિવને, માઠું કરેને લે
માતાનું નામજો. મા ૪
કંઇ રાજ ચક્ર કરીને રીઝવે રામને, મંન બતાવીને તેમ
નાવે મનજો,
વીસણે વંઠી વસ્તુ તે ન જુવે વાંકને, તત્વ તપાસ વિના
કેમ કરી તરે તનજો. મા ૫
દેવી ચક્ર વિના તો દેવત નવ મળે, ટળે નહિ આ તનના
ત્રિવિધિ તાપજો,
સતગુરૂ સંગ વિના તે સ્વરૂપને શું કળે, અંતર યાગ વિના
ન ઓળખાયે આપજો મા ૬
અલ્પમતી અધીકાર વીના અતીશે કરે, ખાન પાન વળી
કરે અતીશે શીષ્યજો.
શાક્તજન સમરથ સંગે પ્રીત નવ ઠરે, મહતા જણાવા
કરે તે મનમાં રીસજો, મા ૮
જક્કડ કરે તે જુઠી અવળુ બોલતાં, જાણ્યા વિના જોઇ પુછે
કીધુ આ કર્મજો,
અતી અહંકારી અંતર તે નથી ઓળતા, વિસણે વંઠ્યા
વસ્તુ ન જાણે પર્મજો. મા ૯
શાક્ત થયો પણ સંશે તો ખોયો નહિ, દ્વૈતભાવથી દેખે
સગળે દોશજો,
અનુભવ કરીને અંતર મેલ ધોયો નહિ, મનમુખો શુ બગાડો
મોક્ષના હોશજો. મા ૧૦
બિજ મારગી તો બીજ શું તે જાણે નહિ, પાટ પુરે પણ
કરતા નથી કંઇ પાટજો

સરવે સરખા ખારાખાર છાણુ નહિ, જયોત જલાવીને દેખાડ
બહુ ઠાઠજો. મા ૧૧
કર્મ હિણને કલ્પિત કર્મ ફંદ કરે, ગાન કરે પણ ન મળે
તેની ગમજો.
સમજ્યા વિનાતો સત્યવસ્તુ કયાંથી ઠરે, કાળ કળયા વિના
કેમ ઠરશે જમજો. મા ૧૨
વળી આ જુગમા જુજુવા ધર્મ ઘણા થયા, ભેદ ભ્રાંતીનો
ભરિયો સૌ સંસારજો,
સત્ય સમજ્યા વિના કહો તે મોક્ષ કેટલા ગયા, વહેમ
વિપતીનો નાવે કદી પારજો. મા ૧૩
ભોળ તજી તરવું ધારો તે ફોક છે, શુધ શાક્ત થાવો કરી
સત ગુરૂ સંગજો,
શઠ સુધરવા માટે તો આ ઠોક છે, ચેતી ચેતન સાથે લગા-
ડો રંગજો મા ૧૪
મોક્ષ તણુ તો દ્વાર આ મનુશ દેહ છે, દાવ આવો નહિ
આવે વારંવારજો,
જેષ્ટાનંદ પામવાનો તો રસ્તો એહ છે, ચેતન શાક્તો જાણો
સંસારનું સારજો. મા ૧૫

પદ ૧૪૨ ગલમી કળીયુગની

મા આ કળયુગમાં શક્ત મુને સંભાળજો, ગરીબ ન જાણું
કળી કપટની વાતજો.
ન અવગુણ જોશો બરદ તમારૂં પાળજો, જાણ્યુ હોત તો
આવડું બધુ ન ખાતજો, મા ટેક ૧
પાખંડને પરપંચનો પાર જડે નહિ, નરનારી નાંખે જુઠ
જુલમની જાળજો;
મોટ મોટે રાજન તેમાં તો પડે કહિ, જેને દેખી કંપીને
રહેતો કાળજો. મા ૨
કળીના કૃત્ય જોઇને ભય પામુ ઘણો, કાચો કાયા કરતી કૃત્ય
અનેકજો;

બોલીમાં બંધાઉ લક્ષ નહિ તે તજો, જુઠ જુલમનો નવ
પામુ કાંઇ છેકજો; મા ૩
પટામણા પરપંચી જીવ આ કાળમાં, જાણ્યામાં નાવે તેમ
ના મનનો મેલજો,
ભોળા ભલાને નાંખે જુલમી જાળમાં, મનની મતલબ કરવી
તેને તો સેલજો; મા ૪
કામી કપટી વીસણી વધુ તો સર્વના, દયા દિલગીરી તેના
દલમાં નહિ લેશજો,
મદ મછરે ભરીયાં પુતળાં ગર્વના, સત્તા વાપરે ઉભો કરી
ને કલેશજો; મા ૫
ધર્મ કર્મને યમ નીયમ સરવે ગયાં, દેવ ગુરૂ ઉપરથી ઉતર્યો
ભાવજો,
કુત તર્કને તામસ તે તનમાં રહ્યાં, રોગ વિયોગને વસવા
ફાવ્યો દાવજો. મા ૬
લોભ આવ્યો તાંથી તો લાજ નાસતી ફરે, શરમ સંબધને
સંતોશ તાંથી પળાયજો,
ચાડી ચોરી ચરિત્ર કરતાં નવ ડરે, કારમા મુખથી કાળજુ
નવ કળાયજો. મા ૭
છત્ય છૈયાનો છક છુપાયો નવ રહે, મહિમાં માલે થઇ
મસ્તાનો સાંઢજો;
વિવેક વિચાર વિના તે મન માન્યુ કહે, સરમાઇ ને રહેતો
શાયડા મુકે રાંડજો. મા ૮
લાજ શરમને મર્યાદા મનથી ગઇ, લઘુતા માંથી લક્ષણ
અવનવાં થાયજો.
વિનતા આધિન વૃત્તિયો સઉની થઇ, અવળાં કૃત્યથી આ-
યુશ એળે જાયજો. મા. ૯
પાપમતી થઇ ગઇ મા પ્રાણી માત્રની, દાતાર દીઠામાં
નાવે કોઇજો,
ખળ ખોટાઇ આદે ટોળીયો કુપાત્રની, પયમાં પડે પણ
સ્વાદ ન જાણે ડોઇજો, મા ૧૦

હેવા શઠતે શક્ત સ્વરૂપને શું કળે, બારે વાટ બહુ કરતા
ફરે બકવાદજો,
પાસાણને પાણી નાંખીએ પણ નવ ગળે, જેમ ખર નવ
જાણે સાકર કેરો સ્વાદજો, મા ૧૧
ભ્રષ્ટ થયો ભવમાં ભુલા પોતા તણુ, સારા સારમાં સઠ તે
ન ધરે કાનજો,
મન મનસુખા હેવા જે ઇશ્વર બણુ, ગુપ્તિ માર બહુ પડે
ન આવે સાનજો. મા ૧૨
પૈસા માટે પ્રાણી પરને પીડા કરે, પણ જર જમીન જુવ-
તી કોની નવ થાયજો;
પળાયે તે પલમાં અર્થ કાંઇ નવ સરે, બુદ્ધિવંત બળીયા-
થી નવ રોકાયજો. મા. ૧૩
સત્ય સુરાને સતવિદ્યા ત્રણે ગયાં, કાયર કુળને અસત્યે પુ-
ર્યો વાસજો;
વૈખરી વાણી વેર ઝેર વપુમાં રહ્યાં, પરને પીડી આપે થાય
ઉલાસજો. મા. ૧૪
પોતપોતાના કૃત્યે કષ્ટ આવી પડે, દેવગુરૂનો તેમાં દેખાડે
દોશજો;
સુકર્યો ચરચા કરવી ચિત ચાળે ચડે, સાન ન આવે સમજી
બગાડે હોશજો. મા. ૧૫
કળીનાં કૃત્ય જોઇને અંબ અરજી કરૂ, ત્રીપદા તન મનથી
આ ધરજો કાનજો;
જેષ્ટાનંદથી એ સરવે કરજ્યો પરૂં, પુરણ પદથી માગુ એ
વરદાનજો. મા. ૧૬

પદ ૧૪૩ રાગ ભૈરવી.

શરણ સાચુ સતગુરૂનું ભાઇ, શોધી કાડોને આ જુગમાં જાઇ;
પરપંચમાં પડશો ન વિલાઇ, ભુલશો નહિ સમજાવું છું
ગાઇ. ટેક. ૧
તે સંતગુરૂની શોધ્ય બતાવું, પુરણ પરખી પછે પદ સાવું;

પ્રણવ આસન પર અધિકારી, સ્વાહા સ્વધા શકાર સુધારી. શા. ૨

કમર મર્દાનાં નમઃ વાચા, શતકોટી મંત્રાંકિત ગુરૂ સાચા;
ષડ આમ્નાયે સંપૂરણ જેહ, તેવા ગુરૂથી લગાડવો નેહ. શા.

નાદ બીંદુ ગુરૂવચને જાણે, અદ્વૈત મન ભ્રાંતિયો નવ આણે;
જેઠાનંદ તેવા ગુરૂ મળશે, જન્મમરણ ભય ભવનો ટળશે. શા. ૪

પદ ૧૪૪ જોટો.

પુરણ શાકત વિના ગુરૂ નવ કરીયે, પાખંડ પડથી ભવ નવ તરીયે;
દંભને ડમાક દેખી નવ ઠરીયે, સર્વજ્ઞ નહિતો તે પરહરીએ. પુ. ૧

કરતા એકને અનેક બતાવે, નિશ્ચે કર્યા વિના કામ ન આવે;
અંધકારકે ગડબડ કીધી, ચૈતન શક્ત બતાવી ન દીધી. પુ. ૨

આ કળયુગમાં ધર્મ ઘણા થયા, કલ્પીત અવિદ્યામાં જાય તે વહ્યા ગયા;
ભેદ જાણ્યા વિના વેદ તે સાહી રહ્યા, અંધના ગોટા તે જાયે નાહ લયા. પુ. ૩

જેનો ગ્રંથ તેમાં વખાણજ તેનું, સુણયે ભણયે નિશ્ચે નવ થાય કેનું;
વસ્તુ શર્વમાં ગુપ્ત વખાણી, ઉંડા ઉતરે તે જન જાયે જાંણી. પુ. ૪

ભેદ વખાણેને ભેદ ન જાંણે, અજાણ્યા જીવ તે ઘણો મત તાણે;
જમ શ્રીફળ શ્રેષ્ટ વખાણે તે આગે, ઉપર દાંડાં જોયે ભુખ ન ભાગે. પુ. ૫

તે અંદર વાત જાણ્યામાં આવે તો ભેદ ભ્રાંતી ને ટળે દ્વૈત ભાવે;

ખોળ કરીને જે જન ખાયે, ભુલને ભુખ બે તેની પળાયે. પુ. ૬
સાચું સમજયા વીના વાતે ન વઢીયે, તે જાણુ તેને સાચો
શાક્ત કહીયે;
સર્વ શક્તમય તે જન જાણું, ભવ નવ ભટકે ને મહાસુખ
માણે. પુ. ૭
તે ઉત્પત્તિ સ્થીતી લય જાણુ, ગતી અવગતી જીવની તો
પ્રમાણે;
નાદ બુંદનો પાર તે પામે, જ્ઞાન સુધારસ અંતર જામે. પુ. ૮
ગુરૂ આમના દે પુરણ જેહ તેવા ગુરૂથા લગાડો નેહ જેઠા
નંદ શરણ ગુરૂ સાચુ, જણાવ્યું જક્તને રાખશો ન કાચુ. પુ. ૯

પદ ૧૧૪

માન્ય કહ્યું મારૂં મુરખ મન માન્ય કહ્યું મારૂં;
આમાં શું ઉપજે છે તારૂં. મા. ટેક.
જાર જુવતી ને જર જમીન, જાણે જમણ જમું સારૂં
સુત સેવકને સુતના સુત, તેમાં કોઇ નથી તારૂં. મુ. ૧
સુત વધુને સગુ બધું, સો સમંધનું બારૂં;
બેન બનેવી બીજાં બધાં, એ બગાડનું લારૂં. મુ. ૨
સંપ સબાઇ સ્વારથ ત્યાં લગી, કહે સો સારૂં સારૂં;
મનની મરજી માન્યામાં નાવે તો માને નઠારૂં. મુ. ૩
શત્રુતા કરે સમંધ તોડીને, સો સો વાત જારૂં;
જાંણ્યા જથા દયો જોયા કહે, એ શું સમજે બચારૂં. મુ. ૪
ખુંનસ રાખી ખોટુ બોલે, ખુની મંત્ર કરે ખારૂં;
સ્વારથ ત્યાં લગી સ્નેહ સગુ, એમ સરવે ઠગારૂં. મુ. ૫
વીશેક વડે વિપાત્ત તજી વશ વેગળું તુને વારૂં;
મુરખ મતીલાં ને મતલબી, ગુણ શા શા સંભારૂં. મુ. ૬
શઠન સમજે સાગ સાર, તેને બુડવાનું બારૂં;
તજ તેમને તજવીતે, તરવા તુને સુધારૂં. મુ. ૭
મંત મરીજા મેલ તજી, માની મર્મ આકરારૂં;
જેઠાનંદ એક ગુરૂનું શરણુ, સુખનું કરનારૂં. મુ. ૮

પદ ૧૪૬ રાગ છંદ ભલીત.

શ્રી શકત સાંભળો, આતે શુ થયું, કળી કેરૂં કૃત્ય, જાય
ન સયું શ્રી. ટેક.
સમો વીપરીત, આઠયો શું કહું, અતીશે નડે, કયાં જઇ રહું
લાજને શરમ, બે જતી રહી, ન નજર પડે, ક્યાં જઇ રહી
હું સોહું સત્યને, કયાં જઇ રહું. શ્રી. ૧
વીવેકને વિચાર, ગુપ્ત તે થયા, સુશ સાહુકાર, કયાં જઇ રહ્યા
સ્નેહને સમધ તન તજી ગયા, આવ ભાવ બે તે જાયછે વયા
ન રોકી કો સકે, માને ન કહ્યું. શ્રી. ૨
વિશ્વાસ વૈરાગ નાસતા ફરે, કપટ કાયદા જોહુને ડરે;
સત્સગ રંગ તે સત્યનો ગયો, સુબોધ જેહતો ભ્રષ્ટ તે થયો;
જે સારાસારનું ભાન ન રહ્યું. શ્રી. ૩
શા સમે આવીયો બુદ્ધિયો ફરી, તે મન જાણું નહિ જાઉં
છે મરી; આયુશ અલ્પતો જીવના થયા, જુઠ જોરમાં જાયછે
વયા; શું શીખ દેઇએ માને ના કયું. શ્રી. ૪
પુરૂષ પ્રેમદા આધિન થયા, સુયશાદા ગુણ તેમાંથી ગયા;
જે રાંડ જકતમાં સાંઠ સો થઇ, દયાને દીનતા તેમાંથી ગઇ;
મન ચાય તે કરે માને ન કયુ. શ્રી. ૫
લક્ષણ લઘુતામાંથી તો કરે, પરપુરૂષના ચિત્તને હરે;
તે પીઉ પતીને નકામી નડે, અવગુણ આપમાં ન નજર ચડે;
વેર વહાલમાં તો વધી ગયું. શ્રી. ૬
મા અતાશે વધ્યા ચોર ચાડીયા, દંભો દગાખોર લુંડ લાડીયા;
લંપટ લોભીયા ચાય તે કરે, પિડા પ્રાણઘાત કરતાં ન ડરે;
વેળા વિપરીત આપ ન ચયું. શ્રી. ૭
ન દુનિયાં દ્રવ્યથી આત્રક લહે, જ્ઞાની ગુણવંતને ઘેલા કહે;
પૈસા માટે પાપ આપના ગણે, કલીના કપુત કુતરિયો જણે;
ભવમાંથી ભક્ત બીજ શું ગયું. શ્રી. ૮
ગમ વીના ઘણા ગુરૂ થૈ ફરે આ જકત જાળનો સંશે ના
હરે છે ચેલા ચોરટા ન ગુરૂથી ડરે સેવા સ્મરણમાં ચિત્ત ન
ઠરે મન મુરખનું જાય વયું વયું. શ્રી. ૯

એવા શિષ્ય ગુરૂને બતાવતો, સ્વાર્થ સાધવા ફરે ફાવતો;
ગરજે ગુલામી નિચની કરે, ગુરૂ સેવાથી મન પાછું ફરે;
ગુરૂ રૂપ શું તે જાય ન લયું. શ્રી. ૧૦
ચેલી ચતુરા થાયે પ્રેમથી, ચિત્ત તો ચળે ન રહે નેમથી;
મનગમતુ કરતાં ન ગુરૂને ગણે, જો કોપે કામની પ્રાણને હણે;
તે કર્મ કુટથી જ્ઞાન ટુટિયું. શ્રી. ૧૧
નિચ જાત ઉંચના ક્રિયા કરે, ઉંચ નિચનુ તે કૃત્ય આચરે;
છયથી છકેલા તે કોને નવગણે, આપે હડકાયા કુતરા બણે,
વિશયાંધ ધંધ, ધર્મન ધયું. શ્રી. ૧૨
રાજમાંથી રાજ, રિ ગયો ગઢ, બુદ્ધિયે બળો, ભ્રષ્ટ તે થ ,
અમલદાર અંધ, અતિશે થયા, જે દૈવિ દિનની નાવે દિ-
લ દયા,
જે સ્રૃતિ અવળું ન તે તન તયું. શ્રી. ૧૩.
શતરૂતા સમંધમાં અતી થઇ, સ્વારથ જેટલી સગાઇ રહી
ન શાક્ત જનની શેવા કો કરે, સઉ જોગી જતીનો પાછળ ફરે
એમ વિશ્વ આ બેભાન તો થયું, શ્રી. ૧૪,
ન કોળ કર્મની, ગતીકો લહે, હું શાક્તજન છું એ રીતે કહે;
સુરાપાન સમજયા વિના કરે, ભુલ્યા ભવ રૂપ સી રીતે તરે
શુભ કર્મ નીજ, હાથેથી દહયું, શ્રી. ૧૫.
કુડાં કર્મ બહુ વિશ્વ તો કરે, આવે અવનવા રોગથા મરે;
દુનિયાં દવ બળે, નથી જાગતી, અરેકાર અંગ, નથી આણતી
સમજ ન પડે, નવિન ઉપયું, શ્રી. ૧૬.
પ્રપંચ પાખંડ નથી મુકતા, અવળાં આચર્ણ નથી ચુકતા
નિર્લજ નારીયો વિષે ચાય છે, એકને તજી બીજાને જાય છે,
પ્રેમદા પ્રપંચ કેરૂ પુતળું, ઉંડુ કાલજુ જણાય ઉતલુ, ચિ-
ન્હને ચરિત્ર જાય ન લયુ; શ્રી. ૧૭
પુન્યને પવિત્ર નિચતો થયા. પુજા પાઠને દિલ ધરે દયા,
તે પવિત્રપણુ અતિ પાળતા, કાળથી ઘણા ડરી ચાલતા,
અભિમાન ઉંચને અતિ નયું, શ્રી. ૧૮.
કોઝી થઇ ઘણા કળીમાં ફરે, તે ગુરુગમ વિના ગુરૂપણા ઠરે,

સ્વાદે સુરાપાન કરે તે અની, કોણ કેરૂ કર્મ ન જાણે રતી;
તે જેષ્ઠાનંદમાં જાય ન સયું. ભ્રી. ૧૯,

પદ ૧૪૭ રાગ ચોપાઇ દોહાનો,

જનમી જગતમાં તું જનુનીને ભુટચોરે, સુખ સ્વાદથી તું અવિદ્યામાં ડુટચોરે,
સુત સંપત્તી દેખીને બહુ ફુટચોરે, ગુરૂ ગમ વિના પડદો ન ખુટચોરે;

દોહો—ભવ તજી ભગમાં આવિયો, સ્તુતી કરી નવ માસ;
ભુલેથી ભવ નહિ ટળે, જે નિચ ઉંચનો વાસ.

ચોપાઇ—જેવું કરશો તેવું કર્મ બંધાશેરે;
કારણ કર્યા વિના ન કારજ સંધાશેરે,
કાયા કળી મળ કષ્ટમાં સંધાશેરે,
ગમ વીના ગોલા પાછળ ગંધાશેરે,

૨ દોહો—દુનિયાં દુઃખનો ડુંગરો ભ્રષ્ટ મતિ ભરપુર,
સુખમાં સગુ સરવે થશે દુખ વેળાએ દુર,

ચોપાઇ—શાણા સ્વાર્થનું સગુ સહુ જાણોરે,
તે તણાવે તેમ તમે સીદ તાંણોરે,
ઉંડા વિચાર ઉરમાં ન આણોરે;
જુઠા સંગે જુઠી અવિદ્યા વખાણોરે.

૩ દુહો—જનમારો જશે જુઠમાં, ને સાચું નહિ સોહાય.
મોંઘો મનુશાદેહ મુઠમાં તે આયુશ એળે જાય.

ચોપાઇ—વારે વારે વપુ આવો નહિ આવેરે
સ્વાન શુકર થશો ત્યાં નહિ ફાવેરે,
કાળ કરથી તો કોઇ ન બચાવેરે;
કાલ કાલ કરતામાં જશે આ દાવેરે.

૪ દુહો—દાવ ગયેથી દુખ પામશો, ચેતો ચેતો ચિતચાહ,
મન ઉતારો માહથી દેખીને દુખદાહ.

ચોપાઇ—મોહ ઉતારેથી માઠું નહી થાયેરે,
મન મારી મુકો અવિદ્યાની છાંયેરે;

દુનિયાંને ઠામી કારો દુખ જાયેરે,
સતગુરૂ સુખકારી પરખાયેરે.
૫ દુહો—ગઇ ગમ આવે ગુરૂ થકી, તે કરે ગરધવની ગાય
ચિત ચોટે જો ચરણમાં તો જન્મ મરણ દુખ જાય,
ચોપાઈ—દૈવત દુનિયામાં નથી બીજું એકરે,
સાચા સદ્ગુરુની તો સાથે ટેકરે,
આવે જ્ઞાન વૈરાગ્યને વિવેકરે;
સમજાયે સારા સારનો તો છેકરે;
૬ દુહો—સારા સાર વિચારથી ટળે ત્રિવિધિના તાપ,
સાચી શક્ત મનમાં વશે આપમાં ઓળખે આપ
ચોપાઇ—શક્ત વીના નથી એક હાલો ઠામરે,
અણુ રેણુ પર્યંતમાં મુકામરે.
માટે મુકવુ નહી તો તેનુ નામરે,
સંસારનુ સાર સુખનું એ ધામરે,
૭ દુહો—સુખ સંપતને શારદા સત્તા સુરને નુર,
વાણી વિલોકને આપમાં, શક્ત સકળ ભરપુર, રે
ચોપાઇ—નર નારી નામ તે કહેવા માત્રરે,
સ્થુલ જુદાં પણ બેનુ એક ગાત્રરે.
કળી શકે નહી કોઈના કુપાત્રરે,
સાચુ સમજજો સુણો મારા ભ્રાતરે.
૮ દુહો—ભાઇ કહુ તે માનજો, જેષ્ટાનંદનું વચન,
શાક્ત શિખ લાગે નહી તો ધીકાર તેનું તન.

પદ ૧૪૮ રેકતો,

સુણો સજન મન માર તો કુતરૂ છે, મોટાઇ મોહ મેલમાં-
થી ઉતરૂં છે, સુ, રેક.
બીજા વાના ચેન નહી, તે ત્યાં પડયું રહે,
મમ વીનાનુ ગાડું દેખી, ત્યાંથી નવ વહે.
કો હાકે ત્યારે ભળગું, પાછું ત્યાં આવી વસે,
શઠ શાહુકાર ચુગલ ચોર, ને દેખી ભસે, સુ. ૧

યા સુનકે શિખ મેરી સુરશે જિત લગાયગા,
દશ મિટે દુનિયાંકા, જેઠ્ઠાનંદ ભરાયગા, જો. ૪.

પદ ૧૫૧ બિહાગ,

જોવામાં આવે આ જક્ત જુઠની ભરી,
ખપ કરીને ખોળો ખોવાઇ વસ્તુ તો ખરી જો. ટેક
તેમાં ઝેરિલી જુવતી અતિ જુઠી, કૃત્ય કરી થાયે નકરી,
જુગતી જાળ નાંખીને જીવ ઝાલે, ઝપટાયો ન જાય ઉગરી
જો. ૧.
લંછનથી તે લગારે ન લાજે. ન કોમે ગણે નારી નુગરી.
નરને નાકા લિટીમો તણાવે, કહેવાય નહિ કાઇ ઉચરી,
જો. ૨.
જુલમ ઝેરિલી તેનુ ઝેર ન ઉતરે કામની તો કાળની છરી
પાખંડ પુરી કોઇ પાર ન પામે, ન બેસવા દે કોને ઠરી,
જો. ૩.
કબુદ્ધિને કપટ કુજાતમાં રહે બહુ, ડરે નહિ ટાળી તે ટરી,
પુરૂષ પરાક્રમ પરને દેખાડે, દારાથી તો રહે તે ડરી. જો.૪
પુરૂષ પ્રપંચ કરે પ્રેમદા માટે, કરાવે અવળુ તે ગા ઠરી,
વહાલામાં વેર કરાવે વિનતા, શિખવે સ્વામીને પોતેરે નિર.
પરાત્રિન જે પુરૂષ મયો તે, ભવ નિધી શકે ન તરી.
કામનીનું કાળજુ કદી એ ન ભિંજે, જેમ જાદે જળ નાં
ખી પથરી. જો. ૬.
નારીમાં ગુણુ એક ગર્ભનુ બીજુ, ઉત્તમ હોયતો ધરે ઉદરી
વિભિચારણી ના વપુને વગોવે, ભંગ થયુ તે સકે ન ધરી,
જો. ૭.
પુરૂષ પરાક્રમ પરખી શકેતો, પ્રપંચી પ્રેમદાને રાખે પરી.
કૃત્ય કુડાં તે કળયામાં આવે તો સુઘડ સંગ કરે નહિ ફરી,
જો. ૮,
જુઠની જગાળામાં પુરાને પરડે, જુવતી ઝેરિલી જબરી,
ખરપંચથી પુરાને તે પાડે, ત્યા અવર કોણુ હારે અમરી.
જો. ૯.

દેવ ગુરૂ કે દયા નહી દિલમાં, મોટાની કર ચોટી જબરી,
રદ રહે જા કહુ દૈવી જનને, જશે તે જેણા નંદને હરી,
જો. ૧૦

પદ ૨૫૨ કાફી,

એક દિન જાવું કાયા મુકીને પડી, કેમ કામ ધાંમ દામ ચામ માં રહયો ગડી, એક. ટેક.
જ્ઞાન ગતી ગમ વિના ગોધનું ગુરૂ થયો,
જુઠ મુઠ પુંઠ અવગુણ એકે ના ગયો,
પ્રપંચને પાખંડ પાપ પંડમાં રયો,
નેણ વેણ કેણ કાનુ માને ન કયું.
દરે કાળ જાનુ કુટવા ઉપાધી ખડી. એક. ૧.
કુળ કૌળ કર્મ કાંઇ નથી જાણુ તો,
શક શક્તી કહિ સંગ સુખ માણુ તો.
શિષ્ય સ્વાન સરખા સત્ય સુજે ન કસું,
અસુર નુર પુર ઉર આવીને વસુ,
કુભાવ ભેદ ખેદ રયો તનમાં ગડા,
મહંત અંત તંત ન લેતો ચાય તે કરે,
જોઇ સોઇ કરે કોઈ તે કણથી મરે,
નહી સાન સુરાપાન સુખ સાનુ મળે,
સંત અંત વંત તો ત્રિતાપથી બળે,
મન મેલ સેલ સંત સિધિ ન જડી. એક. ૩
સલિલ સ્વાદે શુદ્ધ કૈર ભોજન તુ જમે.
નષ્ટ ભ્રષ્ટ ભાન ભુલ્યો યમ તેને દમે,
વિવેકને વિચાર તે તો વેગળા વહે,
જાર ખાર મોહ પાર તે પાસે રહે,
બોલ બોલે બુધિ વીના વાત બડી બડી, એક. ૪.
ધર્મ કર્મ મારગ મૃજાદ જાણતો નથી,
જુવતી જુક્તી જાળ પડો. શુ શકે કથી,
નામ મોટુ નાણુ ખોટુ ના નભી શકે.

આપે આપ અધિકતાથી જેમ તેમ બકે,
ચતુર ચેતે ચાલો જોઇ વાત કરે વડી. એક. ૫.
પૂરણ પાર ન આપે પોતે કોઇને કદી,
અબ્ધીન ઉધલાય તે તો નામંનાની નદી,
ઓછાને ઉતપાત અવળુ આવીને ઠરે,
મરબડે બુચટ બોલ ન બોલતાં ડરે,
પશુને પટાવા તુંતો તા તોડ તડા, એક. ૬
ભક્ષા ભક્ષ ભેદ ખેદ તેવામાં રચો,
સુ શોધ બોધ સારાસાર જાય નશચો,
તોફાન તુત તર્ક તેના તનમાં રહ્યો,
મર્મ માર સાર પાર જાય ન લયાં,
વારા સારી શિખ દેતા માં બેસે લડી. એક. ૭
અતિ વીનયા તો ગુરૂ પદ આવે કેમ કરી,
આન્યને મૃજાદ રાખે ગુરૂથી ડરી,
શાસ્ત્ર સાર કારણુ કળે ઉંડા ઉતરી,
પ્રાણીના પરપંચ પરખે વાત સુતરી,
જેષ્ટાનંદ જાણો મર્મ મારી કહુ છડી. એક, ૮

પદ ૧૫૩ ધોળ.

સીખામણુ સર્વને સારી, મનાય તો માનજો ધારી. સી. ટેક
આ મોઘો મનુષાદેહ છે, નહી મળે તે વારંવાર,
કર્યું તો કરતાનુ થશે, શું શોદ વહે શીરભાર;
ચેતાવાને કહુ છું પોકારી, સી. ૧
બાળપણુ મળ હીનથી ગમ વિના ગમાવ્યુ ભાઇ,
જોબનમાં જુવતા મળી તે તો તત્ર ગઇ સહુ ખાઇ,
નડારી નરકમાં નાંખનારી, સી. ૨
અબળા અવિદ્યા રૂપ છે તે તો ભુલાવે સહુ ભાન,
અસ અપયસ માને નહી નાવે માર પડેથી સાન;
મન માને તે મેલ નાંખે મારી. સી, ૩
વીસણુ વેરી વીનતાનો વીવેકી ન રાખે વીશ્વાસ,

ભુલશે તે ભવ ભટકશે ન બળે ન બળી આશ,
વપુ વીદ્વાન રાખો વારી. સી. ૪.
દુનિયાં દુખ દવમાં બળે તું તન દેઈ તે તપાસ,
લઇ જ્ઞાન સદગુરૂ સંગથી તન તજી તેહની આશ
મનને આ મનાવજો વારી. સી, ૫
ભવ ભ્રાંતી ભરપુર છે, નર નારી ઉર નુર;
ગુરૂ જ્ઞાન ગમ ગતી હોય તો રહે દિનદીન દુનીયાંથી દુર;
માટે તજ આનંદ ઉરધારી, સી. ૬
દેવી દૈવત દેહ દુનિયાંમાં ન દરસે કોઇ.
વીજળીએ વસ્તુ વશ કરી રહે સદા ત્ય ચિત પ્રોઇ,
વિશ્વમાં તે વીચરે વીચારી. સી. ૭
ઓછું પાત્ર અંકુ લવે નથી જ્ઞાન ગતી ગુણ ગંમ
માન્ય મોટાઇ મનમાં નહી, સંતને સાધન સમ દમ,
જેષ્ટાનંદ જીવે જગત મારી. સી. ૮

પદ ૧૫૪ રામ છંદ દેશી.

અરજ આઇને અતશે કરૂ, પ્રજન્ય પલટાયો કોને કરગરૂં
અ. ટેક
અવનીપતી અવળો થયો, તેને ધ્યાન આવે લેશ,
વા વાદળ છાંટા કરે વીસવાશે વાવાનો વેશ,
તે નહિ વરસે કહું છું ખરૂ, અ. ૧
અવગુણ અતિશે ભવ તણા જો જોશો જગમાત,
પશુ પક્ષી જીવ જંતની ઘણી ઘણી થાસે ઘાત,
માની મરજી હું શું ઉચરૂ. અ. ૨
અધરમ અવની અતી થયો, નથી વારીજનો વાંક,
ભ્રષ્ટમતી સૌની થઇ તેમાં પીડાસે પશુ રાંક,
જાણો જનુની નથી નછરૂ. અ. ૩
ક્રામી કપુત કળીમાં ઘણા કરે તે કુડાં કામ,
મરયાદા મનમાં નહી પ્રીય પ્રીયાને દામ,
જોયું નવ જાય તે નજરૂં; અ. ૪

જાણુ મતી બ્રાહ્મણ થયા તજી ગાય ત્રીગુણ ખાણુ,
કરે દાસત્વ પણુ દીનતા માટે મીથ્યા થઈ વાણુ,
લોચે ન તજે તે અસ્ટરૂં, અ. ૫.
ક્ષત્રી ક્ષયન કરી શકે રીપુ શડ કે રોગ,
કદી ન કાપે કોઇનુ પોતે ભોગવે ભોગ,
જાતી અવળુ તે જોઇ ડરૂં, અ. ૬.
વૈશ વીંટાણા વેમમાં ને લાગી લોભની લાય,
અપટાણા સંસારમાં જર જમીનને ચાય,
કરમ કરણી જોઈ નઠારૂ અ. ૭.
શુદ્ર સંતાપે સર્વને તે માને નહી મરજાદ,
અધિક થઇ અવની ફરે કોઇ કહે તો કરે વીખવાદ,
નજર ન આવે કોઇ નરૂ, અ. ૮.
મરણ પામ્યા મહીપતી રંડવા ભોગવે રાજ,
તે પ્રજાને પીડા કરે નહી દયા દીલ દાજ,
કળીમાં કો નહી સુતરૂ, અ. ૯.
એમ નર નારી નમાળા સહુ કરે તે કૃત્ય અપાર
કરણી ન જોશો કે ઈની કૃપા કરી કરો વાર,
માગુ હું માકૂ ખોળા પાથરૂ અ. ૧૦
શિવદાતું ત્રીલોકની કરતાં ભરતા આપ,
પણ તુંને પરખે નહી પણ વેદ પુરાણે છાપ,
કરો દુનીયાનું કૃત્ય પરૂ, અ. ૧૧
માત મેઘને મોકલો સુણો પશુનો પોકાર,
આળસમાં અવતર જશે માટે ન કરસો વાર,
જોશો નહી જીવતું ખુકરૂં, અ. ૧૨.
ભવ બ્રહ્મમાં ભરપુર તું નથી તુ વીના ઠાલો ઠામ,
કંગાળ પ્રાણી કળકળે માટે વેગે કર આ કામ,
દૂખ દુનીયાનું ઉર ધરૂ, અ. ૧૩
જગતવતો ભવમાં એક તું સંકટની હરનાર,
હરીહર વીધીની આદ્ય તે કોઇ ન પામે પાર,
સુણ ભવમાં હું તો ન ફરૂં, અ. ૧૪

ચીત્ર આ વાડી તમ તણી રચના કરી નવ રંગ,
ખીલી ખીલાવી આપની તે હવે ન કરશો ભંગ,
જળ વીના નહી કાંઈ જબરૂ, આ. ૧૫
કુપ સરોવર વાપીકા આ તેમના ખુટયાં નીર,
ધર્મ તણી ધારા નહી મારે ગઇ મનમાંથી ધીર,
ઉદર ઉર શી રીતે તો ભરૂ, આ. ૧૬.
દેવું કો આપે નહી લેણાવાળા કરે જોર,
પત્ર પણ ખુટયાં વૃક્ષના ભુખે મરે બહુ ઢોર,
ભાગી ગઇ ભુરની કમરૂ, આ. ૧૭.
પંચાવને પ્રકટ થઇ થયો છતો તે છપનો કાળ,
ત્રાય ત્રાય પોકારતાં પશુ પક્ષી વૃદ્ધ બાળ,
વેચ્યાં સાટી સઉ થયું છે નરૂ, આ. ૧૮.
છપનની વીતી કેણછે તે આવ્યો અવસર આજ,
પાપ આવી મળ્યાં પુર્વનાં ગઇ ભલભલાની લાજ,
દુખી દુનીયાં મરદ બાયરૂં, આ. ૧૯
મા કરણી ન જોશો કોઇની તેનો ધારે દેવ અનેક,
પણ મારે તો સઉ આપછો માટ ત્રીપુરા રાખ જો ટેક,
પીડા પશુની જોઇ થરથરૂ, આ. ૨૦
પંચાવનો તો પરવર્યો હવે છપનામાં છત થાય,
જો માત મેઘને મોકલો તો દુનિયાંનુ દુખ જાય,
ભજ કરતાં ભરસાં ધરૂં. આ. ૨૧
સંસાર ઉપર સુસ્તી કરો તો સત્તાવન સુખ થાય,
અનુષ્ય મર્યાં બહુ પામિયા સુણી શક્તા કરો હવે સાય,
જેઠાનંદ કહે જનુના ખરૂં, આ. ૨૨

પદ ૧૫૫ રાગ છંદ લલીત.

આ જીવ જગતના ભ્રષ્ટ સો થયા, કપુત કારમા દીલ નહી દયા.
આ ટેક.
ભૈ છો છકેલા છલબલ કરે અંગ અમલમાં ન કાળથી ડરે,
અવગુણ આવા કેમ જાયે દયા આ. ૧

પુતળાં પાપનાં ગુરૂ ગમ નહી, નજર નિચના,
તે કો સકે કહી સદ્ગુરુ કે સત, જાયે ન સયા,
લંપટ લાલચી, લો ભયા બહુ, તે શતરૂ સંતના, નાંદાખોર સહુ
કો માન્યને મોટાઇમાં મરી ગયા. આ. ૩
કૃપણને કુટીલ, કાંમી કુડીયા, મોહને મમત, માંડે ખુડાયા,
સુરા કે નહી સંત રાંડવા રહ્યા. આ. ૪
સારાસારનુ ભાન તો ગયું, ન કો કોને કહે, સરખુ સૌ થયું,
યુવતી અવગુણ જાય નહી લયા, આ. ૫
દંભી દુનિયામાં, દારા સમ નહિ, પુરૂશ પણ પ્રમદા જેવા કહી
મુરખ મત્તમાં જાણે ન જયા, આ. ૬
બુદ્ધિ બડાઇના બોલ બોલત.. તે કુડને કપટ માંહિ ડોલતા
ફાવતા ફરે મન ઇચ્છયા, આ. ૭
વેર ઝેર બહુ વપુમાં ભર્યાં પરને પીડતાં મન ન ડર્યાં,
જેષ્ટાનંદ જોઇ મુકતે મયા. આ. ૮

પદ ૧૫૬ લાવણી.

આત્મા નીરવીકારી નીરમળ, તેને મન વિકારી કરે,
શક્તિમાનને શિવ સ્વરૂપતે, જયાં ફેરવે ત્યાં ફરે. આ. ટેક
વેદ પુરાણ કુરાનની આદે, અનેક કર્યાં મન ખરે,
ધર્મા ધર્મને નિત્યા નિતી, મન ઠારે ત્યાં ઠરે, આ. ૧
શુદ્ધા શુદ્ધને આચાર નાચાર, વેમ વ્યાધિ નવ ટરે,
જોતામાં તે જુઠું જણાયે, તોયે તેનાથી ડરે. આ. ૨
આભડછેટથી ઉદે થયા, તે નાસ થયેથી મરે,
ના પાક તે પાક ન થાયે, કહે છુ પાક મન ગાજરે. આ. ૩
એક વસ્તુની અનેક થઇ, નાપાક નાવે નજરે,
મન વિકારે માની લે છે, આત્મા અખંડ અજરે. આ. ૪
શુભા શુભનુ ચિન્હ હોત તો, મનાય મન ઉચરે,
કાઇ ન કહે દંડ છેદાયે, દક્ષ રસના છરે. આ. ૫
પંચતત્વનાં પુતળાં સરવે, આવાગમન એક સંરે,
અશુધ કોને દુઃખ કરે કહો, શુધ કોનુ દુઃખ હરે. આ. ૬

મળનો મળ તે ગૌનુ ગોબર, શુધ્ધ સ્થળે વાપરે;
હાડ માંસનું ઝરણ પય ઘૃત, તે ભરતા ઉદરે. આ. ૭
એમ ઘણું મદમસ્ત મન, પ્રાણી વપરાવ્યું વાપરે;
મનને મારનાર મહંત મોટા, તેનુ કહ્યું-હદે તે નવ ધરે. આ. ૮
વેર ઝેરને વેમ વિપત્તી, મન ઓઢેને પાથરે;
જેઠાનંદ જનુનીને જપતાં, મન સુવે સાથરે. આ. ૯

પદ ૧૫૭ જોટો.

ગાના ન ગાના બાની બૈખરી, ગંમકા ગાંના સબ ગાવે;
મુશિકલહે અગમના ગાના, સો ગંમ ગતી વીરલા પાવે. ટેક.
મુશિકલ માતપીતા ગુરૂ સેવા, બંક બચનકી ગંમ ખાવે;
મીલકત માલ લુટાના મુશિકલ, નામાંકિત જો નર ફાવે. ગા. ૧
જોગી જોગ નિભાના મુશિકલ, જગતકી આશ નચિન લાવે;
સ્વાસોસ્વાસકા સાધન કરકે, ધર્મ કર્મમેં તન તાવે. ગા. ૨
સગુર રખના મુશિકલહે ભાઇ, લુખા સુકા ભોજન પાઇ;
મશિકલ ગર્વ ગુમાન છોડના, મનકુ મારના સુખદાઇ. ગા. ૩
પ્રિતકી રીત નીભાના મુશિકલ, દુખ દુર કર બીદાવે. ગા. ૩
રૂઠા યાર મનાના મુશિકલ, તો કરતા કયું કર આતાહે;
મુશ્કીલ તન મન બસ કરના, જબાં પકડને ચાતાહે;
બોલ બચન નીભાના મુશ્કેલ, મુશ્કિલસે ગુરૂગંમ પાવે. ગા. ૪
પ્રેમ નેમમેં પ્રતાપ પુરા, સેવા સ્મરણમેં તન તાવે;
ચેતનમેંતો ચિત લગાકે, સુધારના અપના દાવે. ગા. ૫

પદ ૧૫૮ રેકતો.

સાધુ શોધી જુવો દુનિયાં, દારા દુષ્ટ કઠોર;
ચિત્ત ચિત વિર્ય વપુ, બળ બુદ્ધિની ચોર. સા. ટેક.
કારજ માટે કરગરે, ન કરતો કરે બકોર;
તે સ્વાર્થે સમજે સાનમાં, તે વિના ન સાંભળે સોર. સા. ૧
હળવે હસીને હાડસારે, હઠીલી હરામખોર;
તે પતીને પીડ પાપણી, પરને પટાવે પ્રેમને જોર. સા. ૨
ઝેર જુઠ જકડ જુલમ, જુગતે જગાડે અઘોર;

દીલનુ દાબી દગો દરસાવી, કરે હરાયું ઢોર. સા. ૩
પુરા હોતો પરખો પ્રાણી, કામની કલેશનો બોર;
જેષ્ટાનંદ ઝાંઝર કરે, ત્રીયા તણો જે તોર. સા. ૪

પદ ૧૫૯ જોટો.

કામની કેરૂ કહ્યું કરે તે, પુરૂશ નહી પશુ;
એણ કેણ વેણ અવળુ, આવી ઉર વશુ. કા. ટેક.
જ્ઞાન ગીરા ગમગતીક, કર્મ નહી કશું;
મનમાને ત્યાં માલે, મનતો માપથી ખશું. કા. ૧
કહ્યું ન માને કંથનું, કહે કુતરૂ કયાં ભશું;
કલેશથી કંગાલ, કપટ કાળજે ડશું. કા. ૨
વેર કરાવે વાહાલમાં, વજ્રેણથી રશુ;
કેહણ ન લાગે કોનુ, વેણ વીનતાનું ઠશુ. કા. ૩
પ્રપંચ પરખાય, મન જાય તાં ધશુ;
ગળે ઘણાને ગોઝારી, ત્યાંતો જેષ્ટાનંદશું. કા. ૪

પદ ૧૬૦ રાગ કાનડો.

મૂરખ મરણ માથે ભમે, મનમાને તેમ માલ;
ચુતીયા ચીનહ ચરીત્ર તજી તું, ચટ ચેતીને ચાલ. મુ. ટેક.
બાળપણે બળહીણ નોતી, આવ્યા બુદ્ધી કે બડાઇ;
કરે જોબન જુલમ જાદે, જર જમીન જુવતી પઇ;
મુરખ મદ મગજ ચડયાં, મોહ મમત મતને ટાલ. મુ. ૧
શઠ શાલીલનો સંગ તુને, ચિત્ત ચાળે ચડયું ચકડોલ;
સંચીત સંપત સારા મલી, તે ખાય કુકર્મ કુસંગા ફોલ;
તે માટે મન મનાયતો, મત માઠુ કરતાં ખાલ. મુ. ૨
કહ્યું કોનું ન કાને ધરે, કાળજુ કેવું કઠોર;
ફેલ ફંદમાં ફાવતો જમ, ફરે હરાયું ઢોર;
મનનો મેલ મરાવશે માટે, મોટામ મનને ગાળય. મુ. ૩
શું ચતુર ચમકી ચાળા કરે, ચાલે ચલાવ્યું જોર;
લાજ લઘુતા લય પામીયાં, રહ્યા કામ ક્રોધ બે ચોર;
છીનાં થાયે છલબલ કરે, ને છેયાં જણે છીનાલ. મુ. ૪

તમામ તત્ત્વ તપાસતું, તેમાં તાદ્રય તારૂં હોય તેહ;
જોખશ તો જડશે નહિ, છે જગતનો જુઠો નેહ;
મન મારૂ મારૂ માની રહયો, પડયો મિથ્યા મોહની જાલ.
મુ. ૫

મારે ચોર ચેતાવું ચોખું કહી, ચટ ચિત્તમાં ચટકી લગાડ;
પછે પસ્તાવું પડે નહીં, ન ખેતર ખાયે વાડ;
પાકો પ્રાણ પરખાયે બાંધે, પાણી પેહેલી પાળ. મુ. ૬
તુને જ્ઞાન ગીરા ગુરૂગમ નહી, શાંતી સંતોશ નહી લેશ;
કારણ કંઇ એ નવ કળે, ન કરવો ધારે કલેશ;
ધનકાવો કાડ ધંધ અંધ, ધર ધિરજની ઢાલ. મુ. ૭
સારાસાર સમજાયેથી, સેવવા સુજે સંત;
કુતર્કને કામ ક્રોધ કલેશનો આવે અંત;
જેષ્ટાનંદ જનુની જોતી, ઉર અંતરમાં વા'લ. મુ. ૮

પદ ૧૬૧ લાવણી.

કુસંગ કદી ન કરીએ ભાઇ, ઉત્તમ આ મનુશાદેહ પાઇ. ટેક.
ઉત્તમ મનુશાદેહ છે, નહિ મળે તે વારંવાર;
કુસંગે ભવ ભટકશો, ને ખાશો યમના માર;
મૂકી પછે જાય ન મૂકાઇ. કુ. ૧

કુસંગ હડકાયુ કુતરૂ, આવી વળગે આપોઆપ;
જાણ હડકવાનું એ નોતરૂ, લાગે લખ ચોનીની છાપ;
સમંધ સુખ સંપ જશે તે ખાઇ. કુ. ૨
સંગનો રંગ નિશ્ચે ચડે, મન મનસુબા બદલાય;
કરવાનું તે કોરે રહે, નેન કરવાનું તે થાય;
ઘણા અવગુણ શકુ ન ગાઇ. કુ. ૩
થાયે દીસલી વધે વૈખરી, નેણ વેણ બદલાય;
બણે લંપટ લોભી લાલચી, વળી ગોરી તણા ગુણ ગાય;
કહયું ન માને કોનું તે ચીત ચાઇ. કુ. ૪
મન મોટાઇનો મત ફરે, બુદ્ધિ બળનું જણાવે જોર;
તે કો સમજુ સંત નજરે ચડે, તેને કહે શું સમજે એ ઢોર;

કરે તે આપ આપની બડાઇ.
અવળુ અતીશે તે કરે, પણ મન જાણે કર્યું ઠીક;
લક્ષ ચુકી લવરી કરે, કરે કૃત્ય ન રાખે બીક;
આવ્યું જે મનમાં તે રહે સાઇ. ક્રુ. ૬
સંપ સંબધ સંતાઇ ગયાં, વેર ઝેરે પુર્યા વાસ,
ભાવ ભલાઇ ભાગતાં ફરે, અપયસ રહે આસપાસ;
અવળું આચર્ણ આવે ધાઇ, ક્રુ. ૭
તે ન માત પીતા ગુરૂને ગણે, મનમાંથી ગઇ મેહેર,
ભાવ ભરૂસો મન નહી, ગઇ જેષ્ટાનંદની લેહરે;
ગતી તેની જાણે બાળા બાઇ. ક્રુ. ૮

પદ ૧૬૨ જોટો.

મળયો મોઘો મનુશા દેહ લાવો, કરો સતસંગ જો સુખચાવો,
શરણ સતગુરૂને તો થાવો, ટળે યમ કીંકરનો દાવો. મ. ટેક.
સતસંગ સ્વરૂપનુ મુળ છે, કરો સારાસારનો વિચાર,
નેમ પ્રેમે સાધન કરે, તે જન ઉતરે પાર,
પાઉ પાયો આકડવો કાવો. મ. ૧
જનમ મરણનું દુખ મટે, ટળે ત્રીવીધી તાપ,
ચૈતનમાં ચીત મેળવી, કરો મુળ મંત્રનો જાપ;
વીમુખના વચનની ગમ ખાવો. મ. ૨
વીમુખ વચન વાંકાં વદે, થાયે ઝેર વેર વીપરીત,
તે જ્ઞાનીને ગોઠે સમુ, સુણી વચન ચમકે ચીત;
સમજાવી જ્ઞાન ગીરા પાવો. મ. ૩
શાંતી આવે સંતસંગથી, ઉદ્વેગ ઉતપાત ન થાય,
ક્લેશ કુભાવ આવે નહી, હોય શઠપણુ તેની કરે સાય;
કરે તે અવગુણનો સમાવો. મ. ૪
સંતને તો સુખ દુઃખ નહી, શતરૂને મીત્ર સમાન,
ભાવ કુભાવમાં નવ લહે, નહી સ્તુતી નીંદાનુ ભાન;
જગત તો છે તેલ તણો તાવો. મ. ૫
સંત સંસારમાં સ્વલ્પ છે, અજ્ઞાનીના તો ઓઘ,

સંત સુધા સુખદાય છે, ખળ માઠો ખઇ રોગ;
જગત જ્યાં સુજે ત્યાં ધાવો, મ. ૬
પશુ પુરાને પરખે નહી, મનમાં ભરીયો મેલ,
મુમુક્ષુ મન મેળવે, તેને ભવ નીધી તરવો સેલ;
અવિદ્યા ઉપાધીને દબાવો. મ. ૭
જેષ્ટાનંદ જનુની જપે નહી અવર વસ્તુનુ ભાન,
અઢારસેં એકાણુમાં સતગુરૂએ આપી સાન;
હવે બીજું બતાવે નહી ફાવો. મ. ૮

પદ ૧૬૩ રાગ ધનાશ્રી.

સત્યા સત્ય સમજ્યામાં નાવે તે બુદ્ધિ ઓબળી,
અઘટતુંને અવળું કરાવે, ન પરખે પ્રવેશો કળી. સ. ટેક.
સારા સારને સંત સમાગમ, સાંભળતાંમાં ખળી,
પાખંડને પરપંચ હોયે તેવાગાં તે જાયે ગળી. સ. ૧
ધન જોબનનું જોર જોઇને, ચીન કરે તે ચળી,
સારી કો શીખામણ દે, તેને વળગે ઉછળી. સ. ૨
સામા ને સુખીયો દેખી દેખે તો, પે તે જાયપર જળી,
પરપંચને પાખંડ પુરી, જ્ઞાન ધ્યાનથી ટળી. સ. ૩
અમલ મળેથી અંધ થયો, ગયો ગર્વ ગુમાનમાં ઢળી,
દાતા સંગે દાન પુન્યમાં, દબાયો તો જાય ડળી. સ. ૪
દાવ દગાનો લાગ હોય તો, જોતાંમાં જાય ઢળી,
કોઇ રંકપર રૂઠે તેને નાંખે, તર્ત તેલમાં તળી. સ. ૫
બડાઇ લડાઇમાં લાખો વાપરે ઉઘાડી કોથળી,
વખાણ કરે ત્યાં ઝાઝો વરસે, જમ મેઘની વાદળી. સ. ૬
ગંમ ગતી વિચ્યાર કરવામાં, અંતરની આંધળી,
વાત સાંભળતાં વેર વીરોધ, કરવાને જાય તે પળી. સ. ૭
ભજન કરે તેને ભડકાવે, કહો દેવ દેવી શું ફળી,
ભ્રષ્ટ મતીને ભ્રષ્ટા ચાર તેમાં તો તે જાય ભળી. સ. ૮
નરકી જીવને નાસ્તીક તેના ભેગા બેસે મળી,
સો સો વાત સમજણા મારે, ઉઘાડે કાનની નળી. સ. ૯

મીથ્યા ગમાવે મનુશા દેહ તેમાં શું જાશો રળી,
માટે જેષ્ટાનંદની શીખામણમાંની, જા વીપત્યમાંથી વળી. સ.૧૦

પદ ૧૬૪ રાગ કાફી.

સર્વે દેવ સામાન્ય મુરખ મત શાને કરો;
મત શાને કરો મારગ મળ્યો નહી ખરો;
આડો દ્વૈત ડુંગરો, સાચુ સમજે સુધારો. સ. ટેક.
ભક્તોને ભજન ભાન વીના ભત્ર કરે,
કળ્યા વીના કારણ કાળજુ કોનું નવ ઠરે;
નહી તત્રનો તપાસ તાળી તાંન મેળવે,
ભવમાં તે ભલાઇ લેવા ભાંન ભેળવે;
પણ કામ ક્રોધ કપટ વીના કોઇ નહી નરો. સ. ૧
રામ રામ રટ રામ રંક રંગમાં;
સમજ્યા વીના શુક સમાન સમજો અંગમાં,
કળ્યા વીના કૃષ્ણ કરણ કથન કહ્યા કરે;
ન જાણે નપુંસક નાર નરનીમથી ખરે,
કાજળ કસ્તુરી વીના કહી કોને ઉચરો. સ. ૨
શીવ સેવા સ્મરણ સાંજ સવાર સૌ કરે,
સુત સુખ સંપત સ્વારથ સાધવા સરે;
ભવ કરતા બ્રહ્મા ભુર બ્રહ્માને ભજે,
ન તંનનો તપાશ તુત તર્ક તે સજે;
ગંમ ગતીને જ્ઞાન ગુણીનો ધાટ ન છરો. સ. ૩
આચારી અનક એક એકને જુવો,
સમજાય નહી સાર સમજ સત્તા સૌ ખુવો;
હીન જીન જોગી જુગમાં મત્ત જુ જુવા,
ભુત ભુંડા લોક ભવમાં થૈ ભર ભુવા;
એ ગરબડ ગુ ાન ગર્વ હાથ ગજરો. સ. ૪
ધુતારા એ ધરતીમાં તો ધર્મ બહુ કર્યા,
લોક લંપટ લાલચી લક્ષ લેઇ ત્યાં ઠર્યા;
ભોળા ભોળવાઇ ભેદ ભાનથી થયા,

પ્રેમ પારખું લેનાર કોઇ ન રહ્યા;
પરીક્ષા પડે તો પુરા પરા પટરે,
કબીરને કમાલ કૌલને કાંચળી તણો;
સીપાત સ્વામીનારણ સાધુ સંન્યાસી ઘણો,
નાગડા નાનકસાઇ જંગમ જોગટા સહી;
ગોકળીને ગોસાંઇ બીજ બીજા તો કહી,
મન મોટાઇનો મોહ મંત માને ત્યાં ઠરે. સ. ૬
એમ તો અનેક ધર્મ ધુરા ધરે,
એક એકની તો એક નીંદાઓ કરે;
અવર ન ઉથાપે આપ અધીકતા કહી,
તત્વનો તપાસ તલ તેનામાં નહી;
કરે કુડને કપટ નકો કાળથી ડરે. સ. ૭
કર્તા તો છે એક તે અનેક કેમ કહો,
વપુને વગોવો વેમ વારીમાં વહો;
ગમ ગતીના પોચે ઘેલા ગુરૂ થૈ ફરો,
ભુરને ભરમાવો ભેદ ભ્રાંતીના દહો,
તંન ન તપાસો તો શું તારો કે તરો. સ. ૮
કહો અનેક તે કરો એક અર્થ તારેતો રહે,
શોધતાં તો સાંપડે તે પાછો ન ફરે;
કારણ કળો એક કાર્ય અનેક લહો,
ભાસે તો કાડો ભુલ ભેદ ભ્રાંતિયો દહો;
પરખાયતો પ્રેમ પ્રીતે પ્રાણ પાથરો. સ. ૯
ગુરૂ વિના તે ગમગતી ન આવે કોઇને,
પાકો પુર્ણ પરખે પરાપાર સોધને;
ચૈતનમાં ચિત્ત ચઢાવ્યું તે નવ ચળે,
ગમગતી ગુણવાન ગંભીરજો ગુરૂ મળે,
મુળ મળ કાડે ગંભીર ઉંડા ઉદરો. સ. ૧૦
છેક ટેક એક વસ્તુ સત્વમાં જુવે,
દુરબુદ્ધિ દ્વેષ દ્વૈતભાવને ખુવે;
વિશ્વમાં વ્યાપક વસ્તુ અન્ય ન મળે,

અખંડ અવીનાશી ઉર અંતર કળો;
શમદમ સાધન શેડો સંતનો ધરો. સ. ૧૧
સારાસાર જોઇ સત્ય શોધી કાડજો,
કલેશને કુતર્ક કાયામાંથી કાડજો;
ક્રિયા કર્મ કરી તમે કુશને કળો,
આમનામાં આવી આપે આપમાં મળો,
અપાર પાર પામો પાકો પાછા ન ફરો. સ. ૧૨
દુનિયાં દેવાદેવ ભમી દેહને દમે,
વેમ કરે વર્ત તંન તિર્થમાં ભમે;
સમજ્યા વિના સાર શાસ્ત્ર સાંભળી કરે,
કથામાં કહેલું તેતો કાળજે ઠરે,
શોધ્ય કરી સમજે થાયે સંતાપ પરો. સ. ૧૩
કાંઇ ક્રિયા કર્મ કરવું કારણ કળી,
તે વિના તો સિદ્ધિ સુખ આવે ન મળી;
ખોળતાં ખુબી જણાય ખોટી કે ખરી,
વાત ન વિખાણની જે વેમની ભરી;
કર્મ કુટ કળ્યા વિના કુટાઇ મરો. સ. ૧૪
માટે ખપ કરીને ખોળો ભાઇ વાતતો ખરી,
બ્રમાંડમાં ભરપુર વસ્તુ એકતો ભરી;
પ્રેમે નેમે પુછતાં તો પટ થશે નરી,
મનનો મેલ કાડી જપતાં ઝટ જશો તરી;
આત્મમાં અવલોકો ઉર ઉમંગ ભરો. સ. ૧૫
મુળ માયા વિના મહી મંડાણ નથી,
ચૈતન વિના ન ચાલે ચેતો શું કહુ કથી;
માટે મત્ત મુકો તમે જાણી એકને,
જેષ્ઠાનંદ જનુની જપે રાખી ટેકને;
આ શિખામણનો સ્વાલ પડે સહુ સોંસરો. સ. ૧૬

પદ ૧૬૫ રાગ બરૂવો.

અપરાધ અતિ મારો, માફ કરો માવડી,
છું હું પુત તો કપુત, કેમ રોસ ચડી આવડી. આ. ટેક.

બુધ્ધિ રૂપે બાળાં સોમાં, તું રહી ટકાવડી,
બગડે બગાડી તારા, કેમ કરી બખાવડી. અ. ૧
કાયાથી કાંઇ ન થાયે ગમગતી ગાવડી,
જઠરાયે જાુક્તી તારી, અંન પચાવડી. અ. ૨
ભોગ તે ભડકાવી મુકયા, ઇંદ્રીયો પટાવડી,
મોહને માથે ચડાવ્યો, લાલચ અલાવડી. અ. ૩
ક્રોધ ચડે કોપેતો ભરે, રૂધીર તલાવડી,
લોભ તો છે લાજ વિનાનો, ભરવી આશા વાવડી. અ. ૪
કામતો કઠોર કુડો, કરે તે ધા પાવડી,
પંડમાં એ પાકા ચોર, સપટાયે શાવડી. અ. ૫
ગોટ એતો મોટું પાપ, થાકે તે ભથાવડી,
એ કરી ઉપાવી આઇ, જીવન મથાવડી. અ. ૬
કરે તે કરાવ્યું આપ, જીવને જપાવડી,
વિચારો ન મારો વાંક પીડા દ્યો નઠાવડી. અ. ૭
દુઃખ દુર કરોતો મા તમારી દયાવડી,
જેષ્ટાનંદ ભવનિધીમાં છે નામ તારૂ નાવડી. અ. ૮

પદ ૧૬૬ રાગ સોયણી.

સંસારમાં છે શક્ત સ્મરણ સુખદાઇ,
બીજો બધો બણાવટ ભાઇ. સં. ટેક.
જુવો જઠરામાં જીવને જાળવે, પુરણ પ્રસવ્યો પકાઇ,
જુવો પડ પેહલાતો પયોધર કીધા, પુર્યુપય શકે ન તે ખાઇ.
સ. ૧
પુર્ણપ્રકાશકો પાર ન પામે, શાસ્ત્ર સ્તૃતી કહે એમ ગાઇ;
અણુ રેણુ પર્યંતમાં વ્યાપક, ખપ કરો તે ખોળો ચિત ચાઇ.
સ. ૨
આપણા અવગુણ નવ અવલોકે, કૃપાનિધીની કૃપા રહી છાઇ;
જનુની વીના જુવો જન્મ હોતો, જતન કરી જાળવે તે જાઇ.
સ. ૩
મળ મુત્રમાં તે માતા પોઢે, કોરામાં કરે તે મટાઇ;

લાતો મારીએ તે લક્ષમાં ન લાવે, જુઓ એ વડાની વડાઇ.
સ. ૪
અવનીમાં એવું નહીં કોઈ, તે લક્ષ ચુકી કરે તું લડાઇ;
ભુલી ગયો શું ભવમાં આવી, ગયો ગોરી સુખમાં સંતાઇ.
સ. ૮
વિદ્યા ભણી સુખ સંપતી પામ્યો, ગયો મોહ ગોહમાં સંથાઇ;
મદ ચડયો માલમ નથી પડતું, વળી મન આવી છે મોટાઇ.
સ. ૬
માત પીતાનું કહ્યું માન્યામાં ન આવે, માનુનીનું જાય તે મનાઇ.
ગુરૂએ તો ગમગતી બતાવી, પણ જનુની ન જાય તે જપાઇ.
સં. ૭
જેષ્ટાનંદ કહે જુતીયો પડશે, જંજાળમાં જશો જો બફાઇ;
જાણશો તો આ જનમ સુધરશે, સાહે બાંય બુડતાં તો બાઇ.
સં. ૮

પદ ૧૬૭ ગરબી.

ત્રણ લોકમાં ત્રિપુરા બાળા એક છે જો,
ગુરૂગમ પામી કરવો તેનો જાપજો;
ચારે વરણને જુજુવા ચારે નેક છેજો,
ક્રિયાકર્મમાં પડવા નવ દે કાપજો. ત્ર. ૧
ગુરૂ વિના તો ગમગતી આવે નહી જો,
ગુરૂ વચનમાં થઇ રહેવું ભારી ખાપજો;
વેમ વિપત્તિમાં જન્મારો જાયે વહીજો,
ચાર ચોગને ભારો ચડાવી ચાપજો. ત્ર. ૨
પુરણ શાક્ત વિના સમરથ ગુરૂ નવ મળેજો,
જેને લાગી શતકોટી મંત્રની છાપજો;
તેવાના લક્ષ વિના લખ ચોની નવ ટળેજો,
વળી જાય જીવના ત્રિવિધી કેરા તાપજો. ત્ર. ૩
નુગરાને તે ઠામ ઠેકાણું નવ જડે જો,
થયો તેને જ્ઞાન ગતીનો ઉથાપ જો;

નિંદાખોરને નરકી જીવ જાય ત્યાં પરે જો,
તેવામાં ચાલે ખળ તણો ઘેડાપ જો. મે. ૪
ખળ ખરી વસ્તુ ને ખોટી પાડશે જો,
ઠગ ઠરે તે મારવા હોય જ્યાં થાવ જો;
જરી જાણપણુ તે જાદે દેખાડશે જો,
જાણ્યા વાના સૌ જગતના કરતો જાપ જો. મે. ૫
વૈષ્ણવતા વીના તે વૈષ્ણવ થઇ પડે જો,
લક્ષણ ઓગણતીસ તેમાં નથી એક જો;
ઉદર ભરવા વૈશ્ણવ હોય તાં જે અડે જો,
કૃષ્ણ કૃષ્ણ કહે કાળ જે કપટ અનેક જો. મે. ૬
રામ રામ કહી રીજવે રાંડો રંડુ વાળ જો,
પશુ ન પરખે બહીર અંતર ભાવ જો;
ગુણ ગતીને ગમ વીનાના ગંડુવા જો,
દાંભાક દેખાડી દગો કરે જોઇ દાવ જો. મે. ૭
જોગી જતી તે જુકતાયો જાદે કરે જો,
ત્યાગ દેખાડી તંન પ્રકાસે ભોગ જો;
માલમ વીના મુળ વસ્તુમાં મન નવ ઠરે જો,
વસ્તુ ન જાણે તે વેમ વાયુનો રોગ જો. મે. ૮
સાધુ સંન્યાસી સુખને સંપત મેળવે જો,
ભગવત નામ એક બ્રહ્મમાં ભટકાય જો;
જુકતી જાળમાં લાવી જીવને કેળવે જો,
મત્ત કરે ન મુળ માયાને ધ્યાય જો. મે. ૯
કારણ કળ્યા વીના કૌળી કેમ તમે થાવો છો જો,
સુરા પાન કરી શક્તાંનો ચાવો રંગ જો;
ન કરવાનું કરી શું નરકમાં જાવો છો જો,
સમજ્યા વીના શિશ કરી ચડાવો રંગ જો. મે. ૧૦
એમ ગમ ગતી વીના ગુરૂ થઇને ઘણુ ફરે જો,
એક વસ્તુને ધર્મ બતાવે અનેક જો;
ધન હરે પણ ધર્મનો ધોકો નવ હરે જો,
વેમ વિપત્તિ વિકારનો નાવે છેક જો. મે. ૧૧

માટે સમજો તો કહુ સમજાવી સર્વને જો,
ગમ પડે તો ગ્રહણ કરો કહું તેહ જો;
સોધ્ય કરીને સાક્ત થાવો તજી ગર્વને જો,
ગુરૂ ગમે કરો ગાયત્રીપર નેહ જો. મે. ૧૨
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર ત્રેણે મળી જો,
ગાયન કરીયુ પુરણ કરવા કામ જો;
ઇશ્વરતાને પામ્યા તે કારણ કળી જો,
તે માટે પડોયુ ગાયત્રી તો નામ જો. મે. ૧૩
તે આદિ શક્તી રહે છે બ્રહ્મમાં જો,
તેના નાદ બુંદથી રચના સૌ સંસાર જો;
તે અનુભવ વીના નવ રહો આશ્રમમાં જો,
માટે સમજાવું સમજો ન કરશો વાર જો. મે. ૧૪
માટે શાક્ત થઇને સમજો સર્વમાં એકને જો,
કરો ત્રીયાક્ષરી ગાયત્રીનો જાપ જો;
તે જેષ્ટાનંદ કરે કરાવું અનેક ન જો,
જેષ્ટાનંદમા મળશે આપો આપ જો. મે. ૧૫

પદ ૧૬૭ રેકતો.

મન માને તેમાંનો, આ સૌ ઢોંગ છે મારો,
ઢુંગ છે મારો ને વળી સ્વભાવ નઠારો. મ. ટેક.
કરૂં પાઠ પુજા ઠાઠ, આઠ અંગથી નકારો;
ક્રોધ કરશો નહી સંગ, તન મનને વારો. મ. ૧
મુને દયા ડાકણ વળગી, દેઉ શીખ ઓલખારો;
કરૂં વીવેકનો વેપાર, વધે વેરનો ઉગારો. મ. ૨
વળી કહ્યું ન માને ક્રોધ, કરૂં મીથ્યા ઉચ્ચારો;
ન અન્યની આશા લેશ, કરૂં આપે ગુજારો. મ. ૩
હોય આપસમાં અવગુણ, તે અન્યમાં દેખાય ગોઝારો;
સમજાય નહી સાર સ્વભાવ નીચ નીછારો. મ. ૪
સઉ અવગુણ અપરાધ, વચન પેટ પટારો;
લાજે વીના ત્યાં લાભે થાયે, બળજો ધારો. મ. ૫
જેવો તેવો હું જાતે, પરખી પાસેથી જતા રહો;

મેળવશો નહી મંન, માન્યો પ્રપંચ પધારો. મ. ૬
જુઠે જુઠ ચાલે, જીવ જગતનો ધારો;
પરખો ન પ્રપંચ શુદ્ધ વૃત્તિ વીદારો. મ. ૭
મન મારૂં મલીન ખેલ ખેલ છે ન્યારો;
નવ રહે કળ્યા વીના કરમાં, પ્રેમ નેમ જેવો પારો. મ. ૮
મારે ન લેવા દેવા, ધારો નરતો કે સારો;
માનશો તેવું મળશે, જેષ્ટાનંદથી પરારો. મ. ૯

પદ ૧૬૯ દેશી નાટકની.

વેર ઝેર જક્તમાં જીવ જાણજો જરૂર;
તે જ્ઞાની ધ્યાની મોટ મોટેરાનું ઉતારે નુર. ટેક. વે.
સુત સુતા ભાર્યા ભગની, તે સ્વારથના સગાં;
દુઃખ દોહલ દેખતા દુર, થાય એક વગાં,
પટાવો લેતાં પૈસો, પાપી પાછુ ના જુવે;
સોભાગ્ય લુટી જાય, તે કરી વાતને વગુવે,
ભાવને ભલાઇથી તે, કરે ચકચુર. વે. ૧
કોકરે સંત શેવા તે ન સગાને ગમે,
નીજ સ્વારથ સુધારવા તો તેહને દમે;
ભાઇ ભાઇ કહી ભવ ભાન ભુલાવે,
તે અંતે રહે અળગાં કોઇ કામ ન આવે;
હોય સત સંત સેવા, તે પોગાડે હજુર. વે. ૨
ગુરૂ ગમ વીના તો, ઘણાં ગોથાં ખાય છે,
વીમુખ વપુ વીશયનુ, તે સુખ થાય છે;
જ્ઞાનીને તો ગરજ એક, ગુરૂની ખરી,
સંસારના સંકટમાંથી મન ગયુ મરી;
સુગરા સમજી રહે. જક્ત જાળમાંથી દુર. વે. ૩
ન મુરખ મનાય મોહ માન્યમાં મરે,
ન તત્વનો તપાસ તન કેમ કરી તરે;
દુઃખે દ્રવ્ય મેળવે ન પાઇ વાપરે;
તે પરનો દેવાદાર પ્રીતિ તે ઉપર ધરે;
જ્ઞાન વિના જુએ ભ્રષ્ટ મતિ ભરપુર. વે. ૪

ફરે ભભ ગિઆ તું અવળુ સવળુ શે તુને જડે;
સમજ્યામાં ન આવે સાચુ અંતે તે તુને નડે;
શઠ ન સમજે સાર, ખળ ખોટું આચરે.
કુડાં કર્મ કરી, ફ્પાઓ કાળને છરે;
સંત સુરત ક તજી, લ્યા શાને સીંચે થુર. વે. ૫
વિમૂખ બાંધે વેર, ઝેર જુવતીમાં રહ્યું;
શુભાચરણ કર્મ ધર્મ, જાય ન સહ્યું.
મારૂ મારૂ કરે મુર્ખ મન મેળવી.
મુળ શુભા શુભનું ન જુવે કેળવી,
બોધ વિના બગડે થાય બુદ્ધીઓ અસુર, વે. ૬
કોઇ કોઇનું નથી, જીવ વિચારી જુવો;
મહા મેહે તથી મેળવી દ્રવ્ય મિથ્યા સીદ ખુઓ,
પૈસા માટે પારકાં તે પોતાનાં થશે.
સંકટ સગ્રામે સગાં ઉતરે નશે;
મનાય તો માન શિખામણ ધરી આ ઉર; વે. ૭
સમજાય તો સેવો સદા શાક્ત સંતને,
ઓળખાવે ગુણાવગુણ આદી અંતને,
જે જાણે જક્ત જાળમાંથી જીવ નિકળે,
પુરણ પાર પામી જેષ્ટાનંદને મળે,
અવિદ્યા ઉપાધી ઉડી જાય આફ તુર; વે. ૮

પદ ૧૭૦ રાગ ધોળનો.

શ્રી જય જય જય જગ માત. જય જયરે તુ જગતની માત,
સાંભળો સૌની છાની વાત, ઉત્પત્તિ સ્થીતિ લય કરો,
પ્રાણી માત્રનાં પેટજ ભરો,
તોયે ભુલે તે તમારૂ રૂપ પડયા મોહ વિશાયને કુપ. જ. ૧
બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર જેહ, આદિ પુત્ર તમારા તેહ,
આપ્યો તમો એ તેને અધિકાર, પ્રગટ કર્યો તેણે સંસાર,
પણ વ્યાપક સર્વમાં તમે એક, અપાર કોઇ ન પામે છેક. જ. ૨
દેવ દાનવને જીવ નર નાર, નપુશક પ્રગટે એકજ ઠાર.
ચિન્હ જુજુવાં કરીયાં માત, કો વિરલા જાણે એ છાની વાત

અંન પચે જઠરાની માંહ્ય, ગર્ભને આંચ ન આવે ત્યાંય,
જ. ૩
જીવનું જત્ન કરો બહુ પેર. ઉદરમાં આવે અમ્રીત લહેર,
ઉદય પેલા કિધા માના સ્તન, પય પુરે ખાતો થાય અંન.
નેણ વેણ આપો વિદ્યા વિવેક, ભોગને વૈભવ રાખો ટેક;
જ. ૪
ગર્ભમાં કેવી કહે તો વાત, ભજન નહિ ભુલું તારૂં માત,
ખાંન પાંનથી તું સુખીયો થયો, ગર્ભ ગભરામણ ભુલી ગયો
વુત તર્કમાં લગાડે તંન, માન મોટાઈથી બગડયું મન, જ. ૫
અમલે અંધ પડે નહિ સુજ. ખરા ખોટાની તો ગઈ બુજ,
કુસંગ કરે કુડાં કર્મ, મુકી લાજ મરયાદા શર્મ,
મોટાઈ માંથી ન કાડે હાથ, જઈ ભરાવે બાવળીએ બાથ,
જ. ૬
બાવળ કાંટા ભેદે અંગ, તેવો જાણ જે સંસાર રંગ.
ખાઈ પીને તે ખોટું કરે, તારૂં તો મન એમાં ઠરે,
તે સ્વારથ સુધી દેખાડે ભાવ, પછે બગાડવા ખોળે દાવ,
જ. ૭
પતિ પુત્ર ભત્રિજો ભાઈ, બેન બનેવી ભાણેજ જમાઈ,
અવર સગાં બીજા સઉ જેહ, ખાવું લેવું તાકે તેહ,
પરમારથમાં પડાવે ભેળ, ભાવ ઉઠાડવા મેળવે મેળ. જ. ૮
મેળ મેલી ભુલાવે ભાન, પણ ભુલે નહિ હોય સતગુરૂ સાન
ગુરૂને સ્વાધિન ઓઢે અંગ, તેને નવ લાગે બીજો રંગ,
વિમુખને તે સાચુ જણાય, પરમારથ તેથી નવ થાય, જ. ૯
જો ગુરૂ ઉપરથી ઉતરે ભાવ, આવે દરિદ્ર ફાવતો દાવ,
સવળુ તે સઉ અવળુ થાય, અનુશાદેહ તે એળે જાય,
યમ કિંકર તો તેને નડે, લખ ચોનામાં પડવું પડે. જ ૧૦
માટે જપો શ્રીપુરાનો જાપ, બળીને ભસ્મ થાય સઉ પાપ,
આવાગમનનો ફેરો ટળે. શ્રીપુરા બાળા તેને મળે;
જેવા ભાવે સમરે નામ, તેના પુરે મનોરથ કામ, જ. ૧૧
જુરો ભટ મેવાડો વલ્લભ નામ, કેવાં કર્યાં માયે તનાં કામ

રહેવાસી મારવાડનો તેહ, તેને ઘણો બાબા ઉપર નેહ,
તેની રૂડી બાબાએ બાંહ, આવી રહ્યા અમદાવાદ માંહિ,
જ. ૧૨

નવાપરામાં નિત્યે જાય, ગુણ ત્યાં બાબા બાપના ગાય,
ત્યારે મા કહે માગ્ય મનોરથ જેહ, પુરૂં સકળ ઇચ્છા હોય તેહ
બાબાં ખુટે નહિં આપો માય, ચોર આવે ચોરી નવ જાય,
જ. ૧૩

સેવક સીધું લાવી નમે, સો બ્રાહ્મણ ભાટ સાથે જમે;
પછે માયે પરિક્ષા જોઇ, સેવક સીધુ નવ લાવ્યો કોઇ.
વાટ જો તે જો તે રજની પડી, ભાટ બ્રાહ્મણને ક્ષુધા નડી
જ. ૧૪

તે બ્રાહ્મણ કહે કો નાંઠયું જુવો, ભાટ કહે ભૂખીએ રાંડ
સો મુઓ.

પહોર નીશાય દીધી ગાળ, માયે મોકલીયો તતકાળ,
ઉઘાડો કહી પાડયો સોર, ભાટજીએ દિધી ગાળો કઠોર, જ.૧૫
કહે રાંડના રાતે તો જપવા દો, ત્યાં વણીક કહે કહ્યું
ધ્યાનમાં લ્યો.

કાળ સંવત્સરો પીતા તણી, કહો સામગ્રી લાવું ઘણી,
આજ રાંડ ભુખી છે માત. કાલની શી બોલે તું વાત,
જ. ૧૬.

વણીક સામગ્રી લાવ્યો જ્યં, વહાણું વાતાંમાં તૈયાર થયું;
થાળ ભરી જમતાં સુજ પડી, માયું પદ કીધું તે ઘડી.
કરજોડી બોલ્યા તેણીવાર, આ સો ખુંદ્યાં ખમે તે ગુજ પર
જ. ૧૭
બાર,
પડે નીવાજ પહેલાં સાંજ સવાર, બાંગ મુકી ભાટે બાંધો
માર.

તેણે કહ્યું બાદશાહને જઇ, ભાટજીને બોલાવ્યા તહીં.
બાદશાહ કહે પુછવું અમો, આ ફકીરને કેમ મારો તમો,
જ. ૧૮

જુઠો તે જુઠું કરવા માય, તે તો હમોથી સાંખું નવ જાય,

બાદશાહ કહે તમો જાણો શું, ભટ કહે ચાલો ગંગા તીર,
બાદશાહ સહીત તે ચાલ્યા ત્યાંય, આવ્યો દે સાબરમતી;
જાંય; જ. ૧૯

પશુ પક્ષી વછ રૈનુ પાસ, લાવી નાંખ્યાં તેને દાણો ઘાસ,
ભટજીએ જળ ઉપર એવ, વસ્ત્ર પાથરીયુ તતખેવ,
બીમાજ પડવા નમાવ્યું શરીર, સ્થંભ્યુ ત્યાં સાબરનું નીર
જ, ૨૦

સુંગે નહિ કોઇ દાણો ઘાસ, ધાવે ન વછ વીલોકે તાસ,
જળ પશુ પક્ષી થીર થયાં નેણ, કર્યું ન સાંભળે કોઇનું વેણ,
બાદશાહ જોઇ બહુ વિસ્મે થયો; હાથ જોડી ત્યાં ઉભો;
રહયો. જ. ૨૧

આદરે આપ્યુ ભટને ઇનામ; બાદશાહ આવ્યો પોતાને ધામ,
વળી મરણ પામી ભટની માત, લોકોએ કરવા માંડી વાત,
જાણ્યુ ભટે હવે આવી આળ, જઈ બેઠા તે ચોક ચુંવાળ,
જ. ૨૨

માસી થઇ ઘેર બાળા ગયાં, કીયા કરાવી મઠમાં રહયાં,
માગશીર માસ તે જાણો સહુ, હાંસીના વાયક બોલતા બહુ,
કહે કેરી રોટલી કરજો બાઇ, વલભ ઘોળા સમરથ ભાઇ,
જ. ૨૩,

વેહ પ્રમાણે જમાડી નાત; જઇ કહી લોકોએ ભટને વાત,
ભટજી આવ્યા પોતાને ઘેર, જુવે તો થઇ લીલા લેહેર,
રાંધી જમાડે મા રહી ધામ, એમ ઘણાંક કર્યાં માયે ભટ-
નાં કામ; જ. ૨૪

એક રહુ રંગજી નામ, નર નારી રહેતાં નીજ ધામ;
નાર કહે નહી પુત્રી કે પુત્ર, સ્વામી સુનું દીસે ઘર સુત્ર,
તે માટે ચાલો ચોક ચુંવાળ, એક માગીને લાવીએ બાળ.
જ. ૨૫

આવી દ્વાર આપશે જાણી, રાખી બાળાને બોલ્યાં વાણી,
માજી આપશો અમોને તનક લાવી મુકીશું આપ સદન,

તેવું સાંભળી બોલ્યો એક ઠાંઠ, પાસે હતો તે વીનાનો શંઠ,
જ. ૨૬
તે ત્યાં બોલ્યો હાંશી વચન, મારે પણ જો થસે એક તંન,
લાવી મુકુ તે રમતો બાળ, એવું કહી ચાલ્યાં તતકાળ,
પેલાં સ્ત્રી પુરૂષ બે આવ્યાં ઘેર, માયે કરી ત્યાં લીલાં લેર,
જ. ૨૭
બાઇ બુચરને ગર્ભજ રહ્યા, હર્શે હાંશી દીન પુરા થયા,
પેલી બાઇને પ્રગટયો બાળ, હાંશી તણો ત્યાં આવ્યો કાળ
પેટ ફાડીને નીકળ્યો તન, ઘણું કશ્ટ પાંમી તે થયો પતંન
જ. ૨૮
હાંશી કર્યાનું પામ્યો ફળ, કો નકળે એ માની કળ;
પેલી બાઇનો થયો મોટો તંન, મુકી આવતાં નવ ચાલે મન,
ઘણા દીવસે ભુલ્યાં પેર, પુત્ર રાખ્યો પોતાને ઘેર; જ. ૨૯
પુત્ર ન મુકાયો નવ રંગ, માયે કર્યાં આઠે અંગ ભંગ,
વૃદ્ધ થયાં તે માત પીતાય, કોણ કરશે આ પુત્રની સાહ્ય,
હવે આવશે આપણો કાળ, જંઇ માને શોંપીયે માનો બાળ,
જ. ૩૦
એમ વિચારી આવ્યાં તેહ, માને સોંપ્યો ઉતારી નેહ,
રહ્યાં ત્યાં સુધી સેવા કરી, આવ્યાં ઘેર નેત્રે નીર ભરી;
માએ આપ્યા તે ધારણ ધીર, લાવી પાયું એક સરોવર નીર,
જ. ૩૧
પાયું જયાં સરોવર નીર, આવી શરીરે ધારણ ધીર,
ખસતો ખસતો તે આવ્યો જ્યાંહ્ય, માના માંન સરોવર ત્યાંહ,
પડયો જળમાં તે થઇ અંનભંગ, છુટી ગયાં તેનાં આઠેઅંગ
જ. ૩૨
વળી મૃગલ આવ્યો માને દ્વાર, મૃગ એક મારી કીધો આહાર,
પાછલી રજની રહી જયાં પહોર, મૃગ સૌ કરવા લાગ્યા સોર,
પેટમાં મૃગ બોલ્યો તે ઠાર, પેટ ફાડીને નીકળ્યો બહાર,
જ. ૩૩
વળી દશ બારેક શીશુ જન, ઢોરાં ચારવા આવે વંન,

રમત માતાની રમતાં તેહ, મન ઉમંગ વધારી નેહ,
સાથ આવી વરખડીએ અડયો, માટી લેઇ ત્યાં ગોખજ ઘડયો,
જ. ૩૪

પુજા કરીને લાગ્યા પાય, કહો નૈવેદ હવે શાનું થાય,
એમ વિચારી ચાલ્યા એહ, તમાર તાંદુલ લાવ્યા તેહ,
એક કહે આ શેમાં બફાય, કાચું નૈવેદ નવ થાય, જ.૩૫
એક જોયું નિજ ગુંજા માંહ્ય, કુલડી કરમાં આવી ત્યાંહ,
કુલડીમાં તે ભરીયું અંન, બાફી ધરાવે સરવે જંન,
હવે તો બળી કરવું લાઇ, એક લાવ્યો પાડો કર સાઇ,
જ. ૩૬

એક સોટી કરમાં ગૃહી પાડા પાશે આવ્યો વહી,
મુખે બોલ્યો બળી આપુ અમો, માજી તે ગ્રહણ કરજો તમો,
સોટી કંઠે અડાડી જ્યાંય; મુસ્તક વેગળું પડીયું ત્યાંહ્ય,
જ. ૩૭

શીશુ મન પસ્તાયે ઘણો, પાડો ગામના મુખી તણો,
કરે વિચાર હવે શું થાય, તવે સેન્યા લઇ આવ્યો રાય,
શીશુ હતા ત્યાં આવી ચડયો, જુવે તો પાડો મુવેલો પડયો,
જ, ૩૮

રાય પુછે શીશુ ને વાત; કોણે કરી પાડાની ઘાત,
એકના મનમાં બાળા વશી, રાય સામુ તે બોલ્યો ધશી,
માતા પુજી વૃક્ષ કુલડી, નૈવેદ ધર્યું ગોખે કુલડી, જ. ૩૯
પાડાનું બળી આપ્યું ખરું, મુવો સોટી હમો શું કરૂં,
રાય કહે હોય સાચી વાત, પ્રસાદ પોચાડો માનીયે વાત,
શીશુ કહે હ્યો ચીમન કરો, પ્રાણી માત્રનાં પેટજ ભરો.
જ. ૪૦

ત્યારે વસ્ત્ર પાથરીયું રાય, શીશુ ઠલવે ખાલી ન થાય;
જમ્યું કટક રીજ્યો મન, સાચું માન્યું માત સદન;
રાજાએ કરી મન વિચાર, મુકામ કરીયો તેણે ઠાર. જ. ૪૧
શીશુ સરવે સદને જાય, પાડો ઉઠાને આગળ થાય;
ચિંતા બાલકની દુર થઇ, નીજ નીજ મંદિર આવ્યા વઇ;

રાયને કન્યા થઈ ત્યાં રહ્યું. સ્વપ્નમાં આવી માએ કહ્યું.
જ. ૪૨

અલ્યા અહીં રહયો શું વિચારી મન, રાય કહે મારે નથી તન;
લેજે સંવારે બાગમાં જેહ, માતુ લીંગનું ફળ છે તેહ;
ભક્ષ કરાવજે રાખી મન, પ્રગટશે તારે પુત્ર રતંન. જ. ૪૩
રાયફળ લેઇ આવ્યો ઘેર, દૈવયોગે થઇ કેવી પેર;
ત્યારે દીતીનો પિયર વાસ, હતી. અદીતી પોતાની પાસ;
રાય વિચારે તેણીવાર, કલેશ થશે આ અપરંપાર. જ. ૪૪
પિયરથી તેડાવી ઘેર, રાયે વિચારી મનમાં પેર;

બન્નેને વેંચી આપ્યું સાર, અરધુ અરધુ તેણી વાર,
બન્નેને પુત્રીઓ થઇ, વધામણીયો વેગે ગઇ. જ. ૪૫
એકે કહાવ્યુ પુત્રી ઉત્પંન, એકે કહાવ્યું થયો છે તન,
ભુલ કહયો કો ન શકે જોઈ, ગુપ્ત રાખવાની કરતી સોઇ;
વસ્ત્ર પુત્રનાં અંગે ધરે, માતા તેની પુંઠળ ફરે. જ. ૪૬
પુત્રાને શમજાવી વાત, ગુપ્ત રહેજે નહીંતો આપણી ઘાત
મોટો થયો એમ જુઠો તન, રાએ કરીયું તેનું લગંન,
તે કન્યા બહુ કરે ઉપાય, કરત્રીમ પુત્ર ન પાસે જાય,
જ. ૪૭

કન્યાએ જઇ કહયું નીજ માત, લોકોમાં પણ ચાલી વાત
સસરાએ તવ તેડયો જમાઇ, પરીક્ષા લેવાને તે ચાઇ,
સેવકને ત્યાં શીખવી પેર, પોતે આવ્યો સસરાને ઘેર;
જ. ૪૮

આ પોકાર તો સેવક જન. ઉઠી નાઠો કરત્રીમ તન;
વિચાર્યુ આ ખોટું કામ, વેગે આવ્યો પોતાને ધામ.
એમ કરતાં મધ્ય રાત્રી ગઇ, બેઠી ઘોડી પર તૈયાર થઈ,
જ. ૪૯

કુતરી એક તે લીધી પાસ, ચાલી તજીને નીજ અવાસ,
આવી પોહોચી તે ચોક ચુવાળ, માતાની રમત રમેલા બાળ
વરખડી નીચે કરયું આસંન, નિંદ્રા આવી નીરભય મંન,
જ. ૫૦

ત્યાં એક ખાબડામાં થોડું વાર. ન્હાઈ પેઠી ન્યાં થયો તોખાર;
કર્યો ખુંખારો તે જાગી ખાસ, એટલામાં કુત્તરી જઈને નાઈ
તતક્ષણ કુતરી થયો સ્વાન, ચિન્હ જોઈ તેને આવ્યું જ્ઞાન જ, ૫૧
આખોટી તેમાં ધરી નેહ, તતક્ષણ પુરૂષ બનીયો એહ,
ત્યાંથી આવ્યો પોતાને ઘેર સૌને મન થઈ લીલા લેહેર.
બાધા ઉતારી થઈ વીક્ષાવ. વચન પોતાનું પાળ્યું સાવ; જ. ૫૨
મુરખ વણીક વીમળશી નામ, રહે તો નીજ મામીને ગામ,
ગાયો ચારવા વનમાં જાય, તેમાં ચરવા આવે અંબાની ગાય;
ન આપે ચરાઈ ચારે ગાય, જણ કેડ જેમ થનાર તે થાય. જ. ૫૩
એમ વિચારી કેડે પડયો. ગાયની સાથે મબાર ચડયો.
પેઠો ગુફામાં દીઠા મહેલ, સ્વર્ગની શોભા તે આગળ સહેલ
હીમ હીંડોળે બેઠાં માત, વીમળશી જઈને બોલ્યો વાત. જ. ૫૪
ગાય તમારી ચારં અમો, ચરાઈ હવે મુને આપો તમો,
ઉચ્યાં સાંભળી માજી તવ. સુપ ભરીને આપ્યા જવ;
ગુફામાંથી નીકળી બહાર, નાંખી દીધા તેણે ઠાર. જ. ૫૫
જોઈ એની મુહસ્તાઈ જાણી આજ, જવ આપતાં નવ આ-
વી લાજ;
એમ કહીને આવ્યો ઘેર, વાર થઈ પુછે મામી પેર;
વીમળે કહી વીસ્તારી તવ, સુપડું ભરી જે આપ્યા જવ, જ. ૫૬
તે નાંખી દીધા અને ચડી રીસ, માટે વાર થઈ આ દીસ,
ભરાએલા તે ઘરમાં પડયાં, તે સોનાના મામીને જડયાં,
વાવ્યા જવને ઉગ્યા તેહ, સુખી થયાં મામો મામી જેહ; જ, ૫૭,

મ:એ જાણ્યુ સરવે એહ, આપ્યુ ભોગ પડયું નહી તેહ.
પછી વીમળશીને મળીવાં આપ, બોલ્યાં માગ આપું તે ભાય
કહે વીમળશી શું આપી શકે, જીરણ વસ્ત્ર અંગ ચીથ્યા બકે
જ. ૫૮

માચ્ય માજી કહે ઘેલો થયો; ત્યારે આગ્ર બાલવને ઉભો રહયો
કહે આપ માગુ કડાં સોવર્ણુ જેહ, ત્રણ ઢગલાંમાં નીકળે તેહ;
કહે માજી ખોદ એમ મળશે તુને, પાછી આવું ત્યારે ઓ-
ળખજે મુને. જ. ૫૯

ઢગલાં ભરીન ખોદે જ્યાંય, કરમકડા નીકલતી ત્યાંય,
પછે મુર્તિઓ પ્રભુજી તણી, ડેરાં કરી પધરાવી ઘણી;
આવીજે ચેલું નમ્યરે લોલ, જ્ઞાનમાં તે જમ્યારે લોલ;
અદ્વૈતમાં તે રમ્યારે લોલ. સા. ૨૮
મારે ભાવ શું ભરીરે લોલ, જાવું હોય જો તરીરે લોલ;
સેવો બાળા ઇશ્વરીરે લોલ. સા. ૨૯

દયા કરશે ભલીરે લોલ, બતાવી ગુરૂ ગલીરે લોલ;
જેથી જાશે રળીરે લોલ. સા. ૩૦
લાહાવો લેગે જોગણેરે લોલ, મનુશા દેહ તણોરે લોલ;
ભવે માજીને ભણોરે લોલ. સા. ૩૧
સાધ્યું સરવે સહીરે લોલ, શકતવોના કો નહીરે લોલ;
એવો જાણી મન ચહીરે લોલ. સા. ૩૨
માટે નીત જપીએરે લોલ, માજી સુખ આપીયેરે લોલ;
કુબુધને કાપીયેરે લોલ. સા. ૩૩
સુબુધને રાખીયેરે લોલ, ચરણે પડી ભાખીયેરે લોલ;
સતસંગ ચાખીયેરે લોલ. સા. ૩૪
શરણનીજ આપીયેરે લોલ, દાસ કરી થાપીયેરે લોલ;
સેવક પ્રતાપીયેરે લોલ. સા. ૩૫
કરજોડી માગીયેરે લોલ, માજી અનુરાગીયેરે લોલ;
પડી ભીડ ભાગીયેરે લોલ, સાચી. ૩૬
કૃપા એવી માગતોરે લોલ, જેષ્ટાનંદે જાગતોરે લોલ;
લાલ પાગ લાગતોરે લોલ. સાચી. ૩૭

પદ ૧૭ મું ગજલ.

ત્રીપુરે જુવો મુજ સામુ ફરી, દેદાર થાય તો જાઉં તરી. ટેક.
ચિંતા એ મનમાં લાગી રહી, જાણો જણાવું શુ જાદે કહી;
જાણીને બેસો એકાન્ત કરી, કોણ નીત ન એ રીતી ધરી. ત્રી. ૧
પુત કપુત હોયે કદપાં, માત કુમાત ન થાય તદપી,
નીતીએ જાણીને આવ્યો સરી, આનંદ જેષ્ટની લેહેર લહરી.
ત્રી ૨
વળુ હવેના હું પાછો પડી, સાચી ત્રીપુરા તું ચિત્ત જડી.
નિશ્ચય બુદ્ધથી રહોગે કરી, લાલ અજ્ઞાની તું મા ગવરી,
ત્રી ૩

પદ ૧૮ હરિગીત છંદ.

લળી લળી પ્રણામ શ્રી ગુરૂ નાથજી તમને કરૂ
લક્ષ ધરજો અર્જ વાણી, બાળ જે જે ઉચ્ચરૂં, ૧
અમોઘ બળ છે આપનું મતી અલ્પ મારી શું લહે,
નથી ભેદ ખેદ તુમ ઘટમાં, નિશ્ચય બુદ્ધિ મુજ કહે, ૨

વળી પર્મ પરમેષ્ટી ગુરૂ જે નાથ તેને કહુ વદી.
સ્મરણુ ધ્યાને પધારજો ના વેગળા તો રોહુ કદી. ૩
તવ પ્રસાદે પામીયો પદ કર્મ કરવાનું ખરૂં.
પ્રભાવ જેનો ગહન તે શીર છત્ર મારે ઉર ધરૂં. ૪
ચિત્ત વૃતિ ઉલટી પદ પુરણ સાવા માતનું,
કરો કૃપા દીનનાથ તો ઉદ્ધાર પામે આ તનું. ૫
નાદાન પુત્રહું આપનો તે આવીને ચરણે પડયો,
સંભાળ જો શ્રીનાથજી નથી પોચ ઉંડી બડ બડયો, ૬
જો લક્ષ થાય ન મુજથી તો લાજશે પદ તમ તણું.
જાણો તે નાથ સર્વજ્ઞ છો બાલક બુદ્ધિ શું ભણું; ૭
મન સ્થિર ઠાર્યુ નવ ઠરે ને હાલમાં લાગો સદા,
માટે જેષ્ટાનંદ વેગે લાલ અંબા સુમદા. ૮

પદ ૧૯ મું રાગ કાનડો

ગુરૂ રૂપે તો વેર મુજ વાળીયું,
જ્ઞાનામૃત પાઇને દુખ ટાળીયું; ગુ, ટેક
અનુભવ આગથી ચિત્ત ચોખાળીયું,
શરીર ભાનથી મંન વટાળીયું, ગુ. ૧
મીથ્યા જગત કલ્પીત ભાળીયું,
કુતર્ક અવિદ્યાની જાળીયું, ગુ, ૨
દયા ક્ષમા શાંતી વિદ્યા વાળીયું,
દાખી ચૈતન્ય શક્તિ રૂપાળીયું, ગુ, ૩
જેષ્ટાનંદ સ્વરૂપ પુર આલયું,
વહે લાલ અંબા ઉર નાળીયું, ગુ, ૪

પદ ૨૦ મું ઠુમરી.

ગોળી તો મુને આપી ગુરૂએ માર ઝેરનીરે, ગો, ૧
તેણે મન મારૂ જીવતું મારયું બાકીના રાખ્યા એરનીરે, ગો, ૩
પંચ પ્રાણ તે લેહેરે ચડીયા, કામ ક્રોધ આદિ તે રડીયા,
ચિત્ત ચોખાળી વૃતી ટાળી વેરનીરે ગો, ૨
ભવ ભય નિંદ્રા માર હરાઇ, શાંતી દયા ઉરમેં તો બદ્ધાઇ,

મુંધા સમાધી વ્યાપિ મુને લેહેરનીરે, ગો, ૩
પ્રપંચ પીડા મુળથ નાઠી બાકી નીંદ્રા રહી છે માઠી;
સુરતી તો લાગી શુન્ય શેહેરનીરે, ગો, ૪
જેઠાનંદને રોકી રાખ્યો, લાલ આત્મા ગુણ અટકો દાખ્યો,
ટાળી પીડા તે ફેરનીરે, ગો, ૫

પદ ૨૧ મું જોટો.

મન રેહેવું હોય તો રેજે જેઠાનંદની પાસે,
આડે અવળે ભટકેથી તો ભવમાં ફસાસે મન. ૧
અમૃત કુંપો રાખે ઉરમાં પાંન કરતું રહી હજુરમાં;
દાવ ખોઈ ના રાખે કાંઈ ક્યારે. મન ૨
ધાર્યો બેડા પાર ઉતારે, કાયા નાવ ભવસિંધુ તારે;
કૃપા દૃષ્ટે કરે મંત્ર ઉપાસે. મન. ૩
કરમ પણું અજ્ઞાન અંધારૂ, અભીમાન જે હોય નઠારૂં,
મુવે કરી જોતા પોતાનો દાસે. મન ૪
એ સીખામણ માનો વિરા; કામ સુધાર તું થઈને ધીરા;
લાલ આત્મા ઓળખતું સાથી શ્વાશે. મન, ૫

પદ ૨૨ મું જોટો

મન તો અટક્યું મારૂ જેઠાનંદને જોઈ રે
સાચું કહું છું માનો આપ અવધા ખોઈનેરે, મન ૧
ચિત ચુંત મારી ઉલટાવી જ્ઞાનામૃત રસ પાંન કરાવી,
કૃપા કોર કીધો ભ્રાંતી ખોઈનેરે. મન. ૨
અખંડ નાદો તે શું લાગ્યો, કાળ ભય દેખી દુર ભાગ્યો,
નિશ્ચય બુદ્ધિ અપી અંતર ટોઈનેરે, મન ૩
અધમો ઉધારણ સુજને મળીયા, અંતર ભાસના સાચા ફળીયા
રાખું નિત્યે સ્મરણ હૃદય કંજ ચિત્તનેરે. મન. ૪
લાલ આત્મા ગુણ શાશા ગાવે, અગમ્ય મારગ ગંમ બતાવે,
કીયા કર્મની આપે સાચી માહનેરે. મન, ૫

પદ ૨૩ ગુરૂના આરતી.

જય જય જય ગુરૂ દેવ જય મંગળ દાતા,

પામર જન ઉધારણ; તારણ જગ ત્રાતા. જય. ૧
શક્તિ તમારી વ્યાપીક, છે સઘળે ખ્યાત,
મળે ન વસ્તુ જોતાં તુમ વિણુ હે ધાતા, જય; ૨
મમ મન વાણી પ્રેરક, ટેરક જગ જાતા,
ખેરક તુજ વિચારો, ચરણ રજ ગાતાં, જય. ૩
ભય ભય ટાળક વાળક મન વાતાં,
ટાળક જ્ઞાનામૃત રસ, પદ મહીમા ગાતાં, જય, ૪
અલ્પ મતા અગુણ હરો, શીવ શરણાંગત શાતા,
અગમ્ય મારગ દાખી નીજ રૂપે થાતાં, જય. ૫
અખંડ મંડલ વાશીત અભય વર હતા,
લાલ અંબા શેવક શીર જેષ્ટાનંદ તાતા, જય; ૬

પદ ૨૪ ગઝલ,

ગત એક બે એક જે હતા, એ રાગ.

દયાળી દયા લાવીને દરશન તો આપો મુને દ, ટેક
ચક્ષુ દ્રષ્ટિ વિયોગથી, નહી સુખ જગતના ભોગથી;
શરીર ક્ષણ છે રોગથી; જાણો જાઠે તે શું કહુ તુને, દ. ૧
અપરાધ તો ઘણા કરૂ ના બીક તારી ઉર ધરૂં,
ઠાઠ ઠાલી હરદમ ભરૂં, ના રાખું બાકી માગુને, દ ૨
પણ માત તુજને જાણીને, કાયા ઉમંગ પ્રમાણીને,
કર કર્મ આ વખાણીને, કરો માફ સરત કહું તુને, દ ૩
કાપો વિકાર દ્રષ્ટિ દુરમાં, રહો લાલ અંબા હજુરમાં;
ઠા જેષ્ઠાનંદના પુરમાં, હંસ રૂપ તુજ મોતી ચુન, ૩. ૪

પદ ૨૫ મનમથ છંદ ચાલ દ્રુકડો,

શ્રી બાળા સુંદરીરે, કરો કૃપા ચીત ચાહ, આપો દરશન
દયાળી માઇ, પુત્ર તુજ તુરરે, દ્રષ્ટિ વાયોગે આઇ,
કરૂણા આણીને આવો ધાઇ, સુફળ થય જેમ કાઇ,
તુજ દીઠે ભ્રમણા પળાય, ભરૂસો આ ચિત્ત ચાય,
ભય પામુ તે દુર જાય, દાગટ ફાંટ ન મરાય
મન પામેરે, નિશ્ચય આનંદદાઇ. આપો ૧

તોતળી વાણીરે, બાલકની લડે માતા;
જાણી જાહેર કરૂં જગજાતા, વેગે આપોરે દરશન થાય સુખ;
માતા, સમે ચંત્તાના ઉભરા થાતા, રહે પ્રાણસદા રૂપધાતા.
વિનંતી સ્વીકારોએ મારી, ભવપાશથી લેજો ઉગારી;
વૃત્ત ગજો દુખદાની, માપદનીએ બલાહારી.
જાઉંવારીરે, ભગવતી ગુણને ગાઇ. આ. ૨
અવગુણ મારારે, ગણતાં પાર ન આવે, જતુની વીણ.
કોણ સમાવે, માટે જાચુંરે, માત દયાળી ભાવે;
જે પુત્રના સુખને ધાવે, દુખી જોઇને ઉરદબાવે.
એવો પ્રેમ અવર્ણીય જાણો, આવ્યો શર્ણ રાખો મહારાણી;
કામ ક્રોધ લેઇ સઉ તાંણી, ક્ષમા રૂપ દાખો. મા રાંણી.
કરો અભયરે, કૃપાદ્રષ્ટી છાઇ. આપો. ૩
નમાં અંગ અડેરે, વળી વળી માગુ ઉચારી, આપો દેદાર;
ભયને ટારી, જોયા વીનારે, વૃત્તિ નવ રહે ઠારી, માટે વેગે
કરો સાહાય મારી, જેથી પામું સુખ બરદારી.
છે ભરૂસો મુજને બાળા, સમાવો વિયોગની ઝાળા;
જેષ્ટાનંદ જપુ તુજમાળા, હરનીશ કરો સંભાળા.
પુર્ણ પ્રકાસોરે લાલ અંબા જગજાઇ; આ. ૪

પદ ૨૬ મું જોગ.

આઇ ઇશ્વરી કૃપા દ્રષ્ટ કોની, ચિંતા મારી તે સઘળી હરોની;
જેવો તેવોરે જનુનો બાલક તારો, રીસ છોડી આનંદ વધારો,
આપી દરશન દુખડાં વારો,
જનુની શ્રધ્ધ રોસને નાખો, નીજ સ્વરૂપના નજરે દાખો;
જાત માથ્યા જન્મ મુજ આખો, તો લાજે જનુની તુજ પાખો.
માટે વેગરે, દ્રષ્ટિ વશે આ ઠરોની. ચાં. ૧
જકતમાં જોતાંરે, ગુણ કળા રૂપતાઇ ચીત ચળી છળી.
જાય છે માઉં, ભય પામુરે, શું કહું જાણો ઉચારી,
શકત લેજો માનેથી ઉગારો, શીશુ તારો છું અવિચારી.
નથી મંત્ર કે તંત્રનું ભાંન, નામ સ્મરણે તણુ અભીમાન;

લેપ અલ્પ ગુરૂની સાંન, આવ્યો ભગવતી આગો ભાંન.
ભરૂસો આવેરે, સંગત છુટે ખરેની; ચી. ૨
કામી ક્રોધીરે લપટ લોભી ભારી, તે અવગુણ લેવું.
નીવારી, કહુ કરગરીરે, વૃત્તિ કરો મુજ સારી; ભેદ ભ્રાંતી
મનથી ટારી, આપો નિશ્ચળ બુદ્ધિધારી, તો વેગે પામું ભવ
પાર, થાય આત્મસ્વરૂપ વિચાર વરસે આનંદની ધારા. સ ૨
થક વહયો તે ભાર જાણું ત્યારેરે, ઉર અરજી માયંગેની. ચીં. ૩
જકતમાં જાણેરે, આ મા ઘણી ચતુરાઇ, નવ પડું માવિદ્યા
ખાઇ, કૃપા તો તેવીરે, કરો ત્રીપુરા ભાવે અન્ય સ્વરૂપના
દ્રષ્ટિ આવે, પ્રાંણ પંચે સ્તવન તુજ ગાવે હરનીશ રહો
મા પાસે, કરોકળાનો પુર્ણ પ્રકાસે વાધે કીરતીરે, નિશ્ચય
વાતરરોની. ચી. ૪

પદ ૨૭ ઠુમરી

દરશન બીન અખીયાં ઠરત નહીં, ઠરત નહીં મન જાત બહી
દ ટેક.
જાત બહીન ફીરઆન કહી, તો ફોગટ ફેરા થાત મહી. દ. ૧
ફોગટ ફેરા થાત મહીતો, ફીરજનમ સ્થુલ પાત સહી. ૨
ફીરજનમ સ્થુલપાત સહીતો લાજત સબંધ જે માન કહી. દ. ૩
સબંધ લાજત દુખન ભાજત, જેષ્ટાનંદન ચાહત રહી. દ. ૪
જેષ્ટાનંદન ચાહત રહીતો, લાલ અંબા ગુનગાત નહી. દ. ૫

પદ ૩૮ મુ રામગ્રી. આવાહન પુજન વીગેર.

આવોને મા ત પરાત્પરી, પીઠ પુજવા મંન;
કમળાસન આગે ધરૂં, બેસવા દયાલંન. આ. ૧
સામાન્ય વિશેશા ધરૂં, આપુ અર્ઘપ્રદાન;
સ્વિકારો ભવતારણી, ગણી પુત્ર સમાન. આ. ૨
નિર્મળ જળ કરી આપું જે, વરૂણ બીજથી સાર;
કરો કૃપાળુ સ્નાન તો, માનું સુફળાવતાર. આ ૩
સુખડ ચંદન કેસરી, કરો આડ લલાટ;
સિંધુર શેથા પુરવા કંકુ ટાલડી માટ. આ. ૫

પુષ્પ ચંએલી ગુલાબના, વળી જુઇને જાય;
હાર આપું મા હેતે કરી, ધરો કંઠની માંય. આ. ૬
ગુગળ આદિ સુગંધસુ, કરૂ ધુપનો ધુંન;
ગ્રહણ કરો વિશ્વંભરા, રાખો કાંઇ નાનુન. આ ૭
દીપક ઘૃત તલ તૈલના, રાખુ કમળની પાસ;
કરો સુગમનીજ રૂપનો, જગમાત પ્રકાસ. આ. ૮
આજ્ઞા આપો મા સનાતની, નિત્યાભાવસું નીત;
આવૃણ પુજું પ્રેમથી, મંત્ર શાસ્ત્રની રીત. આ. ૯
પ્રોક્ષણી અમ્રત પાત્રથી, કરો તૃપ્ત માતંન;
દરશન આપો દીલ ધાં, માને જેમ મુજમંન. આ. ૧૦
વદન પ્રસન્ન રાખો સદા, બાળા ત્રીપુર માત;
પુષ્પાંજળી મંત્ર નાદથી, આપું પ્રેમ સુજાત. આ ૧૧
અંગ વાહન આયુદ્ધને, પરીવાર સવર્ણ;
રાખો પ્રસંન્ન પુજા થકી, લેઇને તુમ શર્ણ. આ ૧૨
થાળ ભરી આગે ધરૂં યથાશક્તિ જે માત;
આરોગો હેતે કરી, થાઉ મન રળીયાત. આ. ૧૩
બટુક યોગની દેવને, ક્ષેત્રપાળ ગણેશ;
ભુતાદીકને નીવવું, બળી ભક્ષણ વેશ. આ. ૧૪
ઉદરાને મુખ પખાળીને, ગૃહો તાંબુલ પાંન;
આરતી હેતે કરૂં, ખોઇ નિજ અભીમાન. આ. ૧૫
પ્રદક્ષિણા પુષ્પ પાંખડી, લહો ઇશ્વરી આપ;
મુસ્તક ચરણે ધરૂં, આપો ભકતની છાપ. આ. ૧૬
નમો લૈરવ ચિત ધારીને, કરો પાપનો નાશ;
જેણાનંદ નહો ઠરી, ચિત્ત વૃત્તિએ વાસ. આ. ૧૭
આદિ ભકજન એમ મળી, કરૂં જેજે ગાંન;
ગ્રહણ કરો મુજ સર્વે તે, આપી સ્વરૂપની સાંન. આ. ૧૮
મનસા વાચા કર્મથી, કરૂં અરચન જેહ;
પુરણ સરવે જાનજો, રાખી પુત્ર સું નેહ. આ. ૧૯
આવાહન નથી જાણતો, વિસર્જન રીત;
ક્ષમા કરજો સર્વે તે, માગું ગાઇને ગીત આ. ૨૦

શ્રીગુરૂ અર્પણ સૌ કરૂં, પુજા પાઠને નેમ;
સદા રાખે તુજ ચરણમાં, પામુ કુશળ ક્ષેમ. આ. ૨૧
અષ્ટાંગે પ્રણામીને, ભાખું તો તજી માણ;
ભાલ અંબાનીજ રૂપમાં, જાણી લાગતપાંણ. આ. ૨૨

પદ ૨૯ જોડો. થાળ.

આરોગો બાળા સુંદરી, પરીવારની સાથ;
રત્નજડીત બાજોઠડી, બેસીને જગમાત. આ. ૧
કનક કળશ ગંગાજળે, ઝારી મુકુ આ પાસ;
આ અવસર તો હેતે કરી, આરોગો સુખ વાસ. આ. ૨
તાંદુલ રાંધ્યા કમોદના, ભાવતા મુજ નીત;
ભુન ચ્યાલીત શુભ ગૌરીના, આસુ માંડુની પ્રીત. આ. ૩
દાલ છુટી મગની બની, રાંધી ખટ રસ સાર;
લચકો દાલ તુવરની, બીજી પીલી અપાર. આ. ૪
બીરંને ભાવતા બાકળા, વડાં વેઢમી સાર;
શાકતાં વીવ વીધના, ભાજીયાં અન પાર. આ. ૫
ગળી મોળી તીખાં તમ તમ', પુરી પુરણ સાર;
બે પડી ચોપડી રોટલી, સાકરનો ભંડાર. આ. ૬
પેંડા જલેબી લાડુ કળી, દુધ તૈયાર પાક;
સુતરફેણીને ઘેબરાં, બરફીના ન બાક આ. ૭
મગના લાડુને ભાવશો, શીરો સુંદર સોજ;
ખાજાં ઠેર મોળાં ગળ્યાં, સેવ સુંવાળી જોગ. આ. ૮
બાસુદી દુધ પાકને, શીખંડને ખીર;
ગળ્યો તીખો ભાત કેસરે, કઢ્યાં દુધની ખીર. આ. ૯
પાપડ ચણીયાંને સંગાં, વડી વળી ખાસી સેવ;
આંબલી આદુ લીંબુ ખીરા, શાક ભાજી વાલોર આ. ૧૦
અનકુટ ઠીક ઠીક જાતની, બની આવી છે આજ;
અરપણ કરું હેતે ઘણી, રવીકારો સહુ સાજ આ. ૧૧
ફળાં જામફળ એરડી, બોર પાકેલ સેવ;
ફણસ અંજીર દાડમાં, નારંગીને સેવ. આ. ૧૨
આરોગો સગાની ફૂલ દ્રાક્ષ પરતાં ન દામ;

એલચી અખરોટ આપતાં, પુરો મનોરથ કામ. આ. ૧૩
નાંખુ લવીંગ પાનનું, આપુ શ્રી ભગવાન;
આવી રંગ રસ પુરજો, માગું એ વરદાન. આ. ૧૪
જુઠણ ખાતાં માતજી, કરો પાપનો નાશ;
ચિત્ત રહે તુજ ચર્ણમાં, ગુરૂ જ્ઞાન પ્રકાસ. આ. ૧૫
આરોગી સિંહાસને, બીરાજો મુજમાત;
અત્તર તેલ ગુલાબનું, છાંટી થાઉ રળીયાત. આ. ૧૬
નગારાં શરણાઇને, ઘંટ કાંસી ઘડીઆળ;
વગાડી કરૂં આરતી, કરો પુરણ થાળ. આ. ૧૭
પુષ્પ માળા કરમાં ધરી, ભાખું તોતળી વાંણ;
આરોપતા વિશ્વંભરી, જેષ્ટાનંદ વખાંણ. આ. ૧૮
ગાય શીખે ને સાંભળે, થાળ તારી માનીત;
બાલ અંબા આશ પુરજો, જોઇ ભક્તિની રીત. આ. ૧૯

પદ ૩૭ લલીત છંદમાં કકાની રજ.

અરજ માહરી માત છે તને, કરજ કાપજો દુઃખ એમને;
ખરજ ખોટી એ ચિત્તમાં બને, ગરજ સાર જો રાખીને કને. ૧
ઘરજ તો ભલું આપી મુખરે, ઙરજ પુરતાં કેમ તું ડરે;
ચરજ આપદા સર્વે જે ઝરે, છરજ તેહનો ફેર જે કરે. ૨
જરજ રૂપની ખોટ જેકળું ઝરજ પ્રેમથી સુખ તોલળું,
ઞરજ પુરજો રૂપમાં ભળુ, ટરજ વમતો જ્ઞાનમાં ગળું. ૩
ઠરજ ઉરમાં સુંદરી કહું, ડરજ આપદા આપતાં ચહું;
ઢરજ ધ્યાનમાં પાપને દહું, ણરજ રાખતી પીડના લહું. ૪
તરજ સારદા ભાવથી ભણુ થરજ મુર્ખતા વેમથી હણુ;
દરજ શાન્તનું માત છો અણું, ધરજ મોકળું સાર હું છણુ. ૫
નરજ ભાવના ટાળી માહરી, પરજ તે થકી રાખતું ઠરી;
ફરજ માતના ધારતો ખરી, બરજ લાવજો દેહ આ ધરી. ૬
ભરજ પુર્ણ તું કુંભ માહરો, મરજ વાસના દુષ્ટનો જરા;
યરજ વાપની ફુટતી ફરો, રરજ તાપથી પાપને ચરો. ૭
લરજ પુરજો ઠામના સહુ, વરજ વાકય રજે વૈખરી કહું;

શરજ વારજો સુરતી બહુ, પરજસું સરી તુજને કહુ ૮
સરજ શુન્યમાં ચિત્તને કરો, હરજ દેહના કામ જે ધરો;
ક્ષરજ જેષ્ટ આનંદ માંગરો, અરજલાલ અંબાતણો ઠરો. ૯

પદ ૩૧ ધનાશ્રી.

આપો ન માત ભાવ વિચારો, સ્વરૂપ માંહી ધારી;
બાલક તારો બીમરું હું જુવો ને વીચારી. આ ૧
હાસ્ય હોય તમારે મંન મુજને કઠારી;
દયા કરો વૃત્તિવારો, હોય જે નઠારી. આ. ૨
લોભ મોહ કામે ઘેર્યો, દેહ દુઃખદારી;
મુંઝાઇ પ્રાણ સ્વરૂપ દાખો, માત લ્યો ઉગારી. આ. ૩
બાળક જાણી વેમ હરો, ભ્રાંતી ભય ભારી;
જેષ્ટાનંદ શરણે રાખો, લાલ અંબા મારી. આ. ૪

પદ ૩૨ જોટો.

બાંમા બાઇ શ્રવણ કરો, અર્જી આ મારી;
સંકટ દુખ આવતાં, તે નાંખજો વારી. બા. ટેક.
મન વૃત્તિ વારજો મા ચરણ લિશ ધારી;
કામ ક્રોધ શતરૂ નાખો માતજી વિદારી. બા. ૧
મુજથી ન થાય કાંઇ, વિના મદદ તારી;
માટે બાઇ કૃપા છાંઇ, કરો સુખકારી. બા. ૨
ભ્રાંતીએ ફુટે જીવ, દુઃખ બહુ ભારી;
બ્રેહમ વાયુ જોર ઝાડુ, નાખજો તે ટાળી. બા. ૩
જેષ્ટાનંદ સ્વરૂપ શોભા, માગુ મા ઉચ્ચારી;
લાલ અંબા પુર્ણ પામો, આશા મારી સારી. બા. ૪

પદ ૩૩ આરતી.

સંગત જીવ જોઇને કરજો, સાચું રૂપ આનંદ ગરજો. સં. ટેક.
શબ્દ નાદ ધુંધનુ વારી, ગુરુ જે રીત છે સારી;
તેને નીત ઉરમાં ધરજો. સંગત. ૧

માટે અર્થ શબ્દનો ખોળી, કરો સંગ સાચાની ટોળી;
વેહુમ ભેદ ભ્રાંતીને ચરજો. સં. ૨
ભજન નિત ભાવતાં ગાવો, આત્મશક્તિ ચિત્તમાં લાવો;
આવી સ્વાદ જ્ઞાનમાં ઠરજો. સં. ૩
તંબુરો ન લક્ષમાં લેવો, અંમામૃત મંત્રથી ચેવો;
અમર થઇ ભવમાં ફરજો. સં. ૪
જેષ્ઠાનંદ ગુરૂને જાચો, જ્ઞાનામૃત રસ ઉર પાચો;
લાલ અંમાં ઝાંખીને ઠરજો. સં. ૫

પદ ૩૪ ગરબી

અંબે કામ સારને તું અમારારે, જક્ત જણાવી ભક્ત તમારાં. અં.
તેમાં લાજ ધરે જો અમારારે, અપકીરત્તીમાં થાશે તમારીરે;
કહેશે કરશું શું માત પધારી. અંબે. ૧
માટે વેગે કરો માત સાયરે, શર્ણે આવે તેનું કામ થાયરે;
સાથી તું છે તે વિશ્વ જગ્માય. અં. ૨
કરશું કરાવ્યું તેં નિજ ધામરે, આવી પવિત્ર કર્યા મા ઠામરે;
તો વેગ કરો હવે કામ. અં. ૩
ખોટ દ્રવ્ય તણી માત ભાગોરે, કાઢો દુઃખ દેવાદાર ભાગોરે;
શું સુતાંછો માત જાગો. અં. ૪
કલેશ કુમાત વિયોગ તાડોરે, અપરાધ અમારા ભુગાડોરે;
રાખો સ્વદેશમાં રાત દાડો. અં. ૫
પાળો આપ્યું વચન ઉચ્ચારીરે, રહ્યો પુજનો જે આશકારીરે;
તો સંસ્કાર છોડો કરારી. અં. ૬
માત માગું મગાવ્યું તેં આવીરે, પુરો મનકામના નિત લાવીરે;
રાખો સ્વરૂપમાં હૃદય ધરાવી. અં. ૭
જેષ્ઠાનંદ વદ્યા એક ધારરે, લાલ અંબા રહો એકતારરે;
હાક મારતાં કરજો વાર. અં. ૮

પદ ૩૫ રાગ બીહાગ લોયણી.

આજ આઇ આપો સુખની ઘડી,
વર્ષ પુરાં ત્રીસ થયાં છે આ બાર આથડી. આ. ટેક.

બાળપણું અજ્ઞાનમાં ખોયું, તરૂણમાં ક્રિયા નડી;
સાધન તેથી થયું નહિ મુજથી, શું કહું માત વડી આ. ૧
દોશ નહિ પણ તેમાં આગે, તેતો તુજ ઇચ્છા ખડી;
સિદ્ધ પોણી વિશ્વે વ્યાપી, કરો કૃપા રહે ચડી. આ. ૨
માપ વધારી જીવ રમાડો, માગે તેવી આપો છડી.
હું મગું તે મુજને આપો, જાણું સાચી શાંત ભાડી આ ૩
જેષ્ઠાનંદ શરણે રાખી, રમાડો ગુરૂજ્ઞાન દડી;
લાલ અંબા પોતાનો કરજો, વૃત્તિ તુજ ચરણે જડી. આ. ૪

પદ ૩૬ ઠુમરી.

સમજાઓ મન મેરા (૨) ટેક.
બારબાર સમુજાયમેં હારા, ન માના મોરા એકે અબેરા, સ.
બીશય બાસના અકડી ફુરાવે. ડાલે ધક્કડકે કુપ અંધેરા—સ. ૨
કામ ક્રોધ આદિ બીજ રાગે રહે, દશાનુ એક નહીં અલગેરા-સ. ૩
કહો જનુનીમેં કયા બીધ કરૂ, રહે મન સદા જેષ્ઠાનંદસે ઘેરા સ.
લાલ અંબા બાનંતી ઉર લાઈ, સજો ઉપાય હંમે ચોરાશી ફેરા ૫

પદ ૩૭ લાવણી.

અરે ઓ જીવ, કરતું યાદ, મુકીને વાદ, તજી પ્રમાદ
સુખ જો ચાહે સોહં શબ્દનો સ્વાદ ગુરૂના સાદે. ટેક
એ શકત સુધા, અજીત, કરીને પ્રીત, ઉરમાં ધરજે
હુંરૂપ શબ્દની જ્યોત મેળવી ફરજે
છે સત્ય ખરો આનંદ, છોડીને ફંદ, જ્ઞાનમાં ઠરજે
થઇ રૂપારૂપે આપ, ભાંતીને હરજે
આખરો, વેદનો સાર કહું આધાર, ભાગ્ય જો સાદે-સો ૧
છે મિથ્યા દેહ સ્વરૂપ, અવિદ્યા કુપ વિચારી જોને
મુળ માયા કેરૂં ફુન્દ નિત્યાથી માને
થા જીવ ટળીને શીવ, કહું સાચીવ પ્રગટતા ખોને
મુળ મંત્ર ગાયત્રી જાપ, શ્વાસથી ટોને
એ મનુષ્ય દેહનો લાભ, કરીને ભાવ પ્રેમથી સાહે સો. ૨
સુખ અંતરમાં છે ઈશુ વીના સો રીશ, ચિત્ત સુધારી

ન ધરીશ લક્ષમાં મંત્ર વિયોગ કરી
થવા બુઝવવાના ધર્મ અવિધા કર્મ અને આચારી
તે જાણે વીરત્વ વીર ક્રીયા કરનારી
છે ધર્મ, મુળમાં એક શાખા, અનેક, પ્રત્તી મરડાદે
આ સૃષ્ટીનું પ્રમાણ ઇચ્છાથી જાણ, થાકે ભારી
માટે ચાહે તેવી કર, શકત વીચારી
છે સબળ, જકતમાં શકત, જાણે જે ભકત, પ્રેમને ટારી
તે માંગે જેઠ્ઠાનંદ પ્રત્તીને વારી
થા ભાસ અંબાને શર્ણ, આવે નહી મર્ણ અમરસમજાદે. સો. ૪

પદ ૩૮ ગરબી.

આશાપુરી આશા મારી પૂર્ણતે કરો;
રંક પુત્ર જાણી આઇ ઉછંગનો ધરો. આ. ટેક.
ભટકતું મન વશ થઇ તુજ ચરણમાં ગરો;
માજી માજી મુખ ભાંખી શંન્તીમાં ઠરો. આ. ૧
પાપને પરીતાપ બાળી, દારીદ્રતો હરે;
દેવું દુર નાખી આઇ ચિંતાને ચરો. આ. ૨
વ્યસનને કુભાવ કરોત્ર, શત્રુતો ડરો;
કામ ધામ ચિત કાઢી, સુમતી વરો. આ. ૩
જીવપણું કાઢી કાયા શીવને વરો;
ભુંડા કટાક્ષ નાંખી કરો, ભયથી પરો. આ. ૪
શક્ત જકત માત, અરજ ઉરમાં ત્રરો;
ભેદ ખેદ ટાળી ક્ષમા માર્ગ લો ખરો. આ. ૫
જેઠાનંદ ચરણ શર્ણે વર્ત્ત આદરો;
લાલ અંબા કુંભ સુધા સાથા ભરો. આ ૬

પદ ૩૯ રાગ ધનાશ્રી,

અકલ સકલ જકત શકત જેને વીચાર;
તે વીનાની જ્ઞાન સાંન સર્વ નઠારી. આ. ટેક.
રાગરેમાત કૃષ્ણરૂપ. કારજ નામ ધારી;
દારૂણ કળી માત લઇ, ચિત ચૂર્ણકારી. આ. ૧

છે દયાળી ત્રીપુર માત, આપે સુખકારી;
પંચ તત્વગુણ ત્રય પ્રગટ કરનારી. અ. ૨
નિર્ગુણ ચૈતન્ય અંબ બીંબ, ગમ્ય ગુરૂ સારી;
અર્થ ધર્મ કામ મોક્ષ, જાચો મંન મારી. અ. ૩
જ્ઞાન ધ્યાન ઇષ્ટાનંદ, શ્રી સ્વરૂપ ભારી;
લાલ અંબાનીજ રૂપ કરે દુઃખ દારી. અ. ૪

પદ ૪૦

સઉ કામ ધંધો છોડીને, ભજ નામ બંધન તોડીને. ટેક.
પ્રજસાજ અંતર ગોડીને, થારૂપ અરૂપ મોડીને. સ. ૧
ચિત્ત વૃત્તિ જોડીને, થા સ્વાર સુરતી ઘોડીને. સ. ૨
મળ માને વેગે દોડીને, દુઃખ દેહ હાંડી ફોડીને. સ. ૩
લે ઇષ્ટાનંદ તું રોડીને, ત્યાં લાલ અંબા પોઢીને. સ. ૪

પદ ૪૧ ગજલ.

દયા જો દયા લાવીતે, દેદાર તો દાખો. ટેક.
ચિત્ત વૃત્તિ મારી સદા ચર્ણમાં રાખો. દ. ૧
બુડું છું ભવ સાગરે, મા નજ તો નાખો. દ. ૨
કામ કરોત્ર બાળા કરો, નાંખને ખાખો. દ. ૩
પાપ માફ કરી, પરા વાણુ તો ભાંખો. દ. ૪
ઇષ્ટાનંદ ચર્ણ શર્ણ, સોંપને આપો. દ. ૫
અચળ અભય અમર કરી, દાખને પાખો. દ. ૬
લાલ અંબા સેવક તારો, જુગતે ઝાખો. દ. ૭

પદ ૪૨

કાયા તોરીરે, પ્રાંણીઓ પરાડો. ટેક.
વણુસતાં વાર વીરા, જરીએ ન લાગે;
મત્ત કરો સીદ ખોટો. કા. ૧
સાચી મહાકાળાને સમરો હ્યાને;
રાખો ન ભ્રાંતાના ગોટો. કા ૨
મહામંડની ખબર લહો વીરા;

ગગન અખાડો છે મોટો કા. ૩
વાતો સુણી મોટી, સીદ ભુલો છો;
સાધુ સંન્યાસીનો ટોટો. કા. ૪
રામ કબીર, વલભીની આડે;
છે પંથ અવિદ્યાની દોટો. કા. ૫
જેષ્ટાનંદ સ્વાસો સ્વાસ સાખી;
ભાસ અંબા અનુભવ બોટો. કા. ૬

પદ ૪૩ પરભાતીયું.

જકત જનુની માત ત્રીપુરા, જાગોને જાગો;
સેવક તારે શર્ણે આવ્યો છું, દુખ દરિદ્ર ભાગોને ભાગો.
ત્રી. ૧
નિર્ભય અચલ અમર પદ આપી;
ભક્તી સદાનીજ માગોને માગો. ત્રી. ૨
જેષ્ટાનંદ ચરણમાં રાખી;
અખંડ સાંધો લાગોને લાગો. ત્રી. ૩
ભાસ અંબા ઉરપુર્ણ પ્રકાશી;
ભવ કર્મથી તાગોને તાગો. ત્રી, ૪

પદ ૪૪ બોટે.

માત ત્રીપુરા, સુખ સદા મુને આપોને આપો, ટેક.
વાગીશા વદને વાસ કરીને, વાંચીક દોશો કાપોને કાપો, મા.૧
કામેશ્વરી આશા પુર્ણ કરી સૌ, ભક્ત છાપમાં છાપોને છાપો,
મા. ૨
શાક્તેશ્વરી તું આદ્ય ભવાની, અખંડ ચર્ણમાં થાપોને થાપો,
મા, ૩
ભાસ અંબા જેષ્ટાનંદ રૂપે, દયા લાવી ઉર માપોને માપો,
મા. ૪

પદ ૪૫ લાવણી.

ચેત ચેત મન ચતુર હોકર, બાત છોડ કલકી
એક સ્વાસકા નહી ભરૂસાઆશા કયુ પલકી-ચે ૧

પ્રબળ જકામેં શકત કહાવે, દેખ ખોલ હલકી
નિર્ગુણ રૂપે આપ બીરાજે, વ્યાપક સબ ખલકી એ- ૨
છોડ ગાંઠ મન કુટ કર્મકી, ભેદ ભ્રાન્તી છલકી
એક રસે મીલજાના શકતસું, આ શરખી બલકી. એ. ૩
અકલ ગતીહે ન્યારી ઉનકી, વપુ કરે જલકી
ખાંનપાન મુ માંગ્યા દેવે ધ્યાને ઝળુકે ઝલકી. એ ૪
નીજ ઇછાએ જકત જાણું તે, આશ ભરી ફલક
જેષ્ટાનદસે સુરતા લગાઈ, લાલ અબા મલકી. એ. ૫

પદ ૪૬ ઠુમરી.

આવોગુરુ ગુરૂનાથ આજ પુજન તો કરવા
કૃપા કટાક્ષ નાંખજો, ભવ દુખ હરવા આ. ટેક
અપરાધી હુ તમ તણો નથી ઠામ ઉગરવા
ક્ષમા કરી નાથ રાખો શર્ણે ઠરવા-આ. ૧
જ્ઞાનામૃત ચર્ણોદક, અમર કરવા
જાચુછુ શ્રીનાથ આપો પાપ ચરવા-આ. ૨
નાવ નામ તમ તણું આ સીંધુ તરવા
જાણી સોંપી દેહ-તને ન રાખુ પરવા-આ
જેષ્ઠાનંદ રૂપ ગુર ઉરતો ભરવા
ચીત્ત વૃતી લાલ અંબા ધ્યાનમાં ઝરવા-આ. ૪

પદ ૪૭ છંદ ભુજંગી

નમીને નમી અંગ આઠે અમે, કરૂ હુ વિનંતી સ્વીકારો તમે
નથી આશરો નાથ મારે બીજો, ધરીત કૃપા શર્ણ સદા લીજો
મતી મુઢ અજ્ઞાન વેમી ઘણો, ગુર રૂપ દાખીને નાંખ્યે છણો
અવિદ્યા ઉપાધી થી રાખો પરો, રજ ચર્ણ આંપી સુખીમો કરો
પાદોદક સેતાં સમારી વરો, સદા શીવ વ્યાપીને અંગે ઠરો
લહુ હર્ષ સાચો સ્વરૂપે ઠરી, સદા નંદ રૂપમાં જાઉ મરી. ૩
નમનનાથ કરતાંમાં નાખો છડી, કામાદીક શત્રુને આપ બહી
ઠારો નાર શાંન્તી કૃપા એવડી માગુ કરજોડીને હરઘડી. ૪
સ્વામી શીર હસ્ત કૃપાળુ તમે, બાલકણું નમાર કરો જે ગમે

જેષ્ટાનંદ શ્રીગુરૂગમ્ય જમે, પ્રજ્ઞાનંદ શ્રીપર્મવસ્તુ રમે. ૫
પોતાનંદરૂપ પરમેષ્ટી લહુ, કરો જો દયા તો હુ મુખે કહુ
પડી શકું વીનતી જે આ હુ કહુ લાલ અંબા ગુન ગાઇ રહુ ૬

પદ ૪૮ ગજલ.

સંભાળજો આ જકતમાં, શ્રી શર્ણું તીરે
પુર્ણ તો પ્રકાસજો, ના દુઃખ રહે મારે. સં. ટેક
ભયને જીતી મનની કાઢો ત્રીપુરા તનની
આપો ગંમ સ્વરૂપની, ના રાખશો ખારે. સં.૧
નથાય પુજા રીતથી, ના નીમ પળે નીતથી
ક્ષમા કરજો પ્રીતથી, નમારશો મારે, સં. ૨
પદ પુર્ણના છે તાહરૂં જગદંબ નામ તેની હરૂં
કરો મન કરવાનું કરૂં; ના બુડુ ચિંતાને ભારે સ ૩
હુ બાલબુધ અજ્ઞાનની; ન રીત જાંણુ માનની
નહી ગમ તાગ ધ્યાનની, આપ કરજો વારે સ ૪
જેષ્ટાનંદ ગુરૂમા દાખશો, લાલ અંબા શરણે રાખજો
પરાવાંણી ભાંખજો, આગીતની વારે; સં ૫

પદ ૪૯ ગજલ.

મંન ફેર લીયો નાથને શ્રીરૂપમેં ઠરી
શ્રીરૂપમેં ઠરી આનંદસે ગરી મ ટેક
ન જાય બીના શક્ત મુખે બોલ ઉચરી
નિશ્ચે કરાયા બુધકું રહા પ્રેમ તો ધરી; મ ૧
ફુરેન બાત ઔર ઉર, નુરમેં ફુરી
સોહીયાહે ઉનકી જો વિશ્વમાં ભરી; મ ૨
બાવા બીનાની બીધમાં ન સિધિ કો ખરી
સુખ પ્રાંણ દેહના નજર બીના ટરી મ ૩
જેષ્ટાનંદ ચિતચિત્ત વ્રત્તિ જો સરી
લાલ અંબા દ્રષ્ટસે ભવ લેત ઉગરી; મ ૪

પદ ૫૦ સામગ્રી.

કર્મદીક્ષાનિ તીથી વીશે.

ધન્ય ઘડી પળવારને ધન્ય દીવસને માસ;
શ્રાવણ કૃષ્ણની પંચમી પુરે મનડાની આશ; ધ ૧
મુઢ મતી અજ્ઞાનને, નાંખે પ્રેમનો પાસ
કર્મ કરાવીને વડું કરે પોતાનો ખાસ; ધ ૨
પાપ બાલે નીલ પનાકની, રાખે નાસ્તીક નાશ;
અંતર ચક્ષુ ઉઘાડીને, દેરે તે મુખ નાસ. ધ ૩
સંવત ઓગણસને એકતાળીનું માસ;
જેષ્ટાનંદ શ્રીરૂપતે, કરે કર્મ પ્રકાશ; ધ ૪
શુભ શુકન બાળા સુઅઠયા આપો પુત્રનો વાસ;
લાલ અંબા પોતાનો કર્યો જાણી ચરણનો દાસ; ધ ૫

પદ ૫૨ રાગ સોરઠ.

સ્થીર કરો મન મારૂરે આજ સ્થીર કરો મન મારૂં
અઘોળી ગડગડમા ગડ તું, ફર તું ભવમાં નઠારૂરે આ. ૧
સાધુસન્યાસીના ડોળને દેખી, ઠાડે ઠસે તે ઠગારૂરે આ. ૨
અનહદ જોગી, અવિદ્યા ભોગી જાણે નહીં અંધ બીચારૂં;
આ. ૩
સુંઠની ગાંઠે ગાંધી થઈને, કરે વર્ણવર્ણ અંધારૂરે આ. ૪
ગાન તાન લોભ લાલ ચરાખે ફરે લુલી બાંન બરારૂ આ ૫
મતમસ્ત હસ્તી ગાંડુ થઈને, નાંખે સીર બચન છારે આ. ૬
જેષ્ટાનંદ અંકુશ ભલ મારી કરો નીજ રૂપમાં જારૂરે આ. ૭
બુધ્ધિઆળા બળ ઉર દાખો, લાલ અંબા મન શારૂરે આ. ૮

પદ ૫૩ સરબી.

મન સીદને ભરમાયછે, ક્રિયા કર્તાનો તો આધાર છે
ભજી લેને માને શારસુ જે જક્તનો આધારછે. મ, ૧
મતી મંદ તે જાણું નહીં, બ્રહ્મજ્ઞાન શક્તિ સાર છે
મત કરી મિથ્યા કહે અનુભવ સાથે બાર છે, મ.

મિથ્યા કહી તેમાં રહે, એ ભુલનો વેવારછે;
અકર્ત્તા થઇને જ્ઞાન કરે તે અંધનો વિચાર છે. મ. ૩
જેષ્ટાનંદ જાંચે નહી જેની વૃત્તિ જડાકાર છે
લાલ અંબા ઓળખેતો, સફળ તુજ અવતાર છે. મ. ૪

પદ ૫૩ ધોળ.

હું તો લળી લળી લાગુ પાય, શ્રીનાથને પ્રેમસું
જેણે દાખ્યું અખંડ સ્વરૂપ, કૃપાના નેમસુ શ્રી ટેક.
પામ્યો જ્ઞાન સુગમ એ કૃપા થકી, જેમાં અષ્ટ સિદ્ધિની
બકોટકી તેમાં સંદહુ ન જરીયે લહાય. શ્રી ૧
મતવાદમાં મન માને નહી, શકત સ્વરૂપમાં વૃત્તિ આવી
રહી અંધકાર અજ્ઞાન પળાય. શ્રી. ૨
ગમ પીડા ભુંડી આક્રંદની, સુધાસેર છુટેરે આનંદની
જેની લેહર વર્ણવી ન જાય. શ્રી ૩
બુધ્ધિ બળ બાળા ઉર દાખવે, રહી કર્મ કીયાને પાખર્વે
જેથી અખંડ રૂપ પરખાય. શ્રી. ૪
ચક્ષુતેજ ત્રીલોકનું પામવા, આપી ખેચરી વૃત્તિ જામવા
ધરૂં ધ્યાન શ્રી ગુરૂની સહાય. શ્રી. ૫
રસ ાયે પરમામૃત રાજતી. માત સારદા આપ બીરાજતી
તેમાં શોભને ચિત જડાય. શ્રી. ૬
જેષ્ટાનંદ અખંડ ધર આપીયું લાલ અંબાએ પ્રેમે સાપીયું
રૂપ જાય અરૂપે સમાય. શ્રી. ૭

પદ ૫૪ ગરબી.

હુંતો વીનંતી કરૂં કરજોડ (રસેશ્વર] ટેક.
અકલાગમ્ય મુંઝમણુ ટીસની, આગો પુરો કોડ. વી. ૧
કલેશ કંકાસ રાખો ના ઘરમાં, આનંદ આપુંદ ગોડ વી. ૨
સુરતી બાંધો સ્વરૂપની સાથે, ભાયભીતીને તોડ. વી. ૩
જક્ત જણાવ્યા શકત તું સાચી, મા વાંછીત છોડ. વી. ૪
પુરૂષાર્થ ચતુર્વિધ સધિને, આપો પુરે કોડ. વી. ૫
હરસ્ ઠાણી શ્રાંક્ત્રે સખી ચિપ્પતિ વારે કોડ. વી. ૬

જેષ્ટાનંદ ચરણ ચીત વૃતિ સહાય મારી થેઇ; વી. ૭
લાલ અંબા સેવક નીજ જાંણી પુરો મતી હોડ. વી. ૮

પદ ૫૫ ગરબો.

શકત વીના કહો કેવુ રે, જ્ઞાન કરો તમે મત ધારી;
બ્રહ્મ ભેદને ભાગોરે, આદ્ય શરણ થાવો મનવારી. શા. ટેક
શકતી વીનાનું શું નીપજે છે, જુઓ વીચારી દીલ,
મતભેદને અળગા મુકી, માઇ કહો નીજ મુખ
કુખ શું વગોવોગો, પડી પેટ સુખકારી. શા. ૧
નવમાસ ઉદરમાં રાખ્યો સંભાળ્યો રૂડી રીત
પ્રસઠ્યો ત્યારે પય પામું શું ભુલો મતી અંધ,
ધંધ જુઠમાં પડીયારે, ગમાવી ગુરૂ ગમ સારો. શા. ૨
વય થયે વિદ્યા બુદ્ધિથી વાળ્યા વાનને વિત
અવગણીઆતે લક્ષ ન લાવો તો ધિક ધર્યું આ તન
મન મેલ ન કહાડયોરે, ત્રીપુરાને ઉર ઠારી. શા. ૩
આત્મશકતી વીનાનું મિથ્યા, જ્ઞાન હોય નીરધાર
જેષ્ઠાનંદ શ્રી શક ધારે, કરે જ્ઞાન પ્રકાશ,
આશ લાલ અંબાન રે, પુરે પુરી ભવ તારી. શા ૪

પદ ૫૬ ગરબો ત્રીતાલી.

થાવો થાવો ત્રીપુરાના ભકત જકતમાં આવીરે
શું વ્યર્થ ગુમાવો આ ધાટ ચિત્ત ચળાવીરે ૧
જુઓ શકત વીના ન કાં થાય મન વિચારીરે
માટે નેહ ધરો થઇ રાંક રતિ હોય સારીરે ૨
તો સફળ ધર્યો અવતાર, જનુની પેટરે
નહીતો જીવ્યું દહવની વેઠ રહો પડી ખોટરે. ૩
માઇ જાયો જે સુત સપુત સુર્તિ સાંધેરે
એતો અખંડ શકતની શોધ પ્રીતી બાંધેરે ૪
તેની આશ પુરેશ્વરી આશ જેવી હોય મનમાંરે

પામે જગ જસ તેજ કળાય ત્રીપુરા તનમાંરે ૫
નવ થાશો કોઇ કપુત માતને નંદીરે
નહીતો બીગડશે સહુ કાજ પડી નર્ક ગંદીરે. ૬
કોઇ વિશયી લંપટ અંધ કહેછે આવુરે
બાપ વિના બણે નહી કાંઇ જકતનુ જાવુંરે ૭
તેતો દ્વૈત ભેદની વાત સ્વરૂપના લેખેરે
રહી મત પડદાને ઓઠ બાપ નાદેખેરે ૮
તે વદે વૈખરી વાંણુ શબ્દના તોલેરે
તે શું જાણે શ્રી ચૈતન્ય શક્ત ઘટ ઘટ બોલેરે. ૯
તેવા ભેદીનો સંગત કોય જગમાં કરશોરે
નહીતો લક્ષ ચોરાસીફેર માંથે ધરશોરે. ૧૦
કરો બુધિ નો કો ઉપયોગ, જો કાજ કરવુ રે
તોતો થાવો શ્રી બાળાને શરણે સેજ છેતરવુંરે ૧૧
જેછે દુઃખહર બ્રહ્માડનું તેજ ત્રિપુરા બાળારે
વસે જૈશ્રાનંદે હજુર માત દયાળીરે. ૧૨
તેકો સેવો પ્રેમી જન, જો સાચુ લાગેરે
લાલ અંબા ભવની ભીડ સેજે ભાગેરે. ૧૩

પદ ૫૭ ગરબી.

ગુરૂ વીના જ્ઞાન ન હોય, ચારે વેદ જીભ્હાયે રટે પણ ગુ. ટેક
ન્યાયાદિ ખટ શાસ્ત્રને દેખે પીગે પુરાણો ઘોય ગુ. ૧
રેતા પર લીંપણ ગુરૂ વીનાની વિદ્યા દીસે જોય. ગુ- ૨
ગુરૂ ગમ મોટી, ભાવ ધરીને શોધ વીરજો કોય. ગુ. ૩
જૈશ્રાનંદ અવિચળ ભાસે, લાલ અંબા મન માંય. ગુ. ૪

પદ ૫૮ જોટો.

મતી ગુરૂ માને નહી, (૨ વાર) કર્યા વિના તો જ્ઞાન ન થાયે.
મ. ટેક.
જ્ઞાન કહ્યું તો અકર્તા પણ, કહે કયાંથી આવ્યું વહી. મ. ૧
અનુભવ અંતર અંધ ન જાણે, કહેવીત વાદ ગ્રહી. મ. ૨

મન મુખી મુળ વિધા ન જાણે, વેદનો ભેદ લહી. મ. ૩
જેષ્ટાનંદ પુરણ પદ કર લે, અંબાબાલ ચહી. મ. ૪

પદ ૫૯ જોટો.

શ્રી શક્ત વીના સિદ્ધિ નહી, [૨ વાર] મત મુરખાઇ કાઢીને જુઓ. શ. ટેક.
હરવું ફરવું વળી સ્થિર થાવું, આઇ આધાર મહી. શ. ૧
ભણવું ભણાવું ને જ્ઞાન કરવું, આપે વિદ્યા કહી. શ. ૨
ખાવું પીવું લક્ષ્મી આપે, કેમ નવ જાયે લહી. શ. ૩
જેષ્ટાનંદ શ્રી શકતા ધારે, ગૃહે લાલ અંબા ચહી. શ. ૪

પદ ૬૦ કેરબો.

જ્ઞાન ગમ્યની ગતી પલટાઇ, અહં બ્રહ્મે તો શક્ત ભુલાઇ. જ્ઞા. ટેક.
કળી કલ્પીત ગ્રંથે વ્યાપો, અહંકારી અવિધા સાઇ. જ્ઞા. ૧
મુળ વેદ વ્યકત ધર્મને ભુલાવ્યો, ગાઇ આપની આપે બડાઇ. ૨
કીધા જડવત ચૈતન્ય ટાળી, કળીકાળે તો કેર મચાઇ. જ્ઞા. ૩
આપો જગતને બુદ્ધિ શ્રાબાળા, લાલ અંબા જેષ્ટાનંદ થાઇ.

પદ ૬૧ જોટો.

શુ ધ હોણુ ન જાણે ભાઇ, જ્ઞાન ગમ્યની તાગીતા માંઇ ટેક.
દેહ ધરી શ્રી શકત ન જાણી, તેનો ફોગટ ફેરો થાઇ. જ્ઞા. ૨
ભુલી સ્વરૂપ અહંમદ આણે, નિશ્ચે નર્કમાં જાય તે કાઇ. જ્ઞા. ૧
જેષ્ટાનંદ બ્રહ્મ જ્ઞાનનો ભેદ, આઇ સેવે તે પામે સવાઇ. જ્ઞા ૩
લાલ અંબા અખંડ રૂપ દાખે, બહાર અંતરમાં સુખદાઇ. જ્ઞા. ૪

પદ ૬૨ જોટો.

બ્રહ્મરૂપ રહ્યું કોણ ધારી, કહો અંતર આપ વિચારી. ટેક.
નિરાધારકે બ્રહ્મ આધારી, લિંગ નપુંસકકે નરનારી. કહો. ૧
છે જડકે ચૈતન જાત, બ્રહ્મ નામ રાખ્યું કેમ ધારી. કહો. ૨
કોણ જાણે જણાવે આ વાત, કાયા વસ્તુ રહે કેમ ઠારી. ક. ૩
જેષ્ટાનંદ કમ સમાં ભાસે, લાલ અંબા ગુરગમ તારી. ક ૪

પદ ૬૩ ધનાશ્રી.

પોથાં થોથાં વાંચીરે, મૂરખ મન મત તાણે;
અનુભવ સિદ્ધ વિસારીરે, કલ્પીત મર્મ ઉર આણે. પો. ટેક.
કારજને કટકે વળગીને રૂઢ મચાવે ધંધ;
કારણ તેને હાથ ન આવે, ગુમાવે નીજ નુંં;
ભ્રુરને ભમાવીરે, મિથ્યા માન મદ માણે. પો. ૧
મિથ્યા માયા મુખથી બોલે, છોડે નહિ મતી અંધ;
મન અસંગી જુદો થઇને, ચાહે અવિદ્યા કામ;
ઠામ નર્કનું ખોળેરે, મત ભેદ માંકાંણે. પો. ૨
ગાન વિના વેદાન્ત ભણીને, અંત ન જાણે લેશ;
વિભક્તિ પ્રત્યયને ઢુંઢે, લાધે નહિ બ્રહ્મરૂપ;
કુપ કૃત્યમાં ડુલેરે, કાયા નાર વીણ જાણે. પો. ૩
જેષ્ટાનંદ ગુરૂગમ જાણે, અસ્તી ભાતી પ્રીયરૂપ;
સચ્ચિદાનંદ સઘળે ભાસે, આદ્યશક્તિને આધાર;
સાર સઉ સમેટીરે લાલ અંબા રૂપ નાણે. પો. ૪

પદ ૬૪ જોટો.

જુઠી સાચી લાગેરે, ઉર આનંદ છલકાયે;
બાકી ભલે માનોરે, આપેઆપ જગરાયે. જુ ટેક.
શું વિચારી કોહોછો મિથ્યા, જોયા વિના માનું રૂપ;
માયાતો અરૂપેણી દિસે, જુઓ નાળી નીજ નુર;
ઉર આનંદી ભારીરે, અમીરસ ધારાયે. જુ. ૧
વિદ્યા માયા જ્ઞાન બતાવી, કરે બ્રહ્મ સ્વરૂપ;
તેને તો શું મિથ્યા માને, ગતિ વિનાના અંધ;
ધંધ જુઠમાં પડીયારે, જુઠી માત પરખાયે. જુ. ૨
ખાવું પીવું લક્ષ્મીપુરે, ભોગ આનંદી નવીન;
તે પણ માયા અકલીત મિથ્યા, માને ન છોડે મંન;
તંન તા તાપેરે, ભગવતી ભગ જાયે. જુ. ૩
જેષ્ટાનંદ ગુરૂગમ માયા, માયા અંતર બહાર;
બોલે ચાલે એક રસીલી, ચૈતન્ય શક્તિ સ્વરૂપ;
અનુપ લાલ અંબાનોરે, ધરી શીર મલકાયે. જુ. ૪

પદ ૬૫ ગરબી.

શ્રી નાથ નમી ઉર ચાવું, આજ પુરણપદને સાવું;
દીનાનાથ દયા કરો ફાવું, જીવ ભાવ તજી શીવ થાવું. શ્રી. ૧
છે શર્ણ સબળ તમારૂં, જ્ઞાન ગમ્ય ગતીનું બારૂં;
જાણી તનમનમાં મલકાવું, કુતર્ક અવિદ્યા ડાવું. શ્રી. ૨
ગુરૂ ભાગ્યાના છો ભેરૂ, નીસ્તારથ પદને ટેરૂ;
કૃપાનિધી ગુણને ગાવું, દ્રઢબુદ્ધિ ચિત્ત ઠરાવું. શ્રી. ૩
અખંડ ચરાચર કાવો, શ્રી જેષ્ટાનંદ ઠરાવો;
લાલ અંબારૂપ મનાવું, અહંકાર તજી ગમ ખાવું. શ્રી ૪

પદ ૬૬ કેરબો.

આજ લીજો ખબરીયાં અમારીરે. આ. ટેક.
વ્યાધીસેં તનુ હોઈ ખરાબી, સુખબુધકી સાથ રહી ના
ખબરીયાં. લી ૧
આધીસે વ્યાકુલ હૃદયહે વાસે, તોરે ધ્યાનકી રહીં ના
ખબરીયાં. લી. ૨
હોત જગતમે તેરો કોના, એનનો રહી મેચે છોટી ખબરીયાં.
લી. ૩
લાલ અંબા નીજ જન જાણી, જેષ્ટાનંદસેં લીજો ખબરીયાં.
લી. ૪
બહોત ભય અબ રહે ના સબરીયાં લીજો અમારી. લી. ૫

પદ ૬૭ ધ્રુપદ.

જેવી તેવી ગુરૂદેવ, સ્વીકારજો આ મારી સેવ;
કરજોડી માગુ એવ, માનજો તે કૃપા નેવ. સ્વી. ટેક.
નથી ભાન સાંન નાથ, ધ્યાનથી થયો અનાથ;
પળે નહિ નેમ પાથ, મુંઝાઉં સ્વામી હમેવ. સ્વી. ૧
વ્યાધી દુખ પુર્વ પાપ, ગણુ હશે કર્યા અમાપ;
થાય નહિ પુરો જાપ, કરો માફ દયા દેવ. સ્વી. ૨
આધિ પીડ ધરસુત્ર, પાકયા સર્વ સર્પ પુત્ર;
રહે મન જેથી ભુત્ર, ભુલ્યો તેથી સેવમેવ. સ્વી. ૩

દોસી પુરે થયો ભાંણુ, આવવા તો નિત્ય ઝાંખુ;
સુંદરીયો જાણુ ઠામ આખું, યાદ આવ્યું આજ એવ. સ્વ. ૪
નથી કોઇ અન્ય આસ પાપનો કરે જે નાશ,
છોડશે આ ભવ પાશ, જાણો તે તો સર્વ એવ. સ્વી. ૫
પુર્ણ ભાગ્ય આજ ટાણું, અસાડી પુર્ણ માસી માણું;
પુજન પ્રેમ ઉર આણું ગાઇને ગુના ગણેવ. સ્વી. ૬
છો ત્યાગી સ્વામી છેઉ કાપો દુઃખ જેષ્ટાનંદ;
ગુણી અલ્પ પુજા કંદ લાલ કાંખા જાચું એવ. સ્વી. ૭

પદ ૬૮ લાવણી. પરસોતમ કવીના પ્રશ્નનો જવાબ.

સુન પુત્ર પ્રેમ સુજાત, પ્રશ્નની વાત, કહું આવારે;
જેથી થાય તીમીર તુજ દુર; જ્ઞાન ઉર ધારે. સુ. ટેક
ઓંકાર નાદ ઉચ્ચાર, પ્રથમ મહુંમાંયે, કર્યો ઇછાએ,
તે કરવા ભવ વિસ્તાર, નાજ ચિત્ત માંયે,
જેથી પ્રગટયાં બીજ અનેક રૂપ ગુણ કાયે,
તે નાદ બુંદ જગ બીજ પ્રગટ દરશાયે,
જેનો કોઇ ન પામે પાર વેદ ઉચારે, સુ. ૧
વળી એંકલીંને સોં બીજ જે ભાખ્યાં,
બ્રહ્મા વિસ્નુને શીવ રૂપ ઉર રાખ્યાં,
જે પામી તેહનો પાર ઇશ પદ ચાખ્યાં,
તે સ્થીતી પોશણુ સંહાર કરી જગ દાખ્યાં,
તેવાક કામને શાક્ત મુળ વિચારે, સુ. ૨
મુળ ઇછાને અનુસાર, ઇશ ઉરધાર, કરી જીવકાયા,
તેને નીમે રાખવા કાજ મરણ નીપજાયા,
વળી નાના યોની ઉત્પન્ન પ્રેત શિક્ષાયા.
કરે પાપ અધર્મ નીરાસ ભુતકર છાયા,
તેનો કરવા કાળ પ્રમાણ નીશદીન સારે, સુ. ૩
હવે આદ્ય અંતનો લક્ષ મુકીને પક્ષ દાખવું પ્રીતે,
તેનો કરજો મન વિચાર શાસ્ત્રની રીતે,
ગ્રંથ ઇતી સઉ ગ્રંથ જણાવે નિત્યે,
શ્રી નામ પ્રથમ ઉચ્ચાર કરીને ચીત્યે,
તે રૂપ ત્રુર વિચાર મુળ એક તારે, સુ. ૪

આ પ્રશ્ન તણો તુજ ભેદ કરીને છેદ બુદ્ધિ પરમાણે;
કહી દાખવ્યો ધર્મ મર્મ આ ટાણે,
તે જાણી માણો સુખ ખરૂં જગ ખાણે,
ભરમાવો નહિ ધર્મ મત્તમાં કાંણે,
ધરો લાલ આત્માનું ધ્યાન પ્રેમ પુરવાણે. સુ. ૫

પદ ૬૯ કરમની છે ગતી ન્યારી એ રાહ.

નિવારો દુખ મુજ આઇ કહું કોને હવે જાઇ,
રહ્યો છું શરણ તુજ શાઇ પામ્યો જે દીનથી કાંઇ, ની. ૧
જાણો તે સર્વ જગ માતા કરોના કેમ સુખ સાતા,
ગણું વાંકો ઘણા થાતા, કરે કોણ માફ વિનામાઇ, ની. ૨
દયાળુ એક તુને દેખુ પુરી પ્રેમી આ જગ પેખુ,
ધરો નિજ બાળ ખોળે લેખું ગણી નાદાન જગજાઇ, ની. ૩
નથી કોઇ સગુ વહાલું છતાં ઘણુએ દેખુ ખાલુ.
ભાગે જે ભીડ કામે ઝાલુ, વીના તુજ માત કરૂંકાંઇ, ની. ૪
નથી રીઝવ્યા કદી ભાવે ભણી પાઠ કે પુજી પાવે,
ખરે સઉ દીલ ઉંડી આવે કરો તે માફ વારે ધાઇ, ની. ૫
વળી મુઢ છે મનીભારી સુરાપાની દુરાચારી,
ધરા પણ ટેક રહ્યો તારી શરણહું સદા કરો ગાઇ, ની. ૬
દયા દીલ દીન શું આણો અંએ લાલ નીજનો જાણો,
જેષ્ટાનંદ ઉરમાં તાણો હરી શહુ પીડ દુખકાંઇ ની. ૭


પદ ૭૦ ગરબી.

આવોરે માઇ કે વેગે આવોરે ધાઇ, ટેક.
દુરજન કટક ચડાવી આવ્યા લુટવા લાજ કમાઇ,
ફાવે તેમ ફેંકે વેણ તીરો ભેદે તે કેમ બળ કાઇ, આ. ૧
કુડૂ આળ ચોરીનુ ચડાવા રીપુ થયા એક ઠાઇ,
જપ્તી મુકો સાતમ શીતળા કીધો મુને દુખદાઇ. આ. ૨
માટે માજી આળસ છોડી વેગે સજો સજતાઇ,
દુરજન ભંગ થઇ મન જાયે લાજ ઘટે ન જરાઇ, આ. ૩

મારેતો એક આ જગમાં છે તારો તો સાચી સગાઇ,
જાણો અંતર યામી તે મારી રાખો બરદ બરદાઇ, આ. ૪
જેવો તેવો લાલ અંબા હું તારો સંકટ કાપો માઇ,
રીપુ શઠ સરકાર નડે નહિ કરો એવી કરૂણાઇ, આ ૫

પદ ૭૧ જોટો.

આવ્યાંરે ધારી કે માજી આવ્યાં રે ધારી, ટેક,
અંતરયામી કરૂણા ધામી કૃપા અકળ કળ વારી,
સંકટમાં એકીલો દેખી હિમ્મત ઉર વધારી, આ. ૧
રાજયના ભયને દાંગમુડ કીધો શીશુ લીધા છે ઉગારી,
લાજ લુટારાની આશા તોડી નિષ્ફળ જપ્તી ટારી, આ. ૨
બદનામ થાતુ માયે બચાવ્યું જન્માષ્ઠમી સુખકારી,
સંવત ૬૧ ઓગણીસમાં વાર તથી બુધવારી, આ. ૩
લાલ અંબા શેવક નીજ જાણી કરૂણા કીધી કરારી,
પરચો આપ્યો જગમાં દાખ્યો ગતી અકળ કરી ન્યારી. આ.૪



અથ શ્રી જેષ્ટાનંદ આત્માનુજ મોતીલાલ કૃત ભજનો.

પદ ૧ લું.

જેષ્ટ ગુરૂજી આવ્યો છું આજે, પુજન વિધી કરવાને કાજે,
ટેક.
પુરણ કરોને કામના મારી કૃપા કટાક્ષ મુજપર ડારી, જે.૧,
વંદન કરૂં છું ચરણ નામી ભવજળ તારો નરાખશો ખામી,
જે. ૨,
દરશન આપી આપનો થાપી પુરણ કરોને કષ્ટ મારૂ કાપી,
જે. ૩
જાણો મનની સહુ કહુ વરણી આધાર બીજો મારે નથી ધરણી,
જે. ૪
બહુ આપનુ મન વિચારી, લાલ મોતીને કરો સુખકારી,
જે. ૫

પદ ૨ જું.

અંબે સહાયતા કરો મારી પડયો છુ શરણ હું તારી, ટેક,
નથી મુજને કંઇ સુજતું રહું નીરંતર ઉદાશ,
આપીક્ષા છે અતી ભારી પડયો છું શરણ હું તારી, ૧
દેખી દુખી મમ તાતને જીવ મારો ગભરાય,
દયા લાવી કરો વારી. પડયો, ૨
દેવુ મુજ શીરપર ઘણુ રહે નીરંતર રાત,
નથી સેહન થતું ભારી, પડયો. ૩
માટે સુખ સંપતી આપીએ રહી નીરંતર પાસ,
અંતે મારી ગતી સારી. પડયો ૪
પુજન યજનની રીતી નથી રહેતી મનમાંય,
કરમ ઘણાં રહ્યાં જારી. પડયો, ૫
ક્ષમા માડા તમો કરો, ભકતનો સુણી પોકાર,

વારે ચડજો સિદ્ધધારી. પડયો. ૬
જેવો તેવો ચરણે પડયો, સંભાળો ત્રીભોવન માય;
અંતે દયોને ઉગારી, પડયાં. ૭
ગુરૂ જેષ્ટ કૃપા થકી સમરૂ અઘોરા નંદનાથ;
સાય કરતા ઇછાનંદ ધારી. પ. ૮
ધ્યાન ધરૂં ગુરૂ પરમેષ્ઠી તણુ લાલ મોતી મનમાંય;
પરમ વસ્તુ દો મનઠારી. પ. ૯

પદ ૩.

આવ્યો શરણ હુંતો તારીરે બાળા બાઇ;
કરજોડીને કહું છું હવેરે આવો ધાઇ બાળાબાઇ;
વેગે આવી કામ કરો, સંકટ માહારૂં હરો,
કેવાણો તમારો ખરોરે. બાળાબાઇ. ૧
વીલંબ કરો નહી સારી હું તો હવે કહુ પોકારી;
મુજને લો ઉગારી. બાળાબાઇ. ૨
આવ્યો અવિકાર ભારી, કરો કૃપા મન ધારં;
દો ભવ આ સિંધુ તારીરે. બાળાબાઇ. ૩
જેષ્ટાનંદ તારો જાણી, મુખેથી મે કાઢી વાંણી;
અઘોરાનંદે દયા આણીરે. બાળાબાઇ. ૪
ઇછાનંદ ધ્યાન સાચુ, પરમેષ્ટીને હૂં રાચું;
લાલ મોતી મન જાચુંરે. બાળાબાઇ. ૫

પદ ૪.

મુને જાણી તમારો બાળ, કરો મારી હવેરે સંભાળ;
હે સંભાળ, હે સંભાળ હે, સંભાળ. મુને. ૧
દુખ દુર મારાં બહુ થાય, વીઘન મારાં સઉ તે જાય;
હવી કરો મુને તમે સાય સાય સાય સાય. મુને. ૨
આવ્યો શર્ણ રાખો મારી લાજ, જેથી સરે મારૂં સૌ કાજ;
હ્રદય આવી વસો ખરે આજ, આજ, આજ, આજ. મુ. ૩
હુંતો કહુંછું જનુની વરણી, આધાર બીજો મારે નથી ધરણી;
જોગો નહી તમો મારી કરણી. ૩ વાર. મુ. ૪

આવી વળગ્યો ચરણની પાસ, મને જાણો તમારો દાસ;
અંતે કરો તમારામાં વાસ. ૩ વાર. સુ. ૫
ગુરૂ જેષ્ટ કૃપા મન આણી, શુવર્ણવુ પોચે ન વાણી;
રહો લાલ મોતીમાં સમાણી. ૩ વાર. સુ. ૬

પદ ૫.

કીધો મેં સત ગુરૂ કેરો સંગ મુજે કંઇ ચડે ન દુજા રંગ કીધો. ટેક.
અનુભવ અપનો બતાય કે, કીયો ઉસને ચકચુર;
બાળા સ્વરૂપ પીછાન કે, ઉનમેં રહું ભરપુર. કી. ૧
કેહેના હોય સો ઉનસે કેહેલો, જેથી ભયે બલવંત;
કાળ સીરપે ફરી રહયો હે, કયું દેખાયો સબકુ દંત. કી. ૨
સત્ય સ્વરૂપ સોધો નહી ને, ગરવ કરો મતીમંદ;
આત્મ શક્તી ધ્યાન કરીને, મીટાવો ચોરાસી કા ફંદ. કી. ૩
જેષ્ટ ગુરૂની કૃપા વડે હું માજી માજી સુખ કહું;
લાલ મોતી લક્ષ લગા કે, પદ ઉનકા ચહું. કી. ૪

પદ ૬.

સાચુ શરણુ માટે નીરખે રહું છું, માતા બાળાને કરગરી કહું છું. ટેક.
દયાળી તમો મા કરણા કરજો, નિંદા અને દોશ સૌ મારા હરજો સા. ૧
કામના પુરણ કરો મન ધારી, દોભવ સિંધુ મુજને આ તારી સા. ૨
જાણો છો મનની શું કહુ વરણી આધાર બીજો મારે નથી ધરણી સા. ૩
પુત કપુત પણ કેવાણા તારા, અવગુણ જોશો નહી કંઇ મારા સા. ૪
હું તો કહું તમ આગળ આવી, મારે મન બીજી વસ્તુ નભાવી. સા. ૫
ઉઠો દયાળી દયા લાવીને, કરો સેવકના કાર્ય આવીને. સા. ૬
જન્મ થકી મેં જાચી તુજને અવરન સીખ લાગે મુજને. સા ૭

મારાતો મનમાં તું વશી છે, પુજન વીધી તારી ઠસી છે.સા ૮
વંદ ન કરં ગુરૂ જેષ્ટને આવી પુરણ કરો કૃપા તમો લાવા.સા.૯
લાલ મોતીને આપનો જાણી, પદ પુરણ આપો દયા આણી.
સા. ૧૦

પદ ૭.

બાલાકર ઝાલને તું મારોરે જેજે વીધન આવે તે નીવારો.
બાળા. ટેક.
ડુબ્યો દુખા સિંધુની ખાડીરે જેવી પત્તી મુજને પાડીરે;
આવી હવાડો તમે માડી. બાળા. ૧
દેવું મુજ સીરપર જાણીરે, પધારો ત્રીભોવન રાણીરે;
બાલપણાની રોત પ્રમાણીરે. બાળા. ૨
કરવું હેવું હતું જ્યારેરે નોતી પોસ વીકાય તારેરે;
ઝેર દેવું હતુ પટ ધારે. બાળા. ૩
બુધિ આલી તે ઉદર ભરં છુંરે મેનત મજુરી કરૂં છુંરે;
પણ હું લક્ષમી વીનાનો મરૂં છુંરે. બાળા. ૪
પોકાર સુણી તમે ધાવોરે, આવો જકતના ભયથી બચાવોરે;
સુખ સંપત્તી સાથે આવો. બાળા. ૫
સંસારીક સુખ હું જાચુરે દેખાડી દુનીયાને સાચુરે;
અતેપદ તારૂં રાચું. બા. ૬
ગુરૂ જેષ્ટ કૃપા સુખકારીરે આવ્યો શરણે લો ઉગારીરે
લાલ મોતીને ભવ સિંધુ તારી, બા. ૭

પદ ૮

શરણે આવ્યોછું ભવાની રાખો લાજ તમો મેહેરબાની. ટેક.
દુખ દુર સહુ મારાં કરજો, વિધન આવે તે હરજો;
મુસ્તક કૃપા કર ધરજો. શરણે. ૧
મને જાણી લાલ તમારો, મારાં કાર્ય સઉ સુધારો;
જે શરણ આવે તેને તારો. શ. ૨

સહુ જાણે અંબાનું ધામ. વસી કરે સેવકના કામ.
નહીંતો લાજશે ગુરૂનું નામ. શ. ૩
ગુરૂ જોષ્ટ તમારો જાણી, મેં રાખી તે ઉંચાણું;
માટે કાડું મુખેથી વાણી. શ ૪
અઘોરાનંદ દયા સુખકારી દછાનંદે મન ધારી;
જેણે કરી પ્રસિદ્ધતા ભારી. શ. ૫
કહું પરમેષ્ટીને જાચી લાલ મોતીના ભકતા સાચી;
જો રાખશો નહી કંઈ કાચી. શ. ૬

પદ. ૯.

દયાળી થઇ દયા કેમ આવે નહી મારી,
કરો કૃપા અમ ઉપરે આપી વેળા સારી.
બાલ પણાથી ફીકર માથે તે ઉર ધારી,
ગોસની ગાંઠમાં તમ સેર દુધની હારી. દ. ૨
જવાનીમાં માયા મોટી પેટની લાગી;
મહેનત મજુરી કરી મેં ભીખરે માગી. દ. ૩
પોકાર મારો સુણી ટાઢી નજર કરો,
અપરાધ ક્ષમા કરજો કહું છુ ખરો. દ. ૪
થઇ જકત જનેતા સુ નાખો છો કાઢ,
પાશરે કોને મુકી આ દેહના માડી. દ. ૫
ચિંતવનું પુતળુ પડયું છે આંહી.
ચેતનની સેવા કરૂં છુ જાંહાંતાંહી. દ. ૬
તે રૂપ સઘળુ બાળા મેં તાયરૂં જાણી,
માટે શરણે આવ્યોછુ પાળો પાંણી. દ. ૭
પુજન યજન રીતી જાણુ હું નહી,
કરૂં છુ કાલા વાલા તે માનસો સહી. દ. ૮
આ હયો અધિકારતે કૃપા તારી થઇ;
ગુણ તારા સઉને કહીશ હું ગઇ. દ. ૯
સંભાળી ઇજત તારા પાશરે રહી,
નહીતો થાશે ફજેતી આ જુગની મહી. દ. ૧૦
ગર જોષ્ટની અંબા તુ જો હોય ખરી,
લ મોતીને લેજો ઉછંગ ધરી. દ. ૧૧

પદ. ૧૦.

આદ્ય ભવાનીને વીનવું, કરજોડને હાથ
પધારો માજી પ્રેમસુ દેવતા સહુ સાથ. આ.
પુરણ કરો સઉ કામના, કરો સેવકની સાય,
ભક્તી કરું હું ભાવથી, વીઘન કદી નવ થાય. આ.
અધિકારી હું તમ તણો, પીઠ શ્રીની મમ પાસ,
શબ્દનાદ ઘંટા સુણી આવી પુરજો વાસ. આ
ઉપાસ કરૂ હુ બુદ્ધનો ગ્લાંગ ગણપતી જાંણી,
ત્રણ ગુણના જે અધિપતી, જપુ તેને પ્રમાણી. આ.
અઘોરાનંદ રક્ષા કરો, દીન દાતજ મારી. આ.
પ્રછાનંદે પુરણ કરો, ભય જકતનો કાપી,
કૃપા કરો ગુરૂ પરમેષ્ઠી પરમ પદ મુને આપી. આ.
લાલ મોતી વીનતી કરે જેષ્ટાનંદ શરણુ પામી,
વાસ કરો આવી હ્રદયમાં નવ રાખશો ખામી. આ.

પદ. ૧૧.

ચરણ કમલ કરો ચીંત રખો મોરી માડી,
કાયા જ્યારે આ જુગમાં તેં પાડી. ચ. ટેક.
નથીં કંઇ નાણુ તુજને જાંણુ,
અન્ય હું કાંઇ નવરે વખાણું. ચ. ૧
જનમ ધરી મે જાચ્યા તુજને,
અવર ઓર ન લાગે મુજને. ચ. ૨
મનમાં લાગી ભય સઉ ભાગી,
પરમ પદ આ લોક હું માગી. ચ. ૩
ગુણ સઉ તારા ગાઉ વખાણી,
જોશો નહીં તમો મારી કરણી. ચ. ૪
ધ્યાન તારૂ કોઈ નહીં મારૂં,
આપો છો તેવી લેવી હું ધારૂં. ચ. ૫
ભરૂસો ભારી મનમાં જાણી,
કાંહુ મુખેથી સઘળી વાંણી. ચ. ૬
કહુ પોકારી જીવો ધારી,
અન્ય ગતી નવ થાયે મારી. ચ. ૭
જેષ્ટાનંદની કૃપા લાધ્યો,

અધાનંદને બરદ કહાવ્યો. ચ ૯
ઈછાનંદ માંશ પરમેષ્ટી સાથે,
દયા કરો કેમ ભીડને બાથે. ચ. ૧૦
લાલ મોતી કે બાળો તારો,
જકતના ભયનો મારન મારો. ચ. ૧૧

પદ. ૧૨.

વાતો શું કરોછોરે ગુણ તમે ન જાંણો,
રોશ કેમ હોછોરે, કુસંગની મત તાંણો. વાલો, ટેક.
વેશ્યા વેશ કરે શુ થાશે ગુણ વીનાની ગુણકાય,
પરનીંદાથી રંડાવુ પડશે કેમ પતી વીનાની થાય,
સુખ તેનાં ન સારૂરે વીચાર વિદ્યા તન તારૂ વા. ૧
રંડા રાડ કરે તું ખાલી પતી સેવામાં ચીત રાખ,
અવિદ્યાના રૂપમાં હાલી વીશયમાં લજવે જ્ઞાની કાખ.
જણાવી જાત તારીરે, પર પુરૂશને લે આવી. વા. ૨
ઝાલો ઘર ના જાંણે કેવું, ભુંકે બરને જેવો સ્વાન,
ચોર કે શાહુકાર ન લેવું રહ્યું ન તનમાં ભાન;
સાન ન આવીરે માટે કહુ સમજાવી. વા. ૩
સંગ વીના સુજે નહી માટે, પાળને પતીવ્રત ધર્મ,
સંતની સેવા છે શર માટે, જેથી સુધરે તારા કર્મ;
તખત રૂડુ મળશેરે, દોશ સરવ ટળશે. વા. ૪
સંત છેડે સાર ન આવે, જેવો વીષધર નાગ,
સુખ સંપત સરવે જાવે, બગાડે સગળો રાગ;
ડંખ એવો લાગેરે જ્યારે પાપ પુરૂં જાગે. વા ૫
શાસ્ત્રી શાખ પુરેછે સારી, મુળ માયા અવતાર
સેવના કરે સહુ તારી જેથી ઉતરે ભવ પાર
ગુણ તારા ગાઉરે પ્રેમનો રસ ખાઉ વા. ૬
સ્વરૂપ સમજી થાઓ તેવા, કાઢી અવિદ્યા લક્ષ
નહીતો રંડુશો પથર જેવા કોઇએ ન કરે તમ પક્ષ
ભક્ષ ભોગ કરશેરે કીડા તેમાં પડશે. વા. ૭
સમજણ લાવી સમજો સાર, બંધન કદી નવ થાય
જ્ઞાનામૃત પોતાનાવાર, અવિદ્યા ભૌ શઉ જાય
સંત સેવા પાળોરે, લાલ મોતી થાશે વાલો. વા. ૮

પદ. ૧૩.

વારે વારે કહું છું કરગરી શ્રીનાથ વસો મનમાં ઠરી વા. ૯
મારા કામ ક્રોધ દુર કરો સદાયે ચરણમાં તમારી ધરો. વા
શ્રીનંદનાથનુ ધ્યાન લહું અવીચલ પદ તેહું ચહું. વા
કૃપા કરો ન આવું ફરી દેદાર આપોનો જાઉ તરી. વા
અપરાધ ક્ષમા કરો મારા, પુત કપુત પણ છું તારા. વા
ગમ ગુરૂજી આપો રહી, પરમ પદ પામુ જેના મહી. વા
પુરો આશા મારી દયા આણી, કાહુ મુખથી જેરે વાંણી. વા
લક્ષ સ્વરૂપથી કરો વાસ મને જાણી સહાનારેદાસ. વા
જેષ્ટનંદ રૂપ તનરમો, વિનંતિ સ્વીકારી લેજો તમો. વા
જકતના ભયનો દોશ કાપો, અઘોરાનંદ સ્થાન અવીચળ
આપો. વા.
કષ્ટાનંદ રૂપ દીવ્ય કરી બતાવો પુર્ણ જ્ઞાન ભરી. વા.
પરમેષ્ટી પરમપદ આપજો લાલ મોતી તમારો થાપજો. વા.

પદ. ૧૪.

બાળા બાળક તાયરો, નથી નીયમ રેતા માયરો.
છોરૂં કછોરૂં થાય છે માત કયારે છોડી જાય છે. બા, ૧
વંચારી દયા છાપીયે, દોશ મારા સઉ કાપીયે,
આલોછો તેવી હું લહુ ગુણ સઉને તારા કહુ બા, ૨
કાંની કપુત હું થયો. વાંક ને વાંસા મારો રયો.
મારા તો મનમાં તું વસી, પ્રેમી તારો તે જાય ઠસી બા. ૩
ઓળખ્યું જેણે નામ તારૂ તે થાય સમધ મારૂં,
તે વીના પ્રેમ ના કરૂ ધ્યાન સદાય તારૂં ધરૂં. બા. ૪
લાગેછે લંછન નામને, સંભાળજો સઉ કામને,
અપરાધો તેમાં હુ નથી જાણુછો શુ કહુ કથી. બા. ૫
આવી વળગ્યાં તુજને સંભાળી લેજો મુજને,
આધાર માર બાજો નથી જાણોછો શુ કહુ કથી. બા. ૬
ભરૂસો મારે છે અતી થાય નહી બીજી ગતી
એવી કૃપા આઇ દાખીયે, પોતાનો કરી રાખીયે. બા. ૭
ગુરૂ જેષ્ટાનંદ ઉર વસો બાળા સ્વરૂપ મનમાં ઠસો
લાલ મોતીના ભયકારીને, દો હટાડા તેઓને મારીને. બા. ૮

જાહેર ખબર.

વાંચો! વાંચો! ને ખાત્રી કરો.

વાંચવા લાયક છે.

પ્રિય આર્ય બંધુઓ નાટક ચેટકની વારતામાં પૈસા ખરચો છો તેના કરતાં આવા ઘંગબોધ પુસ્તકની ખરીદી કરો. રૂ. ૧ તમોને વધારે નહિ પડે; વળી તે સત્ય માર્ગે વપરાશે. માટે ભુલશો નહિ.

આ ચોપડી નિચે આપેલે ઠેકાણેથી મળશે. દશ ચોપડી ખરીદનારને એક મફત મળશે ને જથાબંધ લેનારને સારૂં કમીશન આપીશું.

વિશેષતામાં જણાવું છું કે આ બુક હાલ ખરીદનાર પાસેથી એક માસ સૂધી બાર આના લઈ આપીશું અને મુદત પછીથી ખરીદનાર પાસેથી રૂપિઓ એક લેશું.

લી. વ્યાસ. અંબાલાલ જેષ્ટાનંદ.

ચોપડી મળવાનું ઠેકાણું—અમદાવાદમાં વ્યાસ. અંબાલાલ જેષ્ટાનંદ ઠે. તાજપર કુંભારવાડામાં.

વિસનગર—જાની. હરગોવન મયારામ. ઠે. સાંકડીશેરી